# નવપદ મહાત્મ્ય

॥ णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥

# નવપદ માહાત્મ્ય

દેશનાકાર

આગમોધ્ધારક, દેવસૂર તપાગચ્છ સામાચારી સંરક્ષક

**પૂ. આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ.સા.**

પુન:સંપાદક

**પૂ. આચાર્ય શ્રી હેમચન્દ્રસાગરસૂરિજી મ.સા.ના શિષ્ય**

**પૂ. આ. શ્રી પૂર્ણચંદ્રસાગરસૂરિજી મ.**

પ્રકાશક

**આગમોધ્ધારક ફાઉન્ડેશન**

**સુરત**

प्राप्तिस्थान

C/o. श्रेयस के. मरचन्ट
બ્લોક-A, નીશા એપાર્ટમેન્ટ-૧, ૧લા માળે,
તીનબત્તી, ગોપીપુરા, સુરત.
મો. ૯૪૨૮૫ ૩૩૩૨૮

: પ્રથમ આવૃત્તિ :
વી.સં. ૨૪૭૫, વિ.સં. ૨૦૦૫ - ૫૦૦ નકલ
: નવ્ય આવૃત્તિ :
વી.સં. ૨૫૪૩, વિ.સં. ૨૦૭૩ - ૫૦૦ નકલ

: આર્ષ પ્રકાશક :
શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા
સુરત.

મુદ્રક
કનક ક્રિએશન
ગોપીપુરા, સુરત

# આર્ષ પ્રકાશકીય વક્તવ્ય

અમારી આ શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા આગમોદ્ધારક આચાર્યવર્ય શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી આગમોદ્ધારક સંગ્રહના ભાગો તરીકે પ્રકાશનો કરે છે. તે અનુસાર તેઓશ્રીએ અમદાવાદ શહેરમાં સંવત્ ૧૯૯૫ ની આસો માસની 'નવપદ' ની ઓળીમાં સિરિસિરિ-વાલકહાના ત્રેવીસથી બત્રીસ પદ્યો ઉપર આપેલાં દશ વ્યાખ્યાનોનો સ્વ. પં. કાન્તિલાલ ગૌતમદાસે કરેલા સંગ્રહને આગમોદ્ધારક સંગ્રહના ભાગ ૧૧ મા તરીકે નવપદ-માહાત્મ્યના નામથી પ્રકાશિત કરીયે છીયે.

તેઓશ્રીના ઉપદેશથી આ હુંડા અવસર્પિણીમાં લાખોના ખર્ચે પાલીતાણા (સિદ્ધક્ષેત્ર) માં અને સુરતમાં એમ બે આગમમંદિરો બંધાવવામાં આવ્યાં છે, તે પૈકી અત્રેના શ્રી વર્ધમાન-જૈનતામ્રપત્ર-આગમમંદિરની પ્રતિકૃતિ આ ચોપડીના અગ્રભાગ ઉપર આપવામાં આવેલી છે, કારણકે તે મંદિરના ભોંયરામાં બંને બાજુએ નીચે વર્ણવેલા સ્વરૂપવાળાં સિદ્ધચક્ર મંડળો છે. તે આ પ્રમાણે -

તે બન્ને મંડળો સર્વ રીતે સરખાં છે. મંડળમાં પંચપરમેષ્ઠીની તે તે શ્વેતાદિ વર્ણ પ્રમાણે આરસપહાણની પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવી છે. તેમાં અરિહંત મહારાજની ચાર દિશા સન્મુખ એક એક એમ ચાર ચાર પ્રતિમા છે અને સિદ્ધાદિની એક એક આમ એકંદરે

આઠપ્રતિમાઓ છે. આચાર્યની પ્રતિમા પ્રવચન મુદ્રાએ છે અને તેમની પાટલી ઉપર જ્ઞાનાચાર વગેરેપાંચ આચારોને જણાવનારાં પાંચ ચક્રો છે. ઉપાધ્યાયજીનીપ્રતિમા અધ્યાપન મુદ્રાએ છે અને સાધુ ભગવંતની પ્રતિમા સ્વાધ્યાય મુદ્રાએ છે, તેમજ દર્શન વગેરે ચાર પદો વિદિશામાં નામ કોતરાવવા પૂર્વક સ્થાપન કરવામાં આવેલા છે. અરિહંત મહારાજાદિનું ધ્યાન ધરવું અનુકૂળ પડે તેથી જુદા જુદા રંગો છે. તે રંગોમાં લીલા સિવાયના ચાર રંગોમાં પ્રતિમા સહેજે બનાવી શકાય છે, પરંતુ લીલા રંગની પ્રતિમા કોઈ જગ્યાએ નહિ જોયેલી તે અત્રે ઉપાધ્યાયજી મહારાજની પ્રતિમા ઘણી જ મુશ્કેલીથી બનાવવામાં આવી છે.

તેવી જ રીતે પાલીતાણાના શ્રી વર્ધમાન જૈન આગમમંદિરમાં શ્રી સિદ્ધચક્રગણધરમંદિર છે કે જેની તેઓશ્રીએ રચેલી તીર્થમાળામાં આ મંદિરના નામથી દ્વાત્રિંશિકા છે. તે આ પુસ્તકના પરિશિષ્ટ ૬ માં આપવામાં આવી છે. તે મંદિરમાં વચ્ચોવચ સિદ્ધચક્ર ભગવાનનું શતપત્રી કમળના આકારનું મંડળ છે, તેમાં પણ અરિહંત મહારાજ વગેરેની પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવી છે. પરંતુ તે બધી શ્વેત આરસની છે, અત્રેના મંડળ કરતાં આ મંડળમાં આ પ્રમાણેનો ફેરફાર છે -

વચમાં કર્ણિકાના સ્થાને સમવસરણના દૃશ્યપૂર્વક અરિહંત મહારાજની ચારપ્રતિમાઓ અને સિદ્ધશિલાથી શોભતી સિદ્ધ ભગવંતની પ્રતિમા, ચતુર્વિધ સંઘના સંચાલક

હોવાથી ચતુર્વિધ સંઘના દશ્યવાળી આચાર્ય ભગવંતની પ્રતિમા, પઠન કરાવવાના સ્વભાવવાળા હોવાથી ભણતા સાધુઓના દશ્યવાળી ઉપાધ્યાયજીની પ્રતિમા અને વૈયાવચ્ચના સ્વભાવવાળા હોવાથી અન્ય સાધુઓના દશ્યવાળી સાધુની પ્રતિમા આપવામાં આવેલી છે. વળી વિશેષમાં શ્રી રત્નશેખરસૂરિવર્ય કૃત સિરિ-સિરિવાલહકહામાં સિદ્ધચક્ર યંત્રોદ્ધારની જે વિધિ અપાઈ છે તેને સ્પષ્ટ કરતા મંત્રાક્ષરાદિ સાથે વલયો વગેરે પણ કોતરાવવામાં આવ્યાં છે.

ગુરુદેવશ્રીના પટ્ટધર સ્થવિર આચાર્ય શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજે સિદ્ધચક્રમંદિરદ્વાત્રિંશિકા યથાસમય જોઈ આપી છે.

પ્રોફેસર કાપડિયાએ આ પુસ્તિકાની પ્રવેશિકા લખી છે અને આમાં આવેલાં દશ વ્યાખ્યાનના ૧૦ પદ્યોનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે અને તે અહીં છપાયાં છે.

પ્રૂફ જોવાનું કાર્ય મુનિ કંચનવિજયજી તથા ક્ષેમંકરસાગરજીએ કર્યું છે અને તે કાર્યમાં વયોવૃદ્ધ તપસ્વી શાંતિવિજયજી મહારાજ તથા સુશ્રાવક ઝવેરી રતનચંદ તલકચંદ અને ઝવેરી અનિલકુમાર અમરચંદે મદદકરી છે.

- પ્રકાશક.

## પુનઃ પ્રકાશનની પગથારે..

અનાદિકાલના ભવ સમુદ્રમાં કેટલાય વહાણો ડૂબ્યા, કેટલાય ખલાશીઓનો પ્રાણ લેવાયો, કેટલાય કુશાગ્રબુધ્ધિધારી વહાણવટીઆઓની ખેપ ખોરવાઈ ગઈ, ત્રાપા અને નાની હોડીઓની હોનારતની તો શી વાત કરવી.. !!!

કીન્તું; આવી ભયાનક સ્થિતીમાં જેને જૈન શાસનરૂપી જહાજ મળી ગયું તેનો બેડો પાર થઈ ગયો.. ભવસમુદ્રથી પાર ઉગરી ગયો છે. કેમકે જિનશાસનની નૌકાનું સુકાન - પંચ પરમેષ્ઠી ભગવંતો સંભાળે છે. નવપદજી મહારાજના પ્રભાવે તે પાર ઉતરે છે. આ જહાજનું સઢ઼ અરિહંત પ્રભુ સંભાળે છે.. સિધ્ધ ભગવંતો સઢ ના શિખરની ધજા બનીને લક્ષ્યને અકબંધ રાખી રહ્યા છે. આચાર્ય ભગવંતો નિરંતર જહાજનું દિશા યંત્ર બનીને માર્ગવાહક છે. ભવ સમુદ્રમાં જહાજને ગતિ અપાવવા શ્રુતજ્ઞાનના હલ્લેસા લઈ ઉપાધ્યાય ભગવંતો ખલાસી બન્યા છે. આ જહાજ સાથે લંગારેલી દેશ વિરતીની નાની હોડી, અવિરત સમકિતી જીવના ત્રાપા ને સુરક્ષિત રાખવાનું અને ક્યાંક માર્ગાનુસારીપણાને વરેલા ભવ્ય જીવો સમુદ્રમાંથી પસાર થતાં વહાણ સામે હાથ લંબાવે છે, ત્યારે તેના હાથમાં હાથ થામી નૌકા જહાજ તરફ ખેંચનારા મતલબ; બચાવ કામગીરીમાં રત મુનિ ભગવંતો છે.

આવા; જબરદસ્ત જહાજમાં રત્નત્રયીનો પુરવઠો અપાર છે, ત્યારે ભવ્યજીવોને તારનાર આ જહાજને ભવ

સમુદ્રના ઝંઝાવાતી તોફાનો સામે સુરક્ષિત રાખનાર પંચ પરમેષ્ઠીયુત નવપદજી છે. તેવા નવપદજીના માહાત્મયને પૂજ્યપાદ આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજી મહારાજાએ પ્રવચનના રસથાળરૂપે પ્રસ્તુત કર્યા છે. તેને ગૂંથી લઈ પુસ્તકરૂપે પ્રકાશિત કરી રહ્યા છે.

પૂજ્યશ્રીના તાત્ત્વિક - માર્મિક - રહસ્યસભર પ્રવચનો શ્રોતા ગણની ભાવનાઓને ઉજાગર કરે તેવા હોવાથી તેને પુનઃ પ્રકાશન કરી રહ્યા છીએ..

પૂજ્યશ્રીના પ્રવચનોને શબ્દશઃ પૂર્વવત્ રાખવામાં આવ્યા છે. ક્યાંય તેમાં ભાષાકીય ફેરફાર કર્યા નથી, કદાચ; તેમની ભાષામાં કેટલાક દેશી શબ્દો કે જૂની શૈલીનું દર્શન થાય છે, તેને અદલ - બદલ કરતાં ક્યાંક તેમના આશયથી વિરુધ્ધ વાત ન થઈ જાય તેથી યથાવત્ રાખેલ છે.

પરંતુ તેમની તાર્કિકતા - દાખલા - દલીલો સચોટ હોવાથી આજે પણ આ પુસ્તકના પ્રવચનો શાસ્ત્રોની ગરજ સારે તેવા છે. પૂજ્યશ્રીની ‘સિધ્ધચક્ર માહાત્મય’ નામક પ્રવચનોની પુસ્તક છપાઈ છે, પરંતુ તેમાં અને આ પુસ્તકમાં તફાવત છે.

‘નવપદ માહાત્મય’ પુસ્તકમાં ‘‘સિરિ સિરિવાલ કહાની ગાથા - ૨૩ થી ગાથા - ૩૨ સુધીના શ્લોક આધારે આપેલા પ્રવચનો છે. જ્યારે ‘સિધ્ધચક્ર માહાત્મય’ માં સંપૂર્ણ સિરિ સિરિ વાલકહાના પદાર્થોનું અવલોકન જણાય છે.

અંતમાં આ પુસ્તક આરાધક ભાવની વૃધ્ધિ કરનાર બને એ જ અભ્યર્થના..

**દ.**

**પૂર્ણચન્દ્રસાગર સૂરિ**

**ચૈત્ર સુદ ૧૦/૭૩**

**નવસારી - આદિનાથ જૈન સંઘ**

# પ્રવેશિકા

## (લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

આગમોદ્ધારક જૈનાચાર્ય શ્રી આનંદસાગરસૂરિજીએ અમદાવાદમાં વિ. સં. ૧૯૯૫ માં આસો માસની ઓળીને પ્રસંગે "નવ-પદ" વિષે જે દસ વ્યાખ્યાનો આપ્યાં હતાં તે આજે મુદ્રિત સ્વરુપમાં જગત્ સમક્ષ રજૂ કરાય છે. આ વ્યાખ્યાન-માલાને માટે "નવપદ-માહાત્મ્ય" એવું નામ યોજવામાં આવ્યું છે. જૈન જનતાને નવ-પદ તે શું તે કહેવું પડે તેમ નથી. એ તો જાણે છે જ કે (૧) અરિહંત, (૨) સિદ્ધ, (૩) આચાર્ય, (૪) ઉપાધ્યાય, (૫) સાધુ, (૬) દર્શન, (૭) જ્ઞાન, (૮) ચારિત્ર અને (૯) તપને 'નવપદ' કહે છે. આ નવ પદો વડે '[1]સિદ્ધચક્ર' બને છે.[2]

**નવપદ એટલે સિદ્ધચક્ર**-નવપદને 'સિદ્ધચક્ર' તરીકે શા માટે ઓળખાવાય છે એ પ્રશ્ન પૃ. ૩૭ માં ઉઠાવાયો છે અને એનો ઉત્તર પણ ત્યાં નીચે મુજબ અપાયો છે :-

સિદ્ધો મસ્તકે રહેલા છે-લોકના અગ્ર ભાગમાં રહેલા છે. આમ એમનું સ્થાન સર્વોપરી છે. વળી અરિહંતાદિ નવે પદોની આરાધના સિદ્ધિ-દશાને અર્થાત્ મોક્ષને મેળવવા માટે છે. આ બે કારણોથી નવપદને 'સિદ્ધચક્ર' તરીકે ઓળખાવાય છે. અહીં 'ચક્ર'નો અર્થ 'સમુદાય' કરવાનો છે અને સિદ્ધચક્રમાં નવે પદોનો સમુદાય છે.

---

૧. **આર્હતજીવનજ્યોતિ**ની પાંચમી કિરણાવલી (પૃ. ૭૬-૭૮) માં "શ્રીસિદ્ધચક્ર" નામનું મેં કિરણ લખ્યું છે. આકાર, રંગ, સ્થાપના ઇત્યાદિ બાબતો અહીં વિચારાઈ છે. આમાં "શ્રી સિદ્ધચક્ર"ની રંગીન પ્રતિકૃતિ છે.

૨. જુઓ **સિરિવાલકહા** (ગા. ૩૪)

**સિદ્ધચક્રરૂપ ચક્રની શ્રેષ્ઠતા** - કર્મ-રાજાના સમૂહને કાઢી મૂકવાનું સાધન 'સિદ્ધચક્ર' ના ચક્ર સિવાય અન્ય નથી (પૃ. ૯૫). ચક્રવર્તીનું ચક્ર વર્તમાન કાળ પૂરતું જ કામ કરે, જ્યારે 'સિદ્ધચક્ર'રૂપ ચક્ર સર્વ કાળ માટેની જીત મેળવી આપે (પૃ. ૯૫). આ ચક્રદ્વારા જગતના જીવો કલ્યાણ સાધી શકે અને જિનેશ્વરો સધાવી શકે (પૃ. ૯૫). આમ અહીં સિદ્ધચક્રને ચક્રની ઉપમા અપાઈ છે અને એની ચક્રવર્તીના ચક્ર સાથે તુલના કરાઈ છે.

**નવપદની વ્યાપકતા અને સનાતનતા** - દરેક આસ્તિક મતમાં દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ જ તત્ત્વો માનવામાં આવ્યાં છે (પૃ. ૭૦) અને એ ત્રણેનો સમાવેશ નવપદમાં થાય છે. આથી કરીને જ નવપદની વ્યાપકતા અને સનાતનતા છે (પૃ. ૭૧) અને એની અઠ્ઠાઈ (અષ્ટાન્હિકા) ને શાશ્વતી કહે છે.

**આરાધનાનું ફળ** - નવપદની આરાધનાથી ભયંકર વ્યાધિનો વિનાશ થાય અને અલૌકિક ઋદ્ધિઓની સિદ્ધિ થાય (પૃ. ૭૧). આને આનુષાંગિક ફળ કહ્યું છે. ખરું ફળ તો આત્મસ્વરૂપનું પ્રકટીકરણ છે. (પૃ. ૭૯).

**નવપદનો તહેવાર** - જૈન જનતા દર વર્ષે બબ્બે વાર લાગલાગટ નવ દિવસ સુધી કોઈ તહેવાર (પર્વ) ની ઉજવણી કરતી હોય તો તે આ નવપદનો તહેવાર છે.

**પ્રાચીનતા** - 'નવપદ' કે એના પર્યાયરૂપ સિદ્ધચક્ર' વિષે અતિપ્રાચીન ઉલ્લેખો મળતા હોય એમ જણાતું નથી. આથી કુમુદચન્દ્રે અને પ્રભાચન્દ્રસૂરિના કથન પ્રમાણે આ [1]કુમુદચન્દ્રે એટલે કે સિદ્ધસેન દિવાકરે કલ્યાણમન્દિરસ્તોત્ર

---

૧. વિ. સં. ૧૩૩૪ માં રચાયેલા **પ્રભાવકચરિતગત** વૃદ્ધવાદિચરિત (શ્લો. ૫૭) માં આ સમીકરણ અપાયું છે. આમાં (શ્લો. ૧૪૩ માં) **કલ્યાણમન્દિરસ્તોત્ર** સિદ્ધસેન દિવાકરની કૃતિ છે એવો ઉલ્લેખ છે. આ કલ્યાણ મન્દિર વિષે આથી પ્રાચીન કોઈ ઉલ્લેખ છે ખરો ?

રચ્યું છે. એના ચૌદમા પદ્યમાંની નિમ્નલિખિત પંક્તિ ઉપરથી હું નીચે મુજબ અનુમાન દોરું છું :-

''अक्षस्य सम्भवि पदं ननु कर्णिकायाः''

કમળની અને કર્ણિકાની સ્થાપના જણાવીને અરિહંત પ્રભુને કર્ણિકાના સ્થાનમાં કર્તા મૂકે છે એટલે કે કમળરૂપે ચક્ર હોવું જોઈએ અને સામાન્ય રૂઢિથી આઠ પદ અને નવમી કર્ણિકાવાળું 'સિદ્ધચક્ર-યંત્ર' લેવાય છે. એટલે ઉપર્યુક્ત ચક્રથી 'સિદ્ધચક્ર' સમજાય તેમ છે. આ અનુમાન વાસ્તવિક ગણાય તો સિદ્ધચક્રનું અસ્તિત્વ મોડામાં મોડું વિ. સં. ૧૩૩૪નું ગણાય. વળી **કલ્યાણ-મન્દિરસ્તોત્ર** સિદ્ધસેન દિવાકરની જ કૃતિ છે એમ માનવામાં કશો જ વાંધો ન હોય તો આની વિદ્યમાનતા છેક ઈ.સં. ના પાંચમા સૈકા સુધીની ગણી શકાય.

**સિરિવાલકહા**ના ૨૦૭ માં પદ્યમાં એના કર્તા રત્નશેખરસૂરિ કહે છે કે સિદ્ધચક્ર-યંત્રના ઉદ્ધારનો વિધિ **વિજ્જાણુવાય** (નામના દસમા પૂર્વ) ને આભારી છે. આ ઉલ્લેખ અભ્રાન્ત હોય તો 'સિદ્ધચક્ર' નું અસ્તિત્વ શ્રમણ ભગવાન્ મહાવીરસ્વામીના સમય જેટલું તો પ્રાચીન ગણાય જ.

આ સાથે દ્વાદશાંગીની અર્થ-દૃષ્ટિએ શાશ્વતતા (પૃ. ૭૧) અને એને લઈને પુવ્વોની અને તેમાં પણ **વિજ્ઝાણુપ્પવાય** પુવ્વમાં અપાયેલી આ વિગતની શાશ્વતતા જો સ્વીકારાય તો સિદ્ધચક્રની બાબત અનાદિ કાળની સિદ્ધ થાય.

નવપદને ઉદ્દેશીને કોઈ પ્રાચીન અને પ્રૌઢ કૃતિ રચાઈ હોય એમ લાગતું નથી. **જિનરત્નકોશ**માં **નવપદપૂજા, નવપદયન્ત્રોદ્ધાર** અને **નવપદસ્તુતિ**નો ઉલ્લેખ છે, પણ એના કર્તા વગેરે હકીકત અહીં અપાઈ નથી. આ કોશમાં સિદ્ધચક્રને અંગે નીચે મુજબની કૃતિઓ નોંધાયેલી છે :-

શુભચન્દ્રકૃત **સિદ્ધચક્ર**કથા, સંસ્કૃતમાં પદ્યબદ્ધ **સિદ્ધચક્ર**કથાનક,

શુભચન્દ્રકૃત સિદ્ધચક્રપૂજા, પ્રભાચન્દ્રકૃત **સિદ્ધચક્ર**પૂજા, આશાધરકૃત **સિદ્ધચક્ર**પૂજા, **સિદ્ધચક્ર**પૂજા-જયમાલા, **સિદ્ધચક્ર** મહિમાકથા, ક્ષેમલક ગણિકૃત **સિદ્ધચક્ર**માહાત્મ્ય, અજ્ઞાતકર્તૃક **સિદ્ધચક્ર**માહાત્મ્ય, **સિદ્ધચક્ર**વિધિ, **સિદ્ધચક્ર**વર્ણનચતુર્વિંશતિકા, **સિદ્ધચક્ર**સ્તવન, જયવિજયકૃત **સિદ્ધચક્ર**સ્તુતિ અન આશાધરકૃત સિદ્ધચક્રાર્ચનાષ્ટક.

**સ્તોત્રસમુચ્ચય** (પૃ. ૨૨૨)માં ચાર પદ્યોમાં પાઇયમાં રચાયેલી સિદ્ધચક્કથુઈ છપાઈ છે. એનો પ્રારંભ જે **ભત્તિજુત્તા** થી થાય છે.

[૧]નવપદ કે સિદ્ધચક્રના સ્વરૂપ પર પ્રકાશ પાડનાર કોઈ અતિપ્રાચીન અને વિશ્વસનીય ઉલ્લેખ કે કૃતિ ઉપલબ્ધ નથી એટલે એનું અસ્તિત્વ સિદ્ધ કરવા માટે એનો મહિમા સૂચવનારી કૃતિઓ વિચારીશું. નવપદની આરાધના કરનાર તરીકે નરેશ્વર શ્રીપાલનું નામ રજૂ થયેલું જોવાય છે. એને ઉદ્દેશીને અનેક કૃતિઓ રચાઈ છે. [૨]તેમાં અપભ્રંશમાં [૩]બે કૃતિઓ છે, પાઈયમાં [૪]ત્રણ, સંસ્કૃતમાં [૫]પચીસેક અને [૬]ગુજરાતીમાં સોળ છે. ઘણીખરી પદ્યમાં છે. જેનો રચના-સમય નિશ્ચિત રૂપે ઉપલબ્ધ છે તે સૌમાં વિ.સં. ૧૪૨૮માં લખાયેલી રત્નશેખરસૂરિની કૃતિ સૌથી પ્રાચીન છે.

ધર્મસુન્દરસૂરિ ઉર્ફે સિદ્ધસૂરિએ વિ. સં. ૧૫૩૧ માં શ્રીપાલનાટકને લગતું **રસવતીવર્ણન** રચ્યું છે. એ ઉપરથી એમ લાગે છે કે **શ્રીપાલનાટક** નામનું કોઈ

---

૧ દેવગુપ્તસૂરિએ **નવપયપયરણ** (નવપદપ્રકરણ) રચ્યું છે તેમાં તો એમણે મિથ્યાત્વ, સમ્યક્ત્વ, શ્રાવકનાં બાર વ્રતો અને સંલેખના એ પંદર બાબતો અંગે સ્વરૂપ, ભેદ, ઉત્પત્તિ, દોષ, ગુણ, યતના, અતિચાર, ભંગ અને ભાવના એમ નવ નવ વિગતો વિચારી છે.

૨ જુઓ **જિનરત્નકોશ** (પૃ. ૩૯૬-૮) અને શ્રી. વાડીલાલ જીવાભાઈ ચોક્સીની **સિરિસિરિવાલકહા**ની અંગ્રેજી પ્રસ્તાવના.

૩-૬ જુઓ "શ્રીપાલચરિત્રો" એ નામનો મારો લેખ.

નાટક રચાયું હોવું જોઇએ.

ગુજરાતી કૃતિઓમાં માંડણ શ્રાવકે વિ.સં. ૧૪૯૮ માં રચેલ્રો **સિદ્ધચક્ર-રાસ** યાને **શ્રીપાલ-રાસ** સૌથી પ્રાચીન છે. વિનયવિજયગણિએ શરૂ કરેલો અને ન્યાયાચાર્ય યશોવિજયગણિએ વિ.સં. ૧૭૩૮ માં પૂર્ણ કરેલો રાસ જે **શ્રીપાલ રાજાનો રાસ** એ નામથી ઓળખાય છે એ ઓળીના દિવસોમાં 'તપા' ગચ્છના જૈન સમુદાયમાં લગભગ ઘેરે ઘેર પહેલાં વંચાતો હતો અને આજે પણ મોટે ભાગે વંચાય છે. આ રાસના આધારે ડાહ્યાભાઈ ધોળશાજીએ **વીણાવેલી** નામના નાટકની રચના કરી હતી.

**ચૈત્યવંદન ઇત્યાદિ** - નવપદને અંગેનાં ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ (થોય), લાવણી અને પૂજા જે ગુજરાતીમાં રચાયેલી છે તે પૈકી કેટલાંક સિદ્ધચક્ર-આરાધન-વિધિમાં વિ. સં. ૧૯૮૯ માં છપાયાં છે.

આગમોદ્ધારકે સિદ્ધચક્ર-સ્તવન ગુજરાતીમાં રચ્યું છે [૧]અને એ ''સિદ્ધચક્ર'' (વર્ષ-૭ અંક ૧) માં પ્રસિદ્ધ થયેલું છે. અને અહીં પણ એ પૃ. ૧૦૨ માં છપાયું છે.

---

૧ આ ઉપરાંત આગમોદ્ધારકની ગુજરાતી મુદ્રિત પદ્યાત્મક કૃતિઓ નીચે પ્રમાણે છે :-

(અ) ૬ **સજ્ઝાયો**-૧ કારુણ્ય-ભાવના, ૨ જ્ઞાન અને ક્રિયાવાદ, ૩ નમિ રાજર્ષિ, ૪ પ્રમોદ-ભાવના, ૫ માધ્યસ્થ-ભાવના, અને ૬ મૈત્રી-ભાવના (જુઓ પ્રશમરતિ અને સંબંધકારિકાનું પરિશિષ્ટ ૪).

(આ) ૧૧ **સ્તવનો**-૧ અભિનંદનપ્રભુ, ૨ આદીશ્વર, ૩ ઋષભદેવ, ૪ જિનરાજ, ૫ જિનેશ્વર, ૬ પદ્મપ્રભપ્રભુ, ૭-૧૦ સિદ્ધગિરિ અને ૧૧ સુમતિનાથ (૧, ૨, ૪, ૫, ૬ ને ૧૧ માટે જુઓ પ્રશમરતિ અને સંબંધકારિકા પરિશિષ્ટ ૪ અને ૩ તથા ૭-૧૦ માટેજુઓ નિત્યસ્મરણસ્તોત્રસંગ્રહ, પ્ર. મણીલાલ ઉગરચંદ.)

## સિરિવાલકહા (શ્રીપાલકથા)

[1]આ મુખ્યતયા જઇણ મરહટ્ઠી (જૈન માહારાષ્ટ્રી) માં રચાયેલી અનેક કથાઓ પૈકી એક છે. એમાં એકંદર ૧૩૪૨ પદ્યો છે. પ્રથમ પદ્યમાં આ કૃતિનું નામ **સિદ્ધચક્કમાહપ્પ** (સિદ્ધચક્રમાહાત્મ્ય) સુચવાયું છે. આમાં ૨૪-૩૩ ક્રમાંકવાળાં પદ્યો નવપદના સ્વરૂપ ઉપર પ્રકાશ પાડે છે. ચારણ મુનિએ નવ પદ્યમાં પ્રતિપાદન કરેલું સ્વરૂપ પદ્ય ૫૬૪-૫૭૨ માં જોવાય છે. [2]जिअंतरंगारि થી એ શરૂ થાય છે. અજિતસેન મુનિએ પ્રરૂપેલી નવપદ-વિષયક દેશના પદ્ય ૧૦૭૫-૧૧૦૨ માં છે. શ્રીપાલે કરેલા નવપદના આરાધનની વિધિ પદ્ય ૧૧૭૦-૧૧૭૮ માં રજૂ કરાઈ છે. શ્રીપાલે કરેલું નવપદ-સ્તવન પદ્ય ૧૨૦૫-૧૨૧૦ રૂપે છે. એનો પ્રારંભ [3]उप्पन्नसन्नाणथी થાય છે. શ્રીપાલે અરિહંતાદિ નવ પદોને પદ્ય ૧૨૧૮-૧૨૨૬ અને ૧૨૨૮-૧૨૯૭ દ્વારા વંદન કર્યું છે. એમાં સિદ્ધ અને તપ એ બે પદો માટે આઠ આઠ પદ્યો છે, જ્યારે બાકીનાં માટે નવ નવ પદ્યો છે. પદ્ય ૧૩૨૬-૧૩૩૬માં આત્માને નવપદમય વર્ણવ્યો છે [4]. પદ્ય ૧૯૬-૨૦૬ માં "**સિદ્ધચક્ક**" ના ઉદ્ધારની વિધિ સમજાવાઇ છે.

૨૦૭ મા પદ્યમાં એ **વિજ્જાણુવાય** (નામના દસમા પુવ્વ) નો સાર છે અને એ જાણવાથી ૫ મહાસિદ્ધિઓ સત્વર પ્રાપ્ત થાય છે એમ કહ્યું છે. ૭૩ માં અને ૭૬ માં પદ્યમાં પ્રજાપાલ રાજાએ પોતાની બે પુત્રીને પૂછેલી સમસ્યાઓ છે.

---

૧-૭૩, ૭૬, ૫૨૨ અને ૫૨૪ એ ક્રમાંકવાળાં પદ્યો 'અપભ્રંશ' માં છે.

૨-૩, આ બંને અશુદ્ધ સ્વરૂપે **સજ્જનસન્મિત્ર**માં છપાયાં છે.

૪ **સ્વાધ્યાય-દોહન**માં **સિરિવાલકહા**માંથી નવપદ-વિષયક સાહિત્ય છપાયું છે.

૫ અલૌકિક સિદ્ધિઓ વિષેનો પ્રાચીનમાં પ્રાચીન ઉલ્લેખ તે **ઋગ્વેદ** (મ. ૧૦, સૂ૦ ૧૩૬)ગત મુનિનું વર્ણન છે.

આ કૃતિના અંતમાં એ રત્નશેખરસૂરિના શિષ્ય હેમચન્દ્રે વિ.સં. ૧૪૨૮ માં લખ્યાનો ઉલ્લેખ છે. આ ઉપરથી ત્રણ બાબતો આ કૃતિના કર્તા વિષે આપણે જાણી શકીએ છીએ :

(૧) એમનો સત્તાસમય, (૨) એમનો પરિવાર અને (૩) એમના શિષ્યનું નામ.

સિરિ સિરિવાલ કહા ના ઉપર સંસ્કૃતમાં જે [૧] અવચૂર્ણિ છે તે ક્ષમાકલ્યાણની રચેલી હોવાનો પ્રઘોષ છે, પણ એ અર્થ સમજવામાં ઉપયોગી છે એમ આ અવચૂર્ણિ સહિત [૨] છપાયેલ સિરિસિરિવાલકહા ના ઉપોદ્‌ઘાતમાં આગમોદ્ધારકે કહ્યું છે. વળી અહીં એમણે એ બાબત કહી છે કે આ સિરિસિરિવાલકહા ના જ આધારે કૃપાવિનય મુનિએ **શ્રીપાલચતુષ્પદિકા**, ઉદયરત્ને લઘુ રાસ અને [૩] નયવિમલે શ્રીપાલનું વિસ્તૃત ચરિત્ર સંસ્કૃતમાં રચેલ છે.

**છન્દોરત્નાવલી** નામની કૃતિ આ કથાના કર્તાની રચેલી પણ અમુદ્રિત છે એમ જે આ ઉપોદ્‌ઘાતમાં કહ્યું છે તે જ **છંદકોસ** હોય એમ લાગે છે.

શ્રી. વાડીલાલ જીવણભાઈ ચોક્સીએ ''સિરિસિરિવાલકહા'' એ નામથી આનો [૧] પહેલો ભાગ (પદ્યો૧-૪૦૦) સંપાદિત કર્યો છે. સાથે સાથે એમણે

૧. પ્રથમ પદ્યરૂપ મંગલાચરણમાં 'નવપદી' એવો પ્રયોગ છે અને ત્યાર બાદના ગદ્યાત્મક લખાણમાં 'સિદ્ધચક્ર' ના પર્યાય તરીકે 'યન્ત્રરાજ' એવો ઉલ્લેખ છે.

૨. આ પ્રકાશન દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી ઈ.સ. ૧૯૨૩ માં કરાયું છે. આ આવૃત્તિમાં સંસ્કૃત વિષયાનુક્રમ અપાયેલો છે.

૩ એઓ સૂરિ થતાં એમનું નામ જ્ઞાનવિમલસૂરિ રખાયું. એમણે **શ્રીપાલચરિત્ર**ના અંતમાં પ્રશસ્તિ (શ્લો. ૫-૬) માં કહ્યું છે કે પહેલાના પ્રાકૃત ગાથાબદ્ધ ચરિત્ર અને વાચક વિનયવિજયકૃત રાસને આધારે આ ચરિત્ર મેં યોજ્યું છે. આ પ્રાકૃત ચરિત્ર તે ઉપર્યુક્ત **સિરિવાલકહા** જ છે એમ લાગે છે.

અંગ્રેજી ટિપ્પણ, અનુવાદ અને [2] પ્રસ્તાવના આપેલાં છે. બીજા ભાગ તરીકે પદ્ય ૩૭૮-૭૫૭ નું સંપાદન અંગ્રેજી ટિપ્પણાદિ સહિત કરાયું છે.

**રત્નશેખરસૂરિ**-જે **સિરિવાલકહા**ના [3] દસ પદ્યો રજૂ કરી અહીં દસ વ્યાખ્યાનો અપાયાં છે તેના કર્તા 'બૃહદ્' ગચ્છના વજ્રસેનસૂરિના પટ્ટધર હેમતિલકસૂરિના પટ્ટધર છે. એમના જીવન વિષે આજે ઉપલબ્ધ કૃતિઓમાંથી ઘણી થોડી વિગતો મળે છે એટલે એમનું સાહિત્ય-જીવન એ જ જીવન છે એટલે એ આપણે પ્રથમ વિચારીશું. એમણે સંસ્કૃતમાં તેમજ પાઇયમાં-જઈણ મરહટ્ટીમાં નીચે મુજબની કૃતિઓ રચી છે :-

(૧) ખિત્તવિઆરાણુ યાને નરખિત્ત-વિક્ખપયરણ (પા.)
(૨) ખિત્ત૦ ઉપરની સંસ્કૃત વૃત્તિ
(૩) ગુણસ્થાનક્રમારોહ(સં.)
(૪) ગુણ૦ ઉપરની સંસ્કૃત વૃત્તિ
(૫) [4] ગુરુગુણછત્તીસી છત્તીસિયાકુલય (ગ) (પા.)
(૬) ગુરુ૦ ઉપરની સંસ્કૃત વૃત્તિ
(૭) છંદકોસ (પા.)
(૮) દિનશુદ્ધિપ્રદીપિકા
(૯) સંબોહસત્તરિ
(૧૦) સિદ્ધચક્રયન્ત્રોદ્ધાર
(૧૧) સિરિવાલકહા (પા.)

---

૧ આમાં સિરિસિરિવાલકહા ના કર્તાનો પરિચય અપાયો છે. વિશેષમાં અલંકાર અને છંદ વિષે કેટલુંક લખાણ છે. અંતમાં સુભાષિતોની સૂચિ અપાઈ છે. આ પ્રથમ ભાગ સંપાદકે જાતે ઈ. સ. ૧૯૩૨ માં છપાવ્યો છે.

૨ પ્રસ્તાવના પહેલા ભાગમાં હતી તે જ અહીં અપાઈ છે. અંતમાં પહેલા અને બીજા બંને ભાગમાંનાં સુભાષિતો અપાયાં છે.

૩ આ દસેનો મારો ગુજરાતી અનુવાદ ''પરિશિષ્ટ ૧'' તરીકે અપાયો છે. '' (પાઈ) થી દસનો વર્ગમૂળ અહીં સુચવાયો છે, પરંતુ એના કરતાં વધારે ચોક્સાઈવાળું એનું મૂલ્ય આ પૂર્વેની કૃતિમાં મળે છે.

૪ આનું સંસ્કૃત નામ 'ગુરુગુણષટ્ત્રિંશત્-ષટ્ત્રિંશિકા છે.

આ પૈકી પ્રથમ કૃતિ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણકૃત **ખેત્તસમાસ**ની અપેક્ષાએ નાની હોવાથી **લઘુક્ષેત્રસમાસ**ના નામે ઓળખાવાય છે. એમાં ૨૬૩ ગાથાઓ છે. એના ઉપર કર્તાએ જાતે સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. આ વૃત્તિના પ્રારંભમાં કર્તાએ વજ્રસેન અને હેમતિલક એ બેનો 'ગુરુ' તરીકે નિર્દેશ કર્યો છે અને એમના નામનું સ્મરણ, ચિન્તામણિ જાણે હોય એમ કહ્યું છે. વિશેષમાં આ પાઇય કૃતિને ગુજરાતીમાં શબ્દાર્થ, ગાથાર્થ અને વિસ્તરાર્થ તેમજ એની સંસ્કૃત છાયા સહિત સચિત્ર સ્વરૂપે મુ. ક. જૈ. મો. માલામાં વિ. સં. ૧૯૯૦ માં છપાઈ છે. મૂળનું ભાષાંતર સૌથી પ્રથમ ભીમસિંહ માણેકે છપાવ્યું હતું.

ત્રીજી કૃતિ ચૌદ ગુણસ્થાનોના સ્પષ્ટીકરણરૂપ છે. આ વિ. સં. ૧૪૪૭માં રચાયેલી સ્વોપજ્ઞ વૃત્તિ સહિત દે.લા. જૈ. તરફથી છપાયેલી છે. એના ઉપર આગમોદ્ધારકે વિ. સં. ૧૯૭૨ માં સંસ્કૃતમાં ઉપોદ્ઘાત લખ્યો છે.

પાંચમી કૃતિ પાઇયમાં છે અને એ સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત છે. આ બંને મુદ્રિત છે[૧].

પાઇયમાં છંદઃશાસ્ત્રને અંગે જે વિવિધ કૃતિઓ મળે છે તેમાંની એક તે આ છંદકોસ છે. એમાં ૭૪ ગાથા છે. એ પ્રો. વેલનકરદ્વારા સંપાદિત થઈ છે. એ J.U.B. માં ઇ.સ. ૧૯૩૩ માં પ્રસિદ્ધ થઈ છે. એ ફરીથી છપાવવી જોઇએ.[૨].

આઠમી કૃતિ જ્યોતિષને અંગેની છે[૩].

નવમી કૃતિમાં ૭૦ ગાથા છે. એ ગુણવિનયની ટીકા સહિત જૈ. આ. સભા તરફથી વિ. સં. ૧૯૭૨ માં છપાઈ છે.

---

૧ વૃત્તિસહિત મૂળ જૈન આત્માનંદ સભા તરફથી વિ. સં. ૧૯૭૧ માં છપાયું છે.

૨ વિશેષ માટે જુઓ મારું છપાતું પુસ્તક નામે **પાઇય (પ્રાકૃત) ભાષાઓ** અને **સાહિત્ય** (ખંડ ૨).

૩ આ ભીમસિંહ માણેક તરફથી વિ. સં. ૧૯૭૪ માં પ્રસિદ્ધ કરાઇ છે.

સિરિસિરિવાલકહાની ૧૩૪૦મી ગાથામાંના ''सिरिवज्जसेणगणहरपट्टपहु-हेमतिलयसूरीणं'' પદ ઉપરથી બે અર્થ તારવી શકાય :-

(૧) રત્નશેખરસૂરિ એ વજ્રસેનના પટ્ટધર હેમતિલકસૂરિના શિષ્ય થાય છે.

(૨) રત્નશેખરસૂરિ એ વજ્રસેનના તેમજ હેમતિલકસૂરિના શિષ્ય થાય છે.

**ખિત્ત૦**ની વૃત્તિમાં રત્નશેખરે વજ્રસેનને તેમજ હેમતિલકને એ બંનેને ગુરુ તરીકે ઓળખાવ્યા છે.

**ગુણ૦**ની સ્વોપજ્ઞ વૃત્તિમાં રત્નશેખરે પોતાને વજ્રસેનસૂરિના શિષ્ય અને હેમતિલકસૂરિના પટ્ટધર તરીકે ઓળખાવે છે.

**સંબોહ૦**ની વૃત્તિમાં અમરકીર્તિસૂરિએ રત્નશેખરસૂરિને જયશેખરસૂરિના ચરણકમળને વિષે મધુકર કહ્યા છે.

આ ઉપરથી એ ફલિત થાય છે કે વજ્રસેનસૂરિ એ જ રત્નશેખરસૂરિના વાસ્તવિક ગુરુ છે. હેમતિલકસૂરિનો કોઈક રીતે એમના ઉપર પ્રભાવ પડ્યો હોય કે ઉપકાર હોય તેથી તેઓ એમને પણ 'ગુરુ' તરીકે ઓળખાવે છે. રત્નશેખરસૂરિ હેમતિલકસૂરિના પટ્ટધર છે.

જયશેખરસૂરિ એ વજ્રસેનસૂરિના ગુરુ થાય છે અને વાદી દેવસૂરિની પરંપરામાં એઓ થયેલા છે.

**જૈન ગુર્જર કવિઓ** (ભાગ ૨, પૃ. ૭૫૯) માં કહ્યું છે કે રત્નશેખરસૂરિનો જન્મ વિ. સં. ૧૩૭૨ માં થયો હતો. એમણે તેર વર્ષની વયે વિ. સં. ૧૩૮૫ માં દીક્ષા લીધી હતી. એઓ વિ. સં. ૧૪૦૦માં સૂરિ થયા. આ પદવી એમને બિલાદામાં અપાઈ હતી. એમણે 'મિથ્યાન્ધકારનભોમણિ' નું બિરુદ હતું. એમણે ૧૦૦૦ કુટુંબોને જૈન ધર્મી બનાવ્યાં હતાં. વિ.સં. ૧૪૦૭ માં એમણે ફિરોજશાહ તઘલકને ઉપદેશ આપ્યો હતો.

આ રત્નશેખરસૂરિ સમાનનામક અને સમસમયી અન્ય રત્નશેખરસૂરિથી ભિન્ન છે.

## વ્યાખ્યાનોનું વિહંગાવલોકન

વ્યાખ્યાનનો પ્રારંભ **સિરિવાલકહા**ની ૨૩ મી ગાથાથી કરાયો છે. એમાં અરિહંતાદિ નવ પદોને 'પયનવગ' (સં. પદ-નવક) કહેલ છે. પ્રથમ વ્યાખ્યાન એનાં પછીનાં નવ વ્યાખ્યાનોની ભૂમિકા-પીઠિકારૂપ છે. એમાં વિવિધ બાબતો ક્રમશઃ નિરૂપાઈ છે તેમજ એની સંકલના હૃદયંગમ છે. [૧] સાર્વજનીન અને સર્વકાલીન એવા દાનાદિ-ચતુષ્કરૂપ [૨] સર્વસંમત ધર્મનું યથાર્થ સ્વરૂપ અને મહત્ત્વ વિચારતાં 'ભાવ' ના ઉપર વિશેષ ભાર મૂકાયો છે અને તે ન્યાયસંગત છે. એને ધર્મનો પાયો ગણ્યો છે. 'ભાવ' ના જનક તરીકે મનનો નિર્દેશ છે. મન જ્યારે દેવ, ગુરુ અને ધર્મરૂપ તત્ત્વત્રયીના આલંબન લે ત્યારે એ ભાવરૂપ વેલાને જન્મ આપે એ વાતના ઉલ્લેખપૂર્વક દેવાદિ તત્ત્વત્રયીનું સાચું સ્વરૂપ આલેખાયું છે. આ તત્ત્વત્રયીની પરીક્ષા કરવાની અને તે એનાં લક્ષણો ઉપરથી કરવાની હકીકત દર્શાવી જૈન દર્શનની ઇતર દર્શનોથી વિશિષ્ટતા સૂચવાઈ છે.

નવપદમાં તત્ત્વત્રયી કેવી રીતે ઘટાવી શકાય તે જણાવી [૩] બે શાશ્વતી [૪] ઓળીઓની અને જૈનોના તહેવારોની-પર્વોની વિશિષ્ટતાનો ખ્યાલ કરાવી પ્રથમ વ્યાખ્યાન પૂર્ણ કરાયું છે.

(૨) બીજા વ્યાખ્યાનની શરૂઆત **સિરિસિરિવાલકહા** ની ૨૪ મી ગાથાથી કરાઈ છે. એમાં અરિહંતને માટે ચાર વિશેષણો વપરાયાં છે, તેનો પરામર્શ કરતી વેળા સૌથી પ્રથમ તો પ્રભુ-સંમિત, મિત્ર-સંમિત અને કાન્તા-સંમિત એમ

---

૧-૨ જુઓ **ઉપદેશરત્નાકર**ની મારી "ભૂમિકા" (પૃ. ૨૭-૨૯).

૩ જુઓ **પર્વદેશના** (પૃ. ૩૬) તેમજ પ્રસ્તુત પુસ્તક (પૃ. ૭૧ ને ૯૬).

૪ જુઓ પૃ. ૭૭.

બોધ પામનારા જીવોના [1] ત્રણ વર્ગો પડાયા છે. આ વર્ગીકરણ **મમ્મટે કાવ્યપ્રકાશ** (ઉ. ૧, કા. ૨) ની સ્વોપજ્ઞ વૃત્તિમાં અને 'કલિકાલસર્વજ્ઞ' હેમચંદ્રસૂરિએ **કાવ્યાનુશાસન** (અ. ૧, સૂ. ૩) ની વૃત્તિ નામે **અલંકારચૂડામણિ** (પૃ. ૩) માં કરેલ છે.

અરિહંત અને સિદ્ધ એમ બે પ્રકારના દેવોમાં ગુણોની અપેક્ષાએ સિદ્ધથી ઉતરતા અરિહંતનું સ્થાન પ્રથમ કેમ એ પ્રશ્ન રજૂ કરી એનાં કારણો જણાવાયાં છે :-

(૧) અરિહંત જ સિદ્ધ થવાનો માર્ગ બતાવી શકે. સિદ્ધ થવાની જડ જો કોઈ હોય તો તે અરિહંત જ છે. ([2] પૃ. ૧૩ અને ૫૬).

(૨) અરિહંતની પ્રમાણિકતાએ જ સિદ્ધોની પ્રામાણિકતા છે.[3] (પૃ. ૧૬)

(૩) ચોવીસીમાં ધર્મની જાહેરાત કે પ્રવૃત્તિનો પ્રારંભ અરિહંતથી જ છે. (પૃ. ૧૬).

'અરિહંત' પદની [4] અનુવૃત્તિની આવશ્યકતા અને સકારણતા સમજાવતી વેળા કાયોત્સર્ગમાં એકલા અરિહંતનો જ ઉલ્લેખ કેમ છે અને પાંચ પરમેષ્ઠીઓ કે નવપદનો કેમ નથી તે પ્રશ્નનો ઉત્તર એમનું રટણ થાય તે માટે છે એમ અપાયો છે. આ પ્રમાણે ભૂમિકા તૈયાર કરી અરિહંતનું પહેલું વિશેષણ ([5]"૧૮ દોષોથી મુક્ત') વિચારાયું છે અને તેમ કરતાં જૈન અને અજૈન મંતવ્યમાં

---

૧ શ્રદ્ધાનુસારી, તર્કાનુસારી અને ચરિતાનુસારી એમ પણ જીવોના ત્રણ વર્ગો પડાય છે. પૃ. ૭૦માં આ પૈકી પહેલા બે વર્ગને ઉદ્દેશીને ધર્મકથાનુયોગનો વિચાર કરાયો છે.

૨ કૌંસમાં અપાયેલ અંક પૃષ્ઠનો છે.

૩ આ સમજાવતાં કસોટીની ચોકખાઈ ઉપર સોનાની ચોકખાઈની પરીક્ષા અવલંબે છે એ વાત કહેવાઇ છે.

૪ આ બાબત તાત્ત્વિકપ્રશ્નોત્તર (ભા. ૧, પૃ. ૧૬૭-૮) માં વિચરાઈ છે.

૫ જુઓ ઉ. ૨. ની મારી ભૂમિકા (પૃ. ૪૦-૪૧).

ઈશ્વરને અંગે ત અને ન નો તફાવત છે. એક ઈશ્વરને બતાવનાર માને છે તો અન્ય બનાવનાર માને છે એ વાતનો નિર્દેશ છે.

૧૮ દોષોથી રહિત તો જડ પદાર્થ પણ છે એટલે એનાથી અરિહંતને જુદા પાડવા માટે 'વિશુદ્ધ જ્ઞાનમય' એમ કહ્યું છે એ બાબત પૃ. ૧૯ ના અંતમાં વિચારાઈ છે. અરિહંતો કેવળ ગુણી નથી પણ ગુણી બનાવનાર છે એમ કહી ત્રીજા વિશેષણની સાર્થકતા રજૂ કરાઈ છે. અંતમાં પૃ. ૨૦ માં નર અને દેવોથી પૂજિત-પૂજ્ય એ ચોથું વિશેષણ સમજાવાયું છે અને તેમ કરતી વેળા ચોવીસે કલાક પહેરે-ગીરની પેઠે [૧] આઠ પ્રાતિહાર્યો અરિહંતોની સેવામાં હાજર રહે છે એમ કહ્યું છે.

(૩) ત્રીજું વ્યાખ્યાન સિદ્ધ-પદને અંગે છે. આ સિદ્ધોને માટે સિરિસિરિવાલકહા ની ગા. ૨૫ માં ત્રણ વિશેષણો વપરાયાં છે. આ ગાથા રજૂ કરી ત્રીજા વ્યાખ્યાનની શરૂઆત કરતાં ચરિત્રો કહેવાનો શુદ્ધ હેતુ દાખલાઓ આપી સમજાવાયો છે ત્યારબાદ હરિભદ્રસૂરિએ ષોડશક (ષો૦ ૧૧, શ્લો.૪-૫) માં નિર્દેશેલે [૨]શ્રોતાના તત્ત્વ-રસિક અને કથા-રસિક એ બે પ્રકારોનું સ્પષ્ટીકરણ છે. સાચી સ્વતંત્રતા કઇ, 'ભવ્ય' કોણ ગણાય અને જૈન ધર્મના જન્મની જરૂરિયાત શાથી એ પ્રશ્નો ઉઠાવી એના ઉત્તરો અપાયા છે. પછી 'સિદ્ધ-પદ' માનવાનું કારણ દર્શાવાયું છે. નિરંજન-નિરાકારનું ધ્યેય રાખનાર જૈનો જ છે (૨૫) એ સમજાવતાં અરિહંતના ચાર નિક્ષેપ અને એની સમુચિતતા વિચારાઇ છે. તીર્થંકર પદ્માસન યાને પર્યંકાસન અને કાયોત્સર્ગ એ બે જ આકારોમાંથી ગમે તે આકારે મોક્ષે જાય તેથી એમની મૂર્તિ આ બે જ આકારે હોય છે એ વાત પૃ. ૨૭ માં અપાઈ છે. સિદ્ધમાં [૧]૧૫ ભેદ કરવાનું કારણ પૃ. ૨૭-૨૮ માં અને પૃ.

૧. જુઓ ઉ૦ ૨૦ની મારી ભૂમિકા (પૃ. ૩૦)

૨. જુઓ પૃ. ૩૨, ૪૦, ૪૮, ૬૮ અને ૭૯.

૨૮ માં 'સિદ્ધ' ને બદલે 'મુત્ત' (સં. મુક્ત) શબ્દ ન રાખ્યો તેનું કારણ અપાયેલ છે. અંતમાં અનંતચતુષ્ટયી વિષે ઊહાપોહ છે.

(૪) ચોથા વ્યાખ્યાનની શરૂઆતમાં સિરિસિરિવાલકહા ની ૨૬ મી ગાથા દ્વારા આચાર્યના ત્રણ ગુણો ગણાવાયા છે. એની ભૂમિકારૂપ વિવેચનમાં તીર્થંકરની દીક્ષા, એમની ઉપસર્ગોને અંગેની સહનશીલતા, એમની કેવલ-જ્ઞાનની પ્રાપ્તિ તેમજ દેશના એ તમામ પ્રવૃત્તિઓ પરના ઉપકાર માટે જ છે એ વાત રજૂ કરાઈ છે (૩૨-૩૩). જગતના ઉદ્ધારરૂપ આવું અનુપમ કાર્ય એકલે હાથે અન્ય ક્ષેત્ર કે કાળમાં ન બને એટલે કાલાંતરે અન્ય ક્ષેત્રોને પણ આ લાભ મળે તે માટે તીર્થંકર પ્રતિનિધિઓ નીમે છે અને એ પ્રતિનિધિઓ તે 'આચાર્ય' છે. આમ 'આચાર્ય' પદની આવશ્યકતા જણાવાઈ છે. તીર્થંકરની દેશનાને યથાર્થ રીતે પહોંચાડનાર નિયત કરનાર આચાર્યો છે.

આચાર્યોના [૨]પાંચ આચાર પૈકી જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણને લગતો સ્પષ્ટ નિર્દેશ પૃ. ૩૭ માં કરાયો છે. જે બે રહી ગયાં તે તપ અને વીર્ય છે. આ પાંચ આચારો પૈકી જ્ઞાનાચારના [૩]આઠ અને દર્શનાચારના [૪]આઠ ભેદોનું સૂચન કરી એમાં વૃદ્ધિ થાય-મૂળ ધ્યેયને હાનિ ન પહોંચે તે રીતે ફેરફાર કરવાની આચાર્યોને અનુજ્ઞા છે એ વાત પૃ. ૩૫ માં રજૂ કરાઈ છે. અંતમાં આચાર્યને મદદગાર તરીકે ઉપાધ્યાયનો અને લશ્કરી તરીકે સાધુનો ઉલ્લેખ કરી આ વ્યાખ્યાન પૂર્ણ કરાયું છે.

(૫) સિરિસિરિવાલકહા ની ૨૭ મી ગાથા એ પાંચમા વ્યાખ્યાનનો વિષય છે. આ ગાથમાં ઉપાધ્યાયના ત્રણ ગુણો દર્શાવાયા છે. [૫]વીસ સ્થાનક આરાધ્ય

---

૧ આ ભેદો વ્યાખ્યાતાએ આપ્યા નથી. એ માટે જુઓ **પણ્ણવણા** (પય ૧, સૂ. ૭) તેમજ **આર્હતદર્શનદીપિકા** (પૃ. ૧૧૫૨-૧૧૫૬).

૨ આના સ્વરૂપ માટે જુઓ રત્નશેખરસૂરિકૃત **આચારપ્રદીપ** યાને **અર્થકૌમુદી.**

૩-૪ જુઓ 'નાણંમિ'સુત્ત.

૫ જુઓ **નાયાધમ્મકહા** (૧, ૮). અહીં અપાયેલી ત્રણ ગાથા તે જ **પવયણસારુદ્ધાર**ની ગા. ૩૧૦-૩૧૨ છે.

છે, અને એનો નવપદમાં સમાવેશ કરી શકાય છે એટલે નવપદની આરાધના એટલે સર્વની આરાધના એવો નિષ્કર્ષ કઢાયો છે. પૃ. ૪૨ માં 'ગુરુ' તત્ત્વનું સ્વરૂપ દર્શાવતાં કહ્યું છે કે ગુરુ પાછા પડનારને તેમ થતાં અટકાવી મોક્ષ-માર્ગે આગળ વધારે છે.

(પૃ. ૪૩) માં એ વાત સમજાવાઈ છે જો કે ગુરુ જ અરિહંત અને સિદ્ધને ઓળખાવે છે છતાં એમનું સ્થાન પ્રથમ નથી તેનું કારણ એ છે કે એઓ જિનેશ્વરે કરેલી પ્રરૂપણાનો જ ઉપદેશ આપે છે, નહિ કે પોતાના ઘરનું ફાવે તે કહે છે. એઓ સ્થાપક નથી, પણ સંચાલક છે એટલે એમને આદ્ય સ્થાન ન અપાય.

શાસનની સ્થાપનાની વ્યવસ્થામાં વ્યવસ્થાપક, શિક્ષક અને સહાયક એમ ત્રણની જરૂર હોવાથી 'ગુરુ' તત્ત્વના ત્રણ વિભાગો કરાયા છે (૪૨).

(પૃ. ૪૩-૪૪)માં ઉપાધ્યાયને ગચ્છની સમગ્ર ચિંતામાં જોડાયેલા તરીકે, નહિ કે કરનાર તરીકે ઓળખાવાયા છે. ઉપાધ્યાયનો બીજો ગુણ તે સૂત્ર અને અર્થનું શિક્ષણ આપવાનો છે. અહીં અર્થ તો આચાર્ય કહે એ શંકા ઉઠાવી એનું નિરસન બે રીતે કરાયું છે :

(૧) કેટલીક વાર ઉપાધ્યાય તે જ 'આચાર્ય' હોય છે એટલે સૂત્ર અને અર્થ બંને એઓ ભણાવે.

(૨) અર્થથી સૂત્ર પૂરતો જ અર્થ સમજવો, નહિ કે નિજ્જુત્તિ, ભાસ ઈત્યાદિના પણ અર્થ.

ઉપાધ્યાયનો ત્રીજો ગુણ તે સ્વાધ્યાયના વાચના વગેરે [1]પાંચે પ્રકારોમાં લીન રહેવાની તેમની વૃત્તિ છે એ વાત પૃ. ૪૪ માં સમજાવાઈ છે. અહીં સ્વાધ્યાયના પાંચ પ્રકારોનાં નામ જ ગણાવાયાં છે એટલે એના સ્વરૂપ માટે **આર્હતદર્શનદીપિકા** (પૃ. ૧૧૨૨-૩) જોવા હું ભલામણ કરું છું.

(૬) **સિરિસિરિવાલકહા** ની ૨૮ મી ગાથા દ્વારા છઠ્ઠું વ્યાખ્યાન શરૂ કરાયું છે. આ ગાથામાં સાધુના ચાર ગુણો ગણાવાયા છે.

---

૧ જુઓ **તત્ત્વાર્થસૂત્ર** (અ. ૯, સૂ. ૨૫).

પૃ. ૪૮ માં જૈન દૃષ્ટિએ આસ્તિક ક્યારે ગણાય એ બાબત સમજાવાઈ છે અને તેમ કરતી વેળા નીચેના છ પ્રકારનાં મંતવ્યો સ્વીકારે તે 'આસ્તિક' છે એમ કહેવાયું છે :-

(૧) [૧]જીવનું અસ્તિત્વ, (૨) એની નિત્યતા, (૩) એની પ્રતિક્ષણે કાયિકાદિ પ્રવૃત્તિ અર્થાત્ એનું કર્મબંધન, (૪) બાંધેલાં કર્મનો ભોગવટો, (૫) મોક્ષનું અસ્તિત્વ, અને (૬) મોક્ષ માટેનો પ્રયાસ.

સાધુ મદદગાર હોવાથી શાસનમાં આચાર્ય અને ઉપાધ્યાયના જેવું જ એમનું સ્થાન છે એ વાત રાજકીય ક્ષેત્રનાં ઉદાહરણો દ્વારા પૃ. ૫૨ માં સમજાવાઈ છે. અરિહંતાદિ ચાર પરમેષ્ઠીને વંદન કરવું એ વાજબી છે, પણ આઠ પ્રવચનની માતા પૂરતા જ જ્ઞાનવાળા સાધુને કેમ કરાય એ પ્રશ્ન પૃ. ૫૩ માં ઉઠાવી એનો ઉત્તર એ અપાયો છે કે કલ્યાણના માર્ગમાં સહાય કરનાર-નિઃસ્વાર્થપણે શાસનની સેવા કરનાર તેમજ ક્રિયાનું શિક્ષણ આપનાર સાધુ-વર્ગ જ છે (૫૪-૫૫).

સંસાર છોડીને સાધુ બનેલાને વંદન કરવું ઘટે; એઓ અરિહંતાદિની જેમ સર્વગુણસંપન્ન છે કે નહિ એ વિચારવાનું હોય નહિ (૫૬).

પૃ. ૫૬માં અંતમાં કોને સાધુ માનવા તેનો નિર્દેશ છે અને પૃ. ૫૭માં ગુપ્તિનું યથાર્થ લક્ષણ રજૂ કરાયું છે.

(૭) **સિરિસિરિવાલકહા**ની ૨૯મી ગાથા એ સાતમા વ્યાખ્યાનનું બીજ છે. એમાં ભવસ્થ-કેવલીને 'દેવ' તરીકે ગણાવાતા નથી એ ખરું, પણ એઓ સિદ્ધ જ થનાર હોવાથી 'સિદ્ધ' ને નમસ્કાર કરતાં એમને એ નમન આવી જ જાય છે એમ કહ્યું છે (૫૯).

સિદ્ધના માર્ગનું પ્રકાશન કેવલજ્ઞાનને અંગે નિયમિત નથી પણ એ અરિહંતના ઉપર જ આધાર રાખે છે એટલે नमो अरिहंताणं ને બદલે नमो केवलिंन એમ કહેવું યુક્તિયુક્ત ન ગણાય (૫૯).

---

૧ જૈન દૃષ્ટિએ જીવનું સ્વરૂપ-લક્ષણ **ન્યાયાવતાર** (શ્લો. ૩૧) માં **પ્રમાણનયતત્ત્વાલોક** (પરિ૦ ૭, સૂ. ૫૬) ઇત્યાદિમાં અપાયું છે.

મોક્ષપ્રવૃત્તિનો કાળ ચોવીસ તીર્થંકરોની વિદ્યમાનતાના જેટલો જ નહિ પણ એનાથી અનેક ગુણો-ક્રોડાક્રોડ સાગરોપમ સુધીનો છે તે 'ગુરુ' ને જ આભારી છે (૬૦).

અરિહંતાદિ પાંચ ગુણી છે અને દર્શનાદિ ચાર ગુણ છે. ''નવકાર-મંત્ર'' માં પાંચ ગુણીને નમસ્કાર કરાયો છે. **વિયાહપણ્ણત્તિ, મહાનિસીહ** ઇત્યાદિના પ્રારંભમાં ''નવકારમંત્ર'' નાં પાંચ જ પદો છે તે ગુણીની અપેક્ષાએ છે (૫૭-૮). ''નવકારમંત્ર'' નું સ્મરણ-ગુણગાન ગમે ત્યાં થઈ શકે (૬૧).

સમ્યગ્દર્શનાદિ ચારની પ્રાપ્તિ, વૃદ્ધિ કે પરાકાષ્ઠા વિના સર્વ પાપનો નાશ શક્ય નથી એટલે સમ્યગ્દર્શનાદિની ''નવકારમંત્ર'' માં આડકતરી રીતે ગણના છે જ. સમ્યગ્દર્શનાદિ ધ્યેયરૂપ તેમજ આરાધ્યરૂપ પણ છે (૬૩).

एसो पंच नमुक्कारो માં नमुक्कारो ને સ્થાને पंचपरमेट्ठी જેવો પાઠ નહિ રાખી નમસ્કારની મુખ્યતા, આરાધના અને અધિકતા દર્શાવાઈ છે (૬૩).

नमो ને બદલે नमामि ન રાખવાનું કારણ એ છે કે આ અવ્યય દ્રવ્ય-પૂજા અને ભાવ-પૂજા એ બંનેનો દ્યોતક છે. સાથે સાથે એ ઓછામાં ઓછો સંકોચ જણાવે છે (૬૩-૬૪).

દર્શનાદિ ચારમાં દર્શનનો પ્રથમ ઉલ્લેખ વફાદારી-ઈમાનદારીનું મહત્ત્વ દર્શાવે છે (૬૪). આમ છતાં નવ પદોમાં એને જે પ્રથમ સ્થાન અપાયું નથી તેનું કારણ એ છે કે એની ઉત્પત્તિ અરિહંતાદિ ઉપર અવલંબે છે (૬૫).

પૃ. ૬૩ માં સમ્યગ્દર્શનની ત્રણ વ્યાખ્યા અપાઈ છે અને તેમાં **તત્ત્વાર્થસૂત્ર**ની વ્યાખ્યાની ભિન્નતા એ ગ્રંથ સર્વ પર્ષદા આગળ કહેવાના ઉદ્દેશથી રચાયો છે તેને આભારી છે એ વાત જણાવાઈ છે (૬૬). સમ્યગ્દર્શન એ સ્વાવલંબી છે અને એ રત્નનો દીવડો છે એ બાબત પૃ. ૬૬ માં સમજાવાઈ છે. એ દીવડાની ઉત્પત્તિ જ્ઞાનમાં છે. આમ સમ્યગ્દર્શનને અંગેની બંને હકીકત અહીં સમજાવાઈ છે.

(૮) **સિરિસિરિવાલકહા** ની ૩૦ મી ગાથા એ આઠમા વ્યાખ્યાનની ઉત્થાનિકારૂપ છે. આ ગાથામાં જ્ઞાનને અંગે બે બાબતનો નિર્દેશ છે. પ્રારંભમાં ચાર અનુયોગનું સંક્ષેપમાં નિરૂપણ છે. **દસવેયાલિય** જેવા નાના આગમમાં પણ દૃષ્ટાન્ત અપાયું છે (૬૯). સામાન્ય કેવલીને અંગે કેટલોક ઊહાપોહ પૃ. ૭૦ માં કરાયો છે. ત્યાર બાદ ધર્મકથાની આવશ્યકતા સમજાવી નવપદની આરાધનાનું ફળ દર્શાવી નવપદની વ્યાપકતા અને શાશ્વતી સ્થિતિ સૂચવાઈ છે (૭૧). નવપદની અઠ્ઠાઈને 'શાશ્વતી' કહેવામાં અતિશયોક્તિ નથી એમ પૃ. ૭૧ માં જણાવાયું છે.

પૃ. ૭૧ માં દ્વાદશાંગીને અર્થથી શાશ્વતી (નિત્ય) અને શબ્દથી અશાશ્વતી (અનિત્ય) કહી છે, પરંતુ પૃ. ૭૨ માં ''નવકારમંત્ર'' ને ઉભય-રૂપે શાશ્વત કહ્યો છે અને એ શબ્દથી નિયમિત-નિત્ય હોવા માટે એ દલીલ કરાઈ છે કે એ એમ ન હોય તો પરભવમાં જાતિસ્મરણાદિનો પ્રસંગ બને જ નહિ.

પૃ. ૭૩ માં नमो मिथ्यात्वक्षयाय એમ પદ કેમ નથી એ પ્રશ્ન તેમજ દર્શનાદિ ચાર પદોને 'ક્ષાયિક' વિશેષણ કેમ નહિ એ પ્રશ્ન રજૂ કરાયા છે. બીજા પ્રશ્નનો ઉત્તર એ અપાયો છે કે 'ક્ષાયિક' પદજોડે તો તે ક્ષાયિક ભાવ ઉત્કૃષ્ટ મળતો નથી અને આ પદની આરાધના બને જ નહિ. આ ઉત્તર સૂચવતાં એ બાબત કહેવાઈ છે કે 'સાચી નિશ્ચયદશા આવ્યા પહેલાં વ્યવહાર-ક્રિયાને ત્યજે તે તો બંને બાજુથી રખડે છે.'

પૃ. ૭૪ માં અનુકંપાથી જેમ સામાયિકાદિ ચાર સમ્યક્ત્વ મેળવી શકાય છે તેમ અકામ નિર્જરાથી પણ મેળવાય છે એ બાબત છે. પદાર્થના જ્ઞાન વિના શ્રદ્ધા કે માન્યતા હોય જ નહિ તો પછી દર્શન કરતાં જ્ઞાન પહેલું કેમ નહિ એ પ્રશ્ન અને ચતુરાઈ કે ચકોરાઈ સાથે માણસાઈ જોઈએ, ઈમાનદારી પૂર્વકનું જ્ઞાન જોઈએ એ ઉત્તર પૃ. ૭૫ માં છે.

પૃ. ૭૭માં જ્ઞાનદાન એટલે જે સાધનોથી જીવાદિ તત્ત્વોનું જ્ઞાન થાય તે પૂરાં પાડવાં તે એમ કહ્યું છે. વળી આ પૃષ્ઠમાં અજ્ઞાન એટલે જ્ઞાનનો અભાવ નહિ પરંતુ સંસારને વધારનારું જ્ઞાન તે જ અજ્ઞાન' એમ સમજાવાયું છે. વિશેષમાં

અહીં 'જીવ'ની વ્યુત્પત્તિ ત્રણ કાળને ઉદ્દેશીને અપાઈ છે અને એમ કરીને અતીત અને અનાગત ભવનું અસ્તિત્વ સ્વીકારવાની વાત રજૂ કરાઈ છે.

૭૭માં પૃષ્ઠમાં તત્ત્વો સાત કે નવ એ પ્રશ્ન ઉપસ્થિત કરી એ સાત માનવાં અને પદાર્થ નવ માનવા એમ સમજાવાયું છે. જ્ઞાન મેળવવાની બે રીતો દર્શાવી અને જ્ઞાન એ ચારિત્રનું કારણ છે એમ કહી આ વ્યાખ્યાન પૂરું કરાયું છે.

(૯) નવમું વ્યાખ્યાન **સિરિસિરિવાલકહા** ની ૩૧ મી ગાથાના વિવરણરૂપ છે. શરૂઆતમાં **દસવેયાલિય** (ગા. ૧)માં ધર્મકથાનુયોગને અપાયેલા સ્થાનનું કારણ દર્શાવાયું છે. ત્યારબાદ દેવાદિને અંગે અવધારણ-નિયમ, જ્ઞાનની જ્ઞાન તરીકે આરાધ્યતા ન હોવાની હકીકત, **આયાર** કોણ વાંચી શકે એનો ઉત્તર અને **पढमं नाणं तओ दया** નું વિસ્તૃત સ્પષ્ટીકરણ રજૂ કરાયાં છે.

છદ્મસ્થમાંથી કેવલી થવામાં એક સમયનો અંતર છે એમ કહી અને ચારિત્રશીલ બનતાં અનંત ભવો જોઈએ એ બાબત સમજાવતાં મરુદેવા માતાનું દૃષ્ટાંત રજૂ કરી તેને વિરલ-અપવાદિક ગણાવી જ્ઞાન અને ચારિત્રમાં ભેદ દર્શાવાયો છે.

છદ્મસ્થનો આત્મા આંખ જેવો કમનસીબ છે અને આત્મારૂપ કાજીની કૂતરી રૂપે કુટુંબકબીલો છે એ બાબતો પૃ. ૮૫ અને ૮૫ માં અનુક્રમે અપાઈ છે.

ઈન્દ્રિયાદિને આધીન રહી કંઈ નહિ કરવાનો નિયમ તે 'ચારિત્ર' એવું ચારિત્રનું લક્ષણ પૃ. ૮૫ માં અપાયું છે.

પાપને અંગે કેટલીક બાબતો વિચારાઈ છે. જેમ કે "પુણ્યે પાપ ઠેલાય" એ દુનિયાનો નિયમ ખરો, પણ જૈન શાસ્ત્રનો નહિ (૮૭). એવી રીતે "કરે તે ભોગવે" એમ ઇતરની પેઠે જૈનો ન બોલે; એઓ તો "વિરમે તે બચે" એમ કહે (૮૭), કેમકે 'પચ્ચક્ખાણ ન કરાય તો પાપ' (૮૮). 'અવિરતિ એ કર્મબંધનું કારણ છે' (૮૮), એ જૈન ધર્મનો નિયમ છે. જૈન શાસન "વાતોનાં વડાં" કરવાવાળું નથી (૯૦). સાધુપણામાં એક આસને બેસવું જોઈએ એ બાબત પૃ. ૮૭ માં છે.

જેમ દર્શનરૂપ રત્નદીપકને મનોભુવનમાં ધારવું જોઈએ અને જ્ઞાનને વિનયથી પ્રાપ્ત કરવું જોઇએ તેમ ચારિત્ર જીવન પર્યંત પાળવું જોઈએ એ વાત

પૃ. ૯૦ માં કહેવાઈ છે. આ પાલન એટલે અશુભનો ત્યાગ, શુભનો આદર અને ગુણનું ધારણ (૯૦) એ ખરું, પણ કર્મના ક્ષય માટે આ હોય તો જ 'ચારિત્ર' ગણાય (૯૧).

ચારિત્રને ઉદ્દેશીને કહ્યું છે કે અશુભ ક્રિયાનો ત્યાગ એ ચારિત્રનું પ્રથમ પગથિયું છે (૮૭).

પચ્ચક્ખાણમાં શુભ ક્રિયાનો આદર કરાયો અને વિરતિમાં અશુભ ક્રિયાનો ત્યાગ સૂચવાયો તો આમ ભેદ કેમ એ પ્રશ્ન પૃ. ૮૯ માં રજૂ કરી એનો ઉત્તર અપાયો છે.

(૧૦) **સિરિસિરિવાલકહા** ની ૩૨મી ગાથાથી દસમા વ્યાખ્યાનના ગણેશ મંડાય છે. પ્રારંભમાં પૃ. ૯૧ માં એ વાત સ્પષ્ટ રીતે રજૂ કરાઈ છે કે જેને કર્મના ક્ષયનું ધ્યેય હોય તે જ સાચો જૈન બની શકે.

'આર્હત' શબ્દ 'જૈન' કરતાં ઓછો વાપરવાનું કારણ (૯૩) અને કર્મમાં જ શત્રુબુદ્ધિ (૯૩) એ બાબત દર્શાવી જૈન ધર્મને માનતાં કે આરાધતાં જગતને વાંધો આવે તે એમાં ચારિત્ર અને તપને અપાયેલ સ્થાનને આભારી છે એમ પૃ. ૯૭ માં કહ્યું છે.

**આરાધના**-પહેલાં સાત પદોની આરાધના એ જંગલની જમીન જીતવા જેવું છે, જ્યારે બાકીનાં બેની આરાધના એટલે જાડા રજપૂતને હઠાવવા જેવું છે (૯૮). પહેલાં સાત પદોમાં મનની મોજ છે (૯૮). મનનું માર્યું શરીર મારે તો જ ચારિત્રમાં સફળતા છે (પૃ. ૯૮). પહેલાં આઠ પદમાં મન કાયાને ખેંચે, પણ નવમામાં કાયા જ મનને ખેંચે; મન વશ કરવા માટે પહેલાં આઠ પદો પણ કાયા વશ કરવા નવમું પદ જરૂરી છે (૯૮).

તપને આદર્યા સિવાય સંતો-સાક્ષાત્ જ્ઞાનવાળા તીર્થંકરો પણ કર્મનો ક્ષય ન કરી શકે તો પોથાપંડિતો તપ વિના તેમ કરવાની વાત તે બાડાને બે જોઈએ તેવું છે (૯૯-૧૦૦). તપસ્યા ક્ષાયોપશમિક છે કે ઔપશમિક એ પ્રશ્ન પૃ. ૯૯-૧૦૦ માં રજૂ કરી બ્રહ્મચારી અને પાવૈયામાં ભેદ બતાવાયો છે (૯૯-૧૦૦). બુદ્ધે તપસ્યા કેમ ત્યજી દીધી એ બાબતપૃ. ૧૦૦-૧૦૧ માં વિચારાઈ છે.

"ગયા ભવમાં આત્મા ખાઈ જેવો હતો અને મનુષ્ય-ભવમાં તળાવજેવો

હોઈ તપ કરે'' એમ પૃ. ૧૦૧ માં કહ્યું છે. તપ આત્માને લાગેલાં ચતુઃસ્પર્શી કર્મનો ક્ષય કરે. જેમ પંચપરમેષ્ઠીનું ધ્યાન ધરવાનું છે, અને દર્શનનું ધારણ, જ્ઞાનનું શિક્ષણ અને ચારિત્રનું પાલન કરવાનાં છે તેમ તપ આચરવાનું છે (૧૦૨) એમ કહી નવપદની આરાધના કરનારને કલ્યાણની માળા વરશે એમ એનું મનોરમ ફળબતાવી આ વ્યાખ્યાનમાલા પૂર્ણ કરાઈ છે.

આ વ્યાખ્યાનમાલા બોધક તેમજ રોચક છે. અનભિજ્ઞ, અર્ધદગ્ધ, ટીખલી અને વિરોધી એમ જાતજાતના જનો તરફથી જે ઉટાંગ, અટપટા, અવળચંડા કે વિડંબક પ્રશ્નો પૂછાય તે વ્યાખ્યતાએ જાતે જ રજૂ કર્યા છે અને એના ઉડાઉ, અણઉકેલ કે અધુરા ઉત્તરો ન આપતાં વ્યવહારુ દાખલા દલીલો દ્વારા એની વેધક છણાવટ કરી છે.

''પ્રવેશિકા'' સહિત આ સમગ્ર પુસ્તક આ 'ઓળી' ઉપર પ્રસિદ્ધ કરવાની ઉત્કટ ભાવનાને લઈને અને એ છાપવા માટે પૂરતા સમયનો અભાવ હોવાથી ''પ્રવેશિકા'' નો કેટલોક ભાગ લખ્યા બાદ મારે છોડી દેવો પડ્યો છે એટલે એ પરિસ્થિતિમાં ઉપર્યુક્ત પ્રશ્નો અને એના ઉત્તરોનું સાંકળિયું, વ્યવહારુ બાબતોની અને અલ્પ પરિચિત શબ્દોની તારવણી, જૈનોના કેટલાક પારિભાષિક શબ્દોની સમજૂતી, આ વ્યાખ્યાનમાલાનું અન્ય વ્યાખ્યાનમાલાઓ સાથેનું સંતુલન ઈત્યાદિ સામગ્રી આપવાનું મારે માંડી વાળવું પડ્યું છે. કોઈ સમૃદ્ધ સંસ્થા કે ઉદાર ધનિક ''નવપદ'' ને અંગે વિસ્તૃત નિબંધ ગુજરાતી કે અંગ્રેજીમાં કે બંને ભાષામાં લખાવવા અને છપાવવા તૈયાર થશે તો એ કાર્ય કરવાનું અને સિ૦ હે૦ (સૂ૦ ૧) ની સ્વોપજ્ઞ વૃત્તિમાં નિર્દેશેલ ''સિદ્ધચક્ર'' ના આરાધનનો યથેષ્ટ લાભ સૌ કોઈને મળે એમ ઈચ્છતો વિરમું છું.

**અનુલેખ-અર્હચ્છતક** સો શ્લોકની નાનકડી કૃતિ છે. એમાં અરિહંતનું સ્વરૂપ વર્ણવાયું છે. એની રચના આ વર્ષે થયેલી છે. **''પરિશિષ્ટ ૬''** તરીકે અપાયેલી દ્વાત્રિંશિકામાં ૩૩ પદ્યો છે. એની રચના પણ આ વર્ષે થઈ છે. એ **પ્રશમરતિ** અને **સંબંધકારિકા**ની ''ઉત્થાનિકા'' (પૃ. ૫૪) માં મેં સૂચવેલી **તીર્થમાલા**નો એક વિભાગ છે. **પ્રશમરતિ**ના આઠમા પરિશિષ્ટમાં આ

ઉપરાંતના બીજા વિભાગોનાં નામ છે. અનેક તીર્થોને લક્ષીને આ કૃતિ રચાય છે. એ પૂર્ણ થતાં એનં **વિવિધતીર્થકલ્પ** સાથે સંતુલન કરવું ઠીક થઈ પડશે. જેમ **તીર્થમાલા**ના એક અંશરૂપદ્વાત્રિંશિકાનો નવપદ સાથે સંબંધ છે તેમ **જૈન ગીતા**ના પ્રથમનાં નવ અધ્યાયો અરિહંતાદિ નવ પદો પૈકી એકેકને ઉદ્દેશીને છે. એમાં અનુક્રમે ૧૬, ૧૬, ૧૬, ૧૬, ૧૮, ૧૭, ૧૬, ૧૭, અને ૨૪ શ્લોકો છે. સમગ્ર **જૈન ગીતા** ન છપાય તો "નવપદ" ને અંગેની [1]આઠ અમુદ્રિત વ્યાખ્યાનમાલા પૈકી કોઈ પણ છપાય ત્યારે એ પરિશિષ્ટ રૂપે અપાય એ ઈચ્છવાજોગ છે જેથી નવપદને અંગેનો આગમોદ્ધારકનો ફાળો શો છે તે જૈન જનતાને જાણવા મળે. "સિદ્ધચક્ર"માં જેમ નવપદને અંગે લેખો છે તેમ કોઈ કોઈ લેખ "શાસન-સુધાકર"માં પણ છે. **હી. ર. કાપડીયા**

---

૧ એકંદર દસ વ્યાખ્યાનમાલા લિપિબદ્ધ થયેલી છે. તે પૈકી વિ. સં. ૧૯૯૦ ના આસોમાં મહેસાણામાં અપાયેલી વ્યાખ્યાનમાલા **સિદ્ધચક્ર-માહાત્મ્ય** એ નામની છપાવાઈ છે, જ્યારે બીજી અહીં છપાઈ છે. બાકીની આઠ વ્યાખ્યાનમાલા જે વર્ષ અને સ્થલમાં યોજાઈ તે નીચે મુજબ છે :-

(૧) વિ. સં. ૧૯૯૧ ના આસોમાં પાલીતાણા, (૨) ૧૯૯૬ ના આસોમાં પાલીતાણા, (૩) ૧૯૯૯ ના ચૈત્રમાં કપડવંજ, (૪) ૨૦૦૦ ના આસોમાં મુંબઈ, (૫) ૨૦૦૧ ના આસોમાં સુરત (વ્ય. ૫), (૬) ૨૦૦૨ ના ચૈત્રમાં બહુધાન, (૭) ૨૦૦૨ ના આસોમાં સુરત, અને (૮) ૨૦૦૩ ના ચૈત્રમાં સુરત.

# विषयानुक्रम

**विषय** | **पृष्ठ**

## **व्याख्यान १ (पृ. १-१०)**


| | |
|---|---|
| દાન, શીલ, તપ અને ભાવરૂપ ધર્મ | ૧ |
| ક્યા તપથી નિર્જરા થાય ? | ૨ |
| ભાવની સહચારિતાની જરૂર | ૨ |
| શક્તિ પ્રમાણે વર્તનરૂપ ભાવ એ ધર્મનો પાયો | ૩ |
| ધર્મનો પાયો મજબૂત ક્યારે બને ? | ૩ |
| ભાવની ઉત્ત્પત્તિનું બીજ કયું ? | ૩ |
| ક્યા મનને ભાવરૂપ વેલો ઉપજે ? | ૪ |
| દેવ, ગુરુ અને ધર્મની માન્યતા | ૪ |
| તત્ત્વત્રયી લાભદાયી ક્યારે થાય ? | ૫ |
| જૈન દર્શનની વિશિષ્ટતા | ૫ |
| દેવ, ગુરુ અને ધર્મની પરીક્ષાની જરૂર (૧) | ૬ |
| એ તો આભને થીંગડુ દેવા જેવી વાત ! | ૭ |
| 'અરિહંત' પદ 'સિદ્ધ' પદ અને 'સાધુ' પદ. | ૮ |
| ઈતરોની માન્યતા અને આરાધના | ૮ |
| માન્યતા સરખી છતાં ફરક કેમ ? | ૮ |
| ધર્મ થાય છે એમ ક્યારે મનાય ? | ૯ |
| શાશ્વતી અને અશાશ્વતી ઓળીઓ | ૯ |
| જૈનોના ધર્મના તહેવારો | ૯ |

## વ્યાખ્યાન ૨ (પૃ. ૧૧-૨૦)

| | |
|---|---|
| ત્રણ પ્રકારે બોધ પામનારા જીવો | ૧૧ |
| નવપદની આરાધના શા માટે ? | ૧૨ |
| દેવના બે ભેદ-અરિહંત અને સિદ્ધ | ૧૨ |
| અરિહંતનું સ્થાન પ્રથમ કેમ ? | ૧૩ |
| છોડવામાં મોજ એ કલ્પના કોની ? | ૧૪ |
| પાછળના ચાર પદોને અરિહંત પદની અનુવૃત્તિ, | ૧૫ |
| 'અરિહંત' પદનું એવું રટન | ૧૬ |
| સિલોનનો વેપારી (૨) | ૧૭ |
| શ્રી પાલ મહારાજા અને નમો અરિહંતાણં (૩) | ૧૭ |
| આપણું 'નમો અરિહંતાણ'' દહેરાસર કે ઉપાશ્રય પૂરતું | ૧૮ |
| ઈષ્ટ સ્મરણના દૃઢ સંસ્કાર (૪) | ૧૮ |
| જેવી બુદ્ધિએ આરાધના તેવું તેનું ફળ | ૧૯ |
| અરિહંતના ગુણો ક્યા ? | ૧૯ |
| મોક્ષ માર્ગ બતાવનાર પરમેશ્વર | ૨૦ |
| અરિહંતોના આઠ પ્રાતિહાર્યો | ૨૦ |

## વ્યાખ્યાન 3

| | |
|---|---|
| ચરિત્રો કહેવાનું પ્રયોજન શું ? | ૨૨ |
| નવપદની આરાધનાનું ધ્યેય | ૨૩ |
| બે પ્રકારના શ્રોતાઓ | ૨૩ |
| આત્મકલ્યાણનું ધ્યેય | ૨૩ |
| સાચી સ્વતંત્રતા કઈ ? | ૨૪ |

| | |
|---|---|
| ભવ્ય તરીકેની છાપ ક્યારે મળે ? | ૨૫ |
| કાયાની ગુલામગીરી | ૨૫ |
| જૈન ધર્મનો જન્મ શા માટે ? | ૨૬ |
| જૈન ધર્મમાં જ નિરંજન નિરાકારની આરાધના | ૨૬ |
| ખરેખરૂં સિદ્ધપણું ક્યું ? | ૨૭ |
| પ્રભુની મૂર્તિના બે જ પ્રકાર | ૨૮ |
| બધાની સિદ્ધપણાની દશા એકસરખી | ૨૮ |
| આત્મામાં રહેલી અનંત ચતુષ્ટયી | ૩૦ |
| કાળનું જોર સિદ્ધના ગુણોપર નથી | ૩૦ |

**વ્યાખ્યાન ૪**

| | |
|---|---|
| તત્ત્વરસિક અને કથારસિક શ્રોતાઓ | ૩૨ |
| જૈનોના અને ઈતરોના દેવો વચ્ચે ફરક | ૩૩ |
| પ્રભુ મહાવીરની અદ્ભૂત સમતા (૫) | ૩૩ |
| શ્રેષ્ઠ સમ્યક્ત્વની પ્રાપ્તિ બાદ પરાર્થ-ઉદ્યમી તીર્થંકરો | ૩૪ |
| જગતમાં ત્રણ પ્રકારની સત્તા | ૩૫ |
| આચાર્યો એ તીર્થંકરોના પ્રતિનિધિ છે | ૩૬ |
| તીર્થંકરો અર્થ કહે, ગણધરો સૂત્રો રચે | ૩૬ |
| બિલાડીને દૂધ ભળાવવાનું ન હોય (૬) | ૩૭ |
| આચાર્યને રાખવાનાં પાંચ ધ્યેય | ૩૭ |
| તીર્થંકરના સાચા પ્રતિનિધિનું સ્વરૂપ | ૩૮ |
| ગઠડી-સોય (૭) | ૩૮ |
| આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનો ઉપકાર | ૩૮ |

**વ્યાખ્યાન ૫**


| | |
|---|---|
| બે પ્રકારના શ્રોતાઓની પિછાન | ૪૦ |
| નવપદને સિદ્ધચક્ર કેમ કહેવાય છે ? | ૪૦ |
| નવપદની આરાધના એટલે સર્વની આરાધના | ૪૧ |
| જગતમાં આરાધવા લાયક માત્ર ત્રણ ચીજો | ૪૨ |
| ગુરુ-વર્ગ શા માટે ? | ૪૨ |
| તીર્થંકરની વિશિષ્ટતાથી આપણી પીછેહઠ ! | ૪૩ |
| ગુરુતત્ત્વની ઓળખ | ૪૩ |
| 'जिणपण्णत्तं तत्तं' નો જ ઉપદેશ | ૪૪ |
| ગુરુતત્ત્વમાં ત્રણ જુદા વિભાગ કેમ ? | ૪૪ |
| 'ઉપાધ્યાયજી'ની જરૂર શી ? | ૪૫ |
| ક્ષુલ્લક મુનિ અને ઉપાધ્યાયજીની ફરજ (૮) | ૪૫ |
| ઉપાધ્યાયજી કેવા હોય ? | ૪૬ |
| એક શંકા અને તેનું નિરસન | ૪૬ |
| જૈન શાસનના શિક્ષણ-સંચાલક ઉપાધ્યાય | ૪૭ |
| પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં લીન | ૪૭ |


**વ્યાખ્યાન ૬**


| | |
|---|---|
| નવપદની આરાધનાથી શું શું થાય ? | ૪૮ |
| જૈન એટલે સાચો આસ્તિક | ૪૯ |
| સાચા આસ્તિકની માન્યતા | ૫૦ |
| અરિહંતો અને સિદ્ધો જ સુદેવ | ૫૦ |
| તીર્થંકરોને ન માનીએ તેમાં શું ? | ૫૧ |

શેઠને માને પણ તેની સહી ન માને તે કેવા ગણાય ? ૫૧
૧૯૧૮ ના યુદ્ધમાં જર્મનીએ સુલેહ કેમ કરી ? ૫૨
શું મગ ને મોતી બંને સરખાં ? ૫૩
સાધુને શા માટે નમીએ ? ૫૩
સાધુની નિઃસ્વાર્થ પ્રતિજ્ઞા ૫૪
ધર્મકાર્યમાં મદદગારરૂપ સાધુ વર્ગ ૫૪
પંચપરમેષ્ઠીમાં સાધુને કેમ દાખલ કર્યા ? ૫૫
'सव्वसाहूणं' પદ કેમ ? ૫૬
પાંચમાં પદમાં ક્યા સાધુ આવે ? ૫૬
સાધુની વિશિષ્ટ ઓળખાણ ૫૬
નાટકીઓ કે ચોર સાધુ ન કહેવાય ૫૭
શાસ્ત્રકારનું સાધુનું લક્ષણ ૫૭

**વ્યાખ્યાન ૭**

નવપદનો મહિમા જણાવવાની જરૂર ૫૮
ભવસ્થ કેવલીને દેવ તરીકે કેમ ન લીધા ? ૫૯
અરિહંતના પ્રતાપે સિદ્ધપદની પ્રાપ્તિ ૫૯
ગુરુતત્ત્વ માનવાની જરૂરનું કારણ ૬૦
નવકારમંત્રમાં નવપદ કેમ નહિ ? ૬૦
ગુણપ્રાપ્તિના ધ્યેયથી ગુણીની આરાધના ૬૧
નવકારમાં પણ સમ્યગ્દર્શનાદિની આરાધનાની પ્રેરણા ૬૧
દહીં મંગાવનાર શેઠ (૯) ૬૧
સર્વ પાપનો નાશ કરનાર કોણ ? ૬૨

પરંપર ફળ અને અનંતર ફળ ૬૨
આરાધના કરે તેનો જ ઉદ્ધાર ૬૩
ખરો નમસ્કાર કયો ? ૬૪
પરંપર ફળ ક્યારે મેળવી શકાય ? ૬૪
જૈન શાસનમાં ઈમાનદારનું પ્રથમ સ્થાન ૬૪
મિથ્યાદર્શનને માનવા કોઇ તૈયાર નથી ૬૫
સમ્યગ્દર્શન એ શી ચીજ ? ૬૫
સમ્યગ્દર્શન વિવિધ વ્યાખ્યા ૬૬
ત્રણ પ્રકારે સમ્યક્ત્વ (૧૦) ૬૬
સમ્યગ્દર્શનરૂપ દીપક સ્વાવલંબી છે. ૬૭


**વ્યાખ્યાન ૮**


રસપ્રધાન અને તત્ત્વપ્રધાન શ્રોતાઓ ૬૮
ચાર પ્રકારની વ્યાખ્યા ૬૮
સમર્થ વિશેષણ વિશેષ્યને જણાવી જ દે. ૬૯
દેવો કોને નમસ્કાર કરે છે ? ૬૯
ધર્મકથાની જરૂરિયાત ૭૦
નવપદની આરાધનાનું સામર્થ્ય ૭૦
નવપદમાં આખા શાસનનો સમાવેશ ૭૧
દ્વાદશાંગી અર્થથી શાશ્વતી પણ શબ્દથી નહિ ૭૧
નવકારમંત્ર અર્થથી તેમ શબ્દથી પણ શાશ્વતો છે. ૭૨
આરાધનામાં આવ્યા ક્યારે ગણાય ? ૭૩
સાચા અધ્યાત્મિકની સ્થિતિ કેવી હોય ? ૭૩

| | |
|---|---|
| સમકિત ક્યારે થાય ? | ૭૪ |
| દિલ્હી દરવાજો એટલે શું ? | ૭૪ |
| દર્શન પ્રથમ અને જ્ઞાન પછી કેમ ? | ૭૫ |
| જ્ઞાન-દાન કોને કહેવાય ? | ૭૬ |
| અજ્ઞાન કોને કહેવાય ? | ૭૬ |
| જીવાજીવાદિ તત્ત્વો સાત કે નવ ? | ૭૭ |
| જ્ઞાન શીખવાના બે પ્રકાર | ૭૭ |
| જ્ઞાન વિનય અને બિલાડીના દૃષ્ટાન્તે | ૭૮ |

**વ્યાખ્યાન ૯**


| | |
|---|---|
| ઋદ્ધિસિદ્ધિ એ માત્ર આનુષાંગિક ફળ | ૭૯ |
| નવપદની આરાધનાનું ખરૂં ફળ શું ? | ૮૦ |
| નવપદમાં છ છ માસે જૈનપણાની પરીક્ષા | ૮૦ |
| અવધારણ નિયમ | ૮૧ |
| દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ | ૮૧ |
| જૈન શાસનના જ્ઞાનની વિશિષ્ટતા | ૮૧ |
| આચારાંગ કોણ વાંચી શકે ? | ૮૨ |
| 'पढमं नाणं तओ दया' એટલે શું ? | ૮૨ |
| જયણા માટે જ્ઞાનની જરૂર છે. | ૮૩ |
| જૈન જ્ઞાનને શા માટે માને છે ? | ૮૩ |
| જ્ઞાન અને ચારિત્ર વચ્ચે ભેદ | ૮૪ |
| મરૂદેવા માતાનું વિરલ દૃષ્ટાંત | ૮૪ |
| અનંતાં દ્રવ્ય-ચારિત્રો વિના ભાવ-ચારિત્ર આવે નહિ | ૮૫ |

આત્માનો હિસાબ રાખો છો કે ? ૮૫
આત્માના માટે ચાર પાનાની ચોપડીની જરૂર. ૮૬
ચારિત્ર એ શી ચીજ ? ૮૬
અશુભ ક્રિયાના ત્યાગની પ્રથમ જરૂર. ૮૬
પચ્ચક્ખાણ કરે તે જ બચે ૮૭
યાવજ્જીવનાં પચ્ચક્ખાણ. ૮૮
શેઠ ને આરબ (૧૧) ૮૮
જૈન શાસનમાં વિરતિની જડ શી ? ૮૮
વાસ્તવિક ચારિત્રનું સ્વરૂપ ૮૯
ચારિત્રનાં બે સ્વરૂપ ૮૯
ચારિત્ર યાવજ્જીવ પાળવાની ચીજ ૯૦
કર્મના ક્ષય માટે કરવામાં આવે તે ચારિત્ર ૯૦
બાંધેલાં કર્મની નિર્જરા માટે તપ ૯૧

**વ્યાખ્યાન ૧૦**

સાચો જૈન કોણ ? ૯૨
જૈન ધર્મ કે દર્શનનો મુદ્દો ૯૨
છોકરા કરતાં પણ નફ્ફટ ૯૩
જા બિલ્લી કુત્તેકુ માર ૯૪
કર્મ ચૂરવાનું સાધન સિદ્ધચક્ર ૯૫
સિદ્ધચક્રરત્નનો પ્રભાવ ૯૫
સિદ્ધચક્ર દ્વારા જગતના જીવોનું કલ્યાણ ૯૫
જૈનો માટે છ છ માસે પ્રાવેશિક પરીક્ષા ૯૬

| | |
|---|---|
| નવપદની બે અઠ્ઠાઈઓ શાશ્વતી છે | ૯૬ |
| જૈન ધર્મમાં ચારિત્ર અને તપસ્યા | ૯૭ |
| માન્યતા થયા પછી વર્તન માટે સંખ્યાતી ચોકી | ૯૭ |
| સર્વથા ત્યાગ ક્યારે થાય ? (૧૨) | ૯૮ |
| તપ-પદની વિશિષ્ટતા | ૯૮ |
| કર્મક્ષય માટે તીર્થંકરોને પણ તપની જરૂર | ૯૯ |
| રોગો કર્મના ઉદયથી, તપસ્યા કર્મક્ષય માટે | ૯૯ |
| બુદ્ધે તપસ્યા કેમ તજી દીધી ? | ૧૦૦ |
| પાપના ક્ષય માટે તપસ્યાની જરૂર | ૧૦૦ |
| સૂર્ય-સાથે તપસ્યાની તુલના | ૧૦૧ |
| તપસ્યાથી સજ્જડમાં સજ્જડ કર્મોનો ક્ષય | ૧૦૧ |
| નવપદની આરાધના કરી કલ્યાણની માળા વરો | ૧૦૨ |



णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स

# નવપદ-માહાત્મ્ય

## વ્યાખ્યાન ૧ : ભૂમિકા

**अरिहंसिद्धायरिया उज्झाया साहुणो अ सम्मतं ।**
**नाणं चरणं च तवो इय पयनवगं मुणेयव्वं ॥**
**( सिरिसिरिवालकहा - गा० २३ ॥ )**

**દાન શીલ, તપ અને ભાવરૂપ ધર્મ** - શ્રીમાન્ **રત્નશેખર-સૂરીશ્વરજી** મહારાજ ભવ્યોના ઉપકારને માટે **શ્રીપાલ** ચરિત્રમાં 'નવપદ'નો મહિમા જણાવતાં આગળ જણાવી ગયા કે જૈન શાસનમાં દાન, શીલ, તપ અને ભાવ એ ચારને ધર્મ તરીકે જણાવ્યાં છે તેમાં દરેકની સાથે એક ચીજ ભળેલી છે કે જેનાથી ધર્મનો પાયો રચી શકાય છે. તે એવી ચીજ છે કે જે ચાહે બીજાની સાથે હો અગર સ્વતંત્ર હો તો પણ તે ધર્મનો પાયો રચી શકે. એ ચીજ કઈ? ઉપર ચોથો જે ભાવ જણાવ્યો છે તે. દાનનું ધર્મપણું ક્યારે? ભાવથી સહચરિત હોય ત્યારે. તેમ શીલ, તપમાં પણ ભાવની સહચારિતા હોવી જોઈએ. આપણા ઘરમાં કોઈ પણ દાન આપે તે સર્વ કડછી દ્વારા આપે છે. આથી તમારા કરતાં કડછીને વધારે ધર્મ ખરો ને? કહો કે તેને દાન શું, તેનાથી શો ફાયદો એ વગેરે કંઈ પણ જાતની ગમ તેને નથી. દાન એટલે દેવું એ અર્થથી તો તેણે પણ આપ્યું પણ તેને કોઈ જાતનો વિચાર નથી. તે જડ છે એટલે પુણ્યનો લેશ કે નિર્જરાનો છાંટો તેને આવતો નથી, આથી પરિણતિ હોય તો જ ધર્મનો પાયો રચી શકે. તમે બે

વખત દો, બેવડાવો, અરે બીજાને વહોરાવવા માટે કહો ત્યાં દાનની પરિણતિ આવી છે.

હવે શીલને અંગે કહીએ તો એકેન્દ્રિયથી ચતુરિન્દ્રિય સુધીના જીવોને તેને અંગે અતિચારે ન લાગે કારણ તે ભોગવટો કરતો નથી. પણ તેને નિર્જરા થતી નથી, કારણ કે તેને એ સંબંધી વિચાર જ નથી.

**કયા તપથી નિર્જરા થાય?** - તપ અંગે વિચારીએ તો ૩૩ હજાર વર્ષે સર્વાર્થસિદ્ધના દેવતાઓ આહાર કરે, તમારા આ શાસનમાં છ માસથી અધિક તપસ્યા નથી. તો જબરા કોણ? કહો કે **તીર્થંકર** કરતાં તે દેવો વધી જાય. **ઋષભદેવજી**એ એકવખત વર્ષીતપ કર્યો. આ તો નિયમિત ૩૩ હજાર વર્ષે આહાર લે અને તેથી કેટલી નિર્જરા થાય? કેટલો તપ ગણાય? અને તેથી તેઓને જલ્દી કર્મક્ષય થવો જોઈએ ને? વાત ખરી, પણ આગળ ભાવનાની વાત કરી છે. તળાવની પાળ બંધ કરી નહિ અને આખી ને આખી નહેર ખુલ્લી હોય પછી તે તળાવમાંથી વાટકી વાટકીએ પાણી ઉલેચે તો તે ખાલી શી રીતે બને? તેવી જ રીતે સર્વાર્થસિદ્ધના દેવો કે બીજા પણ તેત્રીસ, બત્રીસ કે એકવીસ હજાર વર્ષે આહાર લેવાવાળા હોય પણ તેઓ સંવર કરવાવાળા નથી. તેમને સંવર મુદલ નથી. તેમને કર્મક્ષયના મુદ્દાથી આહારનું રોકાણ નથી. આહારનું રોકાણ તો ભવસ્વભાવથી છે. જેમ જાનવર ચોવીસ કલાકે એક વખત જ પાણી પીએ તો તે તપની બુદ્ધિએ નહિ પણ ભવસ્વભાવે જ કરે છે. ઘોડીઓ, ઘોડા, બળદ, ગાય કે ભેંસ વગેરે સર્વ જાનવરો એક જ વખત દિનમાં પાણી પીએ તો તે સર્વે ચોવીસ કલાકના અનશનનો લાભ પામતા નથી, કારણ કે ભવસ્વભાવે તેઓ તે પ્રમાણે પાણી લે છે. તેમ દેવો ભવસ્વભાવે આહારનું રોકાણ કરે છે પણ કર્મક્ષયના નિમિત્તે તેમના આહારનું રોકાણ નથી તેથી તેમને નિર્જરા પણ થતી નથી.

**ભાવની સહચારિતાની જરૂર** - હવે મનુષ્યનો સ્વાભાવિક આહાર બે વખતનો છે. જેણે આજે એક વખત આહાર છોડ્યો, આવતી

કાલે બે વખત અને તે પછી એકવખત એટલે ચતુર્થભક્ત. ચતુર્થભક્ત, ષષ્ઠભક્ત અને અષ્ટમભક્ત. અહીં ચતુર્થનો અર્થ ચાર, ષષ્ઠનો અર્થ છ નથી કર્યો પણ 'चतुर्थभक्तपर्यन्तं भक्तं त्यज्यते' એટલે ચોથા ભક્ત સુધીનું ભોજન ત્યાગ કરાય તે ચતુર્થભક્ત- ઉપવાસ. અહીં મનુષ્યનો સ્વાભાવિક આહાર બે વખતનો છે માટે આવી રીતની ગણતરી કરાય છે. હવે જેઓ કર્મક્ષય માટે જ આહારને રોકે ત્યારે તે તપસ્યા કર્મની નિર્જરા કરે અને કર્મનો ક્ષય કરી શકે. આહાર-વિગઈના ત્યાગ માટે પરિણતિની ભાવના થઈ ત્યારે જ કર્મનો ક્ષય થાય. તેમ દાન,શીલ, તપ એ દરેકમાં ભાવ સહચરિત જોઈએ.

**શકિત પ્રમાણે વર્તનરૂપ ભાવ એ ધર્મનો પાયો** - તે જ પ્રમાણે ભાવ પણ પોતાની શક્તિ પ્રમાણે દાન, શીલ અને તપ કરે તો જ તે ભાવ-ધર્મનો પાયો બની શકે. શક્તિ છે, પાત્ર છે છતાં લાભ ન લે તો તે ભાવ ન કહેવાય. શક્તિ પ્રમાણે દાન તો કરવું જોઈએ. શક્તિ હોવા છતાં દાન ન કરે અને ભાવ બતાવે તે ભાવના લુખી સમજવી, આથી ભાવની જોડે દાન, શીલ, તપની પણ જરૂર છે. આ ઉપરથી સમજાશે કે એકલું દાન, શીલ કે તપ ભાવરૂપ બનતું નથી પણ એ બંનેની સહચારિતા જોઈએ.

**ધર્મનો પાયો મજબૂત ક્યારે બને?** - હવે શક્તિના અભાવે દાન ન દેનારો તે લાભની શ્રેણિને મેળવનારો થઇ શકે. શક્તિ પ્રમાણે દાનાદિક થાય તો ભાવની સાથે તે પાયો મજબૂત બને. શક્તિ અને સંયોગ છતાં ભાવ ન થાય તો તે ધર્મનો પાયો ન બને. શક્તિના અભાવે, સંયોગના અભાવે કે વિચિત્રતાએ દાનાદિ ન કરી શકે તો પણ ભાવથી ધર્મનો પાયો બની શકે.

**ભાવની ઉત્પત્તિનું બીજ કયું?** - હવે તે ભાવની ઉત્પત્તિનું બીજ કયું? આ જીવ અનંતી વખત સંજ્ઞીપણું, મનુષ્યપણું પામ્યો. તે અંગે શાસ્ત્રકારોએ જણાવ્યું કે આ જગતમાં કોઈ એવો જીવ નથી કે જે આપણી સાથે ભાઇ-બેન, માતાપિતા, મિત્રશત્રુ આદિના સંબંધપણામાં ન આવ્યો

હોય. અર્થાત્ સર્વ જીવોની સાથે સંબંધો આ જીવ અનંતીવાર મેળવી ચૂક્યો છે. હવે આટલા સંબંધો મેળવ્યા તે વખતે જીવ સંજ્ઞી થયેલો ને? અને તેથી મનવાળો ખરો ને? આ સંબંધો મનુષ્યપણા વિના મળી ન શકે તેથી અનંતી વખત મનુષ્યપણું અને મન પામવા છતાં ભાવમાં કેમ ગયો નહિ? કારણ કે ભાવનો બાપ મન છે. મન વંશવેલા વગરનું થયું, કારણ કે તે અનંતી વખત મળવા છતાં ભાવરૂપ વેલો ન પ્રગટયો.

**કયા મનને ભાવરૂપ વેલો ઉપજે?** - હવે કયા મનને ભાવરૂપ વેલો ઉપજે? જે મન દેવ, ગુરુ અને ધર્મના આલંબનમાં ન આવે તેને ભાવનાના વંશનો વેલો ન આવે. આ ત્રણ તત્ત્વોના સંબંધમાં આવ્યા વિના મનમાં ભાવનો અંકુર ઉદ્ભવતો નથી. આથી અનંતીવાર મન મળવા છતાં તે નકામું ગયું, કારણ કે તેમાં દેવ, ગુરૂ કે ધર્મનો સંબંધ મનને મળ્યો નથી. ભાવનાની શ્રેણિ જાણવાનું સ્થાન આ તત્ત્વત્રયી છે તેથી તે મળી નથી અને તેથી મન દ્વારા ભાવનાની શ્રેણિ પ્રગટ ન થઇ. શાસ્ત્રકારો કહે છે કે તે ત્રણ તો ઘણાને મળ્યાં છે.

**દેવ, ગુરુ અને ધર્મની માન્યતા** - જેઓ આર્ય ક્ષેત્રમાં દેશમાં જન્મ્યા, જેઓ આસ્તિક તરીકે પોતાને કહેવડાવે તેઓ પોતાના મનને દેવ, ગુરૂ અને ધર્મ સાથે જોડવાવાળા હોય છે. સર્વ મતવાળા પરમેશ્વરને, ગુરૂને કે ધર્મને માનવાવાળા હોય છે. એક પણ મત ભગવાનની કે પરમેશ્વરની માન્યતા વિનાનો નથી તેમજ કોઈપણ દર્શનકાર કે મત ગુરુની માન્યતા વિનાનો નથી. પછી ભલે તે ગુરુ ફકીર, પાદરી, જોગી કે બાવા હોય પણ તેને માનવાવાળા તો છે જ. જગતનાં સર્વ દર્શનો અને મતો દેવની સાથે મનને લગાડનારા તેમજ ગુરુની સાથે મનને લગાડનારા છે એટલું જ નહિ પણ ધર્મની સાથે કોઈનું ચિત્ત અરુચિકર નથી. સર્વ મતો ધર્મને આદરવા લાયક માને છે. તેને નકામો ગણવા કોઇ તૈયાર નથી. સર્વ આસ્તિકો ધર્મને માનવા અને આદરવા તૈયાર છે પણ કોઈ મતવાળો દેવ, ગુરુ અને ધર્મને નકામો ગણવા કે ન માનવા તૈયાર નથી. કહો એવો કયો મત છે કે જે આ

તત્ત્વત્રયીને ન માનતો હોય ? અર્થાત્ સર્વ કોઇ તત્ત્વત્રયીને માનવા તૈયાર છે.

**તત્ત્વત્રયી લાભદાયી ક્યારે થાય?** - હવે આ દેવ, ગુરૂ અને ધર્મ એ રૂપ તત્ત્વત્રયી થઇ. તે થવા છતાં એ તો ચોક્કસ છે કે કોઇ પણ ચીજ સુખ દેનારી માનીએ પણ જો તે દુઃખ દેનારી હોય તો સુખ તો ન જ આપે. જેમકે ખસ, તેને ખણવાથી ક્ષણિક સુખ ઉપજે પરંતુ પછી દુઃખ થાય. હવે જે સુખકારી નથી તેને સુખકારી માની લઇએ તેટલા માત્રથી સુખ નથી. પરિણામ કે ભાવ તો એમ છે ને? એટલા માત્રથી સુખ ન મળે. દવા કરવાના પરિણામથી કંઇ જીવને આરામ મળતો નથી. સ્પષ્ટપણે મન આરોગ્ય માટે દવા લે છતાં મનનું ધાર્યુ થતું હોય તો દેવ, ગુરૂ અને ધર્મ પણ મનના માનેલા બની જાય અને ઔષધ પણ મનનું ધાર્યું મળી જાયતો બીજું જોઈએ શું ? પણ આપણે જગતમાં દેખીએ છીએ કે આરોગ્યનાં કારણોએ આરોગ્ય ઉદ્ભવે. તેમ દેવ ધારી લઈએ તેટલા માત્રથી દેવની આરાધનાનો ફાયદો ન મળે. તેમ ગુરુ અને ધર્મમાં ધારવા માત્રથી આરાધનાનો ફાયદો ન મળે, પણ સંપત્તિ આવવાનો રસ્તો હોવો જોઈએ અને તે માટે પ્રયત્ન કરવો જોઇએ. તેમ અહીં સાચા દેવ, ગુરુ અને ધર્મ હોવા જોઇએ અને સાચા દેવ, ગુરુ અને ધર્મ તરીકે તેમની આરાધના કરાય તો ફળ મળે. આથી તમે જગતના આસ્તિકોથી એક પગથિયું આગળ વધ્યા.

**જૈન દર્શનની વિશિષ્ટતા** - પરીક્ષા કરનાર હંમેશા મોટા હોય. એકડો પણ ન શીખ્યો હોય તે એલ.એલ.બી.ની પરીક્ષા લેવા જાય તો ગાંડો ગણાય, તેમ અહીં પરમેશ્વરની પરીક્ષા કરવાની તાકાત આપણામાં ન જ હોય. આથી છે તે જ માનવા અને તેમની જ આરાધના કરવી. તેમ ગુરુ પણ જે મનાય છે તે થાય છે. તેની પરીક્ષા કરવાની હોય નહીં. આમ કહી ઇતરોએ તર્ત્વત્રયીની પરીક્ષાને પડદા દીધા છે, એટલે એમને પરીક્ષામાં ઉતરવાનું નહીં. એમ આંધળે બહેરું કૂટાવવાનું ઇતરોને પાલવે છે પણ જૈન

મતવાળાને તે પાલવતું નથી. એટલે વગર પરીક્ષાએ દેવ, ગુરુ અને ધર્મને માનવાનું જૈન દર્શનને પાલવતું નથી. જૈન દર્શનમાં તો દેવ માનો તે પણ તેના લક્ષણની પરીક્ષા કરીને જ માનવાના. ગુરુને પણ તેના લક્ષણની પરીક્ષા કરીને માનવાના, તેમ ધર્મને માનો તે પણ તેનાં લક્ષણોની પરીક્ષા કરીને માનવાનો, એ સ્થિતિ છે. હવે જે એકડો ન જાણે તે એલ.એલ.બી.ની પરીક્ષા લે ખરો? નાતનો આગેવાન સ્થાપવો હોય તો તેની પરીક્ષા કરવાની ને? પ્રજાના આગેવાનની પણ પરીક્ષા કરાય પછી જ તેની સ્થાપના થાય.

**દેવ, ગુરુ અને ધર્મની પરીક્ષાની જરૂર** - અરે, આપણે વકીલાત્‌ની પરીક્ષામાં પાસ થયા ન હોઈએ તો પણ કેસ માટે કયો વકીલ સારો એમ શા માટે તપાસીએ છીએ? અહીં શું વકીલથી કે બેરિસ્ટરથી તમે મોટા છો? કહો કે આપણે કાયદા નહીં ભણેલા હોવા છતાં આપણને કાયદામાં બાહોશ એવી જ વ્યક્તિ જોઇએ અને એની તપાસ કરવી જોઇએ. તેમ દેવ, ગુરુ અને ધર્મને આપણે માનીએ છીએ તે આપણા આત્માના ઉદ્ધાર માટે અને તેટલા ખાતર એમની પરીક્ષા કરવી જોઇએ. હવે કેસ જીતવા માટે રોકેલા વકીલની ગફલતથી હજાર, બે હજાર રૂપિયા જાય પણ જે દેવ, ગુરુ અને ધર્મને આપણે આપણો આત્મા સોંપીએ તેમાં જો આપણે ફેઇલ થઇએ તો આત્માના ઉદ્ધારની વાત ક્યાં રહે? કહો કે અહીં તો આત્માની સર્વ પૂંજી ખોઇ બેસવાનું થાય ને? અહીં જેમ આડંબરવાળા વકીલને કેસ સોંપાય છે તેનું કારણ એ છે કે જલ્દી કેસનો નિવેડો આવે અને આપણે જીતીએ, તેમ અહીં આત્માના ઉદ્ધાર માટે તત્ત્વત્રયીને માનીએ. પછી તે ટકી શકે છે કે કેમ તે તો તપાસવું જ જોઇએ અને તપાસમાં પાર ઊતરે તે જ દેવ, ગુરુ અને ધર્મને માની શકાય. નામ માત્રથી કોઇ વકીલને રોકતું નથી પણ કેસ જીતવા માટે તેને રોકે છે. તેમ અહીં તત્ત્વત્રયીને આત્માના ઉદ્ધાર માટે જ મનાય અને તેથી દેવ, ગુરુ અને ધર્મને માનવો હોય તો તેની પરીક્ષા પણ કરવી જોઇએ.

**એ તો આભને થીંગડું દેવા જેવી વાત!** - હવે આભને થીંગડું દેવું એ વાત કરવી ઘણી સહેલી પણ થીંગડું દેવું તે ઘણું મુશ્કેલ છે. દેવની પરીક્ષા માટે તમે કહો છો પણ ભૂતકાળમાં અનંતા **તીર્થંકરો** થયા. વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં થશે, તેમ ગુરુમાં પણ અનંતા થયા, થાય છે અને થશે. તે સર્વની પરીક્ષા કરવી શી રીતે? એટલું જ નહિ પણ ધર્મ એ પરિણામને આધીન છે અને તેના ભેદો અસંખ્યાતા છે. ધર્મના યોગ અસંખ્યાતા છે તો તેની પરીક્ષા કરવી શી રીતે? આ તો તમે ભમાવવાનો વિચાર બતલાવ્યો. જેમ કોઈને તાવ આવ્યો અને વૈદને કહ્યું. વૈદે દવામાં શેષનાગનો મણિ લાવી પાણીમાં નાખીને પીવાનું કહ્યું. આ વાત ઘણી સહેલી અને સુંદર સાથે જરૂરી અને સફળ છે છતાં અશક્ય હોઈ આદરવાલાયક ન બને, તેમ અહીં અતીતના **તીર્થંકરો**નું, વર્તમાન તેમજ ભવિષ્યના **તીર્થંકરો**નું સ્વરૂપ તપાસવું તેમજ ગુરુઓની પરીક્ષા કરવી તેમજ ધર્મના પરિણામ એટલે આત્માના અસંખ્યાતા અધ્યવસાયો તપાસવા તે ઘણી મુશ્કેલીની વાત છે. જેમ સર્પનો મણિ આવતો નથી તેમ અહીં અનંત કાળના દેવ, ગુરુ અને ધર્મના અસંખ્યાતા પરિણામની પરીક્ષા થઈ શકે તેમ નથી. આ બધાને સુદેવાદિ તરીકે માનવાની જરૂર છતાં તે અશક્ય હોઈ માની ન શકીએ. એવી શંકાના જવાબમાં જણાવવાનું કે મહાનુભાવ ! જગતના સોનાની કે હીરાની, જગતના માણેકની દરેક દરેક મન જોઈને પરીક્ષા નથી કરતા પણ તેનાં લક્ષણ દ્વારા તેની પરીક્ષા કરીએ છીએ. સોનાનો કસ જોઈને ભૂત, ભવિષ્યના સોનાની પણ પરીક્ષા કરીએ છીએ. જો કે ભૂત, ભવિષ્યનું સોનું જોયું નથી છતાં પરીક્ષા કરાય છે તે શાથી? તેમ જ હીરા, માણેકમાં સમજવું, કારણ કે તેનું લક્ષણ સર્વગત એક જ રૂપે રહેલું છે. કોઈ કાળે સોનું કાળું હોય જ નહિ. ભૂતમાં જે હતું તે જ ભાવિમાં રહેવાનું છે. આથી લક્ષણ દ્વારા જે પરીક્ષા કરો તે ભૂત અને ભાવિના સોનાને પણ લાગુ કરી તેની પરીક્ષા કરી શકો છો. આવી રીતે હીરા, માણેક કે મોતીની પરીક્ષા લક્ષણ દ્વારા બની શકે. તેમ અહીં સર્વ દેવ,

સર્વ ગુરુ અને સર્વ ધર્મની વ્યક્તિ દ્વારા પરીક્ષા ન કરી શકો પણ લક્ષણ દ્વારા તો પરીક્ષા કરી શકો.

**'અરિહંત' પદ, 'સિદ્ધ' પદ અને 'સાધુ' પદ** - અહીં 'નવપદ' તે લક્ષણ દ્વારા જ સુદેવ, સુગુરુ અને સુધર્મ મેળવી આપે. અરિહંત અને સિદ્ધ એ બેમાંનાં જે કોઈ હોય તે જ સુદેવ કહેવાય. 'અરિહંત' કે 'સિદ્ધ' પદમાં જે જીવ દાખલ ન હોય તેવા જીવને સુદેવ તરીકે માનવા જૈની તૈયાર ન થાય, તેથી ભૂતના કે ભાવિના અરિહંત પણ આવી જાય તે કારણે 'અરિહંત' પદ રાખ્યું. **ઋષભદેવજી** કે **મહાવીરસ્વામી** તે તો વ્યક્તિ છે. પદ રૂપ નથી અને અરિહંત તે પદ-સ્થાનક છે.. તેમાં દાખલ થયેલા અગર સિદ્ધપણામાં દાખલ થયેલાને જ સુદેવ તરીકે માની શકીએ. તેમાં જે દાખલ ન થયો હોય તેને સુદેવ તરીકે ન માનીએ. હવે સુગુરુ તેને જ મનાય કે જે ત્રણ પદમાં દાખલ થયા હોય. આચાર્ય,, ઉપાધ્યાય કે સાધુ-પદમાં- એ ત્રણમાં જે જીવ ન હોય તેને સુગુરુ તરીકે માની શકીએ નહિ. આ પણ વ્યક્તિ નહીં પરંતુ પદ, ફલાણા મહારાજ તે વ્યક્તિ. ફલાણા સાધુ મહારાજ તે વ્યક્તિ. પણ આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ તે પદ રૂપ છે, સ્થાનક રૂપ છે. તે ત્રણ પદમાં જે કોઈ આવે તે સર્વ ગુરુ તરીકે મનાય. સ્વરૂપમાં દાખલ થયા એટલે સર્વમાન્ય. આ ઉપરથી સુગુરુને સુગુરુ તરીકેની પરીક્ષા કરી માનવામાં આવે તો જ આત્માનો ઉદ્ધાર થાય.

**ઈતરોની માન્યતા અને આરાધના** - ઈતરો પોતાના દેવ, ગુરુ કે ધર્મને સારી રીતે માનીને આરાધે છે પણ કુદેવ, કુગુરુ કે કુધર્મ તરીકે ધારતા કે માનતા નથી અને તેઓ એમ કબૂલ પણ ન કરે કે અમે કુદેવને સુદેવ માનીએ છીએ. આથી સર્વ દર્શનકારો પોતપોતાના દેવ, ગુરુ અને ધર્મને સુદેવ તરીકે માને છે. કોઈ પણ કુદેવને માનીને કે જાણીને સુદેવ તરીકે માનતો જ નથી. તેમ ગુરુ અને ધર્મમાં પણ સમજવું.

**માન્યતા સરખી છતાં ફરક કેમ?** - હવે સર્વની માન્યતા સરખી છતાં ફરક શી રીતે? જો તમે 'નવપદ'માં આવો તો ફરક ચોખ્ખો માલમ પડશે. 'અરિહંત' અને 'સિદ્ધ' પદની અવસ્થામાં આવેલો કોઈ પણ હોય તે


સુદેવ તરીકે તેમ 'આચાર્ય', 'ઉપાધ્યાય' કે 'સાધુ' પદની અવસ્થામાં આવેલો કોઇ પણ હોય તે જ સુગુરુ કહી શકાય.

**ધર્મ થાય છે એમ ક્યારે મનાય ?** - હવે ધર્મની વાત લઇએ. દુનિયાના દરેક જીવ પ્રવૃત્તિ સ્વાર્થ પૂરતી જ કરે છે. ધર્મ કરે છે, ધર્મ થયો, થશે કે થાય છે એવો વિચાર ક્યારે સમજાય? સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપને અંગે તમારા વિચારો થતા હોય તો તમારે માનવું કે હું કંઇક ધર્મમાં છું અને તેમાં આગળ વધું તેને મેળવવા પ્રયત્ન કર્યો હોય તો જ ધર્મમાં છું એમ મનાય. કદાચ આત્મા એમ કહે કે હું આ ચાર પદાર્થમાંથી કોઇમાં નથી તો માનવું કે આપણે નીચા છીએ. એ ચારની અનુમોદનમાંથી કોઇમાં પણ આત્મા ગયો તો સુધર્મ માનવામાં આપણો આત્મા ગયેલો છે.

**શાશ્વતી અને અશાશ્વતી ઓળીઓ** - આ ઉપરથી 'નવપદ'ની વાત જણાવી. 'નવપદ'માંથી પ્રથમના બે પદ સિવાયમાં દેવ તરીકે માનવા જાઓ તો સુદેવ તરીકે માનવામાં ભૂલ કરી. તેમ પછીનાં ત્રણ પદ સિવાયના ગુરુને માનવા તૈયાર થાઓ તો સુગુરુ તરીકે માનવાની ભૂલ કરી. ચૈત્રી અને આસો માસની ઓળી શાશ્વતી કહી અને બાકીની અશાશ્વતી કહી. બાવીસ **તીર્થંકર**ના વખતમાં સંવચ્છરી નિયમિત ન હોય તેથી અઠ્ઠાઇ અશાશ્વતી છે. અહીંયાં ઓળીઓવાળી જે અઠ્ઠાઇઓ છે તે શાશ્વતી છે. એટલે દેવ, ગુરુ અને ધર્મ માન્યા સિવાય કોઇ પણ કાળે કોઇ પણ શાસનને ચાલતું નથી. ચોમાસી આદિ બાવીસ **તીર્થંકર**ના વારામાં ન કરે તો પણ ચાલે પણ તત્ત્વત્રયી તો સર્વ કાળે સહુને માનવી પડે. તેમાં પ્રથમના બે દિન દેવ તરીકે આરાધવા માટે, પછીના ત્રણ ગુરુની આરાધના માટે અને છેવટના ચાર ધર્મને આરાધવા માટે નિયમિત થયેલા છે.

**જૈનોના ધર્મના તહેવારો** - હવે ઇતરોમાં ધર્મના તહેવારો તે સુદેવાદિ કે સુગુરુના આલંબનમાં જતા નથી. સુદેવ, સુગુરુ અને સુધર્મના

આલંબનને, નિયમિત કરનાર કોઈ પણ ધર્મનો તહેવાર હોય તો તે જૈન ધર્મનો જ છે. કોઈ પણ જૈન તહેવાર આત્માનું શ્રેય કરનાર સિવાયનો છે જ નહિ. જૈનપર્વો, તહેવારો તે ત્રણને માટે જ છે અને આરાધના પણ તે ત્રણને માટે જ છે. કોઈ દેવને અંગે, કોઈ ગુરુને અંગે, જેમ દિવાળી ભગવાન્ **મહાવીરને** અંગે, જ્ઞાનપંચમી જ્ઞાનને અંગે, એવી રીતે એકેક વસ્તુને આરાધવા લાયક તિથિઓ નિયમિત હોય છે. આ ‘નવપદ’માં દેવના બે વિભાગ, ગુરુના ત્રણ વિભાગ અને ધર્મના ચાર વિભાગ છે. આ સિવાય પેટા વિભાગ છે જ નહિ. દેવ, ગુરુ અને ધર્મના કુલ મળી નવ ભેદ હોઈ તે ઓળીના નવ દિવસોમાં તેની આરાધના કેવી રીતે કરવી અને તે કેવાં મહિમાવાળું છે તે અગ્રે જણાવાશે.



## વ્યાખ્યાન ૨ : 'અરિહંત' પદ

**तत्थऽरिहंतेऽट्ठारसदोसविमुक्के विसुद्धनाणमए ।**
**पयडियतत्ते नयसुरराए झाएह निच्चंपि ॥**
**( सिरिसिरिवालकहा - गा० २४॥ )**

**ત્રણ પ્રકારે બોધ પામનારા જીવો** - શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **રત્નશેખરસૂરિજી** મહારાજ **શ્રીપાલ** ચરિત્રની રચના કરતા થકા આગળ જણાવી ગયા કે આ સંસારમાં બોધ પામનારા જીવો ત્રણ પ્રકારના છે. કેટલાકો પ્રભુના શાસ્ત્રને સમજીને બોધ પામે. તેઓને હેતુ - યુક્તિની જરૂર રહેતી નથી. તેઓ જ્ઞાની પુરુષનાં વચન ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખે છે અને તેમને કોઈ જાતનો સ્વાર્થ નથી. આટલા માટે તે જ્ઞાનીઓ આપણને સન્માર્ગનો ઉપદેશ કરે છે તેથી તેમનું કહેવું માનવું જોઈએ એવું માનનારા **પ્રભુસંમિત** કહેવાય. સર્વ જીવો એકસરખી ધારણાવાળા હોતા નથી. હવે જેઓ આજ્ઞા પ્રધાન કરી માર્ગને ન અનુસરતા હોય તેવાઓને માટે બીજો માર્ગ **મિત્રસંમિત** છે. ભાઈબંધે મિત્રને હેતુ - યુક્તિથી વાતને સમજાવવી પડે. તે પછીથી તેની પાસે સત્કાર્ય કરાવાય અને નિષેધને લાયક પદાર્થનો ત્યાગ કરાવાય. આવી રીતે બે પ્રકારના જીવો જણાવ્યા છતાં સર્વનો તેમાં સમાવેશ થાય કે કેમ? હવે તે સિવાયના જે જીવો નિર્બુદ્ધિવાળા બચ્ચાઓ તે હેતુ - યુક્તિથી કે આજ્ઞાથી ન સમજે પણ તેઓ કથાના રસથી સમજે. સ્ત્રી જેમ ભરથારને વશ કરે છે તે કેવળ સ્નેહનાં વાકયો વડે તેમ કરે છે. તેમ બચ્ચાઓ વશ કરવા માટે દૃષ્ટાન્તની જ જરૂર છે. છાંડવા લાયક

પદાર્થને છાંડવા લાયક રીતે ગણાવાય અને આદરવા લાયક પદાર્થને આદરવા લાયક બતાવાય તે **કાંતાસંમિત** કહેવાય. આમાં સૌથી ઓછો વર્ગ તે આજ્ઞાવાળો, બીજો હેતુ યુક્તિવાળો અને સૌથી વધારે વર્ગ તે દષ્ટાન્તને માનવાવાળો છે.

**નવપદની આરાધના શા માટે ?** - હવે અહીં 'નવપદ'ની વાતમાં તત્વત્રયી છે. દેવ, ગુરુ અને ધર્મ સર્વ દર્શનોમાં માનવામાં આવે છે. દેવ, ગુરુ અને ધર્મને માનવા શા માટે? અને તેનાથી તે કાર્ય થાય છે કે કેમ? આ બાબત આપણે વિચારીએ. દરેક આસ્તિક મતવાળાને કબૂલ કરવું પડશે કે દેવ, ગુરુ અને ધર્મને માનવા તે આત્મકલ્યાણને માટે જ છે. તે વિના વિશિષ્ટ કોઇ બીજા તત્ત્વ નથી. દુનિયાદારીથી પદાર્થ મળે તેમાં લાભ-નુકસાન આદિ થયા કરે છે પણ આત્માનું કાર્ય દુનિયાદારીથી બનતું નથી, માટે તે કાર્ય દેવ, ગુરુ અને ધર્મથી બને તેટલા માટે જ 'નવપદ'ની આરાધના છે.

**દેવના બે ભેદ- અરિહંત અને સિદ્ધ** - હવે દેવની અંદર બે ભેદ છે. એક અરિહંત અને બીજો સિદ્ધ. અરિહંત મહારાજ માનવાનું કારણ શું? નિરંજન, નિરાકાર, જયોતિ સ્વરૂપ સિદ્ધને માનીએ, 'धर्माधर्मों विना नाङ्गं' એટલે ધર્મ, અધર્મ આદિ જેને નથી તેવા. જેને અંગ ન હોય. શરીર ન હોય એટલે મુખ પણ ન હોય તો પછી બોલવાનું કે શાસ્ત્રનું કથન કયાંથી બની શકે? 'અરિહંત'ને દેવના ભેદમાં ન લઇએ અને 'સિદ્ધ'ને જ માનીએ તો શાસ્ત્ર કલ્પિત જ કહેવાય, કારણ કે નિરંજન, નિરાકાર માનવાથી શરીર, મુખ, કથન, શાસ્ત્રાદિની પ્રવૃત્તિ જ ન સંભવે. હવે સર્વજ્ઞપણા વિના સર્વ પદાર્થોનું જ્ઞાન અને તેનું સ્વરૂપ આદિ જણાય જ નહિ. 'અરિહંત'ને દેવ માનવામાં ન આવે અને 'સિદ્ધ'ને માનીએ તો ઉપદેશ કે ધર્મ રહે જ નહિ. આથી દેવના બે ભેદ એક શરીરધારી તે 'અરિહંત દેવ', નિરંજન, નિરાકાર તે 'સિદ્ધ' એટલે શરીર વિનાના.

**અરિહંતનું સ્થાન પ્રથમ કેમ?** - હવે બંનેને જુદી રીતે માનો છો તો સિદ્ધ મહારાજા અધિક ગુણવાળા, ઊંચી પાયરીવાળા એમ કહેવું જોઈએ. 'सिद्धिगइ नामधेयं ठाणं ।' સિદ્ધની સ્થિતિને પામનારા - એ સ્થિતિ ઉત્તમ ગણવી જોઈએ. નવકારનાં નવપદમાં 'नमो अरिहंताणं' ની જગો પર 'नमो सिद्धाणं' બોલવું જોઈએ. ન્યૂન ગુણવાળાને પ્રથમ સ્થાન કેમ? 'અરિહંત' ઓછા ગુણવાળા છે. વળી 'સિદ્ધ' અધિક ગુણ કે સંપૂર્ણ ગુણવાળા છતાં પાછળ કેમ? વાત ખરી, પણ જરા સમજો કે 'સિદ્ધ'ની ઉત્પત્તિ અરિહંતથી કે અરિહંતની ઉત્પત્તિ સિદ્ધથી? સિદ્ધ થયેલા કોઈ અરિહંત થવાના નથી, પણ અરિહંતમાંથી સિદ્ધ બનવાના. હવે સિદ્ધે કહેલા માર્ગમાં ચાલવાથી અરિહંત બનવાનું કે અરિહંતનો કહેલો માર્ગ સિદ્ધ બનાવે ! તે વિચારો. અરિહંત મહારાજા જ સિદ્ધ થવાનો માર્ગ બતાવી શકે તેથી અરિહંત મહારાજને પ્રથમ પદે લેવાય છે. હવે તે પ્રથમ પદે હોય તો માર્ગની આરાધના કરીને સિદ્ધપણું મેળવી શકાય. જો અરિહંત ન હોય તો મોક્ષમાર્ગ બતાવનાર, તેનો આદર કે મેળવવું વગેરે બની શકે જ નહી. માટે સિદ્ધ થવાની જડ જો કોઈ હોય તો તે અરિહંત મહારાજા જ છે. સિદ્ધનો માર્ગ, સિદ્ધ થવાનું કે સિદ્ધ પામવાનું ફળ અરિહંત જ છે. અહીં અરિહંત મહારાજા ન્યૂન ગુણવાળા, ચાર ઘાતીનો ક્ષય કરનારા હોવા છતાં તેમના દ્વારા જ મોક્ષની ઉત્પત્તિ -સિદ્ધનું થવાનું તેટલા માટે જ અરિહંત પ્રથમ પદે છે. હવે સિદ્ધ મહારાજા તે કંઈ વ્યવહારની ચીજ નથી. તે નિરંજન, નિરાકાર હોઈ અતીન્દ્રિય વિષયભૂત છે. તેમનો વિષય સ્પર્શ, રસ, ગંધને જોવા આદિથી નથી તો તે સિદ્ધ છે તે માનવું કોના આધારે? કહો કે કેવળ અરિહંત મહારાજની વાણીની પ્રામાણિકતા દ્વારા જ સિદ્ધો મનાય છે. જો અરિહંતની વાણી ન હોય તો સિદ્ધો મનાય જ નહિ. અરિહંતની પ્રમાણિકતાએ સિદ્ધોની પ્રામાણિકતા છે. કસોટીના ચોખ્ખાપણાએ સોનાની ચોખ્ખાઈ માલૂમ પડે છે. કસોટી

વિના એ ન બને. તેમ અહીં અરિહંત વિના સિદ્ધને માનવાનું કોઈ કારણ જ નથી, માટે પ્રથમ પદે 'અરિહંત' રાખ્યા.

**છોડવામાં મોજ એ કલ્પના કોની?** - હવે ચોવીસીમાં જેમ સૌથી પ્રથમ ધર્મની જાહેરાત કે પ્રવૃત્તિ થાય ત્યારે પ્રથમ સ્થિતિ કોની? કહો કે અરિહંતની. જેમકે દાખલા તરીકે **ઋષભદેવજી** થયા તે વખતે દશા શી? ૧૮ કોડાકોડ સાગરોપમનું અંધારું. અસંખ્યાતા પલ્યોપમો બરાબર એક સાગરોપમ તેવા અઢાર કોડાકોડી સાગરોપમ સુધી અંધારું. ત્યાં સુધી કોઈને મોક્ષમાર્ગ જણાય જ નહિ. જેમ ઘરે ગાય હોય તે ચરે, ઘાસ ખાય, દૂધ આપે, આયુષ્ય પૂરું થયે મરણ પામે, તેનું જીવન કેવળ ભારપૂર્વકનું હોય છે. તેવી રીતે પૂર્વ કાળમાં મોટાં મોટાં જીવનો ચાલ્યાં જતાં હતાં. **આર્યરક્ષિતસૂરિજી** ના સમયમાં ૨૦૦ - ૨૫૦ વર્ષના આયુષ્ય વાળા મનુષ્યો હતાં તેથી અધિક વર્ષવાળા મનુષ્યો તે **ભરત**ના ન સંભવે એમ કહેવું પડયું. ત્રણ પલ્યોપમ સુધીની જિંદગી જાય ત્યાં સુધી જીવન તે જાનવર જેવું ગણાય એટલે ખાવું, પીવું, હરવું, ફરવું. આવી સ્થિતિ અઢાર કોડાકોડ સાગરોપમ સુધી ચાલી. આ સમયે હવે મોક્ષનોમાર્ગ સમજાવવો તે કેવી રીતે બને? જો કે પ્રભુ ભવાંતરથી ત્રણ જ્ઞાનવાળા છે તે વાત જુદી છે પણ આપણે તો અહીં સામાન્યપણે વિચારીએ કે મળ્યાની મોજ છે પણ છોડવામાં મોજ છે એ કલ્પના આવે કયાંથી? કારણ કે મળ્યાની મોજનો પવન અઢાર કોડાકોડ સાગરોપમથી ચાલ્યો હતો. અહીં પ્રભુ ભવાંતરથી જ્ઞાન લઈ આવ્યા હતા તેથી છોડવામાં ધર્મ, કલ્યાણ, નિર્વૃત્તિ, મોક્ષ અને મોજ છે, આવો ઉપદેશ તેમણે કર્યો અને તેથી મોક્ષમાર્ગ વહેતો ચાલ્યો. **કલ્પસૂત્ર**માં **તીર્થંકર** ભગવંતને અંગે મોક્ષમાર્ગ - જણાવ્યો - અંતકૃદ્‌ભૂમિ અને પર્યાયાંતકૃદ્‌ભૂમિ. પર્યાયાંતકૃદ્‌ભૂમિ એટલે નિર્વાણ - મોક્ષમાર્ગ તેને પાછો વહેતો શરૂ કર્યો. તે સર્વ **તીર્થંકર** મહારાજાઓ કરી શકે તેથી **તીર્થંકર** મહારાજાને પ્રથમ પદે લેવા પડે. આજે 'નવપદમાંનો પ્રથમ દિન છે તેમાં

'અરિહંત' પ્રથમ પદે અને તેની આરાધના પ્રથમ કેમ? ગુણની અપેક્ષાએ સિદ્ધ ભગવંત અધિક છે, પણ અરિહંત મહારાજ મોક્ષમાર્ગ વહેવડાવનાર અને સન્માર્ગદર્શક હોઇ તેમને પ્રથમ પદે સ્થાપન કર્યા છે.

**પાછળના ચાર પદોમાં 'અરિહંત' પદની અનુવૃત્તિ** - હવે સિદ્ધિ, મોક્ષ વગેરે પર્યાયવાચક શબ્દો ઇતર દર્શનકારો માને છે, તેમ 'આચાર્ય', 'ઉપાધ્યાય' કે 'સાધુ' પદ પણ તે દર્શનકારો માને જ છે. હવે જયારે ધર્મને ગ્લાનિ થાય ત્યારે જ માને એવી રીતની માન્યતાવાળા દર્શનકારો સિદ્ધને માને છે. તેમ 'આચાર્યને મારા નમસ્કાર થાઓ' તેમાં ન્યાય, વ્યાકરણ કે સાહિત્ય અગર અન્ય મતના આચાર્યો હો તેમને નમસ્કાર હો એમ આવે કે નહિ? તેમ 'ઉપાધ્યાય' પદને નમસ્કાર કરતા ઇતરોને નમસ્કાર નહીં થાય? ત્યાં નૈયાયિકાદિ ઉપાધ્યાયોનો નિષેધ કરવામાં આવ્યો નથી. તેમ જગતમાં જેટલા સાધુ હોય તેમને નમસ્કાર હો તો પછી ઇતરોના જોગી, ફકીર, સંન્યાસી છે તેમને પણ નમસ્કાર થયો ને? કહો કે અન્ય મતે માનેલા સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો કે સાધુને પણ નમસ્કાર થઇ જાય પણ આગળ એક શબ્દ ઉમેરો. 'नमो अरिहंताणं सिद्धाणं' એટલે 'અરિહંત' પદની અનુવૃત્તિ પાછળના ચાર પદોમાં ચાલુ રાખે, એટલે અરિહંતના શાસનમાં કહેલો મોક્ષ તેને પામીને સિદ્ધિગતિને પામેલા સિદ્ધોને મારો નમસ્કાર થાઓ. આથી ઇતરોના સિદ્ધોને નમસ્કાર નહિ થાય પણ આઠ કર્મોનો ક્ષય કરી મોક્ષે ગયેલા સિદ્ધોને જ નમસ્કાર થશે. તેમ આચાર્યમાં પણ પાંચ આચારાદિને પાળે, સૂત્રાર્થને જાણે એવા આચાર્યને નમસ્કાર કરો ત્યાં પણ 'અરિહંત' પદની અનુવૃત્તિ લેવાની એટલે અરિહંતના શાસનમાં કહેલા આચારને પાળવાવાળા આચાર્યને નમસ્કાર, તેથી ઇતર દર્શનકારોના આચાર્યને નમસ્કાર ન થાય. હવે 'ઉપાધ્યાય'ને નમસ્કાર હો ત્યાં સર્વને થાય પણ અહીં 'नमो अरिहंताणं उवज्झायाणं' એટલે અરિહંતના શાસનમાં દ્વાદશાંગીને ભણાવનારા ઉપાધ્યાયને નમસ્કાર કરું' છું તેથી ઇતરોના ઉપાધ્યાયને નમસ્કાર ન જ આવે. તેમ સાધુ ભગવંતમાં સમજવું

એટલે સમ્યગ્જ્ઞાનં દર્શન કે ચારિત્ર દ્વારા આરાધના કરનારા સાધુને નમસ્કાર હો. સર્વમાં અરિહંત પદની અનુવૃત્તિ લેવાય તો જ ઈતરોની વ્યાવૃત્તિ બને છે. અરિહંત પદ લાવવાથી ઈતરોના 'સિદ્ધાદિ' પદો આવી શકતાં નથી. તેથી સર્વથી પ્રથમ નંબરે આરાધ્યા કોઈ હોય તો તે અરિહંત મહારાજ છે અને તેમના દ્વારા આગળના પદોની વ્યવસ્થા રહેલી છે.

**'અરિહંત', પદનું એવું રટન** - હવે ઈતરો પોતાના દર્શનને સમ્યગ્દર્શન જ માને છે. કોઈ મિથ્યા માનવા તૈયાર નથી, તેમ આપણે પણ તેમ માનીએ ત્યાં સાચું શું? ત્યારે અરિહંત મહારાજાનું જે દર્શન તેને નમસ્કાર. તેમ જ્ઞાનમાં પણ. જ્ઞાનને સર્વ કોઈ માને છે. સર્વ કોઈ પોતાનું સાચું જ્ઞાન માને છે. ત્યાં 'नमो नाणस्स' કહેવાથી ઈતરના જ્ઞાનને નમસ્કાર થયો ને? 'अरिहंताणं' પદની અનુવૃત્તિથી અરિહંત મહારાજાના શાસન સંબંધી જે જ્ઞાન તેને નમસ્કાર હો. તેમ ચારિત્રમાં પણ સમજવું. એટલે સર્વ દર્શનકારો વ્રત, વર્તન, યમ, નિયમને માને છે તેથી ચારિત્રને નમસ્કાર કરવાથી સર્વ આવે પણ અરિહંતના શાસનમાં પ્રતિપાદન કરેલું ચારિત્ર હોય તેને જ નમસ્કાર, આથી બીજાઓ નહિ આવે. તેમ તપમાં પણ સમજવું. એટલે કે અરિહંતના શાસનમાં બતાવેલું જે તપ તેને નમસ્કાર. આથી **ચાન્દ્રાયણાદિ** તપોને નમસ્કાર ન થાય. અરિહંત સિવાયનાં આઠ પદો તે અરિહંત મહારાજ ઉપર જ નિર્ભર છે. તેમના સંબંધ વિના બાકીના આઠ પદની વ્યવસ્થા થઈ શકે નહિ. હવે તો બાકીના આઠ પદો ન હોય તો પણ કદાચ એક વખત કહી દઈએ કે નવમાં પડતાં મૂકાય તો કયું પદ મૂકીએ? સર્વ મૂકો પણ અરિહંત પદને ન મૂકો. તે એક જ બાકીના આઠને લાવશે પણ બાકીના આઠ પૈકી કોઈમાં એવી તાકાત નથી કે જે 'અરિહંત' પદને લાવી શકે. માટે 'નવપદો' જરૂરી છતાં જો પરસ્પર સમાવેશ કરવાનો વખત ન હોય તો, સર્વ પદોનું ઉચ્ચારણ કરવાનો સમય ન હોય તો છેવટે પ્રથમ પદ જે અરિહંત તેને તો રાખી મૂકો. આ વાત ધ્યાનમાં લેશો ત્યારે કાઉસગ્ગમાં 'जाव अरिहंताणं भगवंताणं' વગેરે પાઠ કહ્યો તેમાં

અરિહંત એકલા કેમ રાખ્યા? 'पंचपरमेष्ठिनं' કેમ ન રાખ્યું? અરે નવપદ રાખવાં હતાં ને? અર્થાત્ એ પાંચ કે નવને કહી ન પારૂં ત્યાં સુધી કાઉસગ્ગની મર્યાદા કેમ ન રાખી? એકલું અરિહંત પદ જ કાઉસગ્ગની મર્યાદામાં કેમ રાખ્યું? બાકીનાં પદો જો કે છે ઉત્તમ છતાં અરિહંત રાખવાનું પ્રયોજન શું? એક રટન માટે. માટે 'અરિહંત' પદનું એવું રટન થવું જોઇએ.

**સિલોનનો વેપારી (૨) - સિલોન**માં એક વ્યાપારી છે તે રાજાના દરબારમાં વ્યાપાર માટે ગયો છે. તેના ખોળામાં છોકરી બેઠી છે. પોતાને છીંક આવી. ત્યાં તે 'नमो अरिहंताणं' બોલે છે. અહીં આ શ્રાવકને કેવા સંસ્કાર છે? 'નવપદ'ના કે પાંચ પદના સંસ્કાર ન પડે તો પણ આપત્તિ કે સંપત્તિમાં આ 'અરિહંત' પદ આવ્યા વિના ન રહે. અહીં કઇ સ્થિતિમાં આવા મંત્રનું સ્મરણ થાય છે તે જુઓ. અહીં મુખ્યતા સંસ્કારની છે તે જ ખાસ ધ્યાનમાં લેવાની છે.

**શ્રીપાલ મહારાજા અને નમો અરિહંતાણં (૩) - શ્રીપાલ**ને અંગે દરિયામાં વહાણો ચાલી રહ્યાં છે. સાત મુખવાળા **મગરમચ્છ**ને નામે કૌતુક ઊભું થાય છે ત્યાં **શ્રીપાલ**ને દેખવા બોલાવાય છે. અહીં નીચે દરિયો, ઉપર આકાશ છે ત્યાં સાત મુખવાળો **મગરમચ્છ** જોવો. જીવનની તૃષ્ણાવાળા મનુષ્યને એની શી અસર થાય? એના મોંમાંથી શું નીકળે? આવા વખતે જે મુખમાંથી 'નમો અરિહંતાણં' પદ નીકળ્યું હશે ત્યાં પદની કિંમત નથી ગણવાની પણ તે આત્મામાં સંસ્કાર કેવા જામ્યા છે તે ધ્યાનમાં લેવાનું છે. નીચે દરિયો અને ઉપર આભ છે, છતાં આવા સંસ્કાર કેમ ટક્યા? આપણે તો માતાપિતાને ઓળખ્યા નથી. અરે તેમને મર્યાને દશ વરસ થયાં હોય છતાં નદીમાં પૂર વધારે આવે અને આપણે ત્યાં હોઈએ તો 'ઓ બાપ, રે ! ઓ મા, રે!' એવા શબ્દો વિપત્તિ વખતે નીકળે. ત્યાં એ માબાપને આભારી નથી પણ સંસ્કારને આભારી છે. બાલ્યવયમાં માતાપિતા મરણને શરણ થયાં હોય તો પણ તે બોલાય, તેનું કારણ પણ

સંસ્કાર જ છે. અહીં ફાટક પરથી પડી દરિયામાં જવાય છે ત્યાં 'નમો અરિહંતાણં' મોંમાંથી નીકળે તે બનાવટથી નથી બોલાતું. બીજા સમયે તો બનાવટી બોલાવાય પણ અહીં મરણનો સમય છે તેથી ત્યાં બનાવટી ન બોલાય.

**આપણું 'નમો અરિહંતાણં' દેરાસર કે ઉપાશ્રય પૂરતું** - હવે આજના દિન માટે જ આ 'અરિહંત' પદ આરાધવા માટે છે એમ નહિ પણ ચાહે તેવી સંપત્તિના સમયે એ 'નમો અરિહંતાણં' પદ એટલું બધું ઓતપ્રોત થવું જોઈએ કે તે કદાપિ પણ વિસરાવું જોઈએ નહિ. છીંક વખતે પણ પેલા વેપારીને 'નમો અરિહંતાણં' યાદ આવ્યું. આપણે તો આંગળી પાકે તે ત્યાં ચસકા નાંખે કે ઓ, બાપ રે ! અને ઓ, મા રે ! ની બૂમ પાડી ઉઠીએ. અહીં જાગતામાં 'નમો અરિહંતાણં' નથી આવતું તો પછી ઉંઘતામાં કે આકસ્મિક કોઇ ડૂબવાના પ્રસંગમાં તો તે કયાંથી યાદ લાવી શકશો. આપણું 'નમો અરિહંતાણં' છે ખરું પણ તે દેરાસર કે ઉપાશ્રય પૂરતું. પણ ખરી રીતે તો તે એવી રીતે જામવું જોઈએ કે જેમ પેલા વેપારીની બાબતમાં, જેમ **શ્રીપાલ** મહારાજાની બાબતમાં બન્યું. આત્માનું કામ સમજી તે પદનું ઉચ્ચારણ પ્રતિક્ષણે થયા કરે તેમ થવું જોઈએ.

**ઈષ્ટસ્મરણના દઢ સંસ્કાર (૪)** - હવે ધણીએ સર્પને સંતાડયો છે. પોતાની સ્ત્રીને તેણે ફૂલની માળા લાવવા કહ્યું. ત્યાં સ્ત્રીએ પતિનું કહ્યું માનવાનું છે. જ્યાં સ્ત્રી ઓરડામાં પગ મૂકે છે ત્યાં વિચારે છે કે અંધારામાં પગ મૂકતાં કોઈ જાનવર મારું જીવન નાશ કરે તો હું ખરાબ રીતે ન મરું તે માટે નવકારનું સ્મરણ કરી એ સ્ત્રી ઓરડામાં પગ મૂકે છે. અહીં ઘરના ઓરડાનું સ્થાન છે, પરાયું નથી, ત્યાં પણ પગ મૂકતાં ઈષ્ટસ્મરણ વિનાનું જીવન જાય તે પાલવતું નથી. જીવન કયારે જશે તેનો પત્તો નથી તેથી ઈષ્ટ સ્મરણ વિના તે ન ચાલ્યું જાય તે માટે એ સ્ત્રીએ કેવા સંસ્કાર જમાવેલા છે તે વિચારો. આ ઉપરથી એ સ્ત્રીમાં ઈષ્ટસ્મરણના સંસ્કાર કેટલા દઢ છે તે સમજી આપણે એ વસ્તુ મગજમાં ઉતારીએ તો આપણે આપણા આત્માને સન્માર્ગે લાવી શકીએ.

**જેવી બુદ્ધિએ આરાધના તેવું તેનું ફળ** - હવે સંસ્કાર નવ કે પાંચ પદનો ન રાખી શકાય તેથી એક 'અરિહંત' પદ જ સંસ્કારને લાયક છે અને આ એક પદ જ બાકીનાં આઠ પદોને લાવી શકે તેમ છે તેથી કાઉસગ્ગમાં 'नमो अरिहंताणं' એ એક જ પદ ખાસ જણાવ્યું. આખા સંસ્કારમાં તે પદ રહેવું જોઇએ અને તેથી સંસ્કારની જબરજસ્ત સ્થિતિ હોય તેથી તે જ પદ બોલી શકાય. આવી રીતે 'અરિહંત'ના ગુણ કે સ્વરૂપ જાણ્યા વિના તેમની આરાધનાનું ફળ મેળવી શકીએ નહિ. કલ્પવૃક્ષને જેવા સ્વરૂપે આરાધીએ તેવું ફળ એ આપે. જેવી બુદ્ધિએ તેનું આરાધન તેવું ફળ પ્રાપ્ત કરાય. 'અરિહંત'ના ગુણો અને ગુણોની કિંમત જાણ્યા વિના તેવું ફળ મળી શકે જ નહિ.

**અરિહંતના ગુણો કયાં?** - હવે 'અરિહંત'ના ગુણો કયાં? 'तत्थ अट्ठारसदोसविमुक्का' આપણે દેવને માનીએ છીએ શા માટે? પરમેશ્વરને જૈનો માને અને ઇતરો માને તેમાં ફેર શો? ઇતરો જે માને છે તે આપવાની દૃષ્ટિએ. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, બાયડી, છોકરાં, ઘરબાર, ધન-માલ સર્વ ઈશ્વર આપે છે માટે જૈનતરો તેને દેવ માને છે એટલે પરમેશ્વર તે ઘરાકના શેઠ છે. જગતના સર્વે જીવો ઘરાક છે અને ઈશ્વર તે શેઠ છે. આવી રીતે ઇતરો ઈશ્વરને માને. જૈન દર્શનની એવી માન્યતા નથી. તે તો દેવને એક જ સ્વરૂપે માને છે. જીવ અનાદિ કાળથી રખડયો તે શાને લીધે? ક્રોધ, માન, માયા અને લોભને લીધે. હવે પરમેશ્વરને માનવા શા માટે? તે ક્રોધાદિથી રહિત હોય તેથી. જેના વચનમાં કે ઉપદેશમાં ક્રોધાદિ ચારનું પોષણ કે રહેવાનું સ્થાન ન હોય તેવા 'અરિહંત' ને આપણે માનીએ છીએ. હવે સર્વ કેવળીઓમાં અઢારે દોષ નથી પછી તે ગણધર- કેવળી, સામાન્ય -કેવળી કે **તીર્થંકર** - કેવળી હોય. હવે જ્યાં અઢાર દોષ રહિતપણું હોય ત્યાં **તીર્થંકર**પણું હોય એમ નથી પણ જ્યાં જ્યાં **તીર્થંકર** પણું ત્યાં ત્યાં અઢાર દોષનું રહિતપણું છે. 'अट्ठारस विप्पणट्ठा नमामि

देवाहिदेवं तं' એટલે અઢારે દોષ **તીર્થંકર**ને ન હોય. જે દુનિયા અઢારે દોષમાં ઝૂકેલી છે તેનાથી આ રહિત છે. જડ પદાર્થમાં ક્રોધ, માન, માયા, હાસ્ય, રતિ, અરતિ આદિ નથી તેથી ૧૮ દોષ રહિતને અરિહંત માનવા એ અર્થમાં બાધ આવે તેથી સંપૂર્ણ લેશ માત્ર ઓછું નહિ, લોકાલોક પ્રકાશક - કેવલજ્ઞાન, કેવલદર્શન તે ચાર ઘાતીનો ક્ષય કરવાથી પ્રગટે છે તેથી અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય એ ચતુષ્ક જેને ઉત્પન્ન થયું હોય તેવા 'અરિહંત' પદને પ્રથમ નંબરે માનવાનું છે.

**મોક્ષમાર્ગ બતાવનાર પરમેશ્વર** - હવે જેના જ્ઞાનાદિ ચારે અનંતા છે તેવા દેવને માનવાથી અમને ફાયદો શો? જૈન શાસન બેને નમસ્કાર કરવા યોગ્ય ગણે છે. એક તો ગુણવાળા એટલે ગુણની કિંમતને લઈને સર્વ કાળના **તીર્થંકરો** નમસ્કારને યોગ્ય છે. તેમજ 'पयडिअतत्ते' એટલે ગુણ કરવાવાળા 'प्रकटिततत्त्वे' એટલે જીવ, અજીવ, પુણ્ય, પાપાદિ તત્ત્વોને જેણે બતાવ્યાં છે તેવા **તીર્થંકર**ને માનીએ. ઈતરો પરમેશ્વરને બનાવનાર તરીકે માને ત્યારે જૈનો પરમેશ્વરને બતાવનાર તરીકે માને. પુણ્ય બાંધવાનો, પાપ છોડવાનો, કર્મ છોડવાનો, સમ્યગ્દર્શનાદિને પામવાનો, તેને સ્થિર કરવાનો યાવત્ મોક્ષ પામવાનો રસ્તો પણ તેઓશ્રીએ બતાવ્યો માટે એમને આપણે માનીએ છીએ. અહીં માત્ર **'त'** અને **'न'** નો ફરક છે. તેથી જીવ - અજીવાદિકનું સ્વરૂપ જે જણાવે, આત્મા કર્મથી વીંટાયેલો છે, પોતે જ્યોતિ - સ્વરૂપ છે વગેરે બતાવનાર અરિહંત પરમાત્મા છે. આથી ૧૮ દોષ રહિત, જ્ઞાનાદિ ગુણ યુક્ત, જીવાદિ તત્ત્વ પ્રકટ કરનાર એ અરિહંત પરમાત્મા છે.

**અરિહંતોના આઠ પ્રાતિહાર્યો** - અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય, વચનાતિશય એમ ત્રણ અતિશયો જણાવ્યા છતાં લોકોનું એમ માનવું છે કે 'મર્યા પછી કિંમત થાય. જીવતાં ઓછી થાય છે.' વર્તમાન કાળમાં જીવોની ખોટી પ્રવૃત્તિને લઈ તે ખોટા ગણાય છતાં તેઓ

જીવન જીવવા માગે છે પણ સાથે એ નિશ્ચય કરે છે કે મર્યા પછી કિંમત થશે. તેમ અહીં અરિહંત પરમાત્મા માટે તેમના ભક્તોએ કિંમત આંકી છે એમ નહિ, માટે અરિહંત પરમાત્માને આઠ પ્રાતિહાર્ય સર્વ કાળ માટે હોય જ છે. ઈતરો માયાવી પ્રાતિહાર્ય માને છે. ઇંદ્રોને, દેવને, રાજાને, મુનિઓને અરિહંત પૂજ્ય તરીકે થયા છે, અને તેથી જ પ્રાતિહાર્ય એટલે પહેરેગીર જેમ ચોવીસ કલાક રહે તેમ તેઓ પણ રહે જ છે. તેથી ઈંદ્રાદિક દ્વારા ને પ્રાતિહાર્યો દ્વારા જે અરિહંત પૂજાયેલા છે તેમને માટે કરવું શું? ઓળી કરતાં પ્રથમ દિને દહેરામાં તેમ જ નોકરવાળી ગણતાં માત્ર તે પદ ગણ્યું તેમજ નહિ પણ તે ગણવાથી એવા સંસ્કાર ઉત્પન્ન કરો કે તેના સંસ્કાર તેનું ધ્યાન હંમેશાંને માટે સંસ્કાર રૂપે નાખો.

આવી રીતે 'અરિહંત' પદ જણાવ્યું.

હવે 'સિદ્ધ' પદ કયું, કેવું,

તેના ગુણો શા,

તેનાથી શા ફાયદા વગેરે

અગ્રે જણાવાશે.



## વ્યાખ્યાન ૩ : 'સિદ્ધ' પદ

**पनरसभेयपसिद्धे सिद्धे घणकम्मबंधणविमुक्के ।**
**सिद्धाणंतचउक्के झायह तम्मयमणा सययं ॥**
**( सिरिसिरिवालकहा - गा० २५ ॥ )**

**ચરિત્રો કહેવાનું પ્રયોજન શું ?** - શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **રત્નશેખરસૂરિજી** ભવ્યોના ઉપકારને માટે **શ્રીપાલચરિત્ર**ની રચના કરતાં થકાં આગળ જણાવી ગયા કે જે ચરિત્રો કહેવામાં આવે છે તે સિદ્ધિ, સમૃદ્ધિની મહત્તા માટે કહેવાતા નથી, દેવતાઈ સમૃદ્ધિ કે ચમત્કાર માટે કહેવાતાં નથી, તેમજ સુવર્ણ કે અમૃતસિદ્ધિ માટે કહેવામાં આવતાં નથી, પણ મુખ્ય મુદ્દો એ છે કે આદરવા લાયકને આદરવા માટે, તેમજ છાંડવાલાયક પદાર્થોને છાંડવા માટે ચરિત્રો કહેવાય છે. તેમ અહીં **શ્રીપાલ**ના ચરિત્રમાં સ્ત્રીઓ આવી, સુવર્ણસિદ્ધિ થઈ, ઉડયા વગેરે ચમત્કારો જણાવાય છે તે તેની મહત્તા માટે નથી. નાના બચ્ચાને દવા માટે પતાસું દઈએ તેમાં પતાસું દેવામાં તત્ત્વ ન હોય. આપણે તો દવા પીધી તેમાં સારું માનીએ છીએ, પણ પતાસાં ખાય તે સારું માનતા નથી. તેમજ અહીં જે જીવ 'પ્રભુસંમિત' વાક્યથી કે 'મિત્રસંમિત' વાક્યથી સદ્બોધ પામી શકતો નથી તે 'કાંતાસંમિત' વાક્યથી 'નવપદ'ની આરાધનામાં જોડાય તેમ છે. તેથી ચમત્કાર અને સિદ્ધિઓ બતાવવામાં આવી છે. જો કે ચમત્કાર, સિદ્ધિ સાચી અને વાસ્તવિક છે, જૂઠી નથી તેમ પતાસું છે સાચું, એ ખડીનો ટુકડો નથી પણ ત્યાં તત્ત્વ દવા પાવાનું છે, કારણ કે છોકરો

પતાસા વિના દવા લે તેમ નથી. જેમ મોટો માણસ કિવનાઈન સુગર ખાંડ વિનાની લેવા તૈયાર હોતો નથી તેમ અહીં પણ **શ્રીપાલ**ના ચરિત્રમાં પ્રસિદ્ધિ સિદ્ધિ, સાહેબી, સત્તા, ચમત્કાર આદિ સર્વ જણાવવામાં આવ્યું છે, પણ શાસ્ત્રાકારનું તત્ત્વ તેમાં નથી. તત્ત્વ શામાં છે? જેમ ચારે બાજુ ગોળ લગાડીને એળિયો અપાય તેમાં ગોળથી તત્ત્વ નથી પણ એળિયો આપવાથી છે, તેમ અહીં ચરિત્રમાં સર્વ બીના જણાવાય, પરંતુ શાસ્ત્રાકારનું તત્ત્વ તેમાં નથી પણ માત્ર 'નવપદ'ના આરાધનમાં છે.

**નવપદની આરાધનાનું ધ્યેય** - જેમ છોકરાને પરણાવવા બીજે ગામ જવાય તેમાં ગાડી, પોલીસપાર્ટી, માણસોને ભેગા કરાવાય, વાજાં વગડાવાય એ સર્વમાં તત્ત્વ કન્યા લાવવાનું છે. હવે ત્યાં જો કન્યાને ભૂલો અગર વરને ખોઓ તો પછી તે જાનની કિંમત શી? તેમ અહીં **શ્રીપાલ**ના ચરિત્રમાં ધ્યેય માત્ર 'નવપદ'ની આરાધનાનું છે. વર્તમાનમાં **શ્રીપાલ**નો રાસ વાંચે ત્યાં ત્રણ ખંડ સાંભળવામાં જગ્યામાં જરાએ બાકી ન રહે છતાં ચોથા ખંડ વખતે માત્ર દસ ડોકરા અને દસ ડોકરી રહે, કારણ કે ત્યાં કન્યા ખોવાઈ જાય છે, હવે તેમ અહીં વર ખોવાઈ જાય તો શું થાય?

**બે પ્રકારના શ્રોતા** - આ. **શ્રીહરિભદ્રસુરિજી** શ્રોતા બે પ્રકારના જણાવે છે, તેમાં એક તત્ત્વના શ્રોતા અને બીજા કથાના શ્રોતા. એટલે તત્ત્વ ઉપરથી દરેક વસ્તુનો ખ્યાલ રાખે. હેય-ઉપાદેયનો ખ્યાલ કરે એવા શ્રોતા અને માત્ર કથા સાંભળવામાં જ લીન હોય એવા શ્રોતા- આમ બે પ્રકારના શ્રોતા હોય છે. નાના બચ્ચાને કથા સંભળાવવાનું પ્રયોજન શું? એને ઉંઘ આવે કે રસ આવે. તેમાં તત્ત્વ સાથે મતલબ નથી હોતો તેમ કથાના રસવાળા શ્રોતાઓને તો દુનિયાની કથા કે **શ્રીપાલ**ની કથા તે બંને સરખી છે. પણ જે તત્ત્વના શ્રોતા છે તે તો આદરવાલાયક પદાર્થોનો ખ્યાલ કરી તેને આદરવા તૈયાર થાય.

**આત્મકલ્યાણનું ધ્યેય** - હવે દેવતાઈ ઋદ્ધિ આદિ જે મળે છે તે ખરાં ફળ નથી. એ તો વચમાં ઉગેલું ઘાસ છે. નાનાં બચ્ચાંને ધૂળમાં

આળોટતા, રમતાં, ગમતાં ભણવું આકરું લાગે છે. ગુનેગાર ગુનો કરીને પોલીસથી ન ચમકે તેનાથી અધિક છોકરો માસ્તરથી ડરે, કારણ કે છોકરાનું એવું અજ્ઞાન છે. માસ્તર કંઇ ભયાનક નથી. તેમ' આ જીવડો અજ્ઞાન છે, ખાવા, પીવા, ઓઢવા, પાથરવા કે મોજ-મજામાં રાચ્યો-પાચ્યો રહે છે ત્યાં સુધી આનંદ પણ ત્યાગની કે વ્રત, પચ્ચક્ખાણની વાત આવે કે તુરત જીવને ખરાબ લાગે. બચ્ચાંને જિંદગીની મજા રમતગમત કે ધૂળમાં આળોટવામાં નથી પણ ભણવામાં છે. તેમ અહીં આત્મકલ્યાણ માટે આશ્રવનો ત્યાગ, સંવરનો આદર કરી ધ્યેયમાં આગળ વધીએ તેમાં શ્રેયસ્કરતા માનવી તે ખરું કલ્યાણ છે.

**સાચી સ્વતંત્રતા કઈ ?** - જૈન શાસનમાં અને ઈતરોમાં ખરો મતભેદ શો છે? ઈતરોને ત્યાગ જોઈતો નથી. ત્યાગની વાતમાં છીંડાં કાઢી તેઓ છટકી જાય. ત્યારે જૈનો ત્યાગને મુદ્રાલેખ- ધ્યેય તરીકે માને છે. અહીં જીવ અનાદિ કાળથી ઈંદ્રિયોના રસમાં આસકત બનેલો છે, તેથી ત્યાગમાંથી નીકળવા તે છીંડાં ગોતે અને તેમાંથી ખસવા માગે, પણ જૈન શાસન આત્માને પોતાના મૂળ સ્વરૂપમાં પ્રગટ કરવા માગે છે, સ્વતંત્ર કરવા માગે છે. આ સ્વતંત્રતા-વાદ દરેક ઘરમાં ઘૂસેલો છે. ગુલામીમાં જીવવા કરતાં સ્વતંત્રતામાં મરવું એ જ પ્રશંસાપાત્ર છે. આવી માન્યતા સ્વતંત્રતાવાદીઓની છે પણ એ સ્વતંત્રતા શાની? ઘરની, પોળની, બહારની કે કયાંની? શાસ્ત્રકાર કહે છે કે તે બધી સ્વતંત્રતાઓ જડની છે, પણ ઘરરૂપ જે આત્મા તેની સ્વતંત્રતા કરાવવાનું કદી સૂઝયું છે ખરું? તમે કાયાના પાંજરામાં હંમેશને માટે પુરાયેલા છો, તેને આધીન છો, તેનાથી સ્વતંત્ર થવાને કયારે પણ વિચાર કર્યો ખરો? 'ડાહી સાસરે જાય નહિ અને ગાંડીને શિખામણ દે.' તેવી સ્થિતિ જ છે ને? એટલે પોતાને આત્માની સ્વતંત્રતા કરવી નથી અને જડજીવનની ખોટી સ્વતંત્રતા રાખવી છે. કાયાના કાષ્ઠપિંજર વિનાની સ્વતંત્રતા લેવાનો વિચાર મનમાં એ નથી આવ્યો.

**ભવ્ય તરીકેની છાપ કયારે મળે ?** - શાસ્ત્રકારને બે વર્ગ પાડવા પડયા. એક ભવ્ય એટલે મોક્ષનો ઉમેદવાર, શાસનનો કે ધર્મનો ઉમેદવાર, જે કાષ્ઠપિંજરથી આત્માને સ્વતંત્ર કરવા માગે તે. આવાને શાસન ભવ્યની છાપ આપે છે. આત્માની સંપૂર્ણ ઋદ્ધિસિદ્ધિ મળેલી રહે, કોઇની દરમ્યાનગિરી ન રહે એવી સ્વતંત્રતા મેળવનારા જ ભવ્યની છાપને યોગ્ય છે. અહીં ભવ્ય છાપ માટે ફી દેવાતી નથી. ધર્મથી છાપ માટે ફી લેવાય નહિ, પણ પરિણતિ હોય તો જ છાપ મળે. પછી તમે સમકિતી હો કે ઇતર હો, સુદેવને સુદેવ માનો કે કુદેવને દેવ માનો તેની ફિકર અહીં નથી પણ તમે અહીં કાયાના કાષ્ઠપિંજરમાંથી આત્મા સ્વતંત્રતા મેળવે એ ધારણાવાળા થયા છો કે નહીં? વળી આત્માના અનંત જ્ઞાનાદિ ચતુષ્કમાં કોઇની દરમ્યાનગિરી ન રહે એવું ધ્યેય હોય તો જ તમને ભવ્ય તરીકેની છાપ મળી શકે. યોગ્ય થયા વિના પરાણે યોગ્ય કહેવડાવવાથી યોગ્યતા આવી જતી નથી. હવે જો આ યોગ્યતા હોય તો જ ખરી ભવ્યતાની છાપ મળે. બંદૂકની ગોળી પોલાણ ભાગમાંથી નીકળે તો વાંધો નહિ. કારણ ત્યાં મારો આત્મા પુરાયેલો નથી પણ જ્યાં મારા શરીરના અવયવો છે તે ભાગમાંથી નીકળે તો મને ઇજા થાય. આવા કાયાના કાષ્ઠ પિંજરમાં હું પુરાયેલો છું. તેના રક્ષણે મારું રક્ષણ, તેના સારાપણાએ મારું સારાપણું, મતલબ કે હું ગુલામગિરીમાં છું.

**કાયાની ગુલામગિરી** - પૂર્વ કાળમાં ગુલામો હતા. તેમાં કોઇ ઘરેણાં વેચાતા લઇ આવ્યો તો નોકરનો માલિક શેઠ હતો તેથી માલિકી તેની જ ગણાતી. તેમાં પરભવમાં પુણ્ય ઉપાર્જન કરી આવેલ તેથી યશ, ઋદ્ધિ, કુટુંબ આદિ મેળવ્યાં તો તેનો માલિક કાયાકાકા થાય. બીજો ન બને. અહીં પોતાના પુણ્યથી ઉપાર્જન કરેલી સર્વ વસ્તુનો હકદાર કાયા બને. આથી ગુલામગિરી નહિ તો બીજું શું? પરભવથી લાવીને આપવું પડે છે તેથી કાયાની પરતંત્રતા છે અને તેથી તેમાંથી નીકળી આત્માના સંપૂર્ણ ગુણો જે અનંત જ્ઞાનાદિ ચતુષ્ક છે તેની પ્રાપ્તિ કરવી જોઇએ. હાલ

આત્મામાં તે ગુણો સત્તારૂપે છે છતાં એક શબ્દ માત્ર સાંભળવામાં બાહ્ય શ્રોતેન્દ્રિયની મદદ ન હોય તો કશું સંભળાય જ નહિ. તેમ બીજી ઇંદ્રિયોમાં પણ સમજવું.

**જૈન ધર્મનો જન્મ શા માટે ?** - જ્ઞાન, દર્શન એ આત્માના ગુણો માલિકપણે છે. પણ 'સબ તુમ્હારા, મગર હુકમ હમારા.' મેનેજમેન્ટ કર્મ રાજાનું, આવી રીતની ગુલામગિરી જૈન શાસન કબૂલ ન કરે. આત્મા પોતાની સ્વતંત્રતા સર્વ જગાએ રાખે, અને તે મેનેજર બને તો જ જીવન જીવ્યું વાજબી ગણાય. આત્માની દરેક પ્રવૃત્તિમાં ઇન્દ્રિયોરૂપી ચપરાસીની જરૂર પડે. એટલે જ્ઞાન, દર્શનાદિ ઋદ્ધિના માલિક તમે, પણ હુકમ તો ઇન્દ્રિયોનો. હવે આવી ગુલામગિરી છોડાવવા માટે જ જૈન ધર્મે જન્મ લીધો છે અને તેથી **તીર્થંકર** મહારાજને દેવ તરીકે માન્યા. હવે તેમને એક ને જ દેવ તરીકે માનીએ તો કેમ? જેમ સાલ આખરે વ્યાપાર કર્યો અને સરવૈયામાં શૂન્ય આવે તો એ વ્યાપારની કિંમત શી? તેમ ભવોભવ અરિહંતના શરણે રહ્યા, તેમની આરાધના કરી છતાં મેળવ્યું શું? સરવાળે તો શૂન્ય ને ? તો કહે છે કે ના. એટલા માટે જ 'સિદ્ધ' પદ માનવું પડ્યું. સોના, ચાંદી વિનાનો સોની, ઝવેરાત વિનાનો ઝવેરી, કાપડ વિનાનો કાપડિયો તે વાસ્તવિક ન ગણાય. તેમ અહીં સિદ્ધપણું ન માનીએ તો અરિહંતપણું વાસ્તવિક રહે નહિ, કારણ કે અરિહંતની ઉત્તમતા, આરાધ્યતા શામાં? મોક્ષમાર્ગ બતાવે તેમાં એમની ઉત્તમતા, આરાધ્યતા અને તેથી કાયાના પિંજરામાંથી છુટકારો મેળવી સિદ્ધિગતિને પામી શકાય. હવે આત્માની સ્વતંત્ર ઋદ્ધિ મળતી ન હોય, કાયાની દરમ્યાનગિરી જતી ન હોય તો અરિહંતની ઉત્તમતા રહે નહિ માટે બીજે પદે 'સિદ્ધ' માન્યા. તેમાં સ્વતંત્રતા છે, કાયાની દરમિયાનગિરી નથી, માટે તે માન્ય રખાયું છે.

**જૈન ધર્મમાં જ નિરંજન, નિરાકારની આરાધના** - હવે ઇતરો સર્વાંશે માનવા તૈયાર નથી, પણ અંશે ય માનવા તૈયાર છે? કૃષ્ણજી તો

ઈશ્વરનો અંશ છે ત્યાં અંશમાત્ર ક્યાં રહ્યો? વ્યાપારીમાં વ્યાજે મુડી મરે તેમ અહીં એક અંશ લેવા જતાં આખા પરમેશ્વર ખોયા. **મહાદેવ, બ્રહ્મા, કૃષ્ણ, રામ** આદિ સર્વનાં ગીતો ગાયાં તે સર્વ ઈશ્વરના અંશો છે. સર્વાંશે ઈશ્વર તમારા મતે છે નહિ અને તે રૂપે આરાધના પણ નથી. આથી કહો કે મલિનની આરાધનામાં રાચ્યા. નિરંજન, નિરાકારને તો માનવા નથી. **સીતા, રામ, લક્ષ્મણ, કૃષ્ણજી, મહાદેવજી** એ સર્વમાંથી કોઈ નિરંજન, નિરાકાર નથી. હવે નિરંજન, નિરાકારનું ધ્યેય રાખનારા જો કોઈ હોય તો આ જૈનો છે. બીજા કોઈપણ શાસનમાં કે ધર્મમાં નિરંજન, નિરાકારની આરાધના છે જ નહિ. નામદ્વારા જ નિરંજન, નિરાકારની આરાધના બને પણ પ્રતિમા દ્વારા તે ન બની શકે તેથી અરિહંતના ચારે નિક્ષેપા વાજબી ગણાય છે. સિદ્ધના જે જીવો તે પૂર્વ કાળમાં સંસારી હતા ત્યારે દ્રવ્ય - સિદ્ધ કહેવાય. એમ તેમના નિક્ષેપા ગણાવ્યા. અન્ય મતમાં રહેલા કર્મ વગેરે સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયોને તેમાં ગોઠવ્યા છે. કેવળ 'અરિહંત' પદ જ એવું છે કે જેનો બીજો નિક્ષેપો કયાંય નહિ. એટલા માટે જ કહ્યું છે કે 'नामजिणा जिणनामा ठवणजिणा पुण जिणिंदपडिमाओ' જિનનામકર્મ બંધાયું હોય વગેરે. તે જિનનામકર્મને લીધે જ બંધાય છે તેથી તેમની પ્રતિમા, તેમનો ભવ, તેમનાં નામો એ સર્વ આરાધ્ય છે. ચારે નિક્ષેપા માન્યા છે. જિનનામ, પ્રતિમા, તેમનો ભવ તેમજ ભાવસમવસરણમાં રહેલા અરિહંત તે પણ માન્ય જ ગણાય. આવી રીતે અરિહંતને ચારે નિક્ષેપા લાગુ પડે છે. આવું અરિહંતપણું તે કુદરતમાં રહેલું **તીર્થંકર**પણું બાંધે ત્યારે જ મળે.

**ખરેખરું સિદ્ધપણું કયું?** હવે ખરેખર સિદ્ધપણું તે ભાવવાળું એટલે કર્મક્ષય કરીને આત્માની સ્વતંત્રતા સંપૂર્ણ મેળવવી, જેમાં કાયાની દરમ્યાનગિરી ન હોય, જન્મ, મરણનો લાગવાપણું જેમાં ન હોય તેવું સિદ્ધપણું માનવાને માટે તૈયાર થાઓ. આ સિવાય ઈતરોમાં દ્રવ્ય - સિદ્ધપણું ભલે હોય પણ તે માન્ય નથી. કાછિયો આખી જિંદગી વેપાર કરે

તેમાં ચવ વિષે ન બોલે, કારણ કે તેની દૃષ્ટિ કે ધંધો જ નથી. એ તો ઝવેરી જ બોલે. તેમ અહીં 'નમો સિદ્ધાણ' કહીને સિદ્ધોને જે નમસ્કાર કર્યો છે તેમાં બીજાની દૃષ્ટિ ન હોય તો ત્યાં ધ્યેય પહોંચે કેમ? અમે એની સ્થાપનાને પણ નમસ્કાર કરીએ છીએ. અહીં પરસ્પર વિરોધ થાય છે, કારણ કે નિરંજન, નિરાકાર સિદ્ધ હોય તો સ્થાપના નહિ. જયોતિ સ્વરૂપ હોય તેનો આકાર ન હોય. એક વાત કે 'मक्षिका पादप्रहारेण' એટલે માખીના પગથી ત્રણે જગત કંપ્યાં. અક્કલવાળાએ વાત સાચી માની અને જવાબમાં જણાવ્યું કે, ત્રણ જગતનું ચિત્રામણ આવ્યું તેની સામે પાણી રાખ્યું. તે પાણીમાં માખનો પગ લાગવાથી પાણી હાલ્યું તેથી ત્રણ જગત કંપ્યા. આવો ઉત્તર નિક્ષેપા ઉપર લક્ષ્ય રાખવાથી ધ્યાનમાં આવ્યો. અહીં અક્કલ પહોંચાડો, એટલે સિદ્ધોની સ્થાપનાનો ખ્યાલ આવશે.

**પ્રભુની મૂર્તિના બે જ પ્રકાર** - મનુષ્યમાંથી સિદ્ધ થાય તે વખતે ત્યાં શરીરવાળો ખરોને? તે આકારે જે મૂર્તિ કરાય તે સિદ્ધોની સ્થાપના - મૂર્તિ કહી શકાય. અહીં પ્રભુની મૂર્તિના બે જ આકાર માનો છો. બેસતાં, ઉઠતાં, સૂતાં, ચાલતાં વગેરે આવા ઘણા આકાર છે. અરે **મહાવીર**ના તપમાં અદૂકડા બેસવાનો આકાર વગેરે હતા છતાં પર્યંકાસન તથા કાયોત્સર્ગ એમ બે જ કેમ? અતીત, અનાગત કાળના કોઈપણ કાળના **તીર્થંકર** મોક્ષ પામે ત્યારે બે જ આકારે - પદ્માસને કે કાયોત્સર્ગે. એથી મૂર્તિનો આકાર બે જ ભેદે જણાવ્યો છે. **તીર્થંકર** મોક્ષે જાય તે બે જ આકારે, બીજા આકાર હોઈ શકે જ નહિ. હવે સમવસરણ તે આપણું મુખ્ય ધ્યેય છતાં તે આકારે મૂર્તિ નહિ. તે વખતે પ્રભુ પાદપીઠ ઉપર પગ સ્થાપન કરી દેશના આપે છતાં તે આકાર નહિ, કારણ કે અરિહંતપણામાં સિદ્ધદશાનું ધ્યેય રાખી આરાધના કરવામાં આવે છે તેથી 'સિદ્ધ'પદ પૂજનીય હોય તેમાં નવાઈ શી?

**બધાની સિદ્ધપણાની દશા એકસરખી** - હવે સામાન્ય નિયમ છે કે બાજરી દસ વખત વવાય અને લણાય છતાં આગળ જતાં બાજરી તે

બાજરી. તેમ ઘઉં કે જુવારમાં પણ સમજવું. તેમ અહીં જેઓ મોટા સ્વરૂપે છે તેઓ **તીર્થંકર** થાય તે સિદ્ધપણે રહેવા જોઇએ. અહીં સિદ્ધપણાની દશા એકસરખી. સર્વ એકરૂપ છે. જેમ રાજા અને રંકમાં ફેર, નોકરચાકર કે શેઠમાં ફેર પણ ચિત્તામાં તો બધા સરખા જ. મરી જવામાં, મોતમાં તો બધા સરખા જ. જગતમાં બધા તારતમ્યતાના ભેદો છતાં ચિત્તામાં તો એકસરખા જ છે, તેમ મોક્ષગતિમાં જવાને માટે સિદ્ધપણાને માટે બધા એકસરખા છે. અરિહંતાદિમાં જુદા જુદા ભેદો ન રાખ્યા કે **મગધ, અંગ, કોશલ** આદિ દેશ વિશેષે ભેદ રાખ્યા નથી, તેમ અવગાહના કે વર્ણ વિશેષે ભેદ રાખ્યા નથી તો પછી સિદ્ધમાં વળી ૧૫ ભેદ કરીને કામ શું? એનું કારણ એ જ છે કે સિદ્ધ થવા પહેલાં ચાહે જેવી ઊંચી-નીચી દશા હો, સ્વતંત્ર બોધ પામેલ કે પરથી બોધ પામેલ હો પણ ત્યાં સિદ્ધમાં તો બધા સરખા. ફરક નહિ. અરે, સિદ્ધ થતી વખતે એકલો થાય કે સમુદાયે થાય તો પણ અધિકતા કે ન્યૂનતા છે જ નહિ. આ જણાવવાને માટે જ પંદર ભેદે સિદ્ધ કહ્યા. સિદ્ધિ ગતિમાં શાશ્વતી અનંતચતુષ્ટી એકસરખી સર્વને હોય. પંદર ભેદમાંથી કોઇ પણ રૂપ હો પણ સિદ્ધ થતી વખતે સર્વ સરખા. પાણીમાંથી તુંબડું નીકળે તે પાંચસો કે હજાર ફૂટ નીચેથી આવ્યું હોય પણ ઉપર તો બધાં જ તુંબડા એકસરખાં દેખાય. ચાહે તેવી તારતમ્યતાથી તુંબડાં ઉપર આવેલાં હોય પણ તેમાં ફરક ન હોય, તેમ અહીં સિદ્ધના પંદર ભેદોમાંથી કોઇ પણ ભેદે સિદ્ધિગતિમાં આવે તો પણ ફરક છે જ નહિ. તેથી પંદર ભેદોએ પ્રસિદ્ધ એવા આ સિદ્ધો છે.

અહીં 'સિદ્ધ' શબ્દ રાખ્યો છે પણ બીજો જે 'મુક્ત' શબ્દ તે રાખ્યો હોત તો તે જરૂરી હતો; કારણ કે કર્મોથી છૂટવાનું, કાયાના પિંજરમાંથી છૂટવાનું હતું છતાં 'नमो मुत्ताणं' ન રાખ્યું, કારણ કે તે ધ્યેય નથી. મુક્તપણું તો કર્યા સિવાય છૂટકો નથી માટે કરવાનું, ધ્યેય તો અનંત ચતુષ્ટયીને પ્રાપ્ત કરવાનું છે તેથી કે 'कृत्स्नकर्मक्षयो मोक्षः' એ લક્ષણ મોક્ષનું હતું છતાં શાસ્ત્રકારે ફેરવ્યું કે કે 'कृत्स्नकर्मवियोगो मोक्षः' અહીં

વિયોગ એટલે અભાવ અને તેથી આત્માની સંપૂર્ણ સ્વતંત્રતા અને ફલિતાર્થ એ કે આત્માના પોતાના શુદ્ધ સ્વરૂપમાં રહેવું તે જ સિદ્ધિ અને તેમાં રહે તે સિદ્ધ. આથી કે 'मुत्ताणं' નહિ રાખતાં 'સિદ્ધ' પદ રાખ્યું. કે 'सिज्झइ बुज्झइ मुच्चइ' એમાં 'सिज्झइ' પ્રથમ રાખ્યું અને 'मुच्चइ' ત્રીજે પદે રાખ્યું, પ્રથમ નહિ, કારણ કે સિદ્ધિ એટલે જે સંપૂર્ણ જ્ઞાનાદિ ગુણોવાળું, કર્મની દરમ્યાનગિરી વિનાનું જે મેળવવું તે જ સાધ્ય છે, તેને મેળવે તે સિદ્ધો.

**આત્મામાં રહેલી અનંત ચતુષ્ટયી** - હવે તે બને શાથી? - કારણથી કાર્યની સિદ્ધિ થાય પણ વચમાં આડખીલી ન હોય તો જ કાર્યની સિદ્ધિ થાય. અગ્નિનું કામ બાળવાનું પણ પાણીમાં નાંખે તો તે ન જ બાળે. અગ્નિનો સ્વભાવ બાળવાનો છે, લૂગડાનો સ્વભાવ બળવાનો છે છતાં વચમાં આડખીલીરૂપ પાણી આવે તો તે બળવા દે નહિ. તેમ અહીં આત્માના અનંત ગુણો છે. તેની પાસે છે. ઉપયોગમાં લેવાના છે પણ વચમાં કર્મની આડખીલી છે તેથી પાસે રહેલા ગુણોનો પણ ઉપયોગ આત્મા કરી શકતો નથી. ઘર તમારું છે તેમાં સુધારો કરવો હોય તો મ્યુનિસિપાલિટીની આડખીલી ટાળ્યા વિના સુધારો ન કરી શકો. તેમ અહીં આત્મામાં કર્મ તે આડખીલી છે. અનંત ચતુષ્ટયી આત્મામાં રહેલી તેના કબજામાં, તેની માલિકીમાં છે. દુનિયામાં પણ કબજો અને માલિકી એ બે જ શબ્દો વપરાય છે. અહીં બંને છતાં કર્મની આડખીલી છે. અહીં અનંત ગુણો હોવા છતાં કર્મનું લાકડું છે તેથી એટલે કે સજ્જડ કર્મોના બંધનથી છૂટે ત્યારે આત્માના ગુણોને ભોગવવા તૈયાર થાય.

**કાળનું જોર સિદ્ધના ગુણો પર નથી** - હવે તે કર્મબંધન ત્રુટે શાથી? તુંબડીના કાંકરાથી હીરા તો ન ગણાય. સિદ્ધના ગુણો કયા? તે ચાર છે. જગતમાં કાળ સર્વનો ભક્ષક છે. કે 'सर्वेषां भक्षकः कालः' વીંછી કરડે પછી ચાર દિવસ બાદ તે ચંચળતા રહેતી નથી પણ તે યાદ આવે. તેમ સુખમાં રહ્યા પછી બે દિન એટલું જ યાદ આવે કે સુખમાં હતા તો પણ કાળ

ભક્ષક બન્યો. અહીં સિદ્ધના જ્ઞાન, દર્શન, સુખ, વીતરાગતાદિ ઉપર કાળનું જોર નથી. કાળ ન્યૂનતા કરી ન શકે એવી ચાર ચીજો સિદ્ધોને મળે છે. તે સર્વ કાળે એકસરખી રહેવાવાળી છે તેથી તે નમસ્કારને યોગ્ય છે, આથી તેમાં જ મન રાખી તેમનું ધ્યાન ધરો અને તેથી જ બીજે પદે 'સિદ્ધ' રાખ્યા છે. આ દેવતત્ત્વના ભેદો જણાવ્યા. શરીરધારી અને નિરંજન, નિરાકાર એ બે ભેદો દેવોના જણાવ્યા છતાં એક વાત ધ્યાનમાં રાખવાની કે ચંદ્ર, સૂર્ય, તારા પણ દેખાવના, મેળવવાના નહિ, તેમ અહીં અરિહંત, સિદ્ધ સારા પણ મેળવવાના ખરા કે નહિ? તો કહે છે કે તે રસ્તે ચાલનારા મેળવે. તે રસ્તો બતાવનારા તે ગુરુ. તે ત્રણ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. હવે તે કેવી રીતે પ્રશંસાપાત્ર છે એ વગેરે અધિકાર અગ્રે જણાવાશે.



## વ્યાખ્યાન - ૪ 'આચાર્ય' પદ

**पञ्चायारपवित्ते विसुद्धसिद्धंतदेसणुज्जुत्ते।**
**परउवयारिक्कपरे निच्चं झाएह सूरिवरे ॥**
**( सिरिसिरिवालकहा - गा० २६ ॥ )**

**તત્ત્વરસિક અને કથારસિક શ્રોતાઓ** - શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **શ્રી રત્નશેખરસૂરિજી** મહારાજ ભવ્યોના ઉપકારને માટે **શ્રીપાલ** ચરિત્રની રચના કરતા થકા આગળ જણાવી ગયા કે શ્રોતાઓ બે પ્રકારના પણ હોય છે એટલે એક પરમ શુશ્રૂષા ધરાવનારા યાને 'તત્ત્વરસિક' અને બીજા 'રસપ્રધાનગુણવાળા' હોય છે. જેમ લગ્નની અંદર વાજાં, ઘોડા, મહેમાન આદિ તરફ નજર ન કરતાં માત્ર કન્યા તરફ જ ધ્યાન અપાય. તેમ અહીં ઋદ્ધિ, સમૃદ્ધિ મળી હોય. દેવતાઈ ચમત્કાર મળ્યા હોય છતાં આરાધના કેવી થઈ તે તરફ લક્ષ્ય આપે તે 'તત્ત્વરસિક', તેમ ન હોય તો 'કથારસિક' કહેવાય. વળી જેમ નાનાં બચ્ચાંઓને મોજ માટે કે સુવાડવા માટે કથા સંભળાવીએ, અરે, રાજા મહારાજાઓ પણ સૂવા માટે કથા સાંભળે તે તત્ત્વ જાણવા માટે નથી હોતી, તેમ અહીં શ્રોતાઓ પણ બે પ્રકારના છે, તેમાં તત્ત્વરસિક શ્રોતાઓને ઉદ્દેશીને જણાવ્યું કે અહીં પણ ઋદ્ધિ, સમૃદ્ધિ, ચમત્કાર આદિ સર્વ દેખશો ખરા પણ ધ્યેય તો 'નવપદ'માં રહેવું જોઈએ. આ ચરિત્ર કહેવાનો ઉદ્દેશ માત્ર 'નવપદ'ની આરાધનાની પુષ્ટિનો જ છે તેથી તે તરફ લક્ષ્ય રાખવું જોઈએ અને તત્ત્વરસિક શ્રોતા પરમ શુશ્રૂષાવાળા હોય છે.

**જૈનોના અને ઈતરોના દેવો વચ્ચે ફરક** - હવે દેવતત્ત્વ નિર્ણિત થયું. સર્વ કોઈ આસ્તિક દેવ, ગુરુ અને ધર્મને માનવાવાળો હોય છે. એકલા જૈનો માને છે તેમ નથી. ઈતરો પણ માને જ છે તો પછી તમારામાં વિશિષ્ટતા કઈ? તમે જ્યારે 'અરિહંત' અને 'સિદ્ધ' એ બેને જ દેવ ગણો ત્યારે ઈતરો અવતારીને, લીલાને નામે પણ દેવ માને, લીલામાં પડદા કરીને પણ દેવ મનાવે - તેવા પડદા જૈનોને કરવા પડતા નથી ઘરમાંથી બાપે દીકરાને બે પૈસા આપ્યા અને તેની ચીજ લાવી તે દરેકને આપે તેથી ભવિષ્યમાં તે દાનેશ્વરી થશે એમ કહે. વળી ઘરમાંથી પિતાના બે પૈસાથી ખાવાનું લાવીને પોતે ખાય અને બીજાનું ખાવાની ઈચ્છા રાખે એવો પુત્ર ભાવિમાં ખરાબ નીકળવાનો એમ કહે અહીં બંનેમાં છોકરાની લીલા છે. તે ભવિષ્યના ભમરડાની જેમ છે. તેવી લીલાઓ જૈન મતમાં મનાતી નથી. અહીં તો સર્વ કર્મનો ક્ષય કર્યો હોય અગર સર્વ કર્મનો ક્ષય કરવાના ધ્યેય પર આવ્યા હોય તેને જ મનાય. અરિહંતે ચાર ઘાતીનો ક્ષય કર્યો અને અઘાતીનો ક્ષય કરવાના છે તેથી જ તે દેવ. વળી સુદેવને સુદેવ તરીકે માનવા તે શબ્દ સાંભળવાથી શું પણ તે સુદેવ કયા તે 'નવપદ' ઉપર દૃષ્ટિ રાખો, ત્યારે અરિહંત અને સિદ્ધને જ સુદેવ તરીકે માનવા તૈયાર થશો. વળી જેઓ જ્ઞાનાદિ ગુણોવાળા હોય, પ્રાતિહાર્ય યુક્ત હોય તેવાઓને જ સુદેવ તરીકે માનવા જોઈએ. આ બે પદ ઉપર ધ્યાન ન અપાય તો સુદેવ તરીકે દેવને ઓળખી શકાય નહિ, તેથી દેવતત્ત્વમાં બે ભેદ જણાવ્યા. એક શરીરધારી તે અરિહંત અને બીજા સિદ્ધ તે અશરીરી.

**પ્રભુ મહાવીરની અદ્‌ભુત સમતા (૫)** - આમ સુદેવપણાનો નિર્ણય બતાવ્યો પછી ગુરુની જરૂર શી? જેઓ પરમેશ્વરને નિરંજન, નિરાકાર માને તેને ગુરૂની જરૂર શી? જેઓ પરમેશ્વરને શરીરધારી માને છે તેમને ગુરૂની જરૂર શી? વાત સાચી, પણ દેવતત્ત્વમાં શરીરધારી દેવ માનેલા છે. અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે આખી અવસર્પિણી કે ઉત્સર્પિણીમાં શરીરધારી દેવ તો માત્ર ચોવીસ જ હોય, વધારે ન હોય.

કોઈના બનાવ્યાથી તે બનતા નથી. લોકોના કહેવાથી બનતા નથી પણ જેમણે અનેક ભવોથી લોકોના હિતને માટે પરિશ્રમ વેઠયો હોય, વળી જેઓ દુનિયાથી ઊલટા વર્ત્યા છે એટલે દુનિયા ક્રોધ, માન, માયા અને લોભમાં રાચીમાચી રહી છે, ત્યારે આ દેવ ક્રોધ, માન, માયા અને લોભથી સર્વથા રહિત છે. **સંગમ** દેવતા સરખો ઉપસર્ગ કરનારો છ છ માસ સુધી વિવિધ ઉપસર્ગો કરે, શારીરિક બાધાને કરનાર, ખોરાક કે આબરૂની પણ બાધા કરનાર, **મહાવીર** મહારાજની આબરૂ ઉપર ધક્કો મારવા તૈયાર થયો છતાં અહીં પ્રભુ **વીર**ની સમતા કેટલી? અહીં આપણી પાછળ માણસ ચાર દિન પડે તો હાંજા ગગડી જાય. ત્યાં પ્રભુની આબરૂને ધક્કો મારવા **સંગમ** શું શું કરે છે? છોકરાઓ ગામમાં જાય છે અને દુકાનદારોની દુકાનો તરફ નજર કરે ત્યારે માલિકો પૂછે કે દુકાન તરફ કેમ જુઓ છો તો તેઓ જવાબ આપે! કે અમારો માલિક રાત્રે ચોરી કરવા આવે ત્યારે અમે આગળથી ખબર આપીએ છીએ. અહીં વૈક્રિયતાથી સર્વ વસ્તુ ઉત્પન્ન કરી શકાય છે. આવી રીતે **સંગમ** દેવતા અનેક પ્રકારે ઉપસર્ગ કરે છે છતાં પ્રભુ **મહાવીર**માં ક્રોધ તો અંશમાત્ર પણ પ્રગટતો નથી. વળી જેઓ અનંત શક્તિના ધણી હોવા છતાં ત્યાગી થયા પછી ગોવાળીયાના હાથનો માર ખાય છતાં એમના મનમાં જરા પણ માન - ગર્વ ઉપજતો નથી એટલે જેણે માનને મારી નાંખેલું છે એવા આ દેવ છે.

**શ્રેષ્ઠ સમ્યક્ત્વની પ્રાપ્તિ બાદ પરાર્થ - ઉદ્યમી તીર્થંકરો** - જૈન શાસનનો દરેક જીવ જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના પોતાના કર્મક્ષય માટે કરે, ત્યારે આ ત્રિલોકનાથ દીક્ષા લે, પરીષહ ઉપસર્ગ સહે, કેવળજ્ઞાન પ્રાપ્ત કરે તેમજ દેશના આદિ સર્વ કરે તે પરના ઉપકારને માટે જ કરે છે. જૈન મતવાળાઓ પોતાના માટે કરે ત્યારે આ **તીર્થંકર** બીજાના કલ્યાણ માટે સર્વ કરે છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનું ધ્યેય શું? એ જ કે તેથી લોકોને સાચાં તત્ત્વો જણાવી શકાય. પરીષહ - ઉપસર્ગ સહન કરવાનું તે સંયમ વિના ન બને તેથી પ્રવ્રજ્યા લે. આ સર્વ પરોપકાર માટે જ હોય. એ

જ ધ્યેય અને લક્ષ્ય તેમજ લાગણી. આખા જૈન શાસનવાળા પોતાના કલ્યાણ માટે સર્વ ધર્માનુષ્ઠાન કરે છે ત્યારે આ ત્રિલોકનાથ દેવ પોતાના કલ્યાણને આગળ ન કરતાં જગતના કલ્યાણને માટે આત્મવીર્ય ફોરવે છે. વળી **અષ્ટકજી**ની ટીકામાં જણાવ્યું છે કે જ્યારથી શ્રેષ્ઠ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય ત્યારથી **તીર્થંકરો** પરાર્થ-ઉદ્યમી હોય છે. પ્રથમ ભવમાં 'વીશસ્થાનક'ની જે આરાધના તે પરાર્થે, ચાલુ ભવમાં દીક્ષા, કેવલજ્ઞાન, દેશના તે સર્વ પણ પર કલ્યાણ માટે કરે છે. આવા દેવો ચોવીસ જ થાય. હવે શરીરધારી દેવો જ્યારે ચોવીસ જ હોય તો પછી જગતનો ઉદ્ધાર પ્રતિનિધિ વિના બને નહિ. ક્ષેત્રાંતરમાં કે કાળાંતરમાં જીવોનો ઉદ્ધાર પોતાના પ્રતિનિધિ દ્વારા કરવો પડે. પોતાના એકલાથી સર્વ કાળે કે સર્વક્ષેત્રે જગતનો ઉદ્ધાર ન બને. હવે એવો રસ્તો, કયો કે જેનાથી કાળાંતરે જગતનો ઉદ્ધાર થાય? સર્વ ઠેકાણે પ્રતિનિધિઓ નીમે તો શરીરધારી દેવ ઉદ્ધાર કરી શકે.

**જગતમાં ત્રણ પ્રકારની સત્તા** - આ વાતથી ખ્યાલ આવશે કે ગુરુતત્ત્વની જરૂર પડે છે. તે ત્રણ પ્રકારે છે. જગતમાં સત્તા ત્રણ પ્રકારે - ન્યાયી, લશ્કરી અને વહીવટી. એમાં વહીવટી સત્તા ઉપર જ જગતનો ઉદ્ધાર સમાયેલો છે. જો તે સત્તા વ્યવસ્થિત વહીવટ ચલાવે તો જ જગતનો ઉદ્ધાર થાય. તેમ અહીં જૈન શાસનનો વહીવટ આચાર્ય ભગવંતો ચલાવે છે તેથી જગતના જીવોનો ઉદ્ધાર થાય છે.

कइयावि जिणवरिंदा पत्ता अयरामरं पहं दाउं ।
आयरिएहिं पवयणं धारिज्जइ संपयं सयलं ॥
(उपदेशमाला गा० 12)

જયારે જિનેશ્વરોનું આયુષ્ય પૂરું થતું હોય ત્યારે જગતના જીવોના ઉદ્ધારનું કાર્ય રખડતું રહે તે તેમને ન શોભે તેથી તે કાર્ય તે રીતે આગળ ચાલુ રહે તે માટે તેમણે શું કર્યુ? પોતાના વિના કેમ ચલાવાય? આથી પ્રતિનિધિ દ્વારા ચલાવે છે એટલે આચાર્યો તે **તીર્થંકરો**ના પ્રતિનિધિઓ છે અને તેઓ સર્વ શાસનનો વહીવટ ચલાવે.

**આચાર્યો એ તીર્થંકરોના પ્રતિનિધિ છે** - હવે પ્રથમ પહોરે **તીર્થંકરો** દેશના આપે અને બીજે પહોરે ગણધરો દેશના આપે. અહીં નવીન શું કરવાનું હતું કે ગણધરો બીજે પહોરે દેશના આપવા લાગ્યા? કહો કે **તીર્થંકરો** જેવાં તત્ત્વો કહે તેવાં જ તત્ત્વો ગણધરો કહે. તારતમ્યતા ન રહે તેટલા માટે પોતાની રૂબરૂમાં જ તેઓ પ્રતિનિધિનું સ્થાપન કરે છે. તેથી જણાવ્યું કે આચાર્ય તે આચાર્ય નથી પણ તે **તીર્થંકર**ના પ્રતિનિધિ છે. જેમકે અહીંનો વાઈસરોય જે હોય તેને રાજ્યાભિષેક વખતે રાજાનું સર્વ માન મળે છે, કારણ કે તે રાજાનો પ્રતિનિધિ છે. હવે **મોગલાઈ**માં જે પ્રતિનિધિઓ થયા કે પ્રાંતના સૂબાઓ થયા, તેમને પ્રાંતો રક્ષણ માટે સોંપાયા પણ તે તો માલિક થઈ બેઠા, તેવું અહીં ન ચાલે. અહીં તો જિનેશ્વર મહારાજનું જ મંતવ્ય, કથન કે તત્ત્વ પ્રકાશિત કરે તો તે આચાર્ય આચાર્ય, તેથી તે **તીર્થંકર**ના પ્રતિનિધિ છે. અહીં આચાર્યપણું કંઈ ચાલ્યું જતું નથી પણ અધિકતા દર્શાવાય છે, જેમ રાજ્યાભિષેક વખતે વાઈસરોયનું વાઈસરોયપણું ચાલ્યું જતું નથી પણ રાજાસમાનનું માન તેને મળે છે.

**તીર્થંકરો અર્થ કહે, ગણધરો સૂત્રો રચે** - અહીં **જર્મની**ની ૧૪ શરતો જેવું નથી કરવાનું. ત્યાં દેશ ન લેવો પણ દેશના કટકા કરી નાખવા. ત્યાં સ્વતંત્રતાના નામે દેશ ન લે પણ સરહદો માટે કલમો એવી ગોઠવે કે સરહદોનો કંઈ અર્થ જ ન રહે. હવે જિનેશ્વર મહારાજનાં તત્ત્વો, જે ધ્યેય કે જે મુદ્દાથી જાહેર કર્યા હોય તે જ મતલબથી કે ઉદ્દેશથી તેનું સમ્યક્ પ્રકાશન કરે તો જ તે આચાર્ય **તીર્થંકર**ના પ્રતિનિધિ છે. હવે કોઈ માણસે જગતના ઉપકારને માટે વિવેચન કર્યું હોય પણ જેમ કોર્ટમાં થયેલો હુકમ દરેક ઠાણે ન પહોંચે ત્યાં સુધી તે હુકમ કાગળિયા ઉપર જ રહે, તેમ અહીં **તીર્થંકર** મહારાજે જે મોક્ષમાર્ગ પ્રરૂપ્યો તેને જો આચાર્યાદિ ઉપાશ્રયાદિમાં ફેલાવે નહિ તો પછી તે પણ સમવસરણમાં જ રહ્યો કહેવાય. માટે ચારે બાજુ **તીર્થંકર**ના આદેશને પહોંચાડનાર - નિયત કરનાર તો આચાર્યો જ છે.

**તીર્થંકર** તો માત્ર ક્ષણવાર બોલી દે. તેમનાં ફરમાનોની નોંધ કરનાર - ડાયરી રાખનાર કોણ? આચાર્ય. 'अत्थं भासइ अरहा सुत्तं गंथंति गणहरा.' (आव० नि० गा०९२) એટલે અરિહંતો અર્થનું પ્રકાશન કરે અને ગણધરો તો સૂત્રની રચના કરે. તેઓએ તો ડાયરી કે નોંધપોથી રાખવી જોઈએ, કારણ કે કાળાંતરે મનન કરાવનાર કે વર્તન કરાવનાર તે ડાયરી પણ સર્વ આધાર રાખે છે. હવે તેવી ડાયરી કરનારા જે કોઈ હોય તે જ આચાર્ય ભગવંતો છે. આચાર્ય નામ કઠિન લાગતું હોય તો આ ભાવાર્થ લો એટલે બસ છે. એટલે તે તત્સમયના શ્રોતાઓને નોંધ પૂરી પાડનારા અને ભવિષ્યના ભવ્યોને પણ તે પૂરી પાડનારા આ આચાર્યો છે.

**બિલાડીને દૂધ ભળાવવાનું ન હોય (૬)** - હવે એક બીજી વાત ધ્યાન લો કે 'બિલાડીને દૂધ ભળાવવાનું ન હોય.' તેમાં પરિણામ એ આવે કે છોકરાઓ દૂધ દેખવા ન પામે. તેમ અહીં જિનેશ્વરની ડાયરી કે નોંધપોથીને સંભાળનારા આચાર્યો ખરા. તેઓ તેમના ઉપદેશનો પ્રચાર કરે, શાસન ચલાવે, તેના પ્રતિનિધિ ગણાય છતાં બિલાડાં જેવા તો તે ન જ હોવા જોઈએ.

**આચાર્યને રાખવાનાં પાંચ ધ્યેય** - હવે આચાર્યને પાંચ ધ્યેય રાખવા જોઈએ. 'पंचाचारपविते' એટલે જ્ઞાનનો આઠ પ્રકારનો આચાર બતાવ્યો છે તેમાં વૃદ્ધિ થાય તેવી રીતનો ફેરફાર કરો, દર્શનાચારના આઠ પ્રકારના આચારોને ધ્યેયમાં રાખી તેના ઉત્તેજન માટે ફેરફાર કરી શકો. જેમ વાઈસરોય રાજ્યના ધ્યેયને આગળ રાખી ફેરફાર કરી શકે છે, પણ 'તેને જવા દો' એમ તો નથી જ કરતા. તેમ અહીં જ્ઞાન, દર્શન અને ચારિત્રના મુદ્દાને ધ્યાનમાં રાખી તેમાં ફેરફાર કરી શકે છે, પણ પ્રથમ સોગન એટલે પ્રતિજ્ઞા લેવડાવે પછી જ પ્રવૃત્તિ કરવાની છૂટ આપે છે. જ્ઞાન, દર્શન કે ચારિત્રના જે જે રિવાજો કે ધ્યેય, તેમજ વીર્યાચારના જે જે રિવાજો કે ધ્યેય હોય તે પોતાનામાં એટલું બધું વધારે હોવું જોઈએ કે તે

દ્વારા પોતાનો આત્મા પવિત્ર થઇ ગયો હોય. કોનો આત્મા? આચાર્યોનો. શાથી? પંચાચાર દ્વારા.

**તીર્થંકરના સાચા પ્રતિનિધિનું સ્વરૂપ** - હવે શું તેઓ એકલા પાંચ આચારોને જ પ્રવર્તાવે કે? ના. જે દેશમાં વસતિ, હથિયાર, શૂરાતન હોય પણ સાહિત્ય ન હોય તે દેશનું ટકવું અસંભવિત ગણાય, તેમ અહીં પાંચ આચારથી પવિત્રતા આવે એમ નહિ, પરંતુ જેમ નિર્મળ એટલે બત્રીસ દોષરહિત જિનેશ્વર ભગવાને શાસ્ત્રનો અર્થ જણાવ્યો, શાસ્ત્ર રચાવ્યાં, તેની અનુજ્ઞા આપી એટલે ગણધરોએ સૂત્રો રચ્યાં પછી તીર્થંકરે વાસક્ષેપ નાખી તેના ઉપર સહી આપી એટલે અંગ, ઉપાંગાદિ ઉપર અનુમતિ કે અનુમોદન **તીર્થંકર**નું જેના ઉપર થયું છે તેવા સિદ્ધાંતોને કહેવામાં તે તૈયાર રહે. એકલા કહેવાવાળા નથી કહેતા, કારણ કે 'ગઠડીસોયવાળા' જેવું થઇ જાય.

**ગઠડી-સોય (૭)** - અદત્ત ન લેવું એવો કોઇને અભિગ્રહ છે છતાં રસ્તામાં ઘરેણાંની ગઠડી મળી, પણ જો તે કહે તો સહુ લે, પણ તેટલામાં તેણે જોયું કે નજીકમાં સોય પડી છે, તે લઇને તે એવું બોલ્યો કે કોઇની 'સોય છે કોઇની ગઠડી' એમ કહીને તેણે ઘરેણાં લઇ લીધા. આવી રીતે મુખ્ય ગૌણનું કથન કરે તે ન ચાલે. અહીં તો ખુલ્લા દિલથી સર્વને સમજણ પડે તેવી રીતે કહેનારા હોય તો જ તે આચાર્યને **તીર્થંકર**ના પ્રતિનિધિ ગણી શકાય, એટલું જ નહિ પણ **તીર્થંકર** તો જોજનગામિની વાણીથી દેશના આપતા અને એમનું ધ્યેય જગતના ઉદ્ધાર કરવાનું હતું, તેમ અહીં આચાર્યને નિયત કર્યા છે તે જગતના ઉદ્ધાર માટે તેથી આચાર્ય જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં જગત્ કેમ જોડાય તેવા પ્રકારના ઉપદેશથી ઉપકાર કરવાવાળા હોય.

**આચાર્ય ઉપાધ્યાય અને સાધુનો ઉપકાર** - આવી ત્રણ વસ્તુને જે પ્રતિનિધિ તરીકે ગ્રહણ કરે તેવા આચાર્યને તમે મગજમાંથી ખસવા દેશો

નહિ. જેમ ઘોડો ચાહે તેટલો સારો, શીઘ્ર ગતિવાળો હોય છતાં તેનું ધ્યેય તો ઘોડેસવાર ઉપર જ હોય, તેમ અહીં તમે શાસનમાં રહેલા હો, જ્ઞાનાદિની આરાધના કરી કર્મક્ષય કરવા માગતા હો તો તમારે તો આચાર્ય શું કહે છે તેનું ધ્યાન કરવું જોઈએ. આવી રીતે વહીવટ કરનારા કે સત્તા રખનારા એવા આચાર્યો છે. તેમને મદદગાર કે અધિકારી તરીકે કોઈ જોઈએ તો તે ઉપાધ્યાય. જે સાધુ છે તે લશ્કરી છે. તે રીતે ઉપકાર કરે છે. તે વગેરે અધિકાર અગ્રે જણાવાશે.



## વ્યાખ્યાન ૫ : 'ઉપાધ્યાય' પદ

''गणतित्तीसु निउत्ते सुतत्थज्झावणंमि उज्जुत्ते।
सज्झाए लीणमणे सम्मं झाएह उज्झाए ॥
( सिरिसिरिवालकहा - गा० २७॥)

**બે પ્રકારના શ્રોતાઓની પિછાન** - શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ રત્નશેખરસૂરિજી મહારાજા ભવ્યોના ઉપકારને માટે **શ્રીપાલચરિત્ર**ની રચના કરતાં થકાં આગળ જણાવી ગયા કે બે પ્રકારના શ્રોતા હોય. એક તત્ત્વકથાના રસિક અન બીજા સામાન્ય કથાના રસિક. એટલે 'પરમ શુશ્રૂષાવાળા' અને 'સામાન્ય સુશ્રૂષાવાળા'. પરમ શુશ્રૂષાવાળા ધ્યેયને લક્ષ્યમાં રાખે. તેથી જ તે તત્ત્વકથાના રસિક ગણાય. હવે જેને ધ્યેય ધ્યાનમાં કે વસ્તુ મગજમાં ન રહે અને જે ચાલુ વસ્તુને મગજમાં રાખે તે રસકથાના સાંભળનારા ગણાય. અહીં 'શ્રીસિદ્ધચક્ર'ની આરાધના માટે **શ્રીપાલ**નું ચરિત્ર જણાવવામાં આવ્યું તેમાં 'નવપદ'ની આરાધનામાં જેનું ધ્યાન રહેલું હોય. તેનો જ મહિમા જેના મનમાં વધતો હોય તેને જ પરમ શુશ્રૂષાવાળો ગણવો. વળી જેને સિદ્ધચક્રની વાત કે તેનો મહિમા ખ્યાલમાં ન રહે અને ચમત્કાર કે ઋદ્ધિસિદ્ધિને જ જે ધ્યાનમાં રાખે તે રસકથાવાળો જ માત્ર ગણાય. આથી તત્ત્વકથાના રસિક શ્રોતાઓ એટલે પરમ શુશ્રૂષાના રસિક શ્રોતાઓ ચાહે જે સાંભળે તે 'નવપદ'ના આરાધનામાં ધ્યેય તરીકે રાખે.

**નવપદને સિદ્ધચક્ર કેમ કહેવાય છે?** - હવે 'નવપદ'ને 'સિદ્ધચક્ર'

શા માટે કહે છે? મસ્તકે રહેલા સિદ્ધો છે અને નવેપદોની આરાધના સિદ્ધિદશાને મેળવવા માટે છે. આ કારણથી 'નવપદ'ના સમુદાયને ચક્રને સિદ્ધચક્ર કહીએ છીએ. હવે તેનો મહિમા શા માટે? દરેક તહેવાર એકેક અંશે આરાધાય છે. દેવને અંગે **વીર**નો જન્મ, **આદિનાથ**નો જન્મ, **પાર્શ્વનાથ**નું કલ્યાણક, તેમ જ્ઞાનમાં જ્ઞાનપાંચમાદિ, એમ વિવિધ તહેવારો તે સર્વ મોક્ષમાર્ગની આરાધના માટેના છે પણ તે એકેક જુદા જુદા અંશને આરાધનારા છે, એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર કે તપની આરાધનાવાળા છે ત્યારે આ 'સિદ્ધચક્ર'માં સર્વનો સમાવેશ છે. તેમાં એવી એકે વસ્તુ નથી રહેતી કે જે આ 'સિદ્ધચક્ર'માં ન આવતી હોય. અહીં તો દેવ, ગુરુ કે જ્ઞાનાદિની આરાધનાનો વિષય તેની બહાર જતો નથી. જગતમાં આ નવ સિવાય કોઈ વસ્તુ આરાધ્ય જ નથી. કદાચ કોઈ કહે કે 'વીશસ્થાનક' આરાધ્ય નહિ? તે પણ આરાધ્ય છે છતાં તેનું વર્ગીકરણ કરીએ તો તે 'નવપદ'ની બહાર નથી જ. જગતને ધર્મમાં જોડવા માટે, તેનો ઉદ્ધાર કરવા માટે એ 'વીશસ્થાનક' જરૂરી છે અને તે રસમરૂપ છે પણ ધ્યેય તો છેવટે આ નવમા આવવાનું છે એટલે 'નવપદ' વિના કોઈ ચીજ આરાધવા લાયક છે જ નહિ. આરાધ્ય તો 'નવપદ' જ છે.

**નવપદની આરાધના એટલે સર્વની આરાધના** - અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ નવ જ આરાધ્ય છે. દરેક તહેવાર કે તિથિમાં આરાધનાનો મુદ્દો તપાસીએ તો તે આ નવમાં જ એ આવશે. આથી 'નવપદ'ની આરાધના એટલે સર્વની આરાધના. આ ઉપરથી પ્રત્યેક આરાધના ઉડાડી દેવાતી નથી. જેમ કોઈ વખત પ્રત્યેક વસ્તુ પ્રત્યે ઉલ્લાસ વધુ પણ થાય તો તે દ્વારા ધર્મનો ઉદ્ધાર અને પ્રવૃત્તિ થઈ શકે તેમાં બે મત નથી. હવે જેમ પ્રત્યેકની આરાધના જરૂરી છે તેમ આ સમુદાયને આરાધવાની જરૂર ખરી. હવે કુટુંબને સારું કરવા કરતાં જ્ઞાતિને સુંદર બનાવવી જોઈએ, કારણ કે કન્યા લાવવાની પારકા ઘેરથી અને પોતાની કન્યા આપવાની છે પારકા ઘરે. અહીં

પરઘરની કન્યા ખરાબ હોય તો આપણને શું શું હાનિ તેમ જ પરઘરની સ્થિતિ ખરાબ હોય ત્યારે આપણા ઘરની કન્યા ત્યાં જઈ શું ફાયદો ઉઠાવે એવા વિચારોથી પ્રેરાઈને જ્ઞાતિને આખો સમુદાય જ્ઞાતિને સુંદર બનાવે, તેમ અહીં દરેકની આરાધનાવાળો એકની આરાધનામાં રહે પણ જો 'નવપદ' તરફ લક્ષ્ય ન રાખે તો તે ધ્યેયને પહોંચી નહિ વળે માટે આરાધવા લાયકનો જે સમુદાય તે 'નવપદ' છે અને તે ઉપર લક્ષ્ય રાખવું જોઈએ.

**જગતમાં આરાધવા લાયક માત્ર ત્રણ ચીજો** - જગતમાં આરાધવા લાયક ચીજો માત્ર ત્રણ-દેવ ગુરુ અને ધર્મ. સર્વ કોઈ આસ્તિકને આ માન્ય છે અને આરાધવા લાયક છે અને તે ત્રણ જ આ 'નવપદ'માં છે. તો પછી તમે 'નવપદ' શા માટે કહો છો? ત્રિપદી જ કહોને? દેવ, ગુરુ અને ત્રીજામાં 'नमो धम्मस्स' કહેવું હતું ને ? અહીં ત્રણ પદથી ચાલે અને દેવ, ગુરુ અને ધર્મની આરાધના મોંઘમ થાય પણ સુદેવને સુદેવ તરીકે આરાધવા, તેમ સુગુરુને સુગુરુ તરીકે આરાધવા, તેમ સુધર્મને સુધર્મ તરીકે આરાધવો - આવી રીતે વિચારણા કરતાં બે જ દેવ તરીકે આરાધી શકાય. એટલે અરિહંત અને સિદ્ધ મહારાજ સિવાય કોઈ આરાધી ન શકાય. મોક્ષમાર્ગે પ્રયત્ન કરવાવાળાઓએ આ બંને દેવોની જ આરાધના કરવી જોઈએ. તેમ ગુરુતત્ત્વ સર્વ કોઈ આસ્તિક માને છે, પછી કોઈ ફકીર, સંન્યાસી, બાવા કે ભિક્ષુને માને પણ મોક્ષમાર્ગે પ્રવર્તેલો ત્રણને જ ગુરુ માને, ચોથા કોઈને નહિ. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ સિવાય ચોથા કોઈ નહિ.

**ગુરુવર્ગ શા માટે?** હવે ગુરુવર્ગ શા માટે? અરિહંત અને સિદ્ધ બંને સંપૂર્ણ ટોચે પહોંચેલા અને તે ટોચને જાણનારો આપણો જીવ બની શકે તે માટે. જેમ ચંદ્રમા રત્નનો છે પણ તે જોયા જ કરવાનું કારણ કે ત્યાં પહોંચવાનો રસ્તો નથી, તેમ અરિહંત, સિદ્ધના ગુણો જાણીએ, દેખીએ પણ તે પામવાનો રસ્તો તે તો ગુરુને આધીન છે. એટલે તે ગુરૂઓ તે

'સિદ્ધિ' પદ પામવાને માર્ગે ચાલી રહેલા છે તેથી તેમની પાસેથી તે જાણી શકીએ અને અમલમાં પણ મૂકી શકીએ. આવો ગુરુતત્ત્વનો પ્રભાવ છે. પોતે ચાલે અને બીજાને મોક્ષમાર્ગે ચલાવે, અરિહંત મહારાજનું કામ માત્ર શાસન સ્થાપવાનું અને તે સ્થાપે તે વખતે પોતે સંપૂર્ણ ગુણવાળા તેથી ચાલવાનું, કારણ કે અત્યારે તો સિદ્ધ થયેલા છે, તેથી હવે એ સિદ્ધિના માર્ગે ચાલે અને તેથી તે મેળવવું શક્ય છે, આથી તેની પ્રાપ્તિની ખાતરી થાય એટલે આપણે ઉદ્યમ કરીએ અને તે મેળવીએ તેવો ભરોસો ગુરુ જ ઉત્પન્ન કરનારા છે.

**તીર્થંકરની વિશિષ્ટતાથી આપણી પીછે હઠ !** - બીજી વાત એ છે કે **તીર્થંકર**માં એવી કોઇક વિશિષ્ટતા છે કે જેમ પુણ્યશાળી મનુષ્યને દેવતાઇ ઋદ્ધિ મળે અને વગર ઇચ્છાએ સત્કાર્યો થયા જ કરે, અરે જેમ કોઇ સદ્ભાગીનું કંઇ અંગ કાપ્યું અને તેને દાટવા જમીન ખોદી તો ત્યાંથી નિધાન મળે તે ભરોસે બીજાથી ન જવાય. અરે ઘરે બેઠા ચિંતામણી મળે, અહીં અકલ્પિત રીતે ભાગ્યશાળીને સર્વની પ્રાપ્તિ થાય તે ભરોસે બીજાથી ન જવાય. તેમ અહીં **તીર્થંકરો**ના જીવો જ એવા છે કે જે પુણ્યને લીધે ગર્ભમાં આવતાંની સાથે જ્યાં શરીર અંગુલના અસંખ્યતમા ભાગનું છે તે સમયે ઇંદ્રો નમસ્કાર કરે, જન્મ પામે ત્યાં સર્વ ઇંદ્રો અભિષેક કરે. આવા પુરુષમાં આપણે કેમ પગ ચલાવીએ એમ ધારી આપણે પાછા પડીએ છીએ. એ તો ભાગ્યશાળી છે તેથી મેળવે. જગતમાં અત્યંત ઉત્તમતા તે પ્રશંસાપાત્ર હતી પણ તે આપણને તો હઠાવવા રૂપમાં થઇ છે. હવે તેવી પીછેહઠથી પાછા ખસેડવા માટે જો કોઇ આલંબનરૂપ હોય તો તે ગુરુ મહારાજ છે.

**ગુરુતત્ત્વની ઓળખ** - આવા પ્રખર પુણ્યશાળી ભવાંતરથી જેમણે સજ્જડ પુણ્ય બાંધ્યું છે તેવા જ મોક્ષ કે સિદ્ધિ મેળવી શકે તેવું નથી પણ આવા પણ મેળવે છે, આથી ગુરુતત્ત્વની નિંદા કરતા નથી. ઉચ્ચ કુળમાં, રાજકુળમાં જન્મ ન પામ્યા તેથી ઉદ્ધાર ન જ થાય એમ માનવાનું છે જ

નહિ પણ આત્માને - પોતાને મોક્ષને માર્ગે જવું હોય ત્યારે પાછા પડતા હોઈએ તેને પાછા ન પડવા દેનાર, મોક્ષમાર્ગે આગળ વધારનાર તે જ ગુરુતત્ત્વ છે. છેવટે તો ગુરુતત્ત્વ જ 'અરિહંત' અને 'સિદ્ધ' પદ સુધી પહોંચાડી શકે છે.

**'जिणपण्णत्तं तत्तं' નો જ ઉપદેશ** - વળી ગુરુતત્ત્વ તે સંચાલક છે. ચારપ્રકારનો શ્રમણસંઘ તે જ જૈન શાસનની રૈયત છે. તેનું સંચાલકપણું ગુરુ મહારાજે કરવાનું. સ્થાપના **તીર્થંકરો** જ કરે. આ વાત ઉપરથી **મહાવીર** મહારાજે **જમાલિ, મેઘકુમાર** આદિને દીક્ષા આપી. તેમને આચાર અને જ્ઞાન આપવાના કાર્ય અંગે તો ગુરુને જ સોંપ્યા. તેથી ગુરુતત્ત્વ બીજા નંબરે કહેવામાં આવ્યું, હવે તે બીજા નંબરે કેમ? 'અરિહંત' કે 'સિદ્ધ' ને ઓળખાવનાર ગુરુ જ છે તો પછી તેમને પ્રથમ કેમ ન લેવા? વાત ખરી. ગામડાનો વહેવાર તલાટીના હસ્તક પણ છાપ જો તલાટીની કે મુખીની કરે તો મરવું જ પડે. વહીવટ કે વ્યવસ્થા જે કાંઈ તલાટી કરે તે રાજા મહારાજાના નામે. તેમ અહીં ગુરુ ધર્મ આપે, ઉપદેશ આપે, તત્ત્વ કહે તે સર્વ **તીર્થંકર**નાં કહેલાં એટલે 'जिणपण्णत्तं तत्तं' બોલે. પોતાના ઘરનું કાંઈ ન બોલે. પ્રત્યક્ષ સદ્ગુરુથી જે ઉપકાર થાય તેવો ઉપકાર **તીર્થંકરે** કર્યો નથી આમ કહી **તીર્થંકર** કે શાસ્ત્રને ઓળવવા તૈયાર થાય તે અહીં - જૈનશાસનમાં નભે એમ નથી, કારણ કે ગુરુ તે જ માનવાના છે કે જે 'जिणपण्णत्तं तत्तं' ના વાક્યને કહેનારા હોય. જે ગુરુને જિનેશ્વરના આધારે ચાલવાનું છે તે ગુરુ પોતાને અધિક બતાવે તો તે ગુરુને સંઘથી બહાર કરવા જ પડે. 'પ્રત્યક્ષ ગુરુનો સમાગમ જ ઉપકાર કરનાર છે, આવું જે લોકોના મનમાં ઠસે નહિ તે લોકોને સમ્યક્ત્વ જ નથી, આમ કરીને લોકોને દેવ તરફ અરુચિ કરાવે છે.' અહીં આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ તે ત્રણે જણા જિનેશ્વરના તત્ત્વને આગળ કરે ત્યારે જ માન્ય બને.

**ગુરુતત્ત્વમાં ત્રણ જુદા વિભાગ કેમ?** - હવે ગુરુતત્ત્વ કહેવાથી ચાલે છતાં ત્રણ જુદા કેમ? રસોઈ એક શબ્દ છતાં તેની સાથે તેર વાનાં

જોઈએ, તેમ અહીં શાસનની સ્થાપનાની વ્યવસ્થામાં વ્યવસ્થાપક, શિક્ષક વર્ગ અને મદદગાર એમ ત્રણની જરૂર તો ખરી. મદદગાર, શિક્ષણ કે વ્યવસ્થા વિના શાસન ચાલે જ નહિ. તેથી આચાર્યનું કામ વ્યવસ્થાનું, ઉપાધ્યાયજીનું કામ શિક્ષણ આપવાનું અને દરેક રીતે મદદગાર બનવાનું કાર્ય સાધુનું છે. જો આ ત્રણ વસ્તુ ન હોય તો એક પણ વસ્તુ ચાલી શકે તેમ નથી. હવે અહીં કહેવું જોઈએ કે વ્યવસ્થાપક આચાર્ય, શિક્ષણદાતા ઉપાધ્યાય, મદદગાર સાધુ એ ત્રણની જરૂર છે. એમના વિના કામ ચાલે જ નહિ. ગઈ કાલે આચાર્ય અંગે જણાવી ગયા. હવે ઉપાધ્યાયને અંગે વિચારીએ.

**ઉપાધ્યાયજીની જરૂર શી ?** - 'ઉપાધ્યાય'ની જરૂર શી? આખા ગચ્છની, પોતાની પાસે રહેલા અગર બીજે સ્થાને વિચરતા સાધુ સાધ્વીની વિચારણા તેમને કરવી પડે. પ્રાચીન કાળમાં સાધુ સાધ્વીને એક પણ વસ્તુ 'આચાર્ય કે ઉપાધ્યાયને પૂછયા વિના લાવવાનો હક નહિ. લાવે તો પૂછયા વિના વાપરવાનો હક નહિ. પૂછયા વિના વાપરે તો ચોરીમાં ગણાય તેથી અદત્તાદાન - વિરમણની ભાવનામાં અનુજ્ઞાથી લાવેલા હોય તો જ તે શુદ્ધિમાં ગણાય એમ કહ્યું.

**ક્ષુલ્લક મુનિ અને ઉપાધ્યાયજીની ફરજ (૮)** - આપણે ક્ષુલ્લકમાં પણ સાંભળીએ છીએ કે - રાજાની રાણી આપત્તિ સમયે શીલને બચાવવા ઘરમાંથી નીકળી ગઈ. ગર્ભ રહેલો છે. ત્યાં દીક્ષા લીધી છે. છોકરો જન્મ્યો છે. દીક્ષા અપાવી છે. માના કહેવાથી બાર વર્ષ થયા. અહીં દીક્ષામાં રહેવાની ભાવના નથી એમ માને પુત્ર કહે છે ત્યાં મા જવાબ આપે છે કે પ્રવર્તિનીને પૂછયા વિના કાંઈ નહિ. અહીં પ્રવર્તિનીની આજ્ઞાથી બીજા બાર વર્ષનો સ્વીકાર કરવો પડયો. એ મુદત સમાપ્ત થતા ત્યાં પાછો ગયો. ત્યાં તેણીએ ઉપાધ્યાયને આધીન થવા કહ્યું અને તેમના કહેવાથી બીજા બાર વર્ષ તેણે કાઢયાં. તે પછી આચાર્યનો વારો આવ્યો. આમ બાર વર્ષ વધુ રહી છેવટે ત્યાગ કરી સંસારમાં ગયો. એક દિન રહી પાછો વૈરાગ્ય પામ્યો. અહીં તત્ત્વ શું છે? દરેકની તપાસ ઉપાધ્યાયજીએ રાખવી પડે.

શિક્ષણમાં કેમ આગળ વધે. તે તેમણે જોવું પડે. હાલ શિક્ષણ માટે આપણે લાંબો વિચાર કરીએ છીએ કે શિક્ષણથી જગતને લાભ થાય છે કે નહિ, તેમ અહીં આખા ગચ્છની મર્યાદા ધ્યાનમાં રાખી ઉપાધ્યાયજી શિક્ષણ આપે, તે એકલા શાસ્ત્રનું નહિ પણ વર્તવાની ફરજ સાથેનું. કેટલા વર્તે છે, કોણ વર્તતું નથી એમ સર્વ કાંઇ ધ્યાનમાં રાખે. ગચ્છની સર્વ ચિંતામાં જોડાયેલા ત્યાં 'नियुक्त' પદ શા માટે ? 'करे' પદ કેમ નહિ? 'सब तुम्हारा मगर हुकम तो हमारा' ઉપાધ્યાયજી કહે સર્વ પણ જોખમદારી તો સર્વ આચાર્યના નામે જ હોય. વ્યવસ્થા કે ચિંતા સર્વ આચાર્યની અનુજ્ઞાએ જ ઉપાધ્યાય કરે. ગચ્છની કે શાસનની સંભાળની અંદર આચાર્ય દ્વારા જ ઉપાધ્યાય જોડાયેલા હોય.

**ઉપાધ્યાયજી કેવા હોય ?** - વળી ઉપાધ્યાય કેવા હોય તે વર્ણવતાં કહે છે કે તપાસ રાખવા પૂરતી જ એમની ફરજ નથી પણ જેમ માતા છોકરાની સર્વ જાતની ખબર રાખે તેમ. જો કે માત્ર શરીરની જ પણ તે ભણ્યો ગણ્યો કે નહિ તેની તેને ચિંતા ન હોય. કારણ કે પોતાનામાં હોય તો તે રાખે ને ! પણ માતા શિક્ષણ વિનાની હોય તેથી તે વિચાર ન આવે. અણઘડ માતાઓ પણ બચ્ચાંઓના શરીરની ચિંતા કરે તેમ અહીં ઉપાધ્યાયજી ન કરે પણ તેઓ સૂત્ર અને અર્થ બંને ભણાવવામાં તૈયાર રહે, કોને કોને કેમ ભણવું, શું ભણાવવું, કેમ ભણાતું નથી એ વગેરેની તેઓ તપાસ રાખે. એટલા માટે શાસ્ત્રમાં કહ્યું કે પાત્રને એટલે પર્યાયથી યુક્ત અને યોગ્ય એવાને જો ન ભણાવે તો આચાર્ય અને ઉપાધ્યાયને પ્રાયશ્ચિત લાગે. આ ઉપરથી સમજાશે કે તેઓ શિક્ષણના સર્વોપરી છે તેથી સર્વને ભણાવવામાં ઉદ્યમવાળા અને તપાસ રાખવાવાળા તે 'પાઠકપ્રવરો'હોય છે.

**એક શંકા અને તેનું નિરસન** - અહીં એક શંકા થશે કે ઉપાધ્યાયનો હક સૂત્ર દેવાનો છે -અર્થનો હક નથી. અર્થદાતા તો આચાર્ય હોય છે, છતાં સૂત્ર અને અર્થ બંને કેમ લીધા? વાત ખરી. એમાં એક વાત લક્ષ્યમાં એ લો કે કેટલીક વખત આચાર્ય અને ઉપાધ્યાય બંને એક જ હોય છે. તેથી **ઠાણાંગસૂત્ર**માં 'आयरियउवज्झाय' એમ કહી એકવચન લીધું છે, ત્યાં

ખુલાસો કર્યો છે કે તે બંને એક હોય. તેથી સૂત્ર, અર્થ બંને દેવામાં ઉદ્યુક્ત એમ કહેવાય. અહીં સૂત્ર માત્રથી જે અર્થ આવે તે જ લેવાનો પણ નિર્યુક્તિ કે ભાષ્ય તરીકેના અર્થો ન લઈએ તો પણ અડચણ આવતી નથી. આથી સૂત્ર અને અર્થ બંનેને દેવાવાળા 'ઉપાધ્યાયજી' હોય છે.

**જૈન શાસનના શિક્ષણ-સંચાલક ઉપાધ્યાય** - કેટલાક શિક્ષકો એવા હોય છે કે ઘરેથી પ્રથમ શિક્ષણની તૈયારી કરીને ન આવે પણ શાળામાં આવતાં જ ખુરશી પર બેસીને જે આવ્યું તે શીખવે. અહીં ઉપાધ્યાયજી તેવા ન હોય પણ અભ્યાસ કરાવવા સિવાયના ટાઈમે આખો દિન સૂત્ર-અર્થની ચિંતામાં-અભ્યાસમાં લીન હોય. આવી રીતના ઉપાધ્યાયો જ સુંદર શિક્ષણ આપી શકે. ભણેલો પણ રખડતો શિક્ષક વિદ્યાર્થીઓને સુંદર શિક્ષણ કે તાલીમ ન જ આપી શકે. અહીં 'ઉપાધ્યાયજી' તેવા હોતા નથી, પણ બાર અંગ તથા ઉપાંગના સ્વાધ્યાયમાં જ લીન હોય. તેઓ બહાર જતા નથી. જેમ 'માછલાને પાણી વિનાનો કાળ તરફડિયાં મારવા જેવો લાગે' તેમ ઉપાધ્યાયજીને સ્વાધ્યાય વિનાનો કાળ તેવો લાગે. આવા ઉપાધ્યાયજી શિક્ષણ-સંચાલક બને તેમાં ના નહિ.

**પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં લીન** - આવું શિક્ષણનું સંસ્થાન કહો કે કમિટી કહો તે કેટલી ઉપયોગી છે તેમજ તે વિના કેટલું નભાવી શકીએ તેમ છીએ એ વિચારવા જેવું છે. કોઈ દેશને શિક્ષણ વિના ચાલી શકે તેમ નથી. તેમ અહીં શાસનને અંગે અપાતું શિક્ષણ તે 'ઉપાધ્યાયજી' દ્વારા બને છે તેથી ઉપાધ્યાયજી મહારાજ શાસનની જડરૂપ છે અને તેથી તેઓ પાંચે પ્રકારના સ્વાધ્યાયમાં- વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથામાં લીન જ હોય. આવા ઉપાધ્યાયો પ્રત્યે આપણી ફરજ શી? તેઓ પ્રત્યે સુદૃઢ નિશ્ચય રાખવો કે તે મારા આત્માનું કલ્યાણ કરવાવાળા છે' એવી રીતે ચોવીસે કલાક ધ્યાન ધરવું જોઈએ. આવી રીતનું 'ઉપાધ્યાયજી'નું વર્ણન કરી શિક્ષણ-શિક્ષક સંસ્થાનો વર્ગ જણાવી પરસ્પર મદદ કરનાર વર્ગ કેવો છે, તે શી મદદ કરે છે અને એ પાંચમા પદે કેમ એ વગેરે અધિકાર અગ્રે જણાવાશે.

## વ્યાખ્યાન : ૬ 'સાધુ પદ'

''सव्वासु कम्मभूमिसुं विहरंते गुणगणेहि संजुत्ते ।
गुत्ते मुत्ते झायह मुणिराए निट्ठियकसाए ॥
( सिरिसिरिवालकहा - गा० २८॥)

**નવપદની આરાધનાથી શું શું થાય?** - શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ રત્નશેખરસૂરિજી મહારાજ ભવ્યોના ઉપકારને માટે શ્રીપાલ ચરિત્ર રચના કરતા થકા આગળ જણાવી ગયા કે જે કથા કહેવામાં આવે તે મુખ્યતાએ 'કાંતાસંમિત' વાક્યથી પ્રતિબોધ પામવાવાળાને ઉદ્દેશીને કહેવામાં આવે પણ કથામાં જે પરમ શુશ્રુષાવાળા હોય તેઓએ મૂળ ધ્યેય ચૂકવું નહિ. શ્રીપાલની કથામાં દેવતાઈ ચમત્કારો, આકસ્મિક મંત્રોના ચમત્કારો તેમજ ઋદ્ધિસમૃદ્ધિ તથા પૂતળીઓનું બોલવું વગેરે જે હકીકતો જણાવેલી છે તે ઉત્તમતાને માટે નથી પણ 'નવપદ' ની આરાધનાની ઉત્તમતા માટે છે. 'નવપદ' નો પ્રભાવ એટલો બધો છે કે એની આરાધનાથી દેવતાઓ પાસે આવી ઉભા રહે. વગર ચિંતવ્યે દેવતાઓ વિપત્તિને દૂર કરે અને ઈષ્ટ વસ્તુની સિદ્ધિ પણ તેઓ કરી આપે. 'નવપદ'ની આરાધનાના પ્રતાપે આમ બને. હવે જો તેના ગુણોને આપણે લક્ષ્યમાં ન રાખીએ તો ચરિત્ર સાંભળવા છતાં 'હીરો ઘોઘે જઈ આવ્યો' તેવું થાય આખું ચરિત્ર સાંભળ્યું છતાં 'નવપદ'ની આરાધના માટે તૈયાર ન થયા, તેના ગુણોની ઉત્તમતા ન જાણી, તેની આરાધના રૂંવાટે રૂંવાટે ન ઉપજે તો 'હીરો ઘોઘે જઇ આવ્યો' તેવી સ્થિતિ જાણવી.

**જૈન એટલે સાચો આસ્તિક** - હવે તે ‘નવપદો’ કયા કે જેમાં આખું ધ્યેય મૂકાયું છે? દરેક આસ્તિક મતવાળો ત્રણ તત્ત્વ તો જરૂર માનશે. દેવ, ગુરૂ અને ધર્મ. કોઈ પણ મતવાળો તે ત્રણની માન્યતા વિનાનો હોય જ નહિ. હવે જૈન એ સાચો આસ્તિક છે. તે સાચો કેમ? બીજા આસ્તિકો પરભવ, પુણ્ય, પાપ, સ્વર્ગ અને નરક માને એટલે આસ્તિક બને પણ જૈન મતના હિસાબે છ વસ્તુને માને તો જ સાચો આસ્તિક બને. (૧) પ્રથમ જીવ છે એમ માનો તેમાં પરપોટા જેવો જીવ માનો તેનો કંઈ અર્થ નહિ પણ પાછો (૨) તે નિત્ય છે, પંચભૂત માત્ર નથી. જીવ અનિત્ય હોતો નથી. થશે નહિ. હવે તે નિત્ય અગર વિદ્યમાન છતાં આકાશ જેવો હોય. કારણ કે આકાશમાં ચાહે તેટલી ગરમી કે ઠંડી લાગવા છતાં તે પાતળું થતું નથી તેમ ઠંડુ થતું નથી. જેમ બાહ્ય પદાર્થોની અસર આકાશ ઉપર નથી તેવી રીતે આત્મા ઉપર કોઈપણ જાતની અસર નથી એમ માને તો આસ્તિક નથી પણ સર્વ સંયોગોમાં જ્યાં જોડાય, સાધનોને મેળવે તે સર્વની અસર તેને થાય તેથી (૩) પ્રતિક્ષણે કર્મને કરવાવાળો જીવ હોય છે. જૈન દૃષ્ટિએ આસ્તિકનું ત્રીજું પગથિયું એ થયું કે દરેક ક્ષણે કર્મનું બંધાવું થાય એટલે કાયિક, માનસિક અને વાચિક એ ત્રણે પ્રકારના વ્યાપાર તેને હોય. વળી શાસ્ત્રકાર જણાવે છે કે તેને બાહ્ય કાયિકાદિ વ્યાપાર ન હોય તો પણ તે કર્મબંધનવાળો છે, જેમકે વિગ્રહ ગતિમાં છ શક્તિમાંની એક પણ શક્તિ કે પ્રવૃત્તિ નથી છતાં પણ ત્યાં કર્મબંધ થાય જ છે. આપણે જાણીએ છીએ કે ‘ફેરફૂદડી ફરેલો મનુષ્ય બેસી જાય ત્યારે તેનું શરીર બેસે પણ મગજ તો ફરતું હોય છે’, તેમ અહીં આત્મા પણ વિગ્રહ ગતિમાં પણ કર્મબંધ કરે છે. હવે કર્મ ન બાંધે તો એક અયોગી જ. અયોગી એક જ કેમ? બીજી જગાએ શાસ્ત્રકારોએ સંસારી અને મોક્ષના એમ બે ભેદ જીવના પાડ્યા, તેમાં અયોગીના બે ભેદ છે - એક ચૌદમા ગુણસ્થાનકવાળા અને બીજા સિદ્ધ. માત્ર તે બે જ કર્મબંધનથી બચેલા છે. હવે કર્મબંધ થાય છે એ માન્યતાથી આસ્તિકના ત્રીજે પગથિયે આવ્યા.

**સાચા આસ્તિકની માન્યતા** - હવે મરે લશ્કર છતાં નુકસાન રાજાને, તેમ મુનીમ લૂંટાય છતાં ખોટ તો શેઠને જ હોય. લૂંટાયેલાને ખોટ નહિ. તેમ અહીં પણ કર્મબંધન તો માની લઇએ પણ ચાહે જેવું શરીર બાંધ્યું હોય છતાં મરણ સમયે તે શરીરને છોડી ચાલ્યા ગયા એટલે આત્માને કંઇ ન કરે તેવું નથી. અહીં તો (૪) બાંધેલાં કર્મો પરભવમાં પણ ભોગવવાં પડે, ભોગવ્યા વિના ચાલે નહિ. ભોગવવામાં ન આવે તેમ બને નહિ. આ ચોથું પગથિયું. ત્યાં સુધી તો અભવ્ય જીવ પણ આવે. તે જીવને માને, નિત્ય માને, કર્મબંધ તથા કર્મનો ભોગવટો માને પણ આગળનાં બે પગથિયાં અભવ્ય માને નહિ. જીવ હંમેશાં કર્મ બાંધે છે અને ભોગવે છે. અનાદિથી બાંધે છે અને અનાદિ સુધી ભોગવટો રહેશે પણ છુટકારો નહિ થાય એમ અભવ્ય માને ત્યારે (૫) આસ્તિકો તો કર્મના ભોગવટા સાથે તેનો છુટકારો પણ છે એટલે મોક્ષ નામની પાંચમી ચીજ કે પગથિયાને તેઓ માને છે. હવે મોક્ષ માનવા છતાં ત્યાં જવાનો રસ્તો ન હોય તો શું? આથી જિનેશ્વરે (૬) મોક્ષના ઉપાયો જણાવ્યા છે. તે માનવા અને તેને અમલમાં મૂકવા પ્રયત્ન કરવો તે આસ્તિકતાનું છઠ્ઠું પગથિયું છે. હવે પોતાને આસ્તિક મનાવવા સહુ કોઇ તૈયાર છે, પણ ઉપર જણાવેલી છ વસ્તુને જયારે માને ત્યારે જ તે સાચો આસ્તિક બની શકે. આવી રીતની જૈન માન્યતા છે. તે દૃષ્ટિએ થયેલો આસ્તિક દેવ, ગુરુ અને ધર્મ - એ ત્રણ તત્ત્વને માને તેમાં આશ્ચર્ય શું? હવે જેઓ છઠ્ઠા પગથિયે આવ્યા નથી તેવા આસ્તિકો દેવ, ગુરુ અને ધર્મને માને તો પછી સાચા આસ્તિકો જે જૈનો તે માને તેમાં નવાઇ નથી.

**અરિહંતો અને સિદ્ધો જ સુદેવ** - દરેક આસ્તિકને ત્રણ તત્ત્વની માન્યતા માટે પૂછીએ તો સહુ કોઇ હા ભણવા તૈયાર છે, પણ કયા દેવ માનવા એ પ્રશ્નના ઉત્તરમાં તે આડા અવળા ભાગવા માંડે છે. ત્યાં કોઇ **બ્રહ્મા**, કોઇ **વિષ્ણુ**, કોઇ **મહાદેવ**, કોઇ **સદાશિવ**, તો કોઇ **હનુમાન** આદિને માનવા તૈયાર થાય. તે માટે અહીં કહે છે કે સાચા આસ્તિકોને

દેવતત્ત્વ તો માનવું છે, પણ કયા દેવને માનવા તે સમજવાનું છે. દેવ તત્ત્વમાં બે ભેદ છે તેને માનો તો જ સાચા આસ્તિક- એક અરિહંત અને બીજા સિદ્ધ. તે બે વિના કોઈ તરીકે માનવા લાયક જ નથી. 'અરિહંત' પદ ઉપર રહેલા જીવો તેમજ 'સિદ્ધ' પદ ઉપર રહેલા જીવોને જ દેવ તરીકે મનાય, તે જ સુદેવ ગણી શકાય.

**તીર્થંકરોને ન માનીએ તેમાં શું?** - આ વાત જ્યારે લક્ષ્યમાં લેશું ત્યારે નક્કી થશે કે **તીર્થંકરો**ને ન માનીએ તેમાં શું? કદાચ નિંદા ન કરીએ. જો આમ હોય તો તમે સુદેવને સુદેવ તરીકે માનવાવાળા નથી. 'અરિહંત' મહારાજને માનવા એ ફરજ રૂપ છે છતાં ન માનીએ તે ભૂલને પાત્ર છે. ચોકસી થઈને સોનાને સોનું ન કહે તે પણ એક ગુનો. ભલે પિત્તળ ન કહે પણ સોનું ન કહે તો પણ ગુનેગાર. તેમ અહીં 'અરિહંત' તથા અષ્ટ કર્મનો ક્ષય કરી 'સિદ્ધ' પદને પામેલાને ન માનીએ તો જૈન જ નહિ. કારણ કે જૈનોનું એ કામ છે કે સુદેવને સુદેવ તરીકે માનવા. આથી બંનેને દેવ તરીકે માનવા જ જોઈએ. ઈતરોમાં ભલે દેવ, તરીકે માનવામાં મતભેદ હોય પણ જૈનોને મતભેદ છે જ નહિ. જૈનોના પેટાવિભાગોને પૂછીએ તો અરિહંત કે સિદ્ધને દેવતત્ત્વ તરીકે માનવામાં વિવાદ જ નથી. અહીં એક વાત ધ્યાનમાં રાખવાની છે કે હું રાજાને માનું છું પણ રાજાનો હુકમ મારે માનવો નથી એનો અર્થ શું ? રાજા મારો મુગટ, તે મારો મુરબ્બી પણ તેનો હુકમ અમાન્ય. આમ બોલવું તે સમજુને કોઈ દિન શોભે નહિ, તેમ અરિહંત મહારાજને સુદેવ તરીકે માનવાવાળા જે છે તે જો તેમને સાચા રૂપે માને તો તેમનાં વચનોને માન્યા સિવાય ચાલી શકે જ નહિ.

**શેઠને માને પણ તેની સહી ન માને તે કેવા ગણાય?** - હવે તેમને સાચારૂપે માનવાવાળા કેવી રીતે બને? જે જિનેશ્વરોનાં વચનોને ગણધરોએ સૂત્રોરૂપે ગૂંથ્યાં છે એટલે તેમને અર્થના અનંતર - આગમવાળા અને સૂત્રના પરંપરાગમવાળા જેઓ માને તેઓ જ ખરેખર **તીર્થંકર**ને માનવાવાળા છે. જેઓ **તીર્થંકર**ની પરંપરાએ આવેલાં શાસ્ત્રોને

માનવા તૈયાર ન થાય તે શેઠને માને પણ તેમની સહીને ન માને તેવા ગણાય.

**૧૯૧૮ના યુદ્ધમાં જર્મનીએ સુલેહ કેમ કરી?** હવે દેવતત્ત્વ માનનારને ગુરુતત્ત્વને માનવાની જરૂર છે તેટલા માટે ગુરુતત્ત્વ કહ્યું. તેમાં ત્રણ પ્રકાર. આગળ જેમ જણાવ્યું કે રાજ્યમાં વ્યવસ્થા કરનાર, શિક્ષણ આપનાર અને મદદગાર એમ ત્રણ વસ્તુ જોઈએ તેમ દેશને અંગે પણ ત્રણ વસ્તુ જોઈએ જ છે. તેમ અહીં શાસનને અંગે ત્રણ વર્ગ જોઈએ. તે ત્રણ વ્યક્તિ વિના શાસન ચાલી શકે નહિ. હવે વ્યવસ્થા કરનાર કોણ? આચાર્ય. શિક્ષણ દેનાર વર્ગ કોણ? ઉપાધ્યાય. છતાં પણ ખાવાનું ઠેકાણું ન હોય. જોઈતા પ્રમાણમાં વસ્ત્રો ન હોય તો શું ? **પોલેંડ** અને **બેલ્જીયમ** સરખા દેશોમાં લડનારને ખાસડાંની ખામી હતી. કેડ કેડ સુધીનાં પાણીમાં રહીને જ્યાં લડવાનું હોય ત્યાં પાણીના ખારમાં શરીર બચે કેમ? માટે સાધન સામગ્રી જોઈએ. હવે સાધન-સામગ્રીથી વ્યવસ્થા થાય, શિક્ષણ પ્રચાર પણ થાય. ઓગણીસો અઢારની લડાઈમાં **જર્મની**એ કહી દીધું કે. અમારા જર્મનોનું લોહી ઠંડુ થયું નથી, તેઓ લડવા તૈયાર છે પણ **યુક્રેન** દેશમાં દુષ્કાળને લીધે સાધન ન આવી શક્યું, તેથી બીજા દેશો ફૂટી ગયા અને તેના મિત્રો તેને રણાંગણમાં મૂકી ચાલ્યા ગયા તેથી જ સુલેહ કરવી પડી. અહીં રાજકથા નથી માંડવાની પણ મદદગારરૂપ જે સાધન-સામગ્રી તે જો સારી ન હોય તો કઈ સ્થિતિ આવી પડે છે તે જરાક વિચારો સાધન-સામગ્રીના અભાવે, મિત્રરાજ્યોના વિશ્વાસઘાતને લીધે તેણે સુલેહ કરી. હાલ પણ મિત્ર રાજ્યોની સલાહ એ જ છે કે તેને કોઈ પણ રીતે ઘેરો જેથી તેને મહાત કરી શકાશે. સાધન-સામગ્રી આવતી અટકાવો. તેમ અહીં આચાર્ય વ્યવસ્થા કરતા હોય, ઉપાધ્યાયો શિક્ષણ આપતા હોય છતાં સાધુ જે મદદગારરૂપ તે મદદ ન આપે તો શાસનની વ્યવસ્થા કેવી રીતે થાય? જેમ આચાર્ય, ઉપાધ્યાયનું શાસનમાં સ્થાન છે તેવું જ અહીં સાધુનું પણ સ્થાન છે.

**શું મગ ને મોતી બંને સરખાં?** - અહીં કોઈ કહેશે કે જૈન શાસનમાં મગ ને મોતી બંને સરખાં મળે છે, તે જાણી આશ્ચર્ય થાય છે, કારણ કે જે ઘાતી કર્મોનો ક્ષય કરી થયેલા અરિહંતો અને અષ્ટ કર્મોનો ક્ષય કરી 'સિદ્ધ'પદને વરેલા સિદ્ધો, તેમજ આચાર્યો અને ઉપાધ્યાયો તે કયાં અને માત્ર આઠ પ્રવચનની માતાના જ્ઞાનવાળો આ સાધુ ક્યાં? તે બંનેની સરખામણી કેમ હોઈ શકે, કારણ કે સાધુ મહારાજના જ્ઞાનને અંગે દેખીએ તો ઠામઠેકાણું નહિ. જ્યારે કેવળજ્ઞાન વિના સિદ્ધો ન મનાય તેમ આચાર્ય, ઉપાધ્યાયમાં ગીતાર્થપણાનો ગુણ હોય અને તેથી તે મનાય. 'शास्त्रज्ञः सर्वज्ञः' એ અહીં નિયમ નથી. અહીં સાધુને તો માત્ર આઠ પ્રવચનમાતાનું જ જ્ઞાન છે એવાને તમે કયાં મૂક્યા? દેવની જોડે, અરિહંત, સિદ્ધાદિની સરખામણીમાં મૂકયા, કેમકે તેમને તમે પંચપરમેષ્ઠીમાં મૂક્યાં છે ને? અરિહંતાદિ ચારને જેમ પરમેષ્ઠી કહીએ છીએ તેમ આ સાધુને પણ તેમાં ગણીએ છીએ. અહીં મોતી અને મગની કિંમત સરખી ગણો તે કેમ મનાય? એક વાત સમજી લો કે સાધન-સામગ્રી તે તેના બાપની જ સાધુની છે.

**સાધુને શા માટે નમીએ ?** - કોઈએ પ્રશ્ન કર્યો કે સાધુમાં એવું શું છે કે તેમને નમીએ? કારણ કે તેમને વસ્ત્ર, પાત્ર, આહાર, પાણી, શયન, વસતિ, ડોકટરો આદિ સર્વ અમે લાવી આપીએ છીએ છતાં નમન કેમ? તો કહે છે કે મોક્ષમાર્ગ જતાં તારો મદદગાર કોણ? દુકાનમાં મદદગાર ભાગીદાર, ઘરમાં કુટુંબ, પોળમાં પોળના લોકો પણ કર્મક્ષય કરવા માગે, આત્માનો ઉદ્ધાર કરવા માગે તો ત્યાં તારો મદદગાર કોણ? સાધુ. દુનિયા આખી લોભે લૂંટાઈ રહી. મારે શું? કોઈ પણ મનુષ્ય કોઈને પણ મદદ કરવા તૈયાર થાય ત્યારે મને કે મારે શું? નિઃસ્વાર્થ સેવા કરવા જગતમાં કોઈ તૈયાર નથી પણ આંબળા જેવું મીંડું છે. માતા, પિતા, ભાઈ, બેન, ભાણેજ, ભત્રીજાને અંગે તપાસો તો સર્વ જગે નિઃસ્વાર્થ સેવામાં મીંડું જ છે. તેમ અહીં આગળ જગતના જીવોને મોક્ષમાર્ગે, સન્માર્ગે, ધર્મમાર્ગે

જોડવાથી સાધુઓને મળવાનું શું? તેના આત્માનું જે જ્ઞાન તેનો અંશ પણ સાધુને મળવાનો નથી. સમ્યગ્જ્ઞાન કે ક્ષાયિક સમ્યક્ત્વ યાવત્ મોક્ષપ્રાપ્તિ થાય તો પણ તેનો અંશ માત્ર સાધુને ભાગ તરીકે મળવાનો નથી. દુનિયામાં જશ, કીર્તિને પણ સ્થાન હોય પણ અહીં તો તે પણ નથી, કારણ કે જગતનાં કાર્યો જાહેરરૂપે હોય તેથી યશકીર્તિ સંભવે. અહીં તો કાર્યની જાહેરાત જ નથી પછી કીર્તિની જાહેરાત તો હોય જ ક્યાંથી? આથી નિઃસ્વાર્થપણે શાસનની સેવા કરનાર વર્ગ જો કોઇ હોય તો આ સાધુ-વર્ગ જ છે.

**સાધુની નિઃસ્વાર્થ પ્રતિજ્ઞા** - જેણે પોતાના આખા કુટુંબની, જલાંજલિ દઈ દીધી, વોસિરે, વોસિરે ન તો મારે કુટુંબની મિલકતની કે વ્યવહારની દરકાર કરવી. મને દરકાર એટલી કે કોઇ જીવ સમ્યગ્દર્શન, જ્ઞાન કે ચારિત્ર પામે તેને મદદગાર થવું. વળી શાસ્ત્રકારે માંદાની માવજતમાં - વિનયમાં પ્રવૃત્તિ નથી કરતો તેને પ્રાયશ્ચિત જણાવ્યું છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણના કામો તો ફરજિયાત કરવાના કહ્યાં. આ વાત ઉપરથી ખ્યાલ આવશે કે 'करेमि भंते ! सामाइयं' એ વાક્યમાં પ્રથમ પ્રતિજ્ઞા કરે છે કે રત્નત્રયીને અંગે જે કાર્યો વૃદ્ધિનાં હોય તે મારે ફરજિયાત રૂપે કરવાં. સાધુ આવી નિઃસ્વાર્થ પ્રતિજ્ઞા કરે છે. કબૂલાત આપે છે, એટલું જ નહિ પણ ત્યાં સુધી નિયમ બાંધ્યો કે તું આમાં સેવક તરીકે દાખલ થયો એમ કયારે ગણાય? 'गिलाणं पडिवज्जइ' આથી ભગવાન્ મહાવીર ગૌતમને જણાવે છે કે, મને માનનાર કોણ? જે માંદા સાધુની માવજત કરનારો હોય તે. અહીં માંદાની માવજત કેમ? તો કહે કે માંદાની માવજત સર્વથા નિઃસ્વાર્થ બુદ્ધિથી કરતો હોય છે, તેવો જે હોય તે જ મારા શાસનમાં સેવક તરીકે દાખલ થયો છે. જે માવજત કરનારો ન હોય તે સેવક જ નથી, એટલું જ નહિ પણ શાસનમાં એ નથી.

**ધર્મકાર્યમાં મદદગારરૂપ સાધુ વર્ગ** - હવે સાધુને નમીએ શા માટે તો કહે છે કે **'असहाये सहायत्तं'** જ્યાં ધર્મનું કામ નહિ ઉપાડીશ ત્યાં

સુધી દુનિયાદારીનાં સર્વ કામમાં મદદગાર મળશે, પણ ધર્મકાર્યમાં - સામાયિક પૌષધ કે ચારિત્ર વગેરેમાં મદદગાર કોઇ રહેતું નથી કારણ ત્યાં સ્વાર્થનો ફટકો લાગે છે. સ્વાર્થ આડો આવે છે તેથી મદદરૂપે કોઇ રહેતા નથી. ધર્મકાર્યમાં મદદગાર રૂપ જો કોઇ વર્ગ હોય તો તે સાધુ જ છે. જગત્ તમને અંશે પણ સહાય ન કરે તેવા કલ્યાણના રસ્તામાં સહાયરૂપ આ સાધુવર્ગ છે, તેથી પંચપરમેષ્ઠીમાં તેમને નમસ્કાર મુખ્યતાએ જણાવ્યો છે.

**પંચપરમેષ્ઠીમાં સાધુને કેમ દાખલ કર્યા ?** - આ સર્વ વાત સાંભળીને કોઇ કહેશે કે અમને તો તમે પરાધીન બનાવ્યા; કારણ કે સહાયકની દરકાર રાખીને તેમને નમસ્કાર કરવાનો ને? મૃગલાઓ કોની મદદ ઉપર નીકળે છે? કોના મદાર ઉપર વનવાસ કરે છે? તે કોઇની મદદ ઉપર કંઇ પણ કરતા નથી. તેમ સાધુઓએ મૃગચરિયા જેવા થવું જોઇએ. અહીં સાધુઓ મૃગચરિયા જેવા ગણાય છતાં તેને સહાય કરનાર વર્ગ તરીકે જણાવો છો તેથી તો પાણી ફેરવ્યું. આવી પ્રશ્નપરંપરા કરનારે એક વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે સજ્જન સન્માનની ઇચ્છા ન કરે પણ આપણે તેને સન્માન દેવા તૈયાર થવું કે નહીં? જો કે સજ્જનની શોભા એવી ઇચ્છા ન કરવામાં છે અને જગતની શોભા એમને સન્માન દેવામાં છે. તેમ સાધુ બને તે સહાયની દરકાર રાખીને ન બને પણ સહાયકોએ તો સહાયતા કરવાની જ છે. સાધુના આચાર, વિચાર કે રિવાજને શીખવવામાં મદદગારરૂપ તે સાધુઓ જ છે. કારણ કે જ્યાં રાજા, પ્રધાનાદિ આચારને ગ્રહણ કરવાવાળા હોય તેમને શીખવે કોણ? અહીં કોઇ કહેશે કે ઉપાધ્યાયજી કે આચાર્યજી શીખવશે. તો કહે છે કે સારા અક્ષરોને વાંચવાનું શિક્ષણ મળેલ છે પણ તેની ક્રિયા અમારા હાથમાં આવી નથી. તેવી રીતે ઉપાધ્યાયજી શાસ્ત્રીય શિક્ષણ આપે. આચાર-વિચાર જણાવે પણ ક્રિયાનું શીખવવું તે તો સાધુ મહારાજના હાથમાં જ છે. ધર્મના રક્ષણ માટે તેના વિઘ્નોને ટાળવા માટે જીવને મદદની જરૂર છે, તે મદદ પૂરી પાડનાર સાધુ મહાત્મા જ છે, તેથી તેમને પંચપરમેષ્ઠીમાં દાખલ કર્યા છે.

**'सव्वसाहूणं' પદ કેમ?** - અરિહંતાદિ ચાર પદોમાં બહુવચનથી સર્વ લીધા પણ પાંચમા 'સાધુ'પદમાં સર્વ લેવા માટે **'सव्वसाहूणं'** એમ કહી સર્વ શબ્દનો ઉલ્લેખ કર્યો છે. જેઓ ગૃહસંસારનો ત્યાગ કરી સાધુ બન્યા છે, તેમનો અહીં ઉલ્લેખ કર્યો છે. **'अगाराओ अणगारिअं पव्वइए'** સર્વ સાધુનો સમાવેશ કરાય છે. આચાર્ય, ઉપાધ્યાય, અરિહંત અને સિદ્ધની જેમ સાધુમાં સર્વ ગુણ તપાસવા જઈશ નહિ. ત્યાં તો માત્ર સંસાર છોડીને સાધુ બનેલા છે કે કેમ એ જોઇ તેમને નમસ્કાર કરવાનું ન ભૂલતો. આથી તેમને પંચપરમેષ્ઠીમાં દાખલ કર્યા છે.

**પાંચમા પદમાં કયા સાધુ આવે ?** - હવે પંદર કર્મભૂમિમાં રહેલા સર્વ આચાર્યો, ઉપાધ્યાયો કર્મભૂમિની બહાર નથી છતાં સાધુમાં તેમ કહેવાય છે તે તે પદની વ્યાપકતા માટે છે એટલે કોઈપણ સાધુ અકર્મભૂમિમાં સાધુતાને સાધવાવાળો ન હોય તેથી અહીં જે કર્મભૂમિમાં સાધુ છે તે સર્વ પરમેષ્ઠી પદમાં આરાધવા લાયક છે. જેવા નિર્ગ્રંથ સાધુઓ છે તેવા ભરડા-ભગત, તે પણ સાધુમાં આવશે ને? તો કહે છે કે **તીર્થંકર**ના વચનને અનુસારે ચાલનારા જે હોય તે. તે સર્વ તે પાંચમા પદમાં આવશે.

**સાધુની વિશિષ્ટ ઓળખાણ** - હવે દરેક પોતાને એમ કહે છે કે હું **તીર્થંકર**ના વચન ઉપર જ અવલંબી રહ્યો છું. પણ જેમ તેમ લખવાવાળા હોય છે તેથી તેવાઓ પ્રભુ ઉપર જ પગ મૂકવાવાળા હોય છે. **દિગમ્બરો** જિનેશ્વરના વચનને વ્યુચ્છેદ માને છતાં તે વચનને અનુસરીને ચાલવાનું માને છે. જગતમાં દીવાને અજવાળે વાંચવાનો રિવાજ હોય છતાં ઓળાઈ ગયેલા દીવાના અજવાળે મારે વાંચવું એવું ગાંડું બોલવું તે કોને શોભે? કસોટી વિના સોનાની પરીક્ષા ન હોય પણ વગર કસોટીએ સોનાની પરીક્ષા કરી બતાવવી એમ બોલવું તે દુનિયાદારીથી પણ ખોટું છે. તેમ અહીં શાસ્ત્રની શ્રદ્ધા, માન્યતા, પ્રવર્તન આદિ જે ગુણના સમુદાયે કરી સહિત હોય તે સાધુ. આ ઉપરથી કોઈ એમ કહે કે સમ્યગ્દર્શનવાળા તે

સાધુ ને? તો કહે છે કે ના. પણ પાંચ ઇંદ્રિયોના વિષયોને ગોપવનારા, ત્રણ ગુપ્તિએ સહિત, બ્રહ્મચર્યની નવ વાડે સહિત, મન, વચન ને કાયાના યોગે વિરમેલા એવા જે સાધુઓ હોય છે તે સાધુ માન્ય.

**નાટકીઓ કે ચોર સાધુ ન કહેવાય** - નાટકીયાના ચિત્રમાં દોરડા ઉપર ચાલવામાં મન, વચન અને કાયાને જે ગોપવવી પડે તે કોઇ જુદી જ હોય. તેમ ચોર ખૂણામાં સંતાઇ ગયો હોય તેને પણ ત્રણ કરણ ગોપવવાં પડે છે ત્યાં શ્વાસ પણ ચલાવવો ભારે પડે છે. એનું મન, વચન અને કાયા ત્રણે અનુક્રમે એકાગ્ર, મૌન અને સ્થિરરૂપે રહે છે.

**શાસ્ત્રકારનું - સાધુનું લક્ષણ** - એકલી ગુપ્તિને ગણતા નથી. ગુપ્તિ એટલે **'सम्यग्‌योगनिग्रहो गुप्तिः'** શાસ્ત્રકારે જણાવ્યું કે સાચી રીતે યોગનો જે નિગ્રહ કરવો તેનું નામ ગુપ્તિ છે. હવે દુનિયાદારીની તમામ જંજાળ જેણે મૂકી દીધી છે, જે ગૂંથાયા નથી, ગુણના ભંડાર, મન, વચન, કાયાને ગોપાવનારા એવા, વળી અંદરના ચાર ચોરટારૂપ ચક્કરને ખસેડી નાખે. એ જ્યાં સુધી નીકળે નહિ ત્યાં સુધી ગુપ્તિ આદિ કે મોક્ષમાર્ગની પ્રવૃત્તિ બને નહિ. ક્રોધ, માન, માયા કે લોભનું જે ચક્કર તેનું ચૂર્ણ કરીએ ત્યારે જ આગળ વધી શકીએ. વળી જેમણે કષાયોની હદને દબાવી નાખી છે તેવા સાધુઓ જ ગુરુઓ બની શકે. તેવા ગુરુઓનું તમે પાંચમા પદે ધ્યાન કરો.

હવે દેવમાં બે. ગુરુમાં ત્રણ એમ પાંચ પદો જણાવ્યાં. હવે નવ પદમાં ચાર પદ બાકી રહ્યાં તેમાં પંચપરમેષ્ઠી અને નવ પદ એમ જુદા જુદા કેમ? તેમાં ચાર ભેદો કયાં? કેવી રીતે તે વગેરે હવે અનુક્રમે જણાવાશે.

## વ્યાખ્યાન ૭ : 'દર્શન' પદ

**सव्वन्नुपणीयागमपयडियतत्तत्थसद्दहणरुवं ।**
**दंसणरयणपईवं निच्चं धारेह मणभवणे ॥**
**( सिरिसिरिवालकहा - गा० २९ ॥ )**

**નવપદનો મહિમા જણાવવાની જરૂર** - શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **રત્નશેખરસૂરીશ્વરજી** ભવ્યોના ઉપકારને માટે **શ્રીપાલચરિત્ર**ની રચના કરતાં થકાં આગળ જણાવી ગયા કે **શ્રીપાલ** મહારાજાનું આખું ચરિત્ર ઋદ્ધિસમૃદ્ધિની પ્રાપ્તિ, દેવતાઈ ચમત્કારો, આકસ્મિક પ્રવૃત્તિઓ વગેરે સર્વ ચમત્કારોથી ભરપૂર છે. તેમાં રસકથાવાળાઓને તે વાતો ધ્યાનમાં ઉતરેલી હોય. પણ જેઓ તત્ત્વકથાવાળા કે પરમ શુશ્રૂષાવાળા હોય તેઓને તો સાધ્ય તરીકે રહેલી વસ્તુ ધ્યાનમાં રહે છે. તે વસ્તુ કઈ? 'નવપદ'. દોર કાપી નાંખ્યો, દરિયામાં પડવા લાગ્યા ત્યારે રાણીઓ કે મારી ઋદ્ધિ એમ નહિ પણ 'नमो अरिहंताणं' બોલે છે. ઋદ્ધિસમૃદ્ધિમાં આવવા છતાં ત્રણે અવસ્થામાં 'નવપદ'નું આરાધન એટલે ઋદ્ધિ વિનાની સ્થિતિમાં, મધ્યમ દશામાં અને સંપૂર્ણ ઋદ્ધિસિદ્ધિની પ્રાપ્તિ થઈ ત્યારે પણ **શ્રીપાલ** મહારાજનું ધ્યેય 'નવપદ'ની આરાધનામાં જ હતું. આ વાત કોના લક્ષ્યમાં આવે? જે પરમ શુશ્રૂષાવાળો કે તત્ત્વરસિક હોય તેના સમજવામાં આવે અને તે જ પ્રથમ સમજવાની જરૂર છે અને તેથી 'નવપદ'નો મહિમા જણાવવાની જરૂર છે.

**ભવસ્થ કેવલીને દેવ તરીકે કેમ ન લીધા?** - આસ્તિક માત્ર અને જૈનો દેવને આરાધે છે, પણ જૈનો જે દેવને આરાધે છે તે માત્ર બેને. એક શરીરવાળા એટલે અરિહંત ભગવંતને અને બીજા શરીર વિનાના એટલે જ્યોતિ સ્વરૂપ, નિરંજન, નિરાકાર સિદ્ધ ભગવાનને આરાધે છે. અષ્ટ કર્મનો ક્ષય કરી મોક્ષે ગયા તે દેવ, તેમ ભવસ્થ કેવલીને પણ દેવ તરીકે કેમ ન લીધા કારણ કે તે પણ ચાર ઘાતી કર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પામ્યા છે. વાત ખરી, પણ ભવસ્થ કેવલી જે હોય તે સિદ્ધ સિવાય બીજી ગતિમાં જાય નહિ. નરક, તિર્યંચ કે દેવાદિ ગતિમાં જાય જ નહિ. પરંતુ તે સામાન્ય કેવલી સિદ્ધપણામાં જવાના જ છે. હવે આ સમાધાનથી તેમને સિદ્ધપણામાં નમસ્કાર કરાય જ.

**અરિહંતના પ્રતાપે સિદ્ધપદની પ્રાપ્તિ** - હવે 'नमो सिद्धाणं' માં તીર્થંકર કેવલી, સિદ્ધો અને સામાન્ય કેવલી બધા આવે, છતાં એક વાત એ રહે છે કે સિદ્ધ થયેલાને ઓળખાવે કોણ? પોતે તો ઓળખાવી શકે તેમ નથી માટે સિદ્ધને જાણી તેને ઓળખાવે, તેનો રસ્તો બતાવે તે કોણ? તીર્થંકરો. તેથી જ શાસનની સ્થાપના કરનારા ઉત્પાદક તરીકે અને ધર્મ માર્ગના ઉપદેશક તરીકે તેમને માનવાની જરૂર પડે છે. હવે તે સિદ્ધપણું મેળવવું શી રીતે? બંને દેવના ભેદમાં પ્રથમ પદ કયું? અરિહંતના પ્રતાપે સિદ્ધ કે સિદ્ધના પ્રતાપે અરિહંત? અરિહંત મહારાજના પ્રતાપે તેમના સમ્યગ્દર્શનાદિ દ્વારા 'સિદ્ધ'પદ કે સિદ્ધિસ્થાન મેળવાય છે. સિદ્ધોની ઉત્પત્તિ અરિહંતના જ પ્રતાપે છે. આ વાત ધ્યાનમાં લેશો એટલે 'नमो केवलिनं' એ પદ કેમ ન રાખ્યું તે સમજાશે. 'नमो केवलिनं, नमो सिद्धाणं' એ રીતે પદ -રચના કેમ નહિ? એ રીતે રખાય તો **તીર્થંકર**, સિદ્ધો અને કેવલી આવી જાય અને નમસ્કાર થાય પણ સિદ્ધના માર્ગનું પ્રકાશન કેવલજ્ઞાનને અંગે નિયમિત નથી પણ તે માર્ગનો પ્રકાશ કરનાર કે ઉપદેશક અરિહંત તીર્થંકર જ છે. તે સિવાય કોઈ છે નહિ તેથી અરિહંત પ્રથમ પદે છે.

**ગુરુતત્ત્વ માનવાની જરૂરનું કારણ** - હવે સર્વ કાળે, સર્વ દેશે આત્માને સન્માર્ગની પ્રાપ્તિ થાય એવો નિયમ રહેતો નથી. **તીર્થંકર** સિવાય ઘણા જીવોને ગુરુ મહારાજ દ્વારા જ મોક્ષમાર્ગની પ્રાપ્તિ છે. આ ઉપરથી **મહાવીર મહારાજ**ના કેવલી ૭૦૦ ત્યારે **ગૌતમસ્વામીજી**ના ૫૦ હજાર અને **અષ્ટાપદજી**માં એકી સાથે ૧૫૦૦ તાપસો કેવલી. એ બધું કેમ તે સમજાઇ જશે. અહીં કારણ એ છે કે વ્યક્તિની અપેક્ષાએ ક્ષેત્રાંતર, કાળાંતરમાં કોઇની પણ વ્યાપકતા રહેતી હોય તો તે ગુરુની જ છે. હવે સમષ્ટિની અપેક્ષાએ ચોવીસ **તીર્થંકર**નો હયાતીનો કાળ ગણીએ તો બે લાખ પૂર્વ પૂરા નહિ થાય, છતાં ક્રોડાક્રોડ સાગરોપમ સુધીનો મોક્ષપ્રવૃત્તિનો જે કાળ તે કોના પ્રતાપનો છે? કહો કે ગુરુના પ્રતાપનો છે અને તેથી જ ગુરુતત્ત્વ માનવાની હંમેશાં જરૂર રહે તેથી ત્રણ ભેદ જણાવ્યા. એમ કુલ પાંચ તત્ત્વોનું વર્ણન કરી ગયા.

**નવકારમંત્રમાં નવ પદ કેમ નહિ?** - હવે જે પદોનું વર્ણન કરીએ તેને માટે સવાલ રહે છે કે શું તે ચારે પદો નકામા છે? જો નકામાં ન હોત તો નવકારમાં નવ પદ મૂકવાં હતા ને? ત્યાં પણ 'नमो दंसणस्स', 'नमो नाणस्स', 'नमो चारित्तस्स', 'नमो तवस्स' એમ કેમ ન કહ્યું? અને એમ કહી 'एसो नव नमुक्कारो' એમ કેમ ન કહ્યું? પરમ ઉચ્ચ સ્થાનમાં રહેલા તે પરમેષ્ઠી કહેવાય તે હિસાબે શું આ ઉચ્ચ સ્થાન થતાં નથી? જો થાય છે તો પછી તેને પાંચની અંદર ઉમેરી 'નવપદ' નમસ્કારવાળો **નવકારમંત્ર** કેમ નહિ? **ભગવતીજી** આદિમાં પાંચ પદની વ્યવસ્થા છે તેથી બાકીનાં ચાર પદો નકામા લાગે છે કારણ **ચૂર્ણિ** આદિમાં પણ નથી અને તે માનવાની જરૂર નથી, એમ કોઈક પક્ષવાદી બોલે છે, શાસ્ત્રકાર કહેતા નથી તો પછી **નમસ્કારમંત્રમાં મહાનિશીથ** આદિમાં નવપદનો નમસ્કાર બતાવો! વાત ખરી, પણ જરા ધીમો થઇ વસ્તુને વિચાર. પરમેષ્ઠી પાંચ જ છે. આરાધ્ય પાંચ જ છે. નમસ્કાર કરવા લાયક પાંચ જ છે તેમાં બે મત નથી. તેથી

પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવામાં અને પાંચ પદ નવકારમાં રાખવામાં અમને જરા અડચણ નથી પણ આ જીવને હીરો ઘોઘે જઇ આવ્યો તેના જેવું ન થાય.

**ગુણપ્રાપ્તિના ધ્યેયથી ગુણની આરાધના** - આ જીવ અરિહંતાદિ પાંચને નમસ્કાર કરે છે. કારણ કે 'ઘેલીના પહેરણા' જેવું ન થાય. તે નમસ્કાર દર્શનાદિકની પ્રાપ્તિ, વૃદ્ધિના ધ્યેયથી ન થાય તો કંઇ નહિ. ગુણી તો તે પાંચ જ પદ. દર્શનાદિ ચાર તો ગુણો છે. અરિહંતાદિ પાંચ ગુણી છે માટે નવકારમાં પાંચે ગુણીને નમસ્કાર કરવામાં આવ્યો છે. તેમજ **ભગવતીજી, મહાનિશીથ** આદિમાં પણ નવકાર છે તે ગુણીની અપેક્ષાએ છે. અહીં ધ્યેય, સાધ્ય કે પ્રાપ્ય અગર ઉદ્દેશ્ય તરીકે ગુણરૂપ ચાર પદો છે તેથી અરિહંતની સાચી આરાધના કરનારા કોણ? સમ્યગ્દર્શનાદિના ઉદ્દેશથી અરિહંતની આરાધના કરે તો જ તે સાચી આરાધના કરનાર લેખાય. એ જ રીતે સિદ્ધાદિમાં સમજવું, દરેકમાં ચાર ઉદ્દેશ તો હોવા જોઇએ. અન્ય ધ્યેય હોય કે ધ્યેય શૂન્ય હોય તો પણ સાચી આરાધના નથી, માટે અરિહંતની સાચી આરાધના ત્યારે જ થઇ ગણાય કે જ્યારે તે સમ્યગ્દર્શનાદિના ઉદ્દેશથી કરવામાં આવે. આ ઉદ્દેશ છે.

**નવકારમાં પણ સમ્યગ્દર્શનાદિની આરાધનાની પ્રેરણા** - જેમ મંગલાચરણ કરીએ, દેવને નમસ્કાર કરીએ છીએ પણ સાથે વિઘ્નોનો નાશ કરી કાર્યની સમાપ્તિ થવાનું બોલાતું નથી. પ્રાતઃકાળમાં નવકાર મંત્રના સ્મરણ સાથે મારો આત્મા નિર્મળ થજો, મારા આત્માનું આમ થજો એવું કંઇ પણ સાધ્ય શબ્દોની સાથે જણાવવાનું હોતું નથી. હવે નવકારમંત્રમાં તેવું કંઇ નથી.

**દહીં મંગાવનાર શેઠ (૯)** - જેમ એક માણસે નોકરને એક મણ દહીં લાવવાનો ઓર્ડર કર્યો. પેલો માટલા સાથે દહીં લાવ્યો. દહીં લાવવાની પ્રેરણા કે હુકમ થવા સાથે ભાત ન લાવવાની પ્રેરણા તો થયેલી જ છે. તેમ નવકારમાં પણ સમ્યગ્દર્શનાદિની આરાધનાની પ્રેરણા કે હુકમ

થયેલો જ છે. તો પછી અમે નવકાર તો રાતદિન ગણવાવાળા છીએ છતાં તે ચારનું સ્મરણ અમને કેમ થતું નથી? નવકાર માટે નિયમિત યોગ્ય સમય જ નથી. તેના સ્મરણ માટે તો ચાહે શરીર પવિત્ર હોય કે અપવિત્ર હોય, શરીરે ગૂમડાં થયાં હોય, પેશાબ ચાલ્યો જાય, ઝાડા થતા હોય. અંતસમય હોય, સર્વ અસજ્ઝાયનાં સ્થાનો હોય તો પણ નવકારમંત્રને વિસરાય નહિ. આવી મહામૂલ્યવાન્ ચીજ તેમાં દર્શનાદિ છે એ માનવું શી રીતે? હમણાં નહિ માને તો પછી માનીશ.

**સર્વ પાપનો નાશ કરનાર કોણ ?** - આગળ 'एसो पंच नमुक्कारो सव्वपावप्पणासणो' છે. અહીં સર્વ પાપનો નાશ કરનારને નમસ્કાર છે. હવે કહો કે અહીં સર્વ પાપનો નાશ શાથી? પરંપર ફળ પાપનો નાશ પણ અનંતર ફળ શું? સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ, વૃદ્ધિ કે પરાકાષ્ઠા ન કરીએ તો સર્વ પાપનો નાશ થાય જ નહિ. અહીં પાપના નાશરૂપ પરંપર ફળ તો જણાવ્યું પણ અનંતર ફળ જે સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ આદિ છે તે તો આપોઆપ જ આવી જાય એટલે કે શાક લેવા જવાનું થયું એટલે માર્કેટમાં - બજારમાં તો જવાનું, તેમ અહીં વચમાં રહેલાં દર્શનાદિ ચાર તો આવી જાય, કારણ કે તે પાપના નાશને કરનારાં છે. શબ્દથી ભલે ન જણાવ્યાં પણ અર્થથી તે જણાવ્યા વિના ચાલે તેમ નથી. સર્વ પાપનો નાશ અરિહંતને નમસ્કાર માત્ર કરવાથી નથી પણ આ ચારની આરાધના, પ્રાપ્તિ, વૃદ્ધિ કે પરાકાષ્ઠા દ્વારા જ તે સર્વ પાપનો નાશ થાય છે. તે વિના સર્વ પાપનો નાશ થતો જ નથી, એમ કોઈ પણ જૈન માન્યા સિવાય રહે નહિ.

**પરંપર ફળ અને અનંતર ફળ** - હવે તે કહી દીધેલાં જ છે તો તમે પણ તેમ જ કહોને? નામવારી ગણતરી શા માટે? એમ કહેવામાં અડચણ નથી પણ અનંતર ફળ વિના પરંપર ફળ થતું નથી. પ્રથમ માળે ગયા વિના બીજે માળે જવાય નહિ. ધ્યેય બીજા માળનું હોય પણ પ્રથમ માળે આવવું પડે. નવકાર ગણતાં સર્વ પાપના ક્ષયનું ધ્યેય રાખો કે ન રાખો પણ સમ્યગ્દર્શનાદિની આરાધનાનું ધ્યેય ચૂકશો નહિ. જો ચારને આરાધવાનું

ધ્યેય કે માર્ગ ચૂક્યા તો સર્વ પાપનો નાશ થવો મુશ્કેલ છે. બીજા માળે જવાનું ધ્યેય રાખી ભોંયરામાં ઉતરો તો નીચા જ જાઓ ને? હવે જેમ બીજા માળે જવાનું ધ્યેય છતાં ભોંયરામાં ઉતરનારો ધ્યેયથી સાચો હોય પણ માર્ગથી તો ખોટો છે. તેમ અહીં સર્વ પાપના નાશનું ધ્યેય હોય પણ જો સમ્યગ્દર્શનાદિના માર્ગે ન આવે તો તે પરંપર ફળ મેળવી ના શકે. હવે પાપના નાશના ધ્યેયમાં એક વખત ન પણ આવે પણ આ ચારની આરાધનામાં રહે તો પણ તે પરંપર ફળને પામે જ. સર્વ પાપનો નાશ કરવો તે ધ્યેય તેથી તેને નમસ્કાર ન હોય તેમ સમ્યગ્દર્શનાદિ ધ્યેય છે કે આરાધ્ય છે? જેમ સર્વ પાપનો નાશ કરવો તે ધ્યેય તેમ અહીં સમ્યગ્દર્શનાદિ તે ધ્યેયરૂપ છે અને આરાધ્ય પણ છે. એ સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થવાથી ધ્યેય સિદ્ધ થાય એમ માનવાનું નથી, પણ તેમાં વૃદ્ધિ પામો અને તેની આરાધના કરો તેથી અનંતર ફળ તરીકે એ જણાવ્યાં. આપણું ધ્યેય આ ચાર ગુણો ઉપર જ હોવું જોઈએ. ખરેખર મહત્તા પણ આ ચારના ધ્યેયમાં છે.

**આરાધના કરે તેનો જ ઉદ્ધાર** - પ્રથમના અરિહંતાદિ પાંચમાં પણ એ મહત્તા એટલી બધી નથી. કારણ કે જો સ્વતંત્ર મહત્તા હોત તો બધાએ કયારના એ સિદ્ધ થયા હોત. ચોરાશી લાખ યોનિના જીવો અરિહંતના સરખા છે છતાં ઉદ્ધાર કોનો થાય? જે તેમની આરાધના કરે તેનો ઉદ્ધાર થાય. સોનામાં સ્વતંત્ર કિંમત તો છે પણ તેનો દાગીનો બનવાની વખતે સોનાની કિંમત સમજે ત્યારે કિંમતી. અરિહંત મહારાજ પાપનો ક્ષય કરનારા ખરા પણ તે બને કયારે? આપણી આરાધનાએ. જો અરિહંતાદિનાં હયાતી હોય તો તેટલા માત્રથી તે આપણું કલ્યાણ ન કરે પણ તેમની હયાતી હોય તો પણ તેઓ આપણી આરાધના દ્વારા આપણું કલ્યાણ કરે. 'णमो अरिहंताणं के अरिहंताणं णमो' એ બંનેમાં અરિહંતને નમસ્કાર છે છતાં 'णमो अरिहंताणं' કેમ રાખ્યું? અરિહંતમાં સત્તા રૂપે કલ્યાણ મેળવવાનો માર્ગ છે પણ તેમની આરાધના જે કરે તે જ મોક્ષમાર્ગ

પામી શકે. નવકારમાં 'એ પાંચનો કરેલો નમસ્કાર' 'एसो पंच नमुक्कारो' ની જગે 'एसो पंच परमेट्ठी' 'એ પંચ પરમેષ્ઠી' સર્વ પાપનો નાશ કરનાર છે એમ ન રાખ્યું, કારણ કે નમસ્કારની મુખ્યતા, તેની આરાધના, તેની અધિકતા હોવાથી 'નમો' પદ પ્રથમ મૂકયું.

**ખરો નમસ્કાર કયો?** - હવે ખરો નમસ્કાર કયો? પંચાંગ પ્રણિપાત કરવો તે નમસ્કાર ખરો પણ તે દ્રવ્ય - નમસ્કાર. ત્યારે હવે ભાવ-નમસ્કાર કયો? સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિના પરિણામ દ્વારા જે નમસ્કાર કરવામાં આવે, આજ પરાકાષ્ઠાએ પહોંચાડનાર છે તેમ થાય ત્યારે જ તે ભાવ-નમસ્કાર અને તેથી 'नमो' માં અવ્યય-પદ રાખ્યું. 'नमामि' કરી 'नम' ક્રિયાપદ કેમ ન રાખ્યું? અવ્યય રાખવાની જરૂર શી? અવ્યય એ દ્રવ્ય-પૂજા, ભાવ-પૂજા બંનેને જણાવવાવાળું છે. ઓછામાં ઓછો સંકોચ જણાવવા માટે તે અવ્યય મૂકયું છે. અહીં અરિહંતની દ્રવ્ય કે ભાવ-પૂજા તે જ કલ્યાણનો માર્ગ, તે જ મોક્ષનો માર્ગ, તે જ સર્વ પાપનો નાશ કરનાર છે તેથી 'नमो' પદ પ્રથમ મૂકયું. આનો ખુલાસો **શાંતિસૂરિએ** **જંબૂદ્વિપપ્રજ્ઞપ્તિ**ની ટીકામાં ચોખ્ખો કર્યો છે.

**પરંપર ફળ કયારે મેળવી શકાય ?** - હવે સમ્યગ્દર્શનાદિના શુદ્ધ પરિણામ હોય તો જ કલ્યાણ થાય. સર્વ પાપનો નાશ થાય. અરિહંતાદિની આરાધના તો અનંતીવાર કરી પણ તેમાં ધ્યેય દેવલોક, રાજા મહારાજા, ઈંદ્રાદિ થવા માટે હોઈ ૠદ્ધિસિદ્ધિની પ્રાપ્તિ માટે આરાધના કરી માટે કલ્યાણ ન થયું. કેમ ન થયું? સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ, વૃદ્ધિ કે પરાકાષ્ઠા માટે અરિહંતાદિની આરાધના કરવામાં આવી નથી માટે. જો સમ્યગ્દર્શનાદિની વૃદ્ધિ, પ્રાપ્તિ માટે અરિહંતાદિની આરાધના કરવામાં આવે તો પરંપર ફળ મેળવી શકાય.

**જૈન શાસનમાં ઈમાનદારીનું પ્રથમ સ્થાન** - હવે આ ચારમાં મોક્ષના કારણભૂત તપ, કે ચારિત્ર કે જ્ઞાનને પ્રથમ ન લેતાં દર્શનને કેમ પ્રથમ લીધું? દુનિયાનો નિયમ છે કે શરીરે રૂપાળાં, અક્કલમાં હોંશિયાર.

વર્તનમાં તમે કહો ત્યારે ચાકરી કરનારો હોય અને વળી કષ્ટથી ડરનારો પણ ન હોય છતાં એમાં વફાદારી ન હોય તો તેની કિંમત કેટલી ગણાય? જેમ જગતમાં કામકરંદાપણું, હોંશીયારી વગેરે હોવા છતાં વફાદારીને પ્રથમ સ્થાન અપાય, તેમ અહીં અરિહંતના શાસનમાં ઈમાનદારીને પ્રથમ સ્થાન અપાય તેમાં નવાઈ શી? **સમ્યગ્દર્શન એટલે અરિહંતાદિ પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા.** આવાની અક્કલ, પ્રવૃત્તિ તે સર્વ આશીર્વાદ સમાન હોય અને તેથી સમ્યગ્દર્શનને પ્રથમ સ્થાન આપવામાં શાસ્ત્રાકારે અતિશયોકિત કરી નથી.

**મિથ્યાદર્શનને માનવા કોઈ તૈયાર નથી** - હવે તે માનવા કોણ ના પાડે છે? હું ખોટો મત માનું છું એમ કહેવા કોઈ પણ તૈયાર નથી પણ સર્વ મતવાળાઓ પોતાની માન્યતા સાચી છે એમ કહે છે. ખોટા મતને વળગીને હું મારું કલ્યાણ કરીશ એમ કહેવા કોઈ તૈયાર નથી એટલે મિથ્યાદર્શને માનવા કોઈ તૈયાર નથી. આમ છતાં 'નવપદ'માં પ્રથમ 'नमो दंसणस्स' થી અનુક્રમ કેમ ન રાખ્યો? માબાપ વિના છોકરાની ઉત્પત્તિ ન હોય. તેમ અહીં અરિહંત પ્રભુ ન હોય, તેમનું શાસન કે તત્ત્વકથન ન હોય તો સમ્યગ્દર્શનાદિ ચીજ જ ન હોય તેથી અરિહંતાદિ પ્રથમ કહ્યાં, અને જ્ઞાન, ચારિત્ર કે તપસ્યામાં પ્રથમ ઈમાનદારી તરીકે દર્શન જોઈએ માટે સમ્યગ્દર્શન પ્રથમ કહ્યું.

**સમ્યગ્દર્શન એ શી ચીજ?** - હવે સમ્યગ્દર્શન શી ચીજ? સારું દર્શન, સારો મત, સારું જોવું એ શબ્દો સહુને ગમે છે. સાચું મેળવવા માટે દુનિયા મથતી નથી માટે કહે છે કે એક વાત ધ્યાનમાં રાખવી કે કોઈ પણ કલ્યાણ કરવાની ઈચ્છાવાળાએ - જેને આત્માનું કલ્યાણ કરવું છે તેણે - આત્મા દેખ્યો નથી. તેનો માર્ગ જોયો નથી તેવા માણસથી આત્મકલ્યાણનો માર્ગ બતાવાય તો શું કલ્યાણ થાય? જે વૈદને રોગની ખબર ન હોય તેવા વૈદનો ભરોસો સારો માણસ ન રાખે. તેમ અહીં જેઓ આત્માના ગુણો, તેનાં કર્મો, કેવલજ્ઞાન, કર્મની નિર્જરા, તેનો ક્ષય આદિને

જાણનારા નથી તેવો મનુષ્ય કર્મક્ષયના રસ્તા, મોક્ષ માર્ગનો રસ્તો બતાવે, કલ્યાણનો માર્ગ બતાવે તે માનવાને બુદ્ધિમાન તો તૈયાર ન જ થાય, પણ તે તો તેવાને આત્માને ગીરવે મૂકી આવેલો જ માને એટલે અક્કલને ઘરાણે મૂકી છે એમ જ માનવું પડે.

**સમ્યગ્દર્શનની વિવિધ વ્યાખ્યા** - હવે કહે છે કે જિનેશ્વરે કહેલાં તત્વોની શ્રદ્ધા કરવી તેનું જ નામ સમ્યગ્દર્શન. અહીં ત્રણ વાતોમાં ગૂંચવાયા, કારણ કે -

**''अरिहंतो मह देवो जावज्जीवं सुसाहुणो गुरुणो ।**
**जिणपण्णत्तं तत्तं इअ सम्मत्तं मए गहिअं ॥''**

વાળું સમ્યગ્દર્શન, 'एयाइं नवपयाइं' વાળું સમ્યગ્દર્શન કે **તત્ત્વાર્થ - કાર**નું 'तत्वार्थश्रद्धानं सम्यग्दर्शनं' વાળું સમ્યગ્દર્શન એ ત્રણમાં નિશ્ચય કોનો? અહીં ત્રણ ત્રેખડ થયાં.

**ત્રણ પ્રકારે સમ્યકત્વ (૧૦)** - હવે એક શેઠે બહારથી માલ લાવવા માટે રૂા. એક હજારની હુંડી લખી. બજારમાંથી શાક લાવવા અડધો રૂપિયો આપ્યો. હવે અહીં હુંડીનું કાગળિયું તે પણ નાણાં, રોકડા પૈસા તે પણ નાણાં જ છે. તેમ અહીં ત્રણ પ્રકારે સમ્યકૃત્વ થાય છે એટલે જે અપેક્ષાએ વિચારાય તે અપેક્ષાએ તે તત્ત્વોને માને તો શ્રદ્ધા થાય. એ બે અપેક્ષાએ તો સમ્યગ્દર્શન ઠરે પણ **તત્ત્વાર્થકાર**ના વાક્યમાં શું માનવું? હવે **તત્ત્વાર્થસૂત્ર** કોની આગળ કહેવાનું છે? સર્વ પર્ષદા આગળ. ત્યારે 'अरिहंतो मह देवो' આદિ વાક્યો જૈનોની પર્ષદા આગળ કહેવાના છે. તેથી **તત્ત્વાર્થકારે** મધ્યસ્થપણે જણાવ્યું છે છતાં તેમનો છેલ્લો અર્થ દેખીએ તો **તીર્થંકરે** કહેલાં તત્ત્વો માનવાં અને શ્રદ્ધા કરવી તે જ સમ્યગ્દર્શન છે, તેમ અહીં સર્વજ્ઞ ભગવાને કહેલાં આગમો અને તત્ત્વો તે સર્વ પ્રમાણ જ છે. તે આગમો પૈકી એકને પણ અપ્રમાણિક ગણે તો કામ ન ચાલે. માટે ત્રણે વસ્તુની શ્રદ્ધા કરવી તે જ સમ્યગ્દર્શન.

**સમ્યગ્દર્શનરૂપ દીપક સ્વાવલંબી છે** - હવે તે છે કેવું? જગતમાં દીવો પ્રકાશ કરે પણ તે પાંગળો છે. દિવેટ કે દિવેલ હોય ત્યાં સુધી જ દીવો કામ કરે. એના અભાવે દીપકનો પ્રકાશ ન રહે માટે તેને પાંગળો કહીએ. અહીં દર્શન પાંગળું નથી પણ સ્વયં પોતાના આલંબને રહેવાવાળો દીવો છે. જગતમાં કોઈપણ દીપક પોતાના આલંબને રહેતો નથી. રત્ન તેજસ્વી હોય તેમાં દિવેલ કે દિવેટ ન જોઈએ. રત્નનો દીવડો સ્વાવલંબી છે, પરાવલંબી નથી, તેમ સમ્યગ્દર્શનરૂપી દીપક સ્વાવલંબી છે, પરાવલંબી નથી. અરે, મનાદિ પર્યાપ્તિઓ કે કાયાદિ જોગો ન હોય તો પણ તે સમ્યગ્દર્શન તો રહે. માટે તે સમ્યગ્દર્શન તે રત્નનો દીવડો. વાત ખરી, પણ તે રત્નનો એટલે તિજોરીમાં મૂકાય ને? કારણ કે વસ્તુ જેમ કિંમતી વધારે એટલે એને તાળાં પણ વધારે. કોડિયાના દીવા બહાર ગોખલે મૂકીએ પણ રત્નના દીવા તેમ ન મૂકીએ. જ્યાં કોઈ ચોરી જાય નહિ, કોઈ ઘૂસે નહિ તેવા સ્થાને દર્શનરૂપી દીવો રાખવો તો તેને મનરૂપ મહેલમાં રાખો તેમાં અગ્નિ કે પાણીનો પણ પ્રવેશ થાય તેમ નથી. માટે હે ભવ્ય જીવો! 'દર્શન' પદની આરાધના કરવી હોય તો તેને મનમાં ધારો.

આવી રીતે તેની આરાધના જણાવી. તે સ્વાવલંબી છે. હવે રત્નના દીવડાને ધારણ કરીએ તો તે ઉત્પન્ન થવાનો કયાં? જ્ઞાનમાં. તે કેવું, કેટલું ઉપયોગી, તેની આરાધના શી રીતે, તે વગેરે અગ્રે જણાવાશે.

# વ્યાખ્યાન ૮ : 'જ્ઞાન' પદ

**जीवाजीवाइपयत्थसत्थतत्तावबोहरूवं च ।**
**नाणं सव्वगुणाणं मूलं सिक्खेह विणएणं ॥**
**( सिरिसिरिवालकहा - गा० ३० ॥)**

**રસપ્રધાન અને તત્ત્વપ્રધાન શ્રોતાઓ** - શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન **રત્નશેખરસૂરિજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે **શ્રીપાલ** ચરિત્રની રચના કરતાં થકાં આગળ સૂચવી ગયા કે जीवाजीवा० આ જગતમાં બે પ્રકારના શ્રોતા હોય. કેટલાક રસપ્રધાન અને કેટલાક તત્ત્વપ્રધાન. જેમ નાનાં બચ્ચાંઓ કથામાં જ રસ લેનારાં હોય પણ તેમાંથી શું લેવા લાયક છે, શું ત્યાજ્ય છે તેવું કશું તેમને હોતું નથી. તેવી રીતે રસપ્રધાન શ્રોતાઓ હોય છે. એ પ્રમાણે જૈન શાસનમાં પણ કેટલાક શ્રોતાઓ રસપ્રધાન જ છે. વસ્તુ કેવી રીતે આદરી, તેનાથી શો ફાયદો થયો તે વિચારતું નથી પણ કેવી ઋદ્ધિસમૃદ્ધિ મળી, દેવતાઈ ચમત્કારો આદિ મળ્યાં વગેરે દુનિયાદારીની વાતોને જ એવાઓ જુએ.

**ચાર પ્રકારની વ્યાખ્યા** - હવે ચાર પ્રકારની વ્યાખ્યા કહેલી છે. તેમાં 'ચરણકરણાનુયોગ'ની વ્યાખ્યા એટલે સાધુતાના આચારો. દ્રવ્યની વ્યાખ્યા જેમાં કાળ, ગણિત આદિ જણાવ્યાં હોય તે 'ગણિતાનુયોગ' જેવી રીતે સાધુતાની વિધિ, ધર્માસ્તિકાયાદિનો હિસાબ જણાવી 'ચરિતાનુ-યોગ', 'દ્રવ્યાનુયોગ' અને ગણિતાનુયોગ એ ત્રણ જેમ ગણવામાં આવ્યા તેમ ચોથો કથાનુયોગ પણ કહેવામાં આવ્યો છે.

**સમર્થ વિશેષણ વિશેષ્યને જણાવી જ દે** - હવે ધર્મમાં પ્રવેશ કરનારાઓ માટે ચોથા ભેદની ખાસ જરૂર છે. આ વાત ધ્યાનમાં રાખશો તો **દશવૈકાલિક** જેવા નાના સૂત્રમાં પણ પ્રથમ ધર્મનું સ્વરૂપ, ભેદો બતાવવાની સાથે ત્યાં દૃષ્ટાંત પણ આપી દીધું એટલે ધર્મમાં જેનું મન સદા રહેલું છે તેને દેવતાઓ પણ આવી નમસ્કાર કરે છે. પ્રતિજ્ઞા હેતુ, દૃષ્ટાંત આદિથી વિચારવામાં આવે છે, તેમ દરેક વાક્યમાં દૃષ્ટાંત હોય જ. 'समर्थः विशेषणः आनयति' સમર્થ વિશેષણ વિશેષ્યને જણાવી જ દે. પીળું રચક કહેવાથી સોનું આવી જાય. સો ટચવાળું બોલવાથી સોનું જ આવે પણ ચાંદી, લોઢું , કે હીરા, માણેક કોઈ બોલતું નથી. અહીં સમર્થ વિશેષણ વિશેષ્યને આપોઆપ લાવે છે. તેમ દેવતાઓ જેને હંમેશા નમસ્કાર કરે છે તેવો જે કોઈ પુરુષ હોય, ભલે કોઈનું નામ ન લો પણ તે કોણ? કેવલી મહારાજાઓના કેવલજ્ઞાનનો મહોત્સવ દેવતાઓ નિયમિત કરતા નથી, કારણ કે ચંદનબાળા અને મૃગાવતીને કેવલજ્ઞાન થતાં મહોચ્છવાદિ થયાં નથી. ત્યાં દેવતાઓ અજાણ રહ્યા છે. આથી તીર્થંકર અને ગણધર સરખા મહાનુભાવો કે જે ભવાંતરથી ધર્મને સંચિત કરનારા લોકોને તારવાની બુદ્ધિવાળા, પોતાના સર્વસ્વનો ત્યાગ કરે એવા **તીર્થંકરાદિ** મહાપુરુષો દેવોની પૂજા વિનાના હોય જ નહિ. સામાન્ય કેવલીઓ પણ યથાખ્યાત ચારિત્રમાં નથી આવ્યા એમ નહિ કહી શકાય. બારમે ગુણસ્થાનકે આવેલા ક્ષાયિકમાં નથી એમ નહિ કહી શકાય.

**દેવો કોને નમસ્કાર કરે છે?** - આથી સામાન્ય કેવલીઓને 'देवावि तं नमंसंति जस्स धम्मे सया मणो' એ વાક્યમાં નમસ્કાર નથી તો પછી તે ગાથા શા કામની? કોના માટે એ ગાથા કહેવાઈ છે? **તીર્થંકરો** અને ગણધરોને ઉદ્દેશીને જ. તે ગાથામાં દેવો નમસ્કાર કરે છે, અને તેમજ કહેવામાં આવ્યું છે. ઠેઠ ગર્ભ અવસ્થાથી દેવતાઓ **તીર્થંકર**ને આરાધે, ગર્ભ ધારણ કરવા સાથે ઇંદ્રો શક્રસ્તવ કહે, જન્મ લે એટલે અભિષેક કરે.

આથી સર્વ **તીર્થંકરો** દેવતાઓથી પૂજાય છે. કોઇ પણ **તીર્થંકર** દેવોથી પૂજાયા વિના રહ્યા નથી. આવી રીતે ગર્ભથી પૂજાને પાત્ર **તીર્થંકરો** જ છે. હવે આ ગાથાના ઉત્તરાર્દ્ધમાં તીર્થંકરના અંગે દૃષ્ટાંત લેવાય તો જ તે સાર્થક બને. હવે દેવનું હંમેશા નમવું, નિયમિત નમવું તે સર્વ **તીર્થંકર**ને આભારી છે. આ પ્રથમ ગાથામાં ધર્મનું સ્વરૂપ, ભેદો જણાવવા સાથે **તીર્થંકર**નું દૃષ્ટાન્ત પણ લીધું. સામાન્ય નામથી નથી લીધું છતાં **નિર્યુક્તિકાર** ચોખ્ખા શબ્દોમાં જણાવે છે અને તે આપણે માનવું જ પડે.

**ધર્મકથાની જરૂરિયાત** - આ ઉપરથી ધર્મકથા એ માર્ગમાં પ્રવેશ કરનાર માટે જરૂરિયાત છે અને તેથી દૃષ્ટાન્તની પણ જગે જગે જરૂર હોઇ ધર્મકથાનો વિભાગ રાખ્યો. શ્રદ્ધાનુસારીઓને પ્રથમના ત્રણ યોગ કામ કરી દે. વળી જે તર્કાનુસારી છે તેમને કથાનુયોગ જ કામ કરી દે, કારણ કે આ ધર્મકથાનુયોગ દૃષ્ટાન્ત, હેતુ, યુક્તિ પુરસ્સર જણાવવામાં આવે છે તેથી ધર્મના ફળની પ્રાપ્તિ તર્કાનુસારીને મનાવી પડે અને એવાએ ધર્મ માન્યે જ છૂટકો. આ ઉપરથી રસપ્રધાન શ્રોતાને છૂટા કરવા કે એકલા કરવા માગીએ છીએ એમ તો નથી પણ તેમને તત્ત્વપ્રધાન શ્રોતાઓ બનાવવા માગીએ છીએ. અહીં **શ્રીપાલ**ચરિત્ર રસપ્રધાન માટે પ્રસિદ્ધ હોવાથી હવે તે તત્ત્વપ્રધાન માટે પ્રસિદ્ધ કરવાની જરૂર છે.

**નવપદની આરાધનાનું સામર્થ્ય** - હવે તે 'નવપદ'ની આરાધનાનું સામર્થ્ય એટલું બધું છે કે કોઢિયાનો કોઢ જાય, દેવતાઇ ચમત્કાર, ઋદ્ધિસિદ્ધિ મળે, પરાજયની જગે વિજય થાય. આવો જેનો પ્રભાવ છે તેવા નવ પદો કયાં? હવે તત્ત્વ તરીકે તે નવપદોને બતાવતાં તેની અધિકતા શા માટે? એનું કારણ એક જ કે દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વો દરેક આસ્તિક મતમાં માનવામાં આવેલાં છે તેથી. કોઇ પણ આસ્તિક મતમાં તે ત્રણ સિવાય ચોથું તત્ત્વ મનાતું નથી. એ અંગે સર્વ કોઇ મૌન સેવશે. તેવી રીતે જૈન આસ્તિકોમાં પણ પૂછવામાં આવે તો પણ તેઓ ત્રણ સિવાય કોઇ ચોથી ચીજ બતલાવશે નહિ. પણ નકાર જ ભણવો

પડે. જે કંઈ ધર્મારાધનાની ચીજો છે તે આ ત્રણ જ છે. જે આરાધ્ય, વંદનીય, પૂજનીય કે નમનીય છે તે આ ત્રણમાં આવી જાય. કયા ત્રણમાં? દેવ, ગુરુ અને ધર્મમાં. હવે બીજા બીજા પદાર્થો પ્રત્યેક પ્રત્યેક આરાધ્ય, દિવાળી તે **મહાવીર**નું કલ્યાણક, પોષદશમી તે **પાર્શ્વનાથ**નું કલ્યાણક. આ વ્યક્તિગત છે તેમ જ્ઞાનપંચમી આદિ તે ગુણના અંગે છે, પણ આ 'નવપદ' એ એવો તહેવાર છે કે જેમાં દરેકનો સમાવેશ થાય છે.

**નવપદમાં આખા શાસનનો સમાવેશ** - 'નવપદ'માં આખા શાસનનો સમાવેશ છે. 'નવપદ'માં જેનો સમાવેશ થતો નથી તે શાસનની બહાર છે. તેમાં દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણનો સમાવેશ થાય છે, માટે જ 'નવપદ'ની વ્યાપકતા અને તેની શાશ્વતી સ્થિતિ છે માટે તેની અટ્ઠાઈને શાશ્વતી અટ્ઠાઈ કહીએ છીએ તેમાં અતિશયોક્તિ નથી. કોઈ પણ **તીર્થંકર**નું શાસન લો તો પણ દરેકમાં 'નવપદ'ની આરાધના હોય, તેથી દેવ, ગુરુ અને ધર્મની આરાધના થાય. બાવીસ **તીર્થંકરો**ના વારામાં વડીદીક્ષા - પખ્ખી - ચોમાસી વગેરે વિના ચાલે પણ દેવ, ગુરુ અને ધર્મની આરાધના તો તેમને કર્યા વિના ન ચાલે. એવું શાસન કયું કે જેમાં અરિહંત કે સિદ્ધ જેવા દેવ ન મનાયા હોય, વ્યવસ્થાપક આચાર્ય ન મનાયા હોય, શિક્ષકવર્ગ તરીકે ઉપાધ્યાય ન મનાયા હોય, તેમજ સહાયકો સાધુઓ ન મનાયા હોય? કહો કે સર્વ શાસનમાં તે પંચપરમેષ્ઠી મનાય જ છે, પણ 'નવપદ'ને અંગે શું? પંચપરમેષ્ઠી શાશ્વતા, નવકાર શાશ્વતો તેમાં બે મત છે જ નહિ.

**દ્વાદશાંગી અર્થથી શાશ્વતી પણ શબ્દથી નહિ** - દ્વાદશાંગી અર્થથી શાશ્વતી પણ શબ્દથી નહિ. **મહાવીર** મહારાજના શાસનમાં **આચારાંગ**માં જે શબ્દો હોય તે જ શબ્દો **પાર્શ્વનાથજી**ના શાસનમાં હોય એવો નિયમ નહિ, પણ અર્થથી એ બધું સરખું હોય. છ કાય, પાંચ મહાવ્રતો, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ વગેરે અર્થો એકસરખા જ હોય. જેમ સ્કૂલમાં- શાળામાં છોકરાઓ પાસે કોઈ વિષય ઉપર નિબંધ લખાવાય

ત્યારે દરેકનો અર્થ એકસરખો હોય પણ શબ્દોમાં ભિન્નતા રહેલી હોય છે. તાત્પર્ય કે તત્ત્વ તો એક જ હોય, તેમ અહીં જૈન શાસનમાં અઢાર પાપસ્થાનકાદિને અંગે અર્થ એકસરખો હોય પણ શબ્દમાં પરિવર્તન થયા જ કરે. તેથી દરેક શાસનમાં રચાતી **દ્વાદશાંગી** અર્થથી શાશ્વતી પણ શબ્દથી અનિત્ય છે. કોઈપણ શાસનમાં ક્રોધ, માન, માયા કે લોભ, અઢાર પાપસ્થાનક એ કર્મો બાંધવાનું સ્થાન એમ એક જ શબ્દોમાં હોય જ નહિ. શબ્દો એકસરખા ન હોય પણ અર્થથી એક જ હોય.

**નવકારમંત્ર અર્થથી તેમ શબ્દથી પણ શાશ્વતો છે** - હવે **નવકારમંત્ર** એ અર્થથી જેમ શાશ્વતો છે એટલે અરિહંતાદિ પાંચ પદને કોઈ પણ શાસનમાં માન્યા વિના ચાલે નહિ. તેની આરાધના અને નમસ્કાર હોય એમ અર્થથી તો નિત્ય ગણીએ પણ શબ્દ થકી એ તે નિત્ય જ છે. શાસ્ત્રમાં સાંભળીએ છીએ કે ફલાણાએ કાળ કર્યો, ત્યાં ઉપજ્યો. તે તે વખતે નવકારમંત્ર સાંભળીને મર્યો, ત્યારે પરભવમાં જાતિસ્મરણ ઉપજ્યું. વ્યંતરને જાતિ સ્મરણ થયું. શકુનિકાને અંગે શ્રાવકે નવકાર સંભળાવ્યો, ત્યારે પણ જાતિ સ્મરણ થયું. અહીં શ્રવણગોચર શું થાય? નવકારનો શબ્દ પણ અર્થ શ્રવણગોચર નથી, પરંતુ અર્થ તો મનનો વિષય છે. હવે શબ્દ નિયમિત ન હોય તો જાતિસ્મરણાદિકનો પ્રસંગ પરભવમાં આવે જ નહિ. આથી પંચપરમેષ્ઠીનો નમસ્કાર શબ્દથી અને અર્થથી સર્વ શાસનનો એકસરખો છે, માન્ય છે. અતીત કાળમાં, ભવિષ્ય કાળમાં અને વર્તમાન કાળમાં તે પાંચ માન્ય છે. તેની આરાધના પણ યોગ્ય જ છે. પરંતુ જે નવું લફરું ઘાલ્યું તેનું શું? કારણ કે પંચપદીની ઓળી નથી રાખી, નવપદની રાખી છે તેમાં સમ્યગ્દર્શનાદિ ચાર કે જેને પંચપરમેષ્ઠીમાં નથી ગણાવ્યાં તેને અહીં ઉમેર્યા છે. વાત ખરી, પણ ધ્યાન રાખ કે જે જે કાળમાં અરિહંતાદિની આરાધના થઈ તે ઘરબાર, સ્ત્રીછોકરા કે ઋદ્ધિસમૃદ્ધિ માટે થઈ નથી પણ મિથ્યાત્વને તોડવા માટે, જ્ઞાનાવરણીયાદિને તોડવા માટે, મોહનીય આદિને તોડવા માટે કરી છે.

**આરાધનામાં આવ્યા ક્યારે ગણાય?** - છોકરો ધૂળમાં લીટા કરે તેનો હિસાબ નિશાળમાં ન હોય. સ્કૂલમાં તો એકડાથી હિસાબ હોય પણ ધૂળમાં આળોટ્યા વિના કે લીટા કર્યા વિના તે નિશાળના હિસાબમાં કામ ન લાગે, તેમ અહીં આરાધનાના માર્ગમાં આવવા પહેલાં જે સંબંધ હોય તેની અહીં જરૂર નથી પણ ભાવ આરાધનાનો અહીં સંબંધ છે. અહીં સમ્યગ્દર્શનાદિ ચારનો ઉદેશ કે ધ્યેય રાખી અર્થો બને ત્યારે જ તે આરાધનામાં આવેલો ગણાય. આ ઉપરથી તો તેને સીધો આરાધનામાં આવેલો ન ગણવો ને? વળી 'नमो मिथ्यात्वक्षयाय' એમ કહીને પદ મૂકો ને? કોઈ પણ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામ્યા વિના મોક્ષે ગયો નથી પણ જે જે જીવો મોક્ષે ગયા તે સર્વ ક્ષાયિક જ્ઞાન, દર્શન અને ચારિત્રથી ગયા છે. વળી અણાહાર -પદ મેળવીને જ ગયા છે. પંચપરમેષ્ઠી છે તે ભલે રહ્યા પણ દર્શનાદિ ચાર પદમાં 'नमो खाइयसम्मत्तस्स, नमो खाइयनाणस्स' આદિ ભેદો રાખો ને?

**સાચા અધ્યાત્મીની સ્થિતિ કેવી હોય ?** - હવે દુનિયામાં કહેવત છે કે જે તાત્ત્વિક જ્ઞાન પામ્યો નથી અને વ્યાવહારિક ક્રિયાથી છલકી જાય તે બિચારા અધ્યાત્મિકમાં આવી જાય પણ તે બિચારા ક્રિયાએ કર્મ બોલી એને છોડે પણ છોકરા કે સ્ત્રી આવે ત્યારે સામે ક્રિયાએ કર્મ બોલી એને છોડે પણ છોકરા કે સ્ત્રી આવે ત્યારે સામે જાય. સાચા અધ્યાત્મીની સ્થિતિ કેવી હોય? સિત્તેર વર્ષે છોકરો આવે તો તેને તુરત ખોળામાં બેસાડે. 'બ્રહ્મજ્ઞાન પાયા નહિ ઔર કર્મ ક્રિયા છટકા ગયા' એટલે સાચી નિશ્ચયદશા આવ્યા પહેલાં વ્યવહાર-ક્રિયાને ત્યજે તે તો બંને બાજુથી રખડે છે. અરે, ધોતિયું પહેરવું તે પણ ક્રિયા છે છતાં નાગો કેમ ફરતો નથી? તો કહે છે કે દુનિયા બોલે. ત્યાં ઢોંગ છે. જો જ્ઞાન એ સામાન્ય પદ ન રાખવામાં આવે, તેમ દર્શન, ચારિત્ર કે તપ ન રાખવામાં આવે અને ત્યાં ક્ષાયિકપદ જોડે તો તે ક્ષાયિક ભાવ ઉત્કૃષ્ટો મળતો નથી અને આ પદની આરાધના બને જ નહિ. જ્યાં ધર્મની, સામાયિક, પ્રતિક્રમાદિની વાત થાય

ત્યાં ક્રિયા કહી તરછોડે, તેનો વિચાર ન કરે કે આ તત્ત્વને લાવનારી છે કે નહિ! વકીલનું માથું વધારે કોણ ખાય? સામો કાયદાનો ભણેલો વકીલ હોય તે. તેમ અહીં જૈન શાસનના ભણેલાઓનું માથું કોઇ ખાતા હોય તો જૈન શાસનના બે શબ્દો ભણેલા જ ખાય છે.

**સમક્તિ કયારે થાય?** હવે જેઓ સામયિક, પ્રતિક્રમણ, પૂજા, પોસહ આદિ ક્રિયાઓ કરે છે તેઓને આત્મકલ્યાણનો ધ્યેય અને મોક્ષ માર્ગ માટે એ બધી ક્રિયાઓ છે માટે જ તે કરું છું એવું ધ્યેય તો સર્વને હોય જ છે અને તેથી સહુ કોઇ જ્ઞાનવાળા છે તેથી જ્ઞાન વગરની ક્રિયા રહી કયાં? જેને જૈન શાસનમાં તત્ત્વો કર્ણે પણ પડયાં નથી, જેને જૈન શાસનની છાયા નથી તેવાને ખસેડે તો વાત જુદી ! હવે તેને પૂછીએ કે સમક્તિ થવાનું કયારે? મોહનીયની ૬૯ કોડાકોડીથી અધિક સ્થિતિ જે ત્રુટવાની તે જ્ઞાનથી કે અજ્ઞાનથી? અજ્ઞાનથી ૬૯ કોડાકોડી તોડે પણ તેથી આગળની સ્થિતિ તોડવા માટે? જેમ અનુકંપાથી સામાયિકાદિ ચાર સમ્યકત્ત્વો પામે તેમ અકામ નિર્જરાથી પણ ચારે પ્રકારના સમ્યક્ત્વો મેળવી શકાય છે. અહીં જૈન શાસનના જ્ઞાન વિનાના, ધ્યેય વિનાના, કેવળ સુખ-દુઃખ વેઠનારા તેઓ અકામ નિર્જરાએ સમ્યકત્વાદિ પામે છે, અહીં જ્ઞાનથી સર્વ થાય છે, પણ ક્રિયાને ધક્કો મારવાનો ન હોય. તેવો ધક્કો મારવો તે જૈન શાસનને પાલવતો નથી.

**દિલ્હી દરવાજો એટલે શું?** - તત્વાર્થકારે પણ મોક્ષમાર્ગ કહ્યો પણ હેતુ ન કહ્યો. આગલું આગલું કાર્ય અને પાછલું પાછલું કારણ. જેમ અહીંથી દિલ્હી જતાં બે માઇલ ગયા ત્યારે બીજા માઇલનું કારણ પ્રથમ માઇલ અને બીજો માઇલ તે કાર્ય ગણાય, તેમ અહીં પ્રથમ પ્રથમની અવસ્થા તે કારણ અને આગળ આગળનું કાર્ય લેવાય તેમ અહીં સમ્યગ્જ્ઞાનાદિ દ્વારા છેવટે સન્માર્ગ જ આવે. જેમ દિલ્હી દરવાજો કહીએ ત્યાં શી લક્ષણા? છેડે દરવાજો છે પણ તે રસ્તેથી તે આવશે તેમ અહીં સમ્યગ્દર્શનાદિ આરાધ્ય પદો છે.

કાલે દર્શનની વિચારણા, જરૂરિયાત વગેરે જણાવી ગયા અને તેને મનમંદિરમાં સંગ્રહવું જોઈએ તેમ કહ્યું. હવે જ્ઞાન.

**દર્શન પ્રથમ અને જ્ઞાન પછી કેમ?** - હવે કોઈ કહે કે જ્ઞાન વિના શ્રદ્ધા બને કેમ? વસ્તુને જાણ્યા સિવાય માનશે શું? જેમ ડાબડી લાલ, ચોખંડી દેખે ત્યારે તે માનવાનો હક આવે પણ દેખ્યા વિના માનવાનો વખત કયાંથી? તો કહો કે જગતમાં જ્ઞાન સિવાય માન્યતાનો વખત હોય જ નહિ, તેમ અહીં જૈન શાસનમાં પદાર્થના જ્ઞાન વિના શ્રદ્ધા કે માન્યતા હોય જ કયાંથી? આમ છતાં જ્ઞાનને પ્રથમ નહિ મૂકતાં દર્શનને કેમ પ્રથમ મૂકયું ? ચાર પદ માનવામાં અડચણ નથી પણ જેમ 'નવપદ'માં પાંચ પદનો અનુક્રમ માન્યા છતાં છઠ્ઠા પદ તરીકે જ્ઞાન રાખવું હતું અને સાતમું દર્શન રાખવું હતું તેમ છતાં દર્શન પ્રથમ અને જ્ઞાન પછી કેમ રાખ્યું? વાત ખરી, પરંતુ એક વાત ધ્યાનમાં રાખજે કે બેઈમાન મનુષ્યની બુદ્ધિ એ જગતમાં બુદ્ધિશાળી કહેવડાવવાને લાયક નથી. અરે, ચોરની ચતુરાઇ ચાહે તેવી હોય પણ પંચમાં તેને ચતુર કહી કોઈ ચોવટમાં ન બેસાડે. કહો તે ચતુર, ચકોર હોવા છતાં તે ચોરને તેમાં કેમ ન બેસાડે? ચતુરાઈ, ચકોરાઈ હોવા છતાં તે દુનિયાને શ્રાપ સમાન હોઈ વ્યવહારી મનુષ્ય તેને હિસાબમાં ન ગણે, તેમ અહીં જે જ્ઞાનમાં આત્માનું ધ્યેય ન હોય, આશ્રવને છાંડવાની બુદ્ધિ, સંવરને આદરવાની બુદ્ધિ, આત્મકલ્યાણની ભાવના ન હોય તેવા જ્ઞાનને ચોરની ચતુરાઈમાં મૂકી દેવાય. ભરાડી ચોર જગતમાં વધારે ઊથલપાથલ કરે, તેમ સમ્યગ્દર્શન વિનાના જ્ઞાનવાળો જીવોને જગતમાં વધારે ડુબાડે. કહો કે શ્રદ્ધા અને જ્ઞાન વિનાનો જગતમાં જીવોને જેટલા નહિ ડૂબાડે તેના કરતાં અધિક શ્રદ્ધા વિનાનો એકલો જ્ઞાનવાળો ડુબાડશે. ચતુરાઈ કે ચકોરાઈની સાથે માણસાઈ જોવી પડે. તે પછી તેની કિંમત ગણાય. તેમ આશ્રવને છોડવાનું, સંવરને આદરવાનું ધ્યેય થાય તેવાના વાકયને માનવાનું અમારું મન થાય પણ જેના જ્ઞાનથી કષાયની વૃદ્ધિ થાય, સંસારમાં પતન થાય તેવા જ્ઞાનને અમે માનવા કે આરાધવા તૈયાર નથી અને તેથી 'દર્શન' પદ પ્રથમ રાખ્યું છે.

**જ્ઞાનદાન કોને કહેવાય?** - હવે જ્ઞાન વિના દર્શન એટલે શ્રદ્ધા થવાની નથી પણ આરાધ્યકોટિમાં તે જ જ્ઞાન આવી શકે કે જે જ્ઞાન પવિત્ર માન્યતાવાળું હોય, આશ્રવ, ત્યાજ્ય, સંવર આદરણીય છે એવી માન્યતાવાળું હોય તે જ જ્ઞાન વાજબી છે. આ ઉપરથી કોઈ કહેશે કે શાસ્ત્રમાં જ્ઞાનદાન સરખું દાન થયું નથી, થતું નથી અને થશે પણ નહિ એમ કહ્યું છે તેનું શું? એવાને આપણે પૂછીએ કે જ્ઞાનદાન તે કયા જ્ઞાનદાનની અપેક્ષાએ કહો છો? ઈતિહાસ, ભૂગોળના જ્ઞાનને જ્ઞાન કહો છો? અહીં એવા જ્ઞાનની વાત નથી. કલિકાલસર્વજ્ઞ મહારાજ જણાવે છે કે ધર્મનું સ્વરૂપ જેઓ જાણતા નથી તેવાઓને વાચના, દેશના એટલે વંચાવવું, દેશના દેવી, શંકાસમાધાન કરવા દ્વારા તત્ત્વસંબંધી જે જ્ઞાન આપવું તેનું નામ જ્ઞાનદાન. હવે વાચના, પૃચ્છાનાદિ કરવાં તે જ જ્ઞાનદાન ને? જીવાદિ તત્ત્વોનું જ્ઞાન જેનાથી થાય તેવાં સર્વ સાધનો પૂરાં પાડવાં તે 'જ્ઞાનદાન' કહેવાય. ધર્મના રસ્તાથી બહારનાં દુનિયાદારીનાં જે જ્ઞાન છે તે 'નવપદ'ની અપેક્ષાએ અજ્ઞાન જ છે.

**અજ્ઞાન કોને કહેવાય** - જો એમ ન હોય તો અજ્ઞાન કહેવાય કોને? તમારી દષ્ટિએ જ્ઞાનનો અભાવ તે અજ્ઞાન પણ તેમ નથી, શાસ્ત્રકારો કહે છે કે સંસારને વધારનારું જ્ઞાન તે જ અજ્ઞાન છે, માટે ધર્મને સમજાવનારું જે જ્ઞાન તે જ્ઞાનદાન અને તે જ ઉત્તમ છે. હવે તે જ્ઞાન શાનું? જીવાજીવાદિ પદાર્થો એટલે જીવ, અજીવ આદિ પદાર્થોનું જ્ઞાન. જીવ કોનું નામ? જૈન હોવા છતાં ઉત્તરમાં એમ કહીશું કે સુખડીની જગે પથ્થર આવશે! એટલે કે પ્રાણને ધારણ કરે તે જીવ કહેવાય. પ્રથમ પ્રાણો તે પાંચ ઇંદ્રિય, ત્રણ બળ, શ્વાસોશ્વાસ અને આયુ એમ દશ છે, તે જડ પ્રાણો છે. જડને આધારે ચાલનારા પ્રાણોને ગણ્યા છે પણ જીવના જે ભાવપ્રાણો જ્ઞાનાદિ ચાર છે તેને ધ્યાનમાં લીધા જ નથી. નાસ્તિક પણ પ્રાણને ધારણ કરનારને જીવ માને છે પણ તમારે કયાં જવાનું? ભૂતમાં પ્રાણોને ધારણ કર્યા, વર્તમાનમાં કરે છે, એને ભાવિમાં કરશે તે જીવ. 'अजीवीत जीवति

जीविष्यति' એમ **ટીકાકારો, ગ્રંથકારો** કહે છે. પ્રાણોને ધારણ કર્યા, કરે છે, અને કરશે તે જ જીવ મનાય. આ ઉપરથી ગયા જન્મને, આવતા જન્મને અને વર્તમાન એમ ત્રણે ભવોને માનવા પડે. જો તેમ ન માનો તો વર્તમાનમાં જીવ આવ્યો કયાંથી? ભૂત કાળના અનંતા ભવો માનીએ ત્યારે જીવ બોલી શકાય.

**જીવજીવાદિ તત્ત્વો સાત કે નવ ?** - આસ્તિકોને વર્તમાન કાળનો જીવ મનાવવા ઊણાદિનો **'અ'** પ્રત્યય લાવી તેમ કરવું પડે છે. પણ પ્રાણ ધારણ કરનારો જે જીવ અમે કહીએ તેને દ્રવ્યપ્રાણો અને ભાવપ્રાણો ધારણ કરનારો ગણી શકાય. સર્વ પદાર્થનું જ્ઞાન કરવાની જરૂર છે, તેમ તેનાથી વિરુદ્ધ પદાર્થ લઈએ તો જીવ નહિ તે અજીવ એમ કહીએ અને તે લઈએ તો શું થાય? જેમ જીવરૂપે પારિણામિક ભાવ છે તેમ અજીવરૂપે પણ પારિણામિક ભાવ છે તે અજીવ ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યો જીવ-પારિણામિક ભાવવાળાં નથી પણ અજીવ પારિણામિક ભાવવાળાં છે. તેથી તે પણ શાસ્ત્રો દ્વારા માનવા યોગ્ય જ છે. તેના પેટાભેદો માનવા તે પણ શાસ્ત્ર દ્વારા.

'पयत्थसत्थ' એટલે પદાર્થનો સમુદાય. એમ કહીને જણાવ્યું કે પુણ્ય અને પાપ તે પણ પૃથક્ ગણવાં. તત્ત્વ તરીકે વ્યાખ્યા કરતાં સાતને જ તત્ત્વ કહેવાં પડે પણ પુણ્યપાપને આશ્રવમાં નાખવાં પડે છે. પદાર્થ તરીકે નવ લેવાં પડે. અહીં તત્ત્વ તરીકે ગણતાં સાત જ લીધાં. આથી પુણ્યપાપનું તત્ત્વપણું ચાલ્યું જતું નથી.

**જ્ઞાન શીખવાના બે પ્રકાર** - આથી જીવાજીવનો સમુદાય તે જગતની અપેક્ષાએ તો તત્ત્વરૂપ જ છે. જગતના પદાર્થોનું પૃથક્કરણ કરવામાં આવે તો આ નવ સિવાય અન્ય કોઈ સંભવે જ નહિ. તે નવમાં સર્વનો સમાવેશ થાય. એ નવના સમુદાયને તત્ત્વરૂપે જાણવામાં આવે તે જ જ્ઞાન. હવે તે કેવું? સર્વ ગુણો-દર્શન, ચારિત્ર, સમિતિ, ગુપ્તિ, પરીષહ જે

કંઇ લો તેના મૂળ રૂપે જ્ઞાન જ છે. આવી રીતે જ્ઞાનની અધિકતા સાંભળીને સહુ કોઇ આરાધવા તૈયાર થાય. સારાના પક્ષમાં જવાનું સહુને ગમે. ખરાબ પક્ષમાં પ્રવેશ કરવો કોઇને ન ગમે. તેમ અહીં જ્ઞાનની અધિકતા, ઉત્તમતા, સમજી આરાધના કરવાનું મન થાય.

એક વાત ધ્યાનમાં રાખજો કે દર્શનને મનભુવનમાં રાખી મૂકવા જણાવેલું એટલે દીપક કર્યો એટલે ચાલ્યા કરે તેમ શ્રદ્ધા એવી ચીજ છે કે એક વખતના નિશ્ચયથી કામ લાગે. જ્યારે આ જ્ઞાન એવી ચીજ નથી પણ પ્રતિક્ષણે તેને માટે મહેનત કરવાની જરૂર છે. એને દીપકની જેમ મૂકશો નહિ. જો તે ઉત્તમ લાગતું હોય તો તો શીખો.

**જ્ઞાન વિનય અને બિલાડીના દૃષ્ટાંતે** - તેની આરાધના મુખ્યતાએ શીખવા દ્વારા એટલે શિક્ષણ લેવું એટલું જ ને? જ્ઞાન બે પ્રકારે શીખાય. એક વિનયથી, બીજું બિલાડીના અવતારથી. બિલાડીનો સ્વભાવ સીધું ખાવાનો ન હોય પણ તે ઢોળીને ખાય. લોટાને આડો પાડે પછી તેમાંથી વસ્તુ ઢોળાય ત્યારે જ તે ખાય, તેમ કેટલાકની એ સ્થિતિ હોય કે સદગુરુ પાસે જ્ઞાન ન શીખી શકે ત્યારે **ગોષ્ઠામાહિલ**ની જેમ બારોબાર લે, પણ તેમ ન કરતાં વિનયપૂર્વક જ્ઞાન લેવું જોઇએ જ્ઞાનપદ આરાધવાનું માન્યું હોય તો તે વિનયથી જ આરાધવું અને શિક્ષણ દ્વારા જ્ઞાનની આરાધનાની જરૂર છે.

આવી રીતે જ્ઞાનનો અધિકાર જણાવ્યો પણ જૈન શાસ્ત્રકાર એકલા જ્ઞાનને જ્ઞાન તરીકે માનતા નથી પણ ચારિત્રના કારણ તરીકે માને છે તે અધિકાર અગ્રે જણાવાશે.

## વ્યાખ્યાન ૯ : 'ચારિત્ર' પદ

**असुहकिरियाण चाओ सुहासु किरियासु जो य अपमाओ ।**
**तं चारित्तं उत्तमगुणजुत्तं पालह निरुत्तं ॥**
**( सिरिसिरिवालकहा - गा० ३१ ॥ )**

**ઋદ્ધિસિદ્ધિ એ માત્ર આનુષંગિક ફળ** - શાસ્ત્રકાર મહારાજ શ્રીમાન્ **રત્નશેખરસૂરિજી** મહારાજ આગળ જણાવી ગયા કે બે પ્રકારના શ્રોતાઓ હોય છે. એક તત્ત્વરસિક અને બીજો કથારસિક. કથારસિકોને સર્વથા બંધ કરવાના નથી પણ તેમના મગજમાં એક વાત નાખવાની છે કે કથામાંથી તમારે તત્ત્વમાં જોડાવાનું છે, તેથી ધર્મકથાનુયોગ નામનો વિભાગ સન્માર્ગે પ્રવેશ કરવા માટે શાસ્ત્રકારોએ રાખેલો છે. તેથી **દશવૈકાલિક**ની પ્રથમ ગાથામાં તેને સ્થાન આપવું પડયું. આવી રીતે કથાનુયોગ જરૂરી હોઈ તેની નિરુપયોગિતા કહેવાની નથી, પણ કથા રસિકોએ માત્ર તેમાં જ રસ ન લેતાં તત્ત્વરસિક પણ બનવું જોઈએ. અહીં શ્રીપાલને મળેલી ઋદ્ધિસમૃદ્ધિ, દેવતાઈ ચમત્કારાદિ જોઈએ પણ તે સર્વ ઋદ્ધિસિદ્ધિ મેળવવા માટે જણાવેલું નથી પણ માત્ર ફળ તરીકે જણાવેલ છે. જે જણાવવામાં આવેલ છે તે ફળ તરીકે પણ કારણ તરીકે નહિ. વળી આનુષાંગિક ફળ -જવારનું બી નાનું તેનું રાડું પણ નાનું પણ વચમાં સાંઠો તે મોટો. ખેડૂતે રાડા ઉપર ધ્યાન આપવા કરતાં બી અને દાણા ઉપર જ ધ્યાન આપવું જોઈએ, તેમ અહીં ચરિત્રમાં ઋદ્ધિસિદ્ધિ જણાવી તે આનુષાંગિક ફળ છે પણ ખરું ફળ શું?

**નવપદની આરાધનાનું ખરું ફળ શું?** - આત્મા કર્મનો સર્વથા ક્ષય કરી આત્મસ્વરૂપ પ્રગટ કરે તે જ 'નવપદ'ની આરાધનાનું ખરું ફળ છે, પણ તે બાહ્ય આરાધનાથી ન મળે. ઋદ્ધિસમૃદ્ધિ તે બાહ્ય ક્રિયાથી પણ મળે પરંતુ કેવલજ્ઞાન આદિ ગુણની પ્રાપ્તિ, મોક્ષની પ્રાપ્તિ ન થાય. સર્વથા કર્મના ક્ષય માટે 'નવપદ'ની આરાધના કરો પણ તેના ગુણો જાણી, તેની કિંમત જાણીને ભાવપૂર્વક આરાધના કરો તો જ તમે મુખ્ય ફળને મેળવી શકો. અહીં દ્રવ્ય-ક્રિયા તે ભાવનું કારણ ખરું પણ જેમ રસોઇ કરવામાં ચૂલો સળગાવવો એ કારણ ખરું પણ તેમાં કાર્ય થવું જોઇએ. અહીં કારણમાં દ્રવ્ય આરાધન ઉપયોગી ખરું પણ તે ખરું ફળ આપે કયારે? ભાવ આરાધનામાં જાય ત્યારે. હવે ભાવ આરાધના ફળે કયારે? 'નવપદ'ના ગુણો જાણી તેમની કિંમત સમજી આરાધના કરે ત્યારે તે મુખ્ય ફળ પામે.

**નવપદમાં છ છ માસે જૈનપણાની પરીક્ષા** - હવે તે 'નવપદ'માં જૈન પણાની પરીક્ષા પણ છ છ માસે હોય છે. તે ત્રણ દ્વારા કરાય. એકલા દેવ કે એકલા ગુરુ કે એકલા ધર્મને આરાધીને નહિ પરંતુ ત્રણેની આરાધનાપૂર્વક તે પરીક્ષા થાય. હવે 'નવપદ'માં બે પદ દેવનાં. જૈનો અરિહંત અને સિદ્ધ એ બે સિવાય અન્ય કોઇને દેવ તરીકે માને નહિ અને. એ બેમાં ઓછા પણ કરે નહિ અર્થાત ઉભયાવધારણ કરે. એકાવધારણ ન કરે. નારકી એ જીવ ખરો પણ જીવ એ નારકી એ વાત ખોટી, કારણ કે જીવમાં તો સર્વ નારકી હોય એમ ન કહેવાય કેમકે, દેવ, મનુષ્યાદિ પણ જીવો છે. ત્યાં એક પદાવધારણ વાજબી છે. અહીં જીવ હોય તે જ ચેતનવાળો. જે ચેતનાવાળો તે જ જીવ. ચેતના વિનાનો કોઇ જીવ ન હોય. અહીં ચેતના અને જીવ બંનેને પરસ્પર અવધારણ છે. આ બંને અંગે નિયમિત નિયમ તેથી શાસ્ત્રકારે જણાવ્યું કે जीवे भंते! जीवई? પ્રશ્નના જવાબમાં જીવ હોય તે જ પ્રાણ ધારણ કરે અને પ્રાણ ધારણ કરે તે જીવ, તે સિવાયનો જીવ ન હોય એમ કહ્યું. તેમ અહીં અરિહંત અને સિદ્ધ એ બંનેપણું અને દેવપણું તેનો નિયમિત નિયમ એટલે જેટલા અરિહંત અને

સિદ્ધો તે સર્વે દેવો. તે સિવાયના કોઇ દેવ છે જ નહિ. માટે ઉભયાવધારણવાળો દેવતત્ત્વનો સંબંધ અરિહંત અને સિદ્ધમાં છે.

**અવધારણ નિયમ** - તેવી રીતે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણને અંગે ગુરુતત્ત્વ મનાય ત્યાં પણ એ ત્રણ જ ગુરુ છે, તે જ મનાય, એવો અવધારણ નિયમ છે. બેને માને અને ત્રીજાને ન માને તો તે આરાધક નહિ. ત્રણમાંથી કોઇ પણ એકને ન માને તો તે ગુરુ તત્ત્વ આરાધાતું નથી. ત્રણેને આરાધ્ય જ માને અને આરાધે. તે સિવાયને ન આરાધે તો જ ગુરુતત્ત્વની આરાધના થાય.

**દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ** - દેવના બે, ગુરુનાં ત્રણ. તેવી રીતે ધર્મનાં ચાર તત્ત્વો. હવે ચાર પૈકી એકમાં પણ ધર્મ રહિતપણું નથી. તે ચાર સિવાય જગતમાં કોઇ જગે ધર્મ છે જ નહિ. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ચાર જ ધર્મના ભેદ છે. દરેક મતવાળા પોતાના દેવ, ગુરુ અને ધર્મને માને જ છે. કોઇપણ આસ્તિક ત્રણ તત્ત્વને માન્યા વિના રહેતો નથી, પરંતુ જૈનો જે દેવતત્ત્વ માને છે તે કોને અંગે? અરિહંત અને સિદ્ધને અંગે. તે સિવાય ત્રીજો ભેદ જ નહિ. તેમ ગુરુમાં ત્રણ સિવાય અન્યને ન માને, ત્રણને જ માને. તેમ ધર્મમાં આ ચાર ભેદને જ માને. તે સિવાયનાને ધર્મ માને નહિ અને તે સિવાય ધર્મ રહે પણ નહિ એ પણ નિયમિત. આટલા માટે 'નવપદ'માં એ ત્રણ તત્ત્વો આરાધનીય છે. તે છ છ માસે આત્માની પરીક્ષા માટે, આરાધવા માટે છે તેથી તેનું નામ ઓળી રાખેલ છે.

**જૈન શાસનના જ્ઞાનની વિશિષ્ટતા** - હવે સમ્યગ્જ્ઞાન સુધી સાત પદનું વર્ણન કરી ગયા. હવે સવાલ એ છે કે **જૈન શાસન જ્ઞાનને જ્ઞાન તરીકે આરાધ્ય માનતું નથી.** જેમ જગતમાં કોઇએ કાંટો દેખ્યો છતાં તે ઉપર પગ મૂક્યો, ખાડો દેખી પડતું મૂકયું, કૂવો દેખી અંદર પડયો, એ સર્વમાં આપણે તેને અંધ કહીએ છીએ. અહીં દેખતાને આંધળો કેમ કહો છો? જગતમાં દેખવું તે દેખવા માટે નથી પણ તે દેખવું તે બચાવ માટે કે લાભને માટે છે. તો બચાવ ન કરે તો તે દેખ્યું ન ગણાય. તેમ પોતાની ચીજ

પડી જાય તે લીધી નહિ, ચોર તે લઈ જાય તો પણ ન લે, બીજે દહાડે ખબર પડે ત્યારે હા પણ કહે. કહો હવે તે માણસને આપણે મૂર્ખ જ કહીએ ને? ચોરી કરી જનારને ચોરી કરતાં દેખેલ છે. અહીં જાણ્યાનું ફળ શું? પોતાની વસ્તુનું રક્ષણ ન કર્યું તો પછી જાણ્યાનું ફળ શું? અનર્થથી બચવું અને ઈષ્ટનું રક્ષણ કરવું તે જાણવાનું ફળ છે. અનિષ્ટના નિવારણ માટે, ઈષ્ટની પ્રાપ્તિ માટે કે રક્ષણ માટે જાણવું એ ફળરૂપ છે. તેમે અહીં જૈન શાસનમાં જાણવું તે જાણવા માત્રથી ફળરૂપ નથી, પણ વર્તનથી ફળરૂપ છે.

**આચારાંગ કોણ વાંચી શકે?** - આ ઉપરથી એક મોટી વાતનો ખ્યાલ આવશે. કોઈ આચારાંગ વાંચવા કહે. પૂછતાં તે કહે કે જેટલું વાંચીશ તેટલું જ્ઞાન તો થશે ને? હવે શાસ્ત્રકારે તેને નિષેધ કર્યો. શાસ્ત્રનું જ્ઞાન તે આત્મકલ્યાણનું સાધન છે. આત્મકલ્યાણ કરાવનાર જ્ઞાનમાં આડા આવનાર આચાર્યને? તો પછી અંતરાયના મોવડી આચાર્યને? વગર જોગવાળા સાધુને વાંચવાની અનુજ્ઞા ન આપે એટલે તેમને પણ અંતરાય કરનારા આચાર્યને? જાણવાની ઈચ્છાવાળાને વચમાં અંતરાયની આછી પાળ બાંધીને? આવી આવી જે ધારણા થતી હોય તેનો હવે નિકાલ આવશે.

**'पढमं नाणं तओ दया' એટલે શું?** - જૈન શાસ્ત્રકાર જ્ઞાનને જ્ઞાન તરીકે રાખતા નથી પણ તેને આચારમાં મૂકવાનું છે. જેઓ આચારમાં વધતા જાય તેમ તેમ તેઓ જ્ઞાનમાં આગળ વધે. સાધુપણામાં પરિણત થતો જાય, યોગમાં પાસ થતો જાય તેમ તેમ વાંચવાની છૂટ મળે. કહો કેમ છૂટ નહિ? જ્ઞાન જ્ઞાન માટે નથી પણ આચરણ માટે છે. આ ઉપરથી તમે ગાથાનો અર્થ બગાડો છો તે હવે નહિ બગાડો. 'पढमं नाणं तओ दया एवं चिट्ठइ सव्वसंजए अन्नाणी किं काही० (द० अ. ४ गाथा० १०)' આ ગાથાનો અર્થ આપણે શું કરીએ છીએ? પ્રથમ જ્ઞાન, પછી ક્રિયા એટલે ક્રિયા રખડતી અને જ્ઞાન મુખ્ય એમ કરીએ છીએ પણ પ્રથમ વિચારો કે 'पढमं नाणं तओ दया' એમાં 'तओ दया' પછી દયા. એટલે

એકલી દયા કે બીજું સમ્યક્ત્વ આદિ નથી તો પછી 'तओ सव्वं' કહો ને? છતાં 'तओ दया' કહીને દયાને કેમ આગળ કરી? ઝાડ વિના ફળ ન હોય એ ચોક્કસ પણ મુખ્યતા તો ફળની જ છે. પ્રથમ વ્યાપાર પછી લક્ષ્મી તેમાં મુખ્યતા લક્ષ્મીની છે, તેમ અહીં પ્રથમ જ્ઞાન પછી દયા, ચારિત્ર ન મૂકયું કારણ કે શંકા દયાને અંગે હતી. પ્રથમ શાસ્ત્રકારને પ્રશ્ન કરતાં જણાવ્યું કે - પ્રશ્નઃ - તમો નિયમિત કહી દો કે મારે કેમ ચાલવું, બેસવું, સૂવું, બોલવું, ખાવું? એ સર્વ તમે નિયમિત કહી દો. નિયમિત કરી કરવુ શું છે? તો કહે છે કે 'पावं कम्मं न बंधई' પાપકર્મ ન બંધાય તે માટે, પાપકર્મથી બચવા માટે પોતાની સર્વ પ્રવૃત્તિ નિયમિત કરવા શિષ્યે જણાવ્યું ત્યારે જવાબમાં જણાવ્યું કે 'जयं चरे जयं चिट्ठे' એટલે જયણાથી ચાલવું. બેસવું, સૂવું, ઊઠવું, ખાવું એમ કરીશ તો પાપકર્મ તને બંધાશે નહિ. આવી રીતે જયણા કે દયાને અગ્રસ્થાન આપ્યું.

**જયણા માટે જ્ઞાનની જરૂર** - અહીં શિષ્ય અવળો થઈ જ્ઞાન કહેતાં પોથી આદિને ઉંચે મૂકવા લાગ્યો ત્યારે 'पढमं नाणं तओ दया' માં જણાવ્યું કે જયણા કરવાની ઈચ્છાવાળાએ પ્રથમ જ્ઞાન મેળવવાની જરૂર, છે. અહીં દયાની સિદ્ધિવાળા, જ્ઞાનની સાધનાવાળા માટે 'पढमं नाणं' એ આખું વાક્ય મૂકયું. જેને દયાની સિદ્ધિને અગ્રપદ આપેલ છે તેવા માટે આ સમજવું. જયાં દયાની શ્રેષ્ઠતા, મુખ્યતા નથી ત્યાં આ વાક્ય ન સમજવું. પાપકર્મ શાથી ન બંધાય? જયણાથી. અહીં જ્ઞાનને નિરર્થક ગણે તેના માટે 'पढमं नाणं' પદ સમજવું, કારણ? જ્ઞાનથી જયણા થશે. તેથી આગળ આ વ્યાપ્તિ કરવી પડી કે જયારે જીવ, અજીવ, પુણ્ય, પાપાદિ જાણવામાં આવે ત્યારે બાહ્ય અભ્યંતર સર્વ સંજોગોને છોડવાવાળો આત્મા થાય. તેથી અહીં 'जया तया' કહી વ્યાપ્તિ કરવી પડી છે.

**જૈનો જ્ઞાનને શા માટે માને છે?** - આ ઉપરથી નક્કી થશે કે જૈનો જ્ઞાનને માને છે તે દયાના પરમ સ્થાને પહોંચવા માટે. આથી આગળ જણાવ્યું કે 'एवं चिट्ठइ सव्वसंजए' આ પ્રમાણે સર્વ સાધુઓ રહેલા છે,

પણ એ પ્રમાણે 'सव्वनाणिणो' સર્વ જ્ઞાનીઓ રહ્યા છે એમ ન કહ્યું. ત્રીજા પદમાં 'अन्नाणी किं काही ?' અજ્ઞાન ખરાબ શા માટે? તે કરી શકે નહિ. જ્ઞાન સારું શાને માટે? કરી શકવાને અંગે જ જ્ઞાન સારું. 'किं, वा नाहीइ छेअपावगं' અવિરતિ, સર્વવિરતિ, કર્મક્ષયના કારણોને કેમ સમજશે? આથી જ્ઞાન તે જ્ઞાન તરીકે સાધ્ય નથી પણ ક્રિયાના સાધન તરીકે સાધ્ય છે.

**જ્ઞાન અને ચારિત્ર વચ્ચે ભેદ** - બીજી વાત એ છે કે જ્ઞાન એવી ચીજ છે કે એક સમય માત્રમાં છદ્મસ્થતામાંથી કેવલજ્ઞાનમાં પરિવર્તન થાય. બારમા ગુણઠાણાના છેલ્લે સમયે માત્ર અષ્ટ પ્રવચનમાતાનું પણ જ્ઞાન હોય અને તેરમે કેવળજ્ઞાન. બંને વચ્ચે આંતરૂ એક સમય. ક્રિયા - ચારિત્ર એવી ચીજ છે કે જે અનંતા ભવે તૈયાર થાય. અક્ષર સારા કે નરસા કયા તે જાણવા એક મિનિટ બસ થાય પણ તેવા અક્ષર લખવા શીખવું હોય તો ક્રિયામાં કેટલો એ વખત જોઈએ? કેટલા વર્ષના શિયાળા મરોડ-વાળવામાં ગાળો ત્યારે શીખી શકો! લખવાની સ્થિતિ માટે વર્ષો જોઈએ, તેમ અહીં જૈન ભાવચારિત્રમાં આવવું હોય તેને અનંતી વખત દ્રવ્યચારિત્રો કરવાં પડે. તે કર્યા સિવાય ભાવચારિત્ર આવી શકે જ નહિ. આવો નિયમ **હરિભદ્રસૂરિજી** બાંધે છે.

**મરૂદેવા માતાનું દૃષ્ટાંત - વિરલ - ભાવચારિત્ર તેને જ આવે કે જેણે અનંતીવાર દ્રવ્યચારિત્ર લીધાં હોય** : અહીં શિષ્યે શંકા કરી કે **મરૂદેવા** માતામાં શું? તેમનો જીવ અનાદિ કાળથી નિગોદવનસ્પતિમાં હતો. પ્રથમ જ મનુષ્યભવ **મરૂદેવા** વખતનો છે અને દ્રવ્યચારિત્ર તો લીધું પણ નથી. વાત ખરી. કેટલી વખત લીટા થયા પછી એકડો થાય! સેંકડો વખત લીટા કર્યા પછી એકડો આવે એમ નિયમ બાંધીએ પણ ત્યારે કોઈ ભવાંતરના જ્ઞાનવાળો **તીર્થંકર**નો જીવ હોય તો તે લીટા વિના એકડો કરે તેનું શું? તે અપવાદ સમજવો. ઉપરનો નિયમ જગતનો સમજવો. વગર લીટીએ એકડો આવડે તે અપવાદ તેમ **મરૂદેવા** માતા તે અપવાદ. તે

કાયદામાં નિયમમાં ન ગણાય. આખી ચોવીસીમાં તે **મરૂદેવા** માતાનું એક જ દૃષ્ટાંત ને? અનાદિ કાળની વનસ્પતિમાંથી આવી પ્રથમ મનુષ્યભવના અવતારમાં જ કેવળ થયું. તેવા તો આ એક જ ને? આવું અન્ય દૃષ્ટાંત અનંતી ઉત્સર્પિણી - અવસર્પિણીમાં એક પણ બીજું જોવામાં આવતું નથી. આ એક જ દૃષ્ટાંત છે તે અપવાદ અને આશ્ચર્યની વાત છે. તે વાતને દૃષ્ટાંત તરીકે લઈ શકાય જ નહિ. જેમ પાણીમાં ડૂબ્યા તેમાં બધા મરી જાય પરંતુ કોઈ ભાગ્યશાળી બચે પણ છે. નિયમ તો તેવો બાંધીએ છીએ કે પાણીમાં ડૂબે તે મરે છતાં સોમાં એક બચે તે અપવાદ, અપવાદ નિયમની સાથે લખાતો નથી. માટે અનંતા દ્રવ્ય-ચારિત્રો થાય ત્યારે જ ભાવ-ચારિત્ર આવે.

**અનંતા દ્રવ્ય-ચારિત્રો વિના ભાવ-ચારિત્ર આવે નહિ** - આ નિયમથી શાસ્ત્રાકારે કહ્યું કે આ જગતમાં એવો એક પણ જીવ નથી કે જેને વ્યવહાર રાશિમાં આવ્યાને અનંતો કાળ થયો ન હોય, તે અનંતીવાર દ્રવ્ય-ચારિત્ર વિનાનો તેમજ અનંતી વખત નવ ગ્રૈવેયકે જઈ આવ્યા વિનાનો ન હોય. આથી દ્રવ્ય -ચારિત્ર અનંતીવાર આવ્યા વિના ભાવ-ચારિત્ર આવે નહિ એ નક્કી થયું.

**આત્માનો હિસાબ રાખો છો કે?** - અહીં આઠમા પદે ભાવ ચારિત્રની આપણે આરાધના કરીએ છીએ. હવે તે ચારિત્ર શી ચીજ? ઓઘા, મુહપત્તિ, પાતરાં કે ઝોળીપલ્લા? તે માટે કહે છે કે જીવ માત્ર પોતાની ચાલ છોડીને પારકી ચાલને જ વળગેલા છે. આપણે જ વિચારોને પ્રાતઃકાળથી ઊઠીએ ત્યારથી ખાવાપીવાના, ધનમાલના વિચાર સૂવાના સમય સુધી કરવાના. તેની શ્રેણિ ચાલવાની. પણ પોતે કેવો છે? કયાંથી આવ્યો છે? કોનો છે? એ સંબંધી વિચાર જ કયારે પણ આવતો નથી. આ આત્મા આંખ જેવો કમનસીબ છે. આંખ રતન જેવી ચીજ તે જગતને જુએ, દરેક ચીજને દેખે પણ પોતાને ન જુએ. પોતામાં માત્ર કણી પડી હોય તો પણ તે ન દેખી શકે. તેમ આ જીવનો સ્વભાવ એવો છે કે સગાંવહાલાં,

કુટુંબકબીલાની સર્વ બીના જુએ પણ પોતાને અંગે જરા યે ન જુએ. ખાવાપીવાનો ટાઇમ, હરવા ફરવા કે સૂવાનો ટાઇમ એ બધું નિયત પરંતુ તમારો આત્મા તમારા આત્માને વિચારે તે માટે કયો નિયમિત ટાઇમ છે?

**આત્માના માટે ચાર પાનાંની ચોપડીની જરૂર** - અરે કૂકાના કે કાંકરાના વ્યવહાર માટે મોટા ચોપડા, પગારદાર મુનીમો છે પણ આ આત્મા માટે ચાર પાનાંની ચોપડી પણ નથી, તેમાં શો લાભ કે શું નુકસાન, પુણ્યપાપ કેટલું બાંધ્યું, સંવરનિર્જરા કેટલી કરી? કોઇ દુકાન માંડે કે પેઢી માંડે અને ચોપડો ન રાખે તો તેને કોઇ વેપારી કહેશે ખરો? અહીં કોઇ કહે કે ધર્મ આરાધનાનો ટાઇમ તો સાર્થક છે ને? તેમ દુકાનદાર લેવડદેવડ કરે. વેપાર ચલાવે પણ નામું ન રાખે તો ચાલે ને? ત્યાં તો કહેશે કે ન ચાલે. તો પછી આત્મા માટે ચાર પાનાંની ચોપડી મળતી નથી એ શું? કાજીની કૂતરીની કિંમત પણ કાજીની કિંમત નહિ. આત્મારૂપ જે કાજી તેની કૂતરી રૂપે કુટુંબકબીલો છે તેને અંગે ચિંતા પણ આત્માએ શી શુભ પ્રવૃત્તિ કરી, શું કર્મબંધ કર્યો તે અંગે કશી વિચારણા જ નહિ. આત્માને અંગે તો આંધળે બહેરૂં કૂટાય છે. તેને અંગે તપાસ કે ટાઇમ પણ નહિ. આત્મામાં શું સારું બન્યું, શું ખોટું થયું, ખોટું થયું તેને કેમ ઘટાડવું વગેરે માટે ટાઇમટેબલ નથી, તેમ તેવું કંઇ લખવાનો વખત નથી, તેમ ચોપડી પણ નથી.

**ચારિત્ર એ શી ચીજ ?** - આવી રીતે અનાદિ કાળથી વર્ત્યા. હવે તે સમજો તો ખરા. જમે-ઉધાર શી ચીજ છે એ સમજાવ્યા પછી જ ચોપડા સોંપાય. આત્મામાં જમેઉધારનો ભાગ કયો તે સમજો. અશુભ ક્રિયા એટલે ઇંદ્રિયોને અનુસરી તેને આધીન થઇ, કષાયને અનુસરી તેને આધીન બની, આરંભ, વિષયને અનુસરી કે આધીન બની જે ક્રિયા કરાય તે સર્વ અશુભ ક્રિયા છે. હવે ચારિત્ર કોઇ બીજી ચીજ નથી, પણ ઇંદ્રિયોને, કષાયોને, આરંભ, સમારંભ, વિષય અને પરિગ્રહને આધીન રહી કંઇ કરવાનું નહિ એવો નિયમ તે ચારિત્ર.

**અશુભ ક્રિયાના ત્યાગની પ્રથમ જરૂર** - આ જગત કોના શાસન

નીચે ચાલે છે? પાંચ ઇંદ્રિય, ચાર કષાય, આદિના શાસન તળે આ જગત ચાલી રહ્યું છે. ચારિત્રનું પ્રથમ પગથિયું શું? ઇંદ્રિય, કષાયને આધિન બની જે ક્રિયા કરાય તે અશુભ, તેનો ત્યાગ થાય તો જ આત્માને લાભ. હવે અહીં પ્રથમ અશુભ કેમ કહી? પુણ્ય કહેવું હતું ને? 'પુણ્યે પાપ ઠેલાય' એ દુનિયાનો નિયમ ખરો પણ જૈન શાસ્ત્રકાર એમ કહેતા નથી કે શુભ ક્રિયાએ અશુભ ક્રિયા ઠેલાય તેમ નથી. બંને ક્રિયાઓ કર્મબંધનું કારણ છે. જો અશુભ ક્રિયા છોડી શક્યો હોય અને શુભ ક્રિયા પછી કરે તેની અડચણ નથી. દેવ, ગુરુ અને ધર્મની આરાધના તે શુભ ક્રિયા. સમ્યગ્દર્શનાદિની આરાધના તે શુભ ક્રિયા. તે માટે જેટલી તમન્ના તેથી અધિક તમન્ના અશુભ ક્રિયાના ત્યાગ માટે હોવી જોઇએ. સાધુપણામાં એકાસને બેસવું જોઇએ. અહીં આસનના શોખમાં આચાર્ય પદવી, સાધુપણું હોવા છતાં બેસવામાં અક્કડ રહેવાની સ્થિતિમાત્રથી કાળ કરી અનાર્યપણે ઉપજયા અને ત્યાં પણ લૂલા, લંગડા થયા. ગોઠણ રહી ગયા. આ ઉપરથી સમજી શકશો કે શુભ ક્રિયાના આદરની જેમ જરૂર છે તેમ અશુભ ક્રિયાના ત્યાગની પ્રથમ જરૂર છે.

**પચ્ચક્ખાણ કરે તે જ બચે** - 'अगाराओ अणगारिअं पव्वइए' સંસારની માયા જાળ છોડી દીક્ષા અંગીકાર કરી. અહીં દીક્ષા લીધી એટલું જ કહેવું હતું ને? તો હવે અશુભ ક્રિયાનો ત્યાગ તે ચારિત્રનું પ્રથમ પગથિયું છે માટે 'ઘરથી નીકળીને' એમ કહેવું પડયું, તે એક વાત. બીજી વાત એ છે કે ત્યાગ કહે છે. ત્યાગ કહીને શું જણાવે છે કે આખું જગત એ શબ્દો વાપરે છે કે 'કરે તે ભોગવે' પણ જૈનો તેમ ન બોલે. તો પછી બોલવું શું? **'વિરમે તે બચે.'** એટલે પચ્ચક્ખાણ કરે તે જ બચે. અન્ય કોઇ પણ ધર્મમાં પચ્ચક્ખાણ ન કરવામાં પાપ માન્યું નથી. અવિરતિમાં કર્મબંધન માન્યું નથી. માત્ર જૈનો અવિરતિમાં કર્મબંધ માને છે. એટલે ન વિરમ્યા, ત્યાગ ન કર્યો એટલે કર્મબંધનું કારણ. કોઇને કહો કે કંદમૂળનો ત્યાગ કરો. તે કહે કે પ્રસંગ આવે તો - અહીં પોતે વિરાધના કરવા તત્પર છે પણ પ્રસંગ

વિના અટકયા છે. રાત્રિભોજન ત્યાગના પચ્ચક્ખાણ કરીએ કારણ તે પશુ-અવતાર લાવનાર છે પણ પ્રસંગ આવે તો શું થાય? વખત આવે તો દાખલ થનાર જ છે.

**યાવજ્જીવનનાં પચ્ચક્ખાણ** - હવે હિંસા, ચોરી, જૂઠ આદિ પાંચ આશ્રવો માટે પ્રસંગ આવે કે ન આવે પણ તમે તેનો ત્યાગ કરો તો જ પાપથી બચો. માટે આવી પ્રતિજ્ઞા કરો. સતીઓમાં જે નામ લખાવ્યાં છે તે શાથી? પ્રસંગ આવે બચ્યા માટે. તેમ અહીં પ્રસંગ આવે કે ન આવે પણ મારે ન કરવું એ જ ધર્મ. તેથી સામાયિક, પૌષધ, પ્રતિક્રમણાદિ નિયમો તે શાને માટે? જૈન ધર્મ નિયમ રાખે છે કે પચ્ચખ્ખાણ ન કરો તો પાપ. તેથી મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગને કર્મબંધ તરીકે લઈએ છીએ. આથી અવિરતિ એ જ કર્મબંધનું કારણ છે તે તમે સમજી શકયા હશો. એક પચ્ચક્ખાણની વાતમાં કેટલી આનાકાની કરો છો? અરે, કરો તે શરમને લીધે. ધૃતિ, દૃઢતાની ખામીને લીધે તે કરાય છે.

**શેઠ ને આરબ (૧૧)** - એક શેઠ પાસે કોઈ આરબ સિપાઈ નોકરી માટે ગયો. સિપાઈએ શેઠને કહ્યું કે પગારની વાત નક્કી કરવા પહેલાં બે વાત સાંભળો. પગાર ઓછો ચાલશે પણ જાનને અને માલને અંગે ભય હોય તો મારી નોકરી નહિ. બાકી ચોવીસ કલાક હું નોકરી આપીશ. અહીં ભયની વખત છૂટી માગે તે કેમ પાલવે? તેમ અહીં વ્રત પચ્ચક્ખાણાદિ જે કરવાનાં તે આવતો ભવ કે ગતિ સુધારવા માટે કરીએ. પણ મંદવાડ આવે અને પરભવમાં જવાનું થાય ત્યારે મોકળું રાખે. અહીં પેલા આરબ સિપાઈના પગાર જેટલી જ કિંમત ને? પરભવના આયુષ્યબંધ સમયે બધી છૂટ તો પછી આરાધનામાં રહ્યું શું? આવાં થાગડથીંગડાવાળા પ્રત્યાખ્યાન ન લો પણ યાવજ્જીવનનાં લો.

**જૈન શાસનમાં વિરતિની જડ શી?** અનંતીવાર જન્મમરણ કર્યાં પણ આરાધના એકે વખત નથી થઈ. તે નથી મળી તે મળવી જોઈએ. આવી રીતે જિંદગીની સાધના. અપવાદ વિનાનાં વ્રતો કરવામાં આવે તે

જ વિરતિ કે પ્રત્યાખ્યાન કહેવાય. આ ઉપરથી હિંસા, ચોરી આદિની જે અશુભ ક્રિયાઓ તેની પ્રથમ પ્રતિજ્ઞા હોવી જોઇએ તે જ વિરતિની જડ છે - એટલે જ અશુભ ક્રિયાનો ત્યાગ. અહીં વાંધો મોટો આવ્યો. પચ્ચક્ખાણમાં શુભ ક્રિયા લીધી અને અહીં વિરતિમાં અશુભનો ત્યાગ. 'करेमि भंते! सामाइअं' માં પ્રથમ જ્ઞાનાદિની આરાધનારૂપ શુભ ક્રિયા રાખી અને અશુભ ક્રિયાનો ત્યાગ પછી રાખ્યો. આવો મતભેદ કેમ? વાત ખરી, પણ શુભ ક્રિયાનો આદર, ચારિત્રની, પ્રતિજ્ઞામાં જણાવ્યો છે. અહીં ફરક કયા મુદ્દાથી છે? અહીં ચારિત્રના સ્વરૂપમાં શુભ ક્રિયાનો આદર થવાનો કોને? ટકાવ કોણ કરશે? જે અશુભ ક્રિયાનો ત્યાગ કરે તે જ શુભ ક્રિયા આદરી, ટકાવી, પાળી શકે. જેઓ અશુભનો ત્યાગ ન કરે તેમાં રાચ્યામાચ્યા રહે તેઓ ત્યાગ કરે તો પણ તે પરમકાષ્ઠાએ તો પહોંચે જ ક્યાંથી? અહીં ઉત્પત્તિના ક્રમે અશુભક્રિયાનો ત્યાગ અને શુભ ક્રિયાનો આદર જણાવ્યો.

**વાસ્તવિક ચારિત્રનું સ્વરૂપ** - પ્રત્યાખ્યાનમાં પણ મૈથુનરૂપ અશુભનો ત્યાગ કરો પછી બ્રહ્મચર્યને ગ્રહણ કરો. આમ હોવા છતાં 'કરેમિ ભંતે'માં પ્રથમ 'सव्वं सावज्जं भंते पच्चक्खामि' રાખવું હતું ને? મુદ્દો શો? સાવદ્યનો ત્યાગ. તેના પ્રત્યે દ્વેષ કોઇ કરતો નથી, રોષ ચઢતો નથી અને તેથી ત્યાગ નહિ તેની સપડામણને લીધે ત્યાગ કરતો નથી, પરંતુ સમ્યગ્દર્શનાદિ જે આત્માના ગુણો તેને ટકાવવા, વધારવા અને પરમ કાષ્ઠાએ પહોંચાડવા માટે ત્યાગ કરું છું. આ સાધ્ય જણાવીને ભાવપ્રત્યાખ્યાન કરવામાં આવ્યું અને ત્યાં ભાવચારિત્ર લાવવા માટે વિપર્યાસ રાખ્યો. શુભનો આદર અને અશુભનો ત્યાગ, ત્યારે ચારિત્રમાં પ્રથમ અશુભનો ત્યાગ, પછી શુભનો આદર. વાસ્તવિક ચારિત્રનું તે સ્વરૂપ છે.

**ચારિત્રનાં બે સ્વરૂપ** - હવે અશુભ ક્રિયાના ત્યાગની અનુપમ કોટિમાં જવું તે ચારિત્ર. સમ્યગ્દર્શનાદિની જે શુભ ક્રિયાઓ છે તેમાં પ્રમાદ ન કરતાં અપ્રમાદપણે વર્તવું. ચારિત્રનાં બે સ્વરૂપ. હિંસાદિનો ત્યાગ અને

શુભ ક્રિયામાં અપ્રમાદપણે વર્તન તે સિવાય ત્રીજી ક્રિયાની જરૂર નથી. જેમકે 'છોકરાને પાળજે' એમ કહેવાથી તેને ભણાવવાનું, ખાવાપીવાનું, વ્યાપારરોજગાર એ સર્વ આવી જાય. તેમ અહીં પણ અશુભ ક્રિયાનો ત્યાગ અને શુભનો આદર એ બે વાત કહી એટલે યતિધર્મના દશ ભેદો લાવવા જ પડશે. ક્ષમા, માર્દવ, આર્જવ, ત્યાગ, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચનપણું, અને બ્રહ્મચર્ય એ સર્વ લાવવું જ પડશે. આ ચારિત્ર ઉત્તમ ગુણોએ સહિત છે તેથી ઉપરના ગુણો લેવા પડે. આ જ મુશ્કેલી અહીં છે. કાગળિયામાં લખવાથી આપવા લેવા ન પડતા હોય તો દસ્તાવેજ લખવાની જરૂર શી? અને તે લખવામાં મુશ્કેલી શી? તેમ અહીં જૈન શાસન સિવાય ઇતરોમાં આપવા લેવા સિવાયના દસ્તાવેજો કે નામો છે. વ્રત પચ્ચક્ખાણો કયાં? નિયમો કે પ્રતિજ્ઞાઓ કઇ? વાતો જ કરવાની. જૈન શાસન 'વાતોનાં વડાં' કરવાવાળું નથી પણ એમાં તો ક્રિયા કરી બતાવવાનું કહ્યું છે. અશુભ ક્રિયાનો ત્યાગ અને શુભનો આદર કરી બતાવો. તે પણ ક્ષમાદિ ગુણોની સાથે કરી બતાવો. આનું નામ જ ચારિત્ર છે.

**ચારિત્ર યાવજજીવન પાળવાની ચીજ** - હવે ચારિત્ર તો તમે જણાવ્યું, તેનો વિષય કયો? જેમ તમે દર્શનને રત્નનો દીવો જણાવી મનભવનમાં ધારવાનું જણાવ્યું અને જ્ઞાનને વિનયથી લેવા જણાવ્યું તો હવે ચારિત્ર માટે શું સમજવું? તે શીખવાની કે મૂકવાની ચીજ નથી, પણ તે पालेह એટલે વર્તનમાં મૂકવાની ચીજ છે, રોજ પાળવાની છે. કોઇ કામ શીખી ગયા તે આવડ્યા માત્રથી પાર પામી ગયા એમ ન સમજશો, પણ તે ચારિત્રને યાવજજીવન પાલન કરવાનું.

**કર્મના ક્ષય માટે કરવામાં આવે તે ચારિત્ર** - હવે ચારિત્ર પાલન કરવું તેમાં ત્રણ વસ્તુ જણાવી. અશુભનો ત્યાગ, શુભનો આદર અને ગુણનું ધારણ. એ ત્રણ હોવા છતાં દસ્તાવેજ આખો લખાયો પણ સહી ન કરી તો તેની કિંમત કેટલી? સહી વિનાના દસ્તાવેજની કિંમત જેમ કોડીની

પણ ન હોય તેમ અહીં પણ અશુભનો ત્યાગ કરે, શુભનો આદર કરે, ગુણોને સાથે રાખે - પણ એક વસ્તુ જો ન હોય તો કોડીની પણ કિંમત નહિ. શું ન હોય? જો કર્મક્ષયનો મુદ્દો ન હોય તો કોડીની પણ કિંમત નહિ. મારાં કર્મો-ક્ષય કરવાને હિસાબે હું આ કરું છું એ મુદ્દો ન હોય તો ઉપરની ત્રણ વાત હોવા છતાં કંઈ ફળ ન નીકળે. 'रित्त' એટલે **આઠ કર્મનો સંચય તેને રિક્ત એટલે ખાલી કરે તેનું નામ ચારિત્ર.** તે જ વાત પૂજાની ઢાળમાં પણ બોલો છો. કર્મના ક્ષય માટે કરવામાં આવે તે ચારિત્ર. આ મુદ્દો દરેક ક્ષણે લક્ષમાં રાખવો જોઈએ અને ઉપરના ત્રણ નિયમો પણ રાખવા. આવી રીતે ચારિત્ર પાળવું તે આઠમે પદે.

**બાંધેલા કર્મની નિર્જરા માટે તપ** - આ બધી વાત ખરી. નવા કર્મો બાંધતાં તમે અટકાવ્યાં પણ જૂનાં બંધાયા હોય તેનું શું થાય? ભૂલો કરી દસ્તાવેજ લખાયા અને ગળે પડ્યા તેનું શું? નવાથી સાવચેતી રાખીએ પણ જૂનાનું શું થાય? તેની ભૂલો સુધારવાનો જગતમાં રસ્તો નથી પણ અહીં પૂર્વનાં અનંતા ભવોમાં જીવે પાપો તો બાંધેલા છે તેનું ઔષધ કયું? તો કહે છે કે સમ્યક્ તપ. આ તપ ભૂલના ભોગોને બચાવનારું છે. તે તપ કર્યા વિના ભવાંતરની ભૂલોના પરિણામથી બચી શકીએ તેમ નથી. તે તપના કેટલા ભેદ. તે શું કરે વગેરે જણાવી તે નવમે પદે કેમ તે અગ્રે જણાવાશે.

# વ્યાખ્યાન ૧૦ : 'તપ' પદ

**घणकम्मतमोभरहरणभाणुभूयं दुवालसंगधरं ।**
**नवरमकसायतावं चरेह सम्मं तवोकम्मं ॥**
**( सिरिसिरिवालकहा - गा० ३२ ॥ )**

**સાચો જૈન કોણ ?** - શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **રત્નશેખર-સૂરિજી** ભવ્યોના ઉપકારને માટે **શ્રીપાલચરિત્ર**ની રચના કરતા થકા આગળ જણાવી ગયા કે જે આ **શ્રીપાલ**નું ચરિત્ર કહેવામાં આવેલ છે તે ઋદ્ધિ સિદ્ધિનો અધિકાર જણાવી તેના અર્થી બનાવવા માટે સંભળાવવામાં આવેલ નથી. દેવતાઈ સાહેબી, ઠકુરાઈને ધ્યાનમાં રાખી તે લેવા ઈચ્છા રાખો તેટલા માટે આ સંભળાવ્યું નથી. આ સંભળાવવામાં આવ્યું છે તેમાં જો કે દેવતાઈ આદિ અધિકાર છે પણ તે વસ્તુ ઘાસતુષ સરખું છે. ખરો ઉદ્દેશ કયો? નવકારનું સ્મરણ રોજ કરો, તેમાં તમારો ઉદ્દેશ 'सव्वपावप्पणासणो' તેમજ ઈરિયાવહિયાના કાઉસગ્ગમાં पावाणं कम्माणं, પાંચ પદની કે નવપદની આરાધનામાં યાવત્ ચારિત્ર પાળો તે સર્વમાં ધ્યેય એક જ સરખું. નવકાર જેવી નાની ચીજથી માંડીને સર્વ સ્થાને કર્મનાશનું જ ધ્યેય. આ ઉપરથી નક્કી થયું કે જૈન શાસનના પગથિયે ચઢેલો, તેમાં આગળ વધેલો કોને ગણવો? જેને કર્મક્ષયનું ધ્યેય હોય, તે સન્માર્ગે જે ચઢેલો હોય તે જ સાચો જૈન બની શકે.

**જૈન ધર્મ કે દર્શનનો મુદ્દો** - આ ઉપરથી શાસ્ત્રકારે જણાવ્યું છે કે

'आलोए' આ લોકના કોઈ પણ પદાર્થની અપેક્ષાએ આ ચારની પ્રવૃત્તિ કરવાની નથી તેમજ પરલોક માટે, કીર્તિશ્લાઘાદિ માટે આ ચારની પ્રવૃત્તિ કરવી એમ નથી. ત્યારે હવે તે શાને અંગે હોય? 'कम्मनिज्जरट्ठाए' કેવળ કર્મનિર્જરા માટે જ. હવે કોઈ કહે કે તે તો મોટા જ્ઞાની પુરુષો માટે છે. અમને તો આલોક, પરલોક આદિની ઈચ્છા થાય. હવે અહીં આ વાત આઠ વરસના **મનક** નામના સાધુ આગળ શ્રી**શય્યંભવસૂરિ**એ કહેલ છે તેથી જૈન ધર્મનું એ ધ્યેય છે. આ ધ્યેય સમજશો ત્યારે જ તેને જૈન ધર્મ કહેશો. જેવી રીતે જિનેશ્વર મહારાજને દેવ માને તેથી તેઓ જૈન કહેવાય. 'जिनो देवता यस्य' એટલે જિન છે દેવતા જેનો તે જૈન. અહીં अण् લાવ્યા છે. આ ઉપરથી શું સિદ્ધ દેવ નહિ ને ? કોઈ પણ સિદ્ધ મોહવાળા, જ્ઞાનાવરણીયાદિવાળા નથી તેથી ત્યાં પણ જિનપણું છે. એ જિનપણા વિના સિદ્ધપણું નથી. સિદ્ધપણામાં સર્વ કાળને માટે રાગ, દ્વેષ અને મોહની પરિણતિ છે જ નહિ. માટે 'આર્હત્' શબ્દ ઓછો વાપરી 'જૈન' શબ્દ વપરાય છે. 'अर्हन् देवता यस्य' એમ નથી કહેતા. અરિહંત દેવતા છે જેના તે આર્હત્. અહીં અરિહંતની વ્યાપ્તિ નથી લેતા, કારણ કે સાધ્યની દિશા પણ નક્કી કરે છે. કઈ? તમે જીતો, જીતનારાના શરણે રહો, તેના ભક્ત બનો. જૈન ધર્મનો કે દર્શનનો મુદ્દો તપાસો.

**છોકરા કરતાં પણ નફ્ફટ** - હવે જૈન ધર્મનો કે દર્શનનો મુદ્દો તપાસો. એ વાત ખરી, પણ અહીં એક વસ્તુ ધ્યાનમાં રાખવી કે બેન ને કૂતરું ઘરમાં પેસે એટલે બા છોકરાને કહે કે લે લાકડી ને હાંક ત્યાં તે ભાઈ બેનને હાંકશે નહિ. અહીં માબાપે કહેલો શબ્દ 'હાંક' છે તેથી તે કૂતરાને જ હાંકે પણ બેનને ન હાંકે. તમે જીતનારને શરણે રહો, તેના ભક્ત બનો, જીતનારા થાઓ એમ બોલે છે કોણ? ત્રિલોકનાથ **તીર્થંકર** મહારાજ જેઓ કેવળજ્ઞાની છે તે. તેમના અર્થને આપણે દુનિયાદારીના વ્યવહારમાં ઉતારીએ તો પછી છોકરો જે ભૂલ ન કરે તેનાથી અધિક ભૂલ આપણે

કરીએ છીએ, કારણ કે જિનેશ્વરનાં વચનો જીતનારા બનવા માટેનાં છે. જીતનારના શરણે રહો ત્યાં મારી નાતનો વ્યાપારનો વિરોધી એવાને જીતવા માટેનો એ ઉપદેશ નથી અને તેમ માનીએ તો છોકરા કરતાં પણ આપણે નફ્ફટ ગણાઈએ.

**'જા બિલ્લી કુત્તેકુ માર'** - જિનેશ્વર મહારાજ જેને જીતવાને અંગે બલિહારી ગણે છે તે કેવળ કર્મશત્રુને અંગે. કર્મ સિવાય કોઈમાં શત્રુતા રાખવાનો હક જૈન શાસનમાં છે જ નહિ. કર્મમાં જ શત્રુબુદ્ધિ રાખવાની બીજે નહિ. આથી જૈનપણું જૈન શાસન, તેની ભક્તિ. એ સર્વમાં ધ્યેય શું હોવું જોઈએ? કર્મનો ક્ષય કરવાનું. એ વાત ખરી પરંતુ 'જા બિલ્લી કુત્તેકુ માર.' ત્યાં બિલ્લીમાં તાકાત શી કે કૂતરાને મારે? ત્યાં કૂતરાના એક જ ઝપાટામાં બિલ્લીનો પ્રાણ નીકળી જાય તેમ અહીં અનાદિ કાળથી આ જીવ કર્મમાં જકડાઈ રહેલો, માચ્યોપચ્યો રહેલો છે. તેને મારો, જીતો એમ કહેવું તે બિલ્લી જેવી જ વાત ને? બિલ્લી તો કૂતરાના ઝપાટામાં અનાદિથી નથી પણ આ જીવ તો અનાદિથી કર્મના ઝપાટામાં આવેલ છે, તેમાંથી નીકળવા આ ભગવાન કહે છે તો મારે શું કરવું ? રાંકડો સંસારી જીવ કર્મ સરખા ચક્રવર્તી ઉપર પોતાનો વિજય કેમ કરે? કર્મની ગુલામગિરીમાં, તેના હુકમમાં રહેલા જીવને જિનેશ્વર શું જોઈ કહે છે કે ચૌદ રાજલોકના ચક્રવર્તીને તું ચૂર. અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે ચક્રવર્તીના ચક્રમાં એટલો બધો પ્રભાવ હોય છે કે જે પ્રભાવ દેવતાઓને જીરવવો ભારે પડે, તેમ અહીં જિનેશ્વર ભવ્ય જીવમાં તાકાત નથી તે જાણે છે. આ જીવ અનાદિથી કર્મની ગુલામગિરીમાં જકડાયેલો છે તે જાણે છે, પરંતુ જિનેશ્વર મહારાજ કહે છે કે હું તમને ચક્રરત્ન આપું. **સગર ચક્રવર્તી**નું પ્રધાનરત્ન **ભગીરથાદિ**ના હાથમાં આવ્યું તેથી હજારો યોજન સુધીની જમીન ખોદી નાખવામાં જરા એ અડચણ ન આવી. તેમ જિનેશ્વર મહારાજ કહે છે કે કર્મ નામ ન લે તેવી દશા લાવું, પણ તે ચક્રરત્ન એક જ હિસાબે તમારે આધીન કરું. કયું ચક્રરત્ન? 'સિદ્ધચક્ર'.

**કર્મ ચૂરવાનું સાધન સિદ્ધચક્ર** - હવે દેવ, ગુરુ અને ધર્મ તેમાં બે પ્રકારના દેવ, ત્રણ પ્રકારના ગુરુ અને ચાર પ્રકારનો ધર્મ. એમ 'નવપદ'વાળું નવ આચારવાળું જે 'સિદ્ધચક્ર' તેને જો તમે આરાધો તો કર્મ નાશી જ જાય. એ ત્રણ તત્ત્વોની આરાધના, આધીનતા, તેના હુકમે વર્તવાનું અંગીકાર કરો, તેની બહાર ન જાઓ તો કર્મ રાજાની તાકાત નથી કે તે તેના મનને ગમે તેમ તમને ચલાવે. જિનેશ્વરો જે જીવોનો ઉદ્ધાર કરે છે તેમાં સાધન શું? કર્મ રાજાના સમૂહને કાઢી મૂકવાનું સાધન જો કોઈ હોય તો તે આ 'સિદ્ધચક્ર'ના ચક્ર સિવાય અન્ય કોઈ છે જ નહિ. તે વિના કર્મને ચૂરી શકો તેમ નથી. જિનેશ્વર મહારાજને તમારી પાસે કર્મ ચૂરાવી નંખાવવા હોય તે માટે આ સાધન 'સિદ્ધચક્ર'નું જ છે. દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણે તત્ત્વો તમારામાં ઓતપ્રોત થયાં હોય તો જ કર્મ રાજા નાસી જાય.

**સિદ્ધચક્ર રત્નનો પ્રભાવ** - હવે ચક્રવર્તીનો મહિમા ચક્ર રહે ત્યાં સુધી પણ તેનું પુણ્ય પાતળું થાય ત્યારે તો ચક્રરત્ન પણ ચાલ્યું જાય અગર આયુષ્ય ટૂંકું હોય તો જીવનના પર્યવસાન પછી તે ચક્ર કામ ન લાગે, પણ જિનેશ્વર જે ચક્ર આપે તેમાં તમારું જીવન ચાલ્યું જાય અને ચક્રરત્ન પણ ચાલ્યું જાય તો પણ શત્રુ હલ્લો ન કરે એવો પ્રભાવ છે. દુનિયામાં વાઘ મરી ગયેલો કે સર્પ પણ મરી ગયેલો હોય છતાં ચમકાવે, કર્મશત્રુની જીતે દેવ, ગુરુ અને ધર્મની આરાધના કે પ્રયત્નો કે અનુશીલન તે બંધ થઈ જાય. સિદ્ધપણામાં અરિહંતાદિની આરાધના કે પૂજા નથી. સમ્યગ્દર્શનાદિ અંગે પ્રયત્નો પણ નથી છતાં જ્યાં આ 'નવપદ' નું ચક્ર નથી ત્યાં પણ મોહ રાજા ફરીથી તેનું નામ ન લે. એક વખતના જય સર્વ કાળનો જય. આવી તાકાત 'સિદ્ધચક્ર'માં છે. ચક્રવર્તીના ચક્રમાં તાકાત નથી. ખુદ **મહાવીર** મહારાજા **મુકા**માં ચક્રવર્તી થયા પણ પાછા રખડપટ્ટીમાં આવ્યા, કારણ કે તુરત મોક્ષ થયો નથી.

**સિદ્ધચક્ર દ્વારા જગતના જીવોનું કલ્યાણ** - હવે ચક્રવર્તીનું ચક્ર કામ કરે તે વર્તમાન કાળ પૂરતું, ભવિષ્યમાં નહિ. 'સિદ્ધચક્ર' રૂપ ચક્ર તો

વર્તમાનમાં કામ કરે અને ચાલ્યું જાય તો પણ ભવિષ્ય કાળમાં પણ શત્રુની ચઢાઇ ન થાય અને સર્વ કાળ માટેની જીત મેળવી આપે. આવું ચક્ર તે 'સિદ્ધચક્ર' તે દ્વારા જગતના જીવો કલ્યાણ સાધી શકે અને જિનેશ્વરો સધાવી શકે.

**જૈનો માટે છ છ માસે પ્રાવેશક પરીક્ષા** - હવે દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણની સમજણ કે ઓળખાણ વિના **તીર્થંકર** મહારાજા કોઇને ઉદ્ધરી ન શકે. એ ત્રણની આરાધનાથી જ પોતે ઊંચા આવે અને બીજાને તે આરાધના દ્વારા ઊંચા લાવી શકે. આ ચક્રમાં ત્રણ વસ્તુ છે. જૈન ધર્મની પરીક્ષા, આરાધના માટે છ છ માસ હોય છે. તે પણ નવ દહાડાની તેમાં બે દિન દેવની આરાધનાના, ત્રણ ગુરુની આરાધનાના અને ચાર ધર્મની આરાધનાના એમ ક્રમ છે. આ છ છ માસની પ્રવેશક પરીક્ષામાં જ્યારે પાર ન ઉતરીએ ત્યારે જૈન તરીકે નામ શોભે કેમ? છ છ માસે થતી આ દેવ, ગુરુ અને ધર્મની આરાધના આકરી પડે તો પછી કહેવું શું? ડોશીને જાનમાં આવવા કહે તે વખતે દાયજામાં શું જોઇએ. તે વખતે કાનફોડ કહેવી ન શોભે. તેમ અહીં છ છ માસની પ્રાવેશક પરીક્ષામાં દેવ, ગુરુ અને ધર્મની આરાધનાના માત્ર નવ દિવસો આકરા પડે પછી કહેવું શું?

**નવપદની બે અટ્ઠાઇઓ શાશ્વતી છે** - વળી આ બે અટ્ઠાઇ તો શાશ્વતી, પર્યુષણ અને ત્રણ ચોમાસાની અશાશ્વતી અટ્ઠાઇઓ. જૈનીપણું કહેવા માટે તેની પરાકાષ્ઠા માટે છ છ માસની પ્રાવેશક પરીક્ષા પાસ કરવી જોઇએ હવે ઓળીમાં 'નવપદ' માં દેવ, ગુરુનું વર્ણન કરી ધર્મના ચારમાં ત્રીજા ભેદનું વર્ણન કરી ગયા એટલે આઠમે પદે ચારિત્રની વાત કહી. પણ હવે દુનિયામાં વાંકાપણું વાતમાં નથી પણ વેતરવામાં વાંકાપણું છે. અરિહંતને દેવ માનવા, આચાર્યાદિને ગુરુ માનવા તેમાં કોઇની આડખીલી નથી તેવી જ રીતે સમ્યગ્દર્શનમાં શ્રદ્ધા કરો પછી જીવાદિને માનો, પ્રયાણ કરો, દ્રવ્યાદિક પદાર્થોને માનો તેમાં આડખીલી નથી, પણ બે જ વસ્તુ આ ચક્રમાં એવી છે કે ચકરાવામાં પડવું પડે. તે બેમાંથી એક ચારિત્ર અને બીજી તપસ્યા.

**જૈન ધર્મમાં ચારિત્ર અને તપસ્યા** - જો જૈન ધર્મમાં ચારિત્ર અને તપસ્યાને સ્થાન ન આપવામાં આવ્યું હોય તો આખા જગતને જૈન ધર્મ માનવામાં કે આરાધવામાં વાંધો નથી. વાંધાવાળી એક જ વાત કે વર્તનમાં મૂકવું તે. વરો કરવો આકરો લાગે પણ તેની વાતો આકરી નથી. અરિહંતાદિને દેવ માનવામાં અડચણ આવતી નથી. જ્ઞાન સુધીનાં સાતે પદોમાં આ કુટિલ કાયા પણ આડી નહિ આવે. આદરવું તો દૂર રહ્યું પણ બેઠા બેઠા કલ્પના કરો - ધન, માલ, કુટુંબ, શરીર છોડી, નિષ્પરિગ્રહી થઈ, વિચરવાની કલ્પના કરો તો ગૂંચવણમાં આવો. અરે, આ સર્વ કેમ છોડાય? આપણે કેવળજ્ઞાનીને દેવ માનીએ તેવી રીતે તે સાતે પદોની આરાધના કરવી તે જંગલની જમીન જીતવી તેના જેવું છે, પણ બે પદોની આરાધનામાં તો જાડા રજપૂત જેવી સ્થિતિ. એક તસુ જમીન માટે કેસરિયાં કરી નીકળે. અહીં ચારિત્રની આરાધનામાં જાડા રજપૂતને હઠાવવા જેવી વાત છે. કાયાને હઠાવવી મુશ્કેલ છે. મનને કે હૃદયને સમજાવવું સહેલું છે. જંગલની જમીન જીતવા જેવાં છે પરંતુ જાડા રજપૂતનું સ્થાન હોય ત્યાં એક તસુ માત્ર લેતાં પ્રાણ નીકળી જાય. તેમ અહીં કાયાને કરવાનું સ્થાન ચારિત્ર છે. સાત પદોમાં તો મનની મોજ હતી પણ 'ચારિત્ર' પદમાં સોંસરું નીકળી પડે તેમ છે.

**માન્યતા થયા પછી વર્તન માટે સંખ્યાતી ચોકી** - હવે અહીં વિચારશો તો શાસ્ત્રકાર કહે છે કે માન્યતા થયા પછી વર્તન માટે સંખ્યાતી ચોકી વચમાં પડી છે. શ્રાવકપણામાં જોઈતું રાખી બાકીનાનો ત્યાગ, સ્થૂળ જૂઠ છોડાય પણ બારીક ન છોડાય તો મોકળું કે છૂટ તેમ ચોરી આદિમાં સમજવું. પણ પરિગ્રહમાં તો સર્વથી આગળ વધ્યા. છે એટલાની છૂટ. અહીં તો ધાર્યા જેટલી છૂટ. મન માને તેટલી. પ્રથમના આણંદ વગેરે શ્રાવકો તેવા હતા કે જેમને કરોડોની ઋદ્ધિ હતી છતાં કોડી માત્ર વધારવાની છૂટ નહિ. કરોડોની મિલકતવાળાને કોડી ન વધારવી અને તેના પચ્ચક્ખાણ કરવાં મુશ્કેલ છે.

**સર્વથા ત્યાગ કયારે થાય ? (૧૨)** - જેમ શાસ્ત્રમાં દૃષ્ટાન્ત દેવાય છે કે રાજાએ બુદ્ધિની પરીક્ષા માટે કોઇને બોકડો આપ્યો પણ પંદર દિન પછી તે વજનમાં તેટલો જ થવો જોઇએ એવી શરત કરી. આ ત્યારે જ બને કે જયારે પૌષ્ટિક ખોરાક અપાય અને ભયંકર ભયમાં રખાય બે પાંજરાં ભેગા કરાવ્યાં તેમાં એક વાઘ માટે બીજું બોકડા માટે તેની વાઘના શબ્દ માત્રથી પૌષ્ટિક ખોરાક લેવા છતાં તેની તે સ્થિતિ રહી. હવે અહીં કરોડોની મિલકતમાં કોડી પણ ન વધવા દેવી એ કેવી આકરી સ્થિતિ? હવે જોઇતું રાખી બાકીનો ત્યાગ કરવો તે નવ પલ્યોપમમાં બની જાય પણ સર્વથા ત્યાગની વાત માટે સંખ્યાતા સાગરોપમ જોઇએ.

**તપ પદની વિશિષ્ટતા** - હવે 'ચારિત્ર' પદ તે મનના મલકાયા મલકે. મનનું માર્યુ શરીર મારે તો જ ચારિત્રમાં સફળતા. કાયા અને મન બંને ભેગા મળી કાવતરું કરે તો મુશ્કેલી, પણ મનને વેગળું મૂકે તો ન ચાલે. પરંતુ મનને વશ કરી આરાધનામાં જોડે. જોડાયા તો કાયા પાછળ પાછળ પણ ચાલી આવે. તેમ આ તપ એવી ચીજ છે કે તેમાં મન ન પરોવવું પડે પણ કાયા તેને પકડીને લાવે અને પોતાની ચાલે ચલાવવા માંડે તેવું સ્થાન આ 'તપ' પદ છે. તે એવી ચીજ છે કે બે ઉપવાસ કર્યા ત્યાં કાયાની અશક્તિએ મનને દોરવવું પડે પણ કાયા સમર્થ હોય તો તપસ્યામાં મનનું કંઇ ચાલતું નથી. દર્શનમાં, જાત્રામાં મન થતાં કાયા દોરાય પણ 'તપ' પદ એવું છે કે જેમાં કાયા મનને ખેંચે. બે-ચાર ઉપવાસમાં ચામડાની ઝૂંપડીની આગ મનને નોતરું દે છે. કાણી કોઠીનો ખખડાટ મનને ખેંચે છે. અહીં મન પોતે ખેંચવા જતું નથી પણ કાયાની ઝૂંપડી ચામડાની ઝુંપડીરૂપ કાયા તેજ મનને ખેંચે છે. સત્તર વખત ખાવાના સંકલ્પો કાઢી નાખો પણ કાયાની અશક્તિ થઇ કે મનના સંકલ્પો ખાવાના થાય. આ 'નવપદ'માં નવમું પદ જ એવું છે કે કાયા જ મનને ખેંચે, બાકીના આઠ પદમાં મન કાયાને ખેંચે. મન વશ કરવા માટે આઠ પદ લો પણ કાયા વશ કરવા નવમું પદ લો.

**કર્મક્ષય માટે તીર્થંકરોને પણ તપની જરૂર** - આ વાત ધ્યાનમાં લેશો એટલી **તીર્થંકર** ભગવંતો કે જેઓ પરભવથી ત્રણ જ્ઞાનવાળા છે, જેમને દીક્ષા લેતાં ચોથું જ્ઞાન થાય છે અને ચાર ઘાતી કર્મનો ક્ષય કરવાથી કેવલજ્ઞાન ઉપજે. તેથી તેઓ સાક્ષાત્ જ્ઞાનવાળા, પોથાપંડિત નહિ- આપણે તો પોથાપંડિત જેવા ગણાઈએ તેવાઓને કર્મક્ષય માટે તપસ્યાની આરાધનાની જરૂર પડી, ચાર ચાર જ્ઞાનવાળાઓ તપ કરે પણ પોથાપંડિતો કહે કે તપ કરવાથી શું? કર્મક્ષયનો રસ્તો તપસ્યા જ મહાપુરુષોને માલમ પડયો અને તેઓ તેનું આલંબન લે તો પછી ખાવા પીવાવાળાઓ કર્મક્ષય કયાંથી કરે? 'બાડાને બે' કયાંથી મળે? સારા ઘરનો હોય પણ પ્રજ્ઞાચક્ષુ હોય તો કન્યા કયાંથી મળે? તપસ્યાને આદર્યા સિવાય સંતો કર્મક્ષય ન કરી શકે તો પછી પોથાપંડિતો તપ વિના કર્મક્ષય કરવાની વાત કરે તે બાડાને બે જોઈએ તેવી વાત છે. તપનું કામ એવું કઠિન છે કે તમારા ભાઈઓને ડગલે ને પગલે ભડકવું પડયું. તપસ્યા એટલે શું? નકામું મોટું રૂપ આપો છો. અશાતાનો ઉદય ભોગવવો તેનું નામ તપ. હવે જેને તેવો ઉદય હોય તેજ ભોગવે, **તીર્થંકર**ને તેવો લાંબો અશાતાનો ઉદય હતો તેથી તેમણે તેવાં ભોગવ્યાં, થોડો હોય તે થોડો ભોગવે. તપ કરે તે શૂરવીર, ન કરે તે કાયર. આ બધું શું? હવે અહીં તપ કરી શરીરમાં માત્ર હાડકાં રહે. નસો માત્ર રહે તેવી દેહસ્થિતિ કરનારને બહાદુર ગણો તો પછી રોગી બિચારો છ માસ બીમારી ભોગવે અને એના શરીરમાં માત્ર નસો રહે તે બહાદુર કેમ ન ગણાય? ક્ષય રોગ દ્વારા કે તપ દ્વારા નબળા કરવા છે આવું તપસ્યાના વૈરીઓ બોલે છે.

**રોગો કર્મના ઉદયથી, તપસ્યા કર્મક્ષય માટે** - એવાની કહેવાની વાણીને સાંભળવા પહેલાં એક જ વિચાર કરો કે **તીર્થંકર** કમભાગ્યશાળી ને ? એમને છ છ માસ સુધી અશાતા રહી ને? પ્રથમ તપસ્યા તે ક્ષાયોપશર્મિક ચીજ છે કે ઔપશમિક છે. જૈન હોય તે સમજે કે રોગો થાય તે કર્મના ઉદયથી અને તપસ્યા તે કર્મક્ષય કરવા માટે. તે કોને આવે? કર્મ

પાતળાં પડયાં હોય તેવાને જ આવે. બ્રહ્મચારી પાવૈયાનો ભાઇ છે એમ કોઇ કહે તો પછી પાવૈયાને અધિક ગણવો ને ? કહો કે બ્રહ્મચર્ય તે જીવનના વિકાસ માટે, આત્મ કલ્યાણ માટે લેવાય છે, પણ પાવૈયાપણું તે જીવનની હલકાઇ માટે, ખરાબ કામને અંગે મળે છે. જો તપથી કૃશ બનેલાને ક્ષય રોગવાળાની જેમ ઉપમા આપે તો તે બ્રહ્મચર્યને અડધા પાવૈયાપણાની જેમ ગણે તેમ અહીં તપને અશાતાનો ઉદય ગણે તો તે પણ તેવા સમજવા.

**બુદ્ધે તપસ્યા કેમ તજી દીધી ?** - હવે તપસ્યા જો કર્મક્ષય માટે છે તો જેટલા જેટલા તપ કરે તેટલા તેટલા પ્રથમ ભવના પાપી ને ? જો તેઓ પ્રથમના પાપને બાંધનારા ન હોય અને તપ કરે તો તે નિષ્ફળ જ જાય ને? આમ ધારીને બુદ્ધે તપસ્યા ત્યાગ કરી દીધી. તેનો મુદ્દો એ જ કે પ્રથમ ભવનું પાપીપણું ઓળવવા માટે તપ કરવાનો છે માટે જ્ઞાનીએ તેને પૂછયું કે આ ભવમાં કેવલજ્ઞાન, દર્શનાદિ પામ્યા નથી તે પુણ્યના ઉદયે કે પાપના ઉદયે? દરેકને કબૂલ કરવું પડયું કે જ્યાં સુધી કેવલજ્ઞાન, દર્શન થયાં નથી ત્યાં સુધી પાપનો ઉદય છે. હવે પાપી છતાં હું પાપી નથી તેમ કહેવા ધારે તો ખરેખર શિયાળની પાછળ વાઘ પડયો અને પંજામાં આવ્યા પછી તે આંખ મીંચવાથી છૂટે નહિ. ગુનેગાર પણ આંખ મીંચવાથી છૂટે નહિ, તેમ કેવલજ્ઞાન વિનાનો હોઇ તું કહે કે હું પાપી નથી તેથી પાપ તને છોડી દે એમ બનવાનું જ નથી.

**પાપના ક્ષય માટે તપસ્યાની જરૂર** - આથી માનો કે આત્માના સ્વાભાવિક ગુણો મળે નહિ ત્યાં સુધી પાપીપણું છે અને તે પાપના ક્ષય માટે તપસ્યા કરવાની જ. વાત ખરી પણ વાંધો મોટો છે. હવે તપસ્યા તમે કરાવો તે આ ભવમાં પણ ગયા ભવની તપસ્યા તો કરાવી શકો તેમ નથી પણ આગ લાગી ત્યાં અને પાણી રેડો અહીં તે કેમ બને? કચરો ત્યાં અને તપ અહીં તે કેમ બને? મહાનુભાવ, વિચાર કર કે ખાઇમાં લૂગડાં ખરડાયાં તે તળાવમાં ધોવાય કે નહિ? તેમ ગયા ભવમાં આત્મા ખાઇ જેવો હતો

અને મનુષ્ય ભવમાં તળાવ જેવો હોઇ તપ કરે. હવે તે તપ મનની કે વચનની ચીજ નથી તો પછી તે આત્મામાં પ્રવેશ કેમ કરશે? મન, વચન સુધી જે તપ પોતાની શક્તિને ફોરવી શકતું નથી તે આત્માનાં કર્મોને કેવી રીતે તપાવે? અહીં એક વાત ધ્યાનમાં રાખજે કે ''મન, વચનને તપ તપાવતું નથી પણ કાયાને જ તપાવે છે'' એ જે તું કહે છે તે માટે શાસ્ત્રકાર કહે છે કે દીર્ઘ તપસ્વીઓને વચન બોલતાં વિચારતાં કેટલું જોર પડે છે? તપસ્યા તે કાયાનું તાપણું નથી પણ તે મન, વચન ઉપર પણ અસર કરે છે.


**સૂર્ય સાથે તપસ્યાની તુલના** - હવે ભલે તે ત્રણની ઉપર કરતી હોય પણ છે તો રૂપી ને? આત્મા તો અરૂપી છે ને ? તે માટે જણાવ્યું કે તપસ્યા રૂપી શાથી? તપસ્યાના પરિણામ જયારે અરૂપી છે તે પણ આત્માના જ છે અને ચઉસ્પર્શી કર્મો જે આત્માને લાગેલા છે તેનો તે ક્ષય કરે. હવે અસંખ્યાતાં ઉંડાં લાગેલાં કર્મોનો નાશ તે તપ કેમ કરે? જેમ સૂર્ય અંધારાનો નાશ કરે તેમાં નવાઇ નથી અને એ સૂર્ય અંધારાનો કેમ નાશ કરશે એવું બોલવું બાળકને પણ શોભે નહિ. બારે રાશિનું રૂપ એટલે દ્વાદશાવર્ત્ત-બાર સ્વરૂપવાળો એ સૂર્ય છે તેમ આ તપના પણ અનશન વગેરે બાર ભેદો છે.

**તપસ્યાથી સજ્જડમાં સજ્જડ કર્મોનો ક્ષય** - આવું ધારણ કરનાર હોઇ સજ્જડમાં સજ્જડ કર્મો ઘનઘન - **'कडाण कम्माण न मुक्खो अत्थि'** કરેલાં કર્મોનો મોક્ષ હોતો નથી પણ એક રસ્તો છે કે તપસ્યા દ્વારા તેનો નાશ કરે તો મોક્ષ થવામાં અડચણ નથી. તે કર્મો સજ્જડ છે. આત્મા સાથે ક્ષીરનીર ન્યાયે મળેલાં છે તેમજ લોહાગ્નિની જેમ પણ મળેલાં છે. એકેક આત્મપ્રદેશે અનંતી અનંતી કર્મવર્ગણા છે. અમાવાસ્યાની રાત્રિના અંધારાનો નાશ કરવા માટે અરુણોદય બસ છે. બિંબોદય ન હોય તો ચાલે તેમ અનાદિ કાળના કર્મના ક્ષય માટે તપસ્યા, તપ તેનો સજ્જડ નાશ કરનાર છે. પરંતુ સૂર્યમાં એક પંચાત. સૂર્ય શિયાળામાં વહાલો અને ઉનાળામાં અળખામણો લાગે પણ અહીં તપસ્યા તેવી રીતે નથી. આ

તપની રીતિમાં તેવો ફરક નથી, તાપ નથી. કાયાના વચનના કે મનના તાપને તપસ્યા ન વળગાડી દેશો પણ તેના સ્વરૂપને જુઓ.

**નવપદની આરાધના કરી કલ્યાણની માળા વરો** - હવે તે તપનું સ્વરૂપ શું? ઉષ્ણીય રૂપ ધમધમવાની રીતિ તપસ્યામાં નથી. અઢી દ્વીપ બહાર સૂર્ય તપે તેમ અહીં નથી. નોકારવાળી ગણવામાં, ખમાસમણા દેવામાં, કેશરના છાંટા નાખવામાં વાંધો નથી, તેમ અહીં આ ચારિત્રને પાલન કરવાનું કહેલ તેમ નહિ પણ આ તપ તો 'चरेह' આચરવાનું. નવપદમાં પંચપરમેષ્ઠીનું ધ્યાન, બાકીના ચારમાં પહેલાનું ધારણ, બીજાનું શિક્ષણ, ત્રીજાનું પાલન અને ચોથાનું આચરણ. આવી રીતે જેઓ 'નવપદ'ની આરાધના કરશે તેઓ કલ્યાણની માળાને વરશે.

-: સમાપ્ત :-



## પરિશિષ્ટ ૧

## સિરિસિસરિવાલકહા (ગા૦ ૨૩-૩૨) નો અનુવાદ

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ અને સમ્યક્ત્વ તેમજ જ્ઞાન ચારિત્ર અને તપ એમ પદનવક (અર્થાત્ નવ પદો) જાણવાં - ૨૩

તેમાં ૧૮ દોષોથી મુક્ત, વિશુદ્ધ જ્ઞાનમય, તત્ત્વના પ્રકાશક અને સુરોના રાજા (ઇન્દ્રો) વડે નમન કરાયેલા એવા અરિહંતોનું સદાયે હે ભવ્યજનો તમે ધ્યાન ધરો-૨૪.

પંદર ભેદો વડે પ્રસિદ્ધ. કર્મના ગાઢ બંધનથી મુક્ત અને અનંત ચતુષ્ટયથી પ્રાપ્તિ યુક્ત એવા સિદ્ધોનું તન્મય ચિત્ત વડે સર્વદા ધ્યાન ધરો. ૨૫

પાંચ આચારો વડે પવિત્ર, નિર્મળ સિદ્ધાંતની દેશના આપવા માટે ઉદ્યમી તેમજ પરના પર ઉપકાર કરવામાં અદ્વિતીયપણે તત્પર એવા ઉત્તમ સૂરિઓનું ધ્યાન ધરો - ૨૬.

ગણની (સારણા વગેરે) ચિંતાઓમાં નિયુક્ત, સૂત્ર અને અર્થને ભણાવવા માટે ઉદ્યમી તેમજ સ્વાધ્યાયમાં લીન ચિત્તવાળા એવા ઉપાધ્યાયોનું ધ્યાન ધરો. ૨૭

સર્વ કર્મભૂમિઓમાં વિહાર કરનારા, ગણોના સમૂહથી સંયુક્ત, (ગુપ્તિઓથી) ગુપ્ત, મુક્ત તેમજ કષાયોનો અંત આણનારા એવા મુનિરાજોનું ધ્યાન ધરો. ૨૮

સર્વજ્ઞે પ્રરૂપેલા આગમોમાં પ્રગટ કરાયેલાં તત્ત્વોના અર્થને વિષે શ્રદ્ધારૂપ સમ્યકત્વના રત્ન દીપકને મનોમંદિરમાં નિત્ય ધારણ કરો - ૨૯.

જીવ, અજીવ ઇત્યાદિ પદાર્થના સમૂહનાં તત્ત્વના બોધરૂપ અને સર્વ ગુણોના મૂળરૂપ જ્ઞાન વિનયથી શીખો - ૩૦

અશુભ ક્રિયાઓના ત્યાગરૂપ, શુભ ક્રિયાઓ વિષે અપ્રમાદરૂપ, પદભંજનથી બનેલું અને શ્રેષ્ઠ ગુણોથી યુક્ત એવું ચારિત્ર પાળો. ૩૧

ગાઢ કર્મના અંધકારના સમૂહને દૂર કરવામાં (બાર) સૂર્ય સમાન, બાર પ્રકારોને ધારણ કરનારા તેમજ કષાયોના તાપથી રહિત એવા તપરૂપ કાર્યને રૂડી રીતે આચરો. - ૩૨.

## પરિશિષ્ટ ૨

# શ્રી સિદ્ધચક્રને વંદન હો.

શ્રી નવપદના મંડલે આદ્ય નમો અરિહંત ।
સિદ્ધ ચતુષ્કાનંતવંત દગ્ધકર્મ ભગવંત ॥૧॥

ધર્મ કથે વર અર્થથી જિનભાષિત સૂરિરાય ।
ચતુર બંધુ જે વિશ્વના અધ્યાપક ઉવજ્ઝાય ॥૨॥

ક્રમ કિરિયાનો સાચવી સાધે મોક્ષ મુનીંદ ।
નેહે જિનવર તત્ત્વની રુચિ દર્શન ગુણવંદ ॥૩॥

વંચક મોહ અજ્ઞાનનું જ્ઞાન ભજો શુભ ભાવ ।
દમશમથાનક પામવા ચરણ નમો ભવનાવ ॥૪॥

નાશક જે અઘ સૈન્યનું તપ વંદો મન ખંત ।
હો શો ભવિજન તેહથી શિવરમણીના કંત ॥૫॥

પ્રથમ અક્ષર એ કાવ્યના ધ્યાન ધરે શુભ ચિત્ત ।
અબાધ આનંદ-સાયરૂ-સ્નાતક થાય પવિત્ત ॥૬॥

# परिशिष्ट ३

# आगमोद्धारककृततीर्थमालान्तर्गता

## श्री सिद्धचक्रमन्दिर-

## द्वात्रिंशिका[1]

जिनेन्द्रा युगाक्षिप्रमाणाः सदैव
लभन्ते पदं पूज्यतायाः समन्तात् ।
तथा विंशतिस्ते विदेहेषु सर्व-
जनेभ्योऽर्चनप्राप्नुवन्ति प्रकामम् ॥१ ॥

एवं च भूमिनियता जिनराजराजि-
र्भव्यैर्जनैः शुचिधियाऽडत्मश्रियै समर्च्या ।
तत् तत्रवर्त्ती निखिलोऽपि सधर्मजैनो
वर्गः सदा यजति तां प्रमदासमेतः ॥२ ॥

परं यथा शाश्वतचैत्यवृन्दे-
ऽधस्तिर्यगूर्ध्वेषु समेषु तस्मिन् ।
लोकेषु नैका प्रतिमा स्थिताऽस्ति
क्षेत्राश्रितानां जिनराजनाम्नाम् ॥३ ॥

---

૧ આ દ્વાત્રિંશિકાના શ્લોકના રાગ છંદ આ પ્રમાણે છે :-

ભુજંગપ્રયાત- શ્લોક : ૧, ૨૩.
ઉપજાતિ - શ્લોક : ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૧, ૨૨, ૨૪, ૨૭, ૨૮, ૨૯, ૩૦.
વસંતતિલકા - શ્લોક : ૨, ૩૧, ૩૨.
શાર્દૂલવિક્રીડિત- શ્લોક : ૧૯, ૨૦, ૨૫, ૨૬.

यतोहि चैत्यानि समानि तानि

न कालवैचित्र्ययुतार्हतां हि ।

नित्यानि तानि त्रिदशाश्रितानि

ततोऽन्यनामप्रतिमायुतानि ।।४।।

तिरश्चिच लोकोऽपि हि शाश्वतानि

चैत्यानि यानि प्राथितानि तत्र ।

क्षेत्रेण कालेन च यन्त्रितानां

जिनेश्वराणां प्रतिमाविभाञ्जि ।।५।।

यथा च सामायिकमुख्यकार्ये

स्मर्यन्त आप्तैः परमेष्ठिनोये ।

ते क्षेत्रकालैर्न हि यन्त्रितास्ते

पूज्यास्पदं शासनसंस्थितानाम् ।।६।।

क्षेत्रे च काले च जिनेश्वराणां

सर्वत्र मार्गं सुविधाश्चरन्तः ।

पूज्यत्वधामागमनीतिमन्तो

गणन्ति परमेष्ठिव्रजं सदैव ।।७।।

विशेषसञ्ज्ञारुहिताः सदैते

यदाऽऽस्तिकैः पूजयितुं समीष्टा ।

सामान्यसञ्ज्ञां मनसि प्रधार्य

पञ्चेति पूज्याः परमेष्ठिनोऽत्र ।।८।।

ततो जगुः सूत्रकृतो महान्तः

स्तवं चतुर्विंशतिकागत यत् ।

क्षेत्रेण कालेन समाश्रितं तत्

परमेष्ठिनामानि सदातनानि ।।९।।

सनातनानां परमेष्ठिनां चेत् ।
जाप लयं पूजनमाप्तुमर्हेत् ।
तदा पदान्यर्हदनुश्रितानि
पञ्चैव धार्याणि जिनागमज्ञैः ॥१०॥
हिताय पूजा गुणिनामवश्यं
ततो द्वयं पूज्यपदं प्रयाति ।
ये पूज्यमाना गुणिनस्तथैतद् -
गुणा न यत् ते वियुताः कदाचित् ॥११॥
पूजा परं या गुणिनां प्रमोदाद्
विधेयतामाश्रयति प्रकामम् ।
परं फलं तद्गुणचिन्तनात् स्यात्
ततोऽरिघातादि हृदि प्रधार्यम् ॥१२॥
अरक्तदोषादिगुणान् विचिन्त्य
ततोऽर्हदादेर्यजनं प्रवृत्तम् ।
सद्दर्शनज्ञान चरित्रजाता
गुणाः समे श्रीपरमेष्ठिनां ननु ॥१३॥
एकस्य पूजां समवस्तुजातां
कुर्वन् फलं चित्रमधिश्रयेद्धि ।
चिन्तां गुणानां मनसि प्रधार्य
लभेत वर्यं फलमन्यतो यत् ॥१४॥
ततः पदैः श्रीपरमेष्ठीनां सह
सद्दर्शनाद्यानि गुणाङ्कितानि ।
पदान्यवश्यं शिवसाध्यतां गतै -
र्जापादिषु प्राप्तनिवेशनानि ॥१५॥

भेदेन तीर्थस्य भवेन्मुनीना -

मचेलमुख्येषु विभेद आप्तैः ।

षट्स्वाश्रितस्त्वाचरणेषु नैव

सद्दर्शनाद्येषु गुणेषु स स्यात् ॥१६॥

साधुष्वशेषेषु निरुढमेतद् -

यन्मोक्षसिद्धिर्भविनां क्रियातः ।

ज्ञानादिकायास्तत आप्तवर्याः

पञ्चैव रक्षन्ति सदा क्रिया हि ॥१७॥

वीर्यस्य वृत्ति स्वरूपं प्रसिद्धं

षड्भिर्युतास्त्रिंशदतो गुणास्ते ।

ते मूलभेदेन चतुर्विधास्तत्

सद्दर्शनादित्वमनुश्रिता हि ।।१८।।

पञ्चानां परमेष्ठिनां यदि परं स्यात् क्षेत्रकालौ विना

सामान्येन सदा समेषु विषयेष्वाम्नायते सत्तमैः ।

पूज्यत्वं विविधेषु नित्यविधिषु ख्यातं च तत्सेवनं

तत् को नाम विसंवदेत् प्रभुपदे तेषां परे निश्चिते ॥१९॥

साध्यं जैनमते सदाऽपि निखिला आश्रित्य कर्मावनी-

र्मोक्षो देवपदादियद्वृषफलं प्राप्यत्वरूपं मतम् ।

मोक्षश्चात्र भवेत् सुदर्शनमुखैर्मार्गैश्चतुर्भिः परं

तत् पूज्यं नवकं जिनादिरचितं जैनेः पदानां सदा ॥२०॥

चैत्यादिरूपेण जिनेश्वराणां

यथा निवेशो निखिलेऽपि लोके ।

तथैव सिद्धं नवकैः पदानां

निवेशनं चैत्यपदेषुरम्यम् ॥२१॥

उपत्यकायां तत आप्तवर्यैः
श्रीसिद्धसानोर्विहितं सहर्षम् ।
श्रीसिद्धचक्रोपपदं सदाऽर्च्यं
सुमन्दिरं नन्दमितैः पदैरिह ॥२२॥

नवानां पदानां समं स्थापनाय
निवेशोऽत्र पद्मे समे पत्रसंख्ये ।
गुणेभ्यो गुणानां न भेदो मतेऽत्र
गुणास्तद्विदिक्षु प्रधानैर्विहृब्धाः ॥२३॥

एवं च पद्मस्य सुकर्णिकायां
स्थानं जिनानां तत एव दिक्षु ।
सिद्धादयस्तस्य विदिक्षु सम्यग् -
दृदशादयश्चारुतया निवेश्याः ॥24॥

पत्राणां प्रविभाग ईक्ष्यत इहादीर्घाः समीक्ष्याखिला
रेखा नो तत इष्यते बुधवरैः पत्रेषु वर्णात्ययः ।
दिक्ष्वस्माद् गुणिनः क्रमाकृतिगताद्यैः संयुताः स्थापिता -
स्तत्रेत्थं शुभताक्रमात् पदततिर्ह्यङ्कोन्मितैवं ततः ॥२५॥

पत्रेषु वर्णैर्विहितो विभागो
दुर्लक्ष्यताभागिति सम्प्रधार्य ।
पदानि दिक्षु प्रसितानि वर्णै -
श्चतुर्भिरत्रोल्लिखितानि यन्त्रे ॥२६॥

भेदैर्यथावर्णगतैर्विभागः
कृतः पदानां क्रमतो दिशासु ।
तथा गुणामां न विभाग इष्टो
यतोऽक्षरैस्ते वियुतस्वरूपाः ॥२७॥

यथासमीक्ष्यागमसंततेर्ध्रुवां
स्थितिं कृता शाश्वततीर्थकृत्कृतिः ।
पुराऽऽप्तवर्यैर्मुखचैत्यगर्भे
श्रीसिद्धचक्रस्य तथा कृतिस्त्विह ॥२८॥

सर्वेषु लोकेषु निजात्मसिद्धयै
जीवाः प्रवृत्तिं निखिलां दधानाः ।
सम्यग्दृशस्तीर्थविहीनक्षेत्रे
स्थिता इमं चक्रमनुस्मरन्ति ॥२९॥

विहाय यत् कर्मधराः समस्ता
न तीर्थवृत्तिः परभूमिभागे ।
सद्दृष्टयो ये भविनः परत्र
ते सिद्धचक्रस्य भवन्ति दासाः ॥३०॥

क्षेत्राश्रिताञ् जिनवरान् सुरराजचक्रं
विच्छर्दतो विधियुतं परितः प्रपूज्य ।
जन्मादिषु प्रवरभावयुतं प्रयाति
'नन्दीश्वरे' नियतचैत्यमहार्थमेव ॥३१॥

अष्टाह्निका वरतरा विदधुः सुरेशा-
स्तत्तत्प्रसङ्गवरमाप्य जिनेश्वराणाम् ।
'नन्दीश्वरे' नियतचैत्यवराङ्किते ते
बिम्बानि नित्यजिनपाकृतिभाञ्जि तत्र ॥३२॥

इत्येवं सिद्धचक्राङ्कितमनवमकं कीर्तितं शुद्धभक्त्या
यन्त्रं सिद्धान्तसिद्धं पदनवकयुतं 'सिद्ध'सानोः समीपम् ।
भव्यो नित्यं प्रपूज्याऽञ्चतु नरसुरगं प्राप्य सौख्यं सरङ्गं
क्षिप्त्वा कर्माण्यशेषाण्यवतु जगदिदं नित्यमानन्ददानात् ॥३३॥

स्त्रग्धरा

॥ समाप्तम् ॥

આગમોદ્ધારક ગુજરાતી સાહિત્ય ગ્રંથ માલા નં-૩

પૂ.આગમોધ્ધારક આનંદસાગરસૂરિ મ.સા.

100 સૂરિપદ શતાબ્દિ વર્ષ સં. ૧૯૭૪ સં. ૨૦૭૪